શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી વિપાક સૂત્ર

## ગુરુપ્રાણ આગમ બત્રીસી


આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ
પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી

# સ્વ. પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. ના હસ્તાક્ષરો

જરા મચ્ચુ વસોવણીએ નરે સયયં મૂઢે ધમ્મં નાભિજાણઈ

આચા. અ. ૨
ઉ-૧

મહામોહનીય કર્મના ઉદયના પ્રભાવથી આત્મા
અજ્ઞાનમાં ગ્રસિત બનતો થકો તથા મૃત્યુ તેમજ જન્મના
ચક્કરમાં સદૈવ ઘૂમતો થકો ધર્મના સ્વરૂપ એવા
જ્ઞાન દર્શન ચારિત્રના રત્નત્રયને સમ્યગ્ રીતે જાણતો નથી
તેથી ચક્કરમાંથી છૂટી શકતો નથી

સવ્વં વિલવિયં ગીયં સવ્વં નટ્ટં વિડંબિયં ઉત્ત. અ. ૧૩ ગા. ૧૬

સંસારના ગીતગાયન વિલાપરૂપ છે અને બધા પ્રકારના
ખેલતમાશા મનોરંજનાર્થ. નાચવું નાટક આદિ
વિડંબનારૂપ છે કારણ કે તે અજ્ઞાનીઓના માટે આનંદદાયી
છે અને અંતમાં પરિણામની દૃષ્ટિએ વિષ સમાન છે.
સર્વ પ્રકારના ગાયન વિલાપસ્વરૂપ છે. બધા પ્રકારના નૃત્ય
એટલે વિડંબનારૂપ છે.



આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ

ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

**શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી**

**સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા**
**તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ**

ગણધર રચિત અગિયારમું અંગ

# શ્રી વિપાક સૂત્ર

(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)

**: પાવન નિશ્રા :**
ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**
વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**
ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**
મંગલમૂર્તિ પૂજ્યવરા
પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: અનુવાદિકા :**
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**
અપૂર્વ શ્રુત આરાધક
પૂ. શ્રી લીલમબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**
ઉત્સાહધરા
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.
તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :
શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન

PARASDHAM

પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ – ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ • ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન – ઈ. સ. ૨૦૦૯

**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ – વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

**www.parasdham.org ★ www.jainaagam.org**

૧. મુંબઈ –

**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૭૭
ફોન – ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -

**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ –

**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન – ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા –

**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા – ૩૯૦૦૨૩
ફોન – ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ – ફોન : ૦૭૯–૨૫૬૨૩૮૨૮

# અર્પણ

સૌરાષ્ટ્ર કેસરી

બા. બ્ર. પૂ. ગુરુદેવ

શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..

## સમર્પણ

જેઓશ્રીના જીવનમાં અર્હદ્‌ભક્તિ,
શાસન સેવા અને તપ, ત્યાગ, ધર્મની જમાવટ
તાણાવાણાની માફક વણાયેલ હતી અને
જેઓશ્રીનું પવિત્ર પુણ્યાઈ ભરપૂર જીવન,
અનેકાનેક ભવ્યાત્માઓને રાહબર બન્યું હતું.
પૂજ્ય ગુરુ ભગવંતના
પ્રબળ સ્વાધ્યાય સંયમની શુદ્ધતા અને
સાધનાના પરિપાક રૂપે
જિનશાસન અને ગોંડલ ગચ્છને
યશોજ્જ્વલ કરવામાં
મહત્તમ ફાળો મળ્યો હતો એવા
પુણ્ય પ્રતાપી સૌરાષ્ટ્ર કેસરી પૂ. બા. બ્ર.
પ્રાણગુરુને ભાવપૂર્વક સમર્પણ...

- પૂ. મુક્ત - લીલમ ગુરુણીના સુશિષ્યા

સાધ્વી ઉષા

તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ*
*ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં*
*ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

ૐ

ૐ ણમો ણાણસ્સ

અત્ર અનુજ્ઞાપયતિ વર્ધંચ અનુમન્યતે ચ
યદ્ "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં । ઇદં મહા કાર્યં પૂજ્ય –
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
અત્ર કોઽપિ દોષો ન સ્યાત્ ઇતિ સવ–
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે–
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ સુન્દરં સ્યાત્
અર્પ્યતે–

આનંદ મંગલમ્ 27-4-2009
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...
આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯
અક્ષયતૃતીયા – સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી
# અનુવાદિકા
# મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર(૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્નીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર(ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર(શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર(ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય
ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ

# પ્રણામાંજલિ




શતાદિ સદ્‌ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ
પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરૂણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જ્યોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પત્રાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)
## માતુશ્રી સૌ. દત્તાબેન ગિરીશભાઈ શાહ (હેમાણી)
## શ્રીમતી વિજયા ને મુંજાલ ગિરીશ શાહ

પુષ્પની સુવાસ, સમુદ્રની ગંભીરતા, આકાશની વિશાળતા, ચંદ્રની શીતળતા સદૈવ તેની સાથે જ રહે છે, તેમ પરદેશની – અમેરીકાની ભૂમિ પર વસવા છતાં **માતુશ્રી લલિતાબેન અને પિતાશ્રી પોપટલાલભાઈ** તથા **માતુશ્રી જયાબેન અને પિતાશ્રી મણીભાઈ જવેરી** પ્રદત્ત સંસ્કારોને અકબંધ રાખી શ્રી ગિરીશભાઈ તથા સૌ. દત્તાબેને સ્વદ્રવ્યનો સદ્વ્યય કરી, મિલપિટાસનું જૈન ધર્મ સંકુલ ઊભુ કરવામાં તન-મન-ધનથી પુરુષાર્થને સફળ બનાવ્યો છે.

**પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.** તથા **પૂ. વીરમતિબાઈ મ.**ના સૂચનને કોઈપણ પ્રકારનો વિચાર કર્યા વિના ગુરુપ્રાણ આગમ બત્રીસીના પુનઃ પ્રકાશનની મહતમ જવાબદારી સહર્ષ સ્વીકારી. શાસ્ત્ર પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિના દર્શન કરાવ્યા છે. સૌ. દત્તાબેન પણ પરોક્ષ રૂપે- મૂકભાવે આ શાસ્ત્ર સેવામાં સહાયક બન્યા છે.

સુપુત્ર મુંજાલનો ઉછેર – અભ્યાસ અમેરીકામાં જ થયા છે. આગમભાષા કે કદાચ સુસ્પષ્ટ ગુજરાતી ભાષાથી પણ અજાણ હોવા છતાં દાદા-દાદી, માતા, પિતાની ધર્મભાવનાની ઊંડી છાપ હૃદયમાં અંકિત હોવાથી અને ડેડીની પુનઃ પ્રકાશન કાર્યની તમન્ના જોઈને **સુપુત્ર મુંજાલ** તથા પુત્રવધુ **સૌ. વિજયા**ને આગમના શ્રુતધાર બનવાના ભાવ જાગૃત થયા. તેઓએ શ્રુતાધાર બની શ્રુતસેવામાં ટચલી આંગળીની ટેકો આપ્યો છે. આ સત્કાર્યમાં નાનાભાઈ **શ્રી ભાવીન-સૌ. તેજલ** તથા બહેન **સૌ. નિવિશા મનીષ મહેતા**ની તથા **કુમાર અવનીષ, અમીતેજ, દેવ, અમન અને કુમારી સોફીયાની** અનુમોદના રહી છે.

पवयण पभावेणं जीवे आगमेसस्स भद्दत्ताए कम्मं निबंधई ।–ઉત્તરાધ્યયન સૂત્ર. નિર્ગ્રંથ પ્રવચનની પ્રભાવનાથી જીવ ભવિષ્યમાં જિનશાસનની પ્રાપ્તિ થાય તેવા કલ્યાણકારી શુભ કર્મોનો બંધ કરે છે. આ શ્રુત સેવા, શ્રુત પ્રભાવનાના બળે તમોને જન્મોજન્મ જિન ધર્મ શ્રવણ પ્રાપ્ત થાય, દિલમાં ધર્મ સ્થાપિત થાય અને ભગવત્ સ્વરૂપની પ્રાપ્તિ થાય તેવા મંગલભાવ સાથે ધન્યવાદ.

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય સદ્‌વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્‌ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે – બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ – બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|
| પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા. નું જીવન દર્શન | 11 | અભગ્નસેનનો પૂર્વભવ-ઈંડાનો વ્યાપારી | ૫૪ |
| પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.નું જીવન દર્શન | 13 | અભગ્નસેનનો વર્તમાન ભવ | ૫૫ |
| પૂ. શ્રી રતિલાલજી મ.સા. નું જીવન દર્શન | 15 | અભગ્નસેનનું ભવિષ્ય અને ભવભ્રમણ | ૬૯ |
| પુનઃ પ્રકાશકના બે બોલ | 17 | **અધ્યયન - ૪ : શકટકુમાર** | |
| પૂર્વ પ્રકાશકના બે બોલ | 19 | અધ્યયન પરિચય | ૭૧ |
| અભિગમ | 21 | શકટકુમાર પરિચય | ૭૪ |
| સંપાદકીય | 27 | શકટકુમારનો પૂર્વભવઃ છણિણક કસાઈ | ૭૪ |
| સંપાદન અનુભવો | 31 | શકટકુમારનો વર્તમાન ભવ | ૭૬ |
| અનુવાદિકાની કલમે | 33 | શકટનું ભવિષ્ય અને ભવભ્રમણ | ૭૯ |
| ૩૨ અસ્વાધ્યાય | 44 | **અધ્યયન - ૫ : બૃહસ્પતિદત્ત** | |
| **શાસ્ત્ર પ્રારંભ** | | અધ્યયન પરિચય | ૮૨ |
| **પ્રથમ શ્રુતસ્કંધ - દુઃખવિપાક સૂત્ર** | | પુરોહિત બૃહસ્પતિદત્ત પરિચય | ૮૩ |
| **અધ્યયન - ૧ : મૃગાપુત્ર** | | બૃહસ્પતિદત્તનો પૂર્વભવ- | |
| અધ્યયન પરિચય | ૧ | હિંસક મહેશ્વરદત્ત | ૮૪ |
| જન્માંધ મૃગાપુત્ર પરિચય | ૭ | બૃહસ્પતિદત્તનો વર્તમાન ભવ | ૮૫ |
| મૃગાપુત્રનો પૂર્વભવ – ઈકાઈ રાઠોડ | ૧૫ | બૃહસ્પતિદત્તનું ભવિષ્ય અને ભવભ્રમણ | ૮૮ |
| મૃગાપત્રનો વર્તમાન ભવ | ૧૯ | **અધ્યયન - ૬ : નંદિવર્ધન** | |
| મૃગાપુત્રનું ભવિષ્ય અને ભવભ્રમણ | ૨૩ | અધ્યયન પરિચય | ૮૯ |
| **અધ્યયન - ૨ : ઉજ્ઝિતક** | | નંદિવર્ધનનો પરિચય | ૯૨ |
| અધ્યયન પરિચય | ૨૭ | નંદિવર્ધનનો પૂર્વભવ-દુર્યોધનજેલર | ૯૩ |
| ઉજ્ઝિતક પરિચય | ૩૦ | નંદિવર્ધનનો વર્તમાન ભવ | ૯૮ |
| ઉજ્ઝિતકનો પૂર્વભવ ગોત્રાસક | ૩૪ | નંદિવર્ધનનું ભવિષ્ય અને ભવભ્રમણ | ૧૦૦ |
| ઉજ્ઝિતકનો વર્તમાન ભવ | ૩૯ | **અધ્યયન - ૭ : ઊંબરદત્ત** | |
| ઉજ્ઝિતકનું ભવિષ્ય અને ભવભ્રમણ | ૪૪ | અધ્યયન પરિચય | ૧૦૨ |
| **અધ્યયન - ૩ : અભગ્નસેન** | | ઊંબરદત્ત પરિચય | ૧૦૪ |
| અધ્યયન પરિચય | ૪૮ | ઊંબરદત્તનો પૂર્વભવ-ધનવંતરી વૈદ્ય | ૧૦૭ |
| અભગ્નસેન પરિચય | ૫૨ | ઊંબરદત્તનો વર્તમાન ભવ | ૧૦૯ |

| વિષય | પૃષ્ટાંક |
| --- | --- |
| ઊંબરદત્તનું ભવિષ્ય અને ભવભ્રમણ | ૧૧૫ |
| **અધ્યયન - ૮ : શૌરિકદત્ત** | |
| અધ્યયન પરિચય | ૧૧૭ |
| શૌરિકદત્ત પરિચય | ૧૧૯ |
| શૌરિકદત્ત પૂર્વભવ-શ્રીયક રસોઈયો | ૧૨૦ |
| શૌરકદત્તનો વર્તમાન ભવ | ૧૨૨ |
| શૌરિકદત્તનું ભવિષ્ય અને ભવભ્રમણ | ૧૨૫ |
| **અધ્યયન - ૯ : દેવદત્તા** | |
| અધ્યયન પરિચય | ૧૨૭ |
| દેવદત્તા પરિચય | ૧૨૯ |
| દેવદત્તાનો પૂર્વભવ-સિંહસેન રાજા | ૧૩૦ |
| દેવદત્તાનો વર્તમાનભવ | ૧૩૬ |
| દેવદત્તાનું ભવિષ્ય અને ભવભ્રમણ | ૧૪૪ |
| **અધ્યયન - ૧૦ : અંજૂશ્રી** | |
| અધ્યયન પરિચય | ૧૪૬ |
| અંજૂશ્રીનો પરિચય | ૧૪૭ |
| અંજૂશ્રીનો પૂર્વભવ-પૃથ્વીશ્રી વેશ્યા | ૧૪૮ |
| અંજૂશ્રીનો વર્તમાનભવ | ૧૪૮ |
| અંજૂશ્રીનું ભવિષ્ય અને ભવભ્રમણ | ૧૫૦ |
| **દ્વિતીય શ્રુતસ્કંધ - સુખવિપાક સૂત્ર** | ૧૫૩ |
| **અધ્યયન - ૧ : સુબાહુકુમાર** | |
| અધ્યયન પરિચય | ૧૫૫ |
| સુબાહુકુમારનો પરિચય | ૧૫૮ |
| સુબાહુકુમારનો પૂર્વભવ-સુમુખગાથાપતિ | ૧૬૨ |
| સુબાહુકુમારનો વર્તમાન ભવ | ૧૬૫ |
| સુબાહુકુમારનું ભવિષ્ય | ૧૬૯ |
| **અધ્યયન - ૨ : ભદ્રનંદી** | |
| અધ્યયન ૨ થી ૧૦ પરચિય | ૧૭૧ |
| **અધ્યયન - ૨** ભદ્રનંદી | ૧૭૨ |
| **અધ્યયન - ૩ :** સુજાતકુમાર | ૧૭૪ |

| વિષય | પૃષ્ટાંક |
| --- | --- |
| **અધ્યયન - ૪ :** સુવાસવકુમાર | ૧૭૫ |
| **અધ્યયન - ૫ :** જિનદાસ | ૧૭૭ |
| **અધ્યયન - ૬ :** ધનપતિ | ૧૭૯ |
| **અધ્યયન - ૭ :** મહાબળ | ૧૮૧ |
| **અધ્યયન - ૮ :** ભદ્રનંદી | ૧૮૨ |
| **અધ્યયન - ૯ :** મહાચંદ્રકુમાર | ૧૮૩ |
| **અધ્યયન - ૧૦ :** વરદત્ત | ૧૮૪ |
| સૂત્ર અધ્યયન વિધિ | ૧૮૬ |
| **પરિશિષ્ટ - ૧** | |
| કેટલાક શબ્દોના અર્થ | ૧૮૮ |
| **પરિશિષ્ટ - ૨** | |
| દુઃખ વિપાક સૂત્ર કોષ્ટક | ૧૯૪ |
| **પરિશિષ્ટ - ૩** | |
| સુખ વિપાક સૂત્ર કોષ્ટક | ૧૯૬ |
| **પરિશિષ્ટ - ૪** | |
| વિવેચિત વિષયોની અકારાદિ | |
| અનુક્રમણિકા | ૧૯૭ |
| **પરિશિષ્ટ - ૫** | |
| કર્મસિદ્ધાંત એક ચિંતન | ૧૯૮ |

# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | | |
|---|---|---|
| **નામ** | : | શ્રી ડુંગરસિંહભાઈ. |
| **જન્મ** | : | વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : | માંગરોળ. |
| **પિતાશ્રી** | : | ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી. |
| **માતુશ્રી** | : | સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ. |
| **જન્મ સંકેત** | : | માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : | ચાર બેન – બે ભાઈ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : | વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્ગુરુદેવ** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : | સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ. |
| **સંયમ સાધના** | : | અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : | રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : | વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : | વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદૃષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર.<br>તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજજ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

## તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું

# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ(સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ', રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદષ્ટિ અને કૃપાદષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.


• શ્રી ગુરુપ્રાણ પ્રકાશન •

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુકતાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્‌ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ


શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

વિપાક શાસ્ત્ર જૈન પરંપરામાં ખાસ સ્થાન પામેલું અને સુવાચ્ય શાસ્ત્ર છે. તેમાં સામાન્ય શાશ્વત નિયમો જે ભારતીય સંસ્કૃતિમાં પ્રસિધ્ધ છે અને જૈન સાધનામાં પણ પ્રમુખ સિદ્ધાંત છે. તે આ પ્રમાણે છે – જેવા કર્મો કરે તેવું ફળ મળે, ભારે પાપકર્મ કરે તો ભારે પીડા ભોગવવી પડે. સારા કર્મો કરે તો સુખ મળે અને બહુ જ વધારે સારા કર્મો કરે તો સ્વર્ગાદિ ઊંચી ગતિને પ્રાપ્ત કરે. આ સર્વ સામાન્ય સિદ્ધાંતને આધારે આ ઉપદેશાત્મક શાસ્ત્ર ઘણા સટિક અને ઘટિત ઉદાહરણો તથા કથાઓથી ભરપૂર છે.

વિપાકશાસ્ત્ર આ એક ખાસ પ્રકારનું કર્મવેદનનું શાસ્ત્ર છે. બે પ્રકારના કર્મ પ્રસિધ્ધ છે – શુભ અને અશુભ. આ બંને કર્મોના ફળ પણ બે પ્રકારના છે – સુખરૂપ અને દુઃખરૂપ.

આ બંને ભાવોને ગ્રહણ કરી દુઃખ વિપાક અને સુખવિપાક, એવા બે ખંડવાળું, આ વિપાકશાસ્ત્ર રસમય અને સંવેદનશીલ કથાઓથી ભરપૂર છે. જૈનપ્રવક્તાઓમાંથી શ્વેતાંબર પરંપરામાં આ શાસ્ત્રનું વિશદ્‌રૂપે વાંચન થાય છે અને શ્રોતાઓને પણ સંભળાવે છે. સહેજ સહેલાઈથી સમજી શકાય તેવી ભાવભરેલી કથાઓ પ્રવચનમાં પણ શ્રોતા અને વક્તા બંને માટે રસ નિષ્પન્ન કરે છે. પાપ કરનારાઓ કેવી ગતિ પામે છે તેનું દુઃખાત્મક વર્ણન પાપકર્મથી બચવા માટે જીવને પ્રેરણા આપે છે. એ જ રીતે પુણ્ય કર્મની કથાઓ સુખરૂપી ફળ આપી સ્વર્ગના ઉત્તમ વર્ણનોથી આકર્ષિત થઈ સત્‌કર્મ પ્રત્યે આકર્ષણ વધારે છે અને સત્ કર્મનો મહિમા પણ વાધારે છે.

જૈનધર્મ મુખ્ય મોક્ષવાદી છે. મુક્તિ કે મોક્ષ તે જૈન સાધનાનું પ્રધાન લક્ષ છે અને મુક્તિ પ્રાપ્ત કરવા માટે જેમ પાપથી દૂર થવાનું છે તેમ પુણ્યથી પણ પરાવર્ત થવાનું છે અર્થાત્ પાપ અને પુણ્ય બંનેનો ત્યાગ કરી જીવાત્મા પોતાના સ્વરૂપને ઓળખી, કોઈપણ પ્રકારના પુણ્યના આધાર વિના સ્વયં સ્વગુણોથી સંતુષ્ટ થઈ, શાશ્વત સુખને મેળવે છે. જૈન શાસ્ત્રોમાં ક્યારેય પણ મુક્તિનું લક્ષ ભૂલાયું નથી. વિપાકશાસ્ત્રોના અશુભ વિપાક અને –

શુભવિપાક ભોગવનારા બંને પાત્રો દુઃખ સુખના વિરાટ ભોગવટા કરી ઘણા જન્મો સુધી કર્મના પ્રચંડ અનુભવો કરી છેવટે મુક્તિ પામે છે અર્થાત્ પાપ – પુણ્યથી નિવૃત્ત થઈ સ્વ સ્વરૂપમાં સ્થિત થઈ જાય છે. શાસ્ત્રકારે આ બધા કથાનાયકોને મુક્તિના સાધક માન્યા છે અને જે દુરાત્માઓના નામ શાસ્ત્રમાં અંકિત થયા છે તેનું પણ મહત્ત્વ પ્રગટ કરી ઘણા જન્માંતરોની યાત્રા કરીને તેમને મુક્તિ માર્ગના યાત્રી બનાવ્યા છે.

હવે આપણે વિપાક સૂત્ર ઉપર ચર્ચા કરીએ. કોઈપણ દ્રવ્ય કે ગુણાત્મક ભાવોનો કાલાન્તરે પરિપાક થતો હોય છે. કોઈ પણ એક પર્યાય શીઘ્ર એકાએક વિપરીત પર્યાયમાં બદલાતી નથી, પરંતુ એક પર્યાયને અનુરૂપ બીજી પર્યાય ઉત્પન્ન થાય છે. પરિણામે ક્ષણિક પર્યાયથી ઉત્પન્ન થતો પર્યાયનો પ્રવાહ દ્રવ્યમાં, વ્યક્તિમાં કે પદાર્થમાં એક વિશેષ પ્રકારનો પરિપાક પ્રગટ કરે છે.

આમ પાક, પરિપાક, વિપાક કે તેને મળતા બીજા સુપાક જેવા શબ્દો વિચારી શકાય છે. સામાન્ય પરિસ્થિતિમાં કોઈ નિમિત્તના આધારે જે કોઈ પરિવર્તનો એક ચોક્કસ સ્થિતિને પ્રગટ કરે અને સંપૂર્ણ દ્રવ્યને આવરી લે, તો તે પરિપાક ગણાય છે પરંતુ વિશેષ પરિસ્થિતિમાં વિશેષ નિયમોના આધારે અને જેમાં કોઈ પ્રકારના સાધનથી કે પરિવર્તન કરવાની શક્યતાથી આવી જે પાક અવસ્થા અર્થાત્ પક્વ અવસ્થા છે તેને વિપાક કહે છે.

આપણા આ શાસ્ત્રમાં વિપાક શબ્દ એ કોઈ બાહ્ય સ્થૂલ, ભૌતિક વિપાકનો સ્પર્શ ન કરતાં કર્મના વિપાકને સ્પર્શે છે. મનુષ્યના કર્મથી ઉત્પન્ન થતો જે કાંઈ કર્મનો સંચય છે તે નિશ્ચિત કાળ સુધી સત્તા રૂપે રહી, તેમાં કેટલાંક વિગુણોનો ઉમેરો કરી,પરિપક્વ થઈ જ્યારે તે ફળ આપવાને યોગ્ય બને, ફળ સન્મુખ થાય છે ત્યારે તેને જૈનશાસ્ત્રોમાં કર્મનો વિપાક ગણવામાં આવે છે. ઉદયમાન કર્મો સામાન્ય સૂક્ષ્મધારાથી ફળ આપવાની શરૂઆત કરે, ત્યારે જીવાત્મા તેનો અનુભવ કરી શકતો નથી પરંતુ એ જ કર્મો જ્યારે એક સાથે વિસ્ફોટ કરે અથવા પ્રલય રૂપે વિલય ન પામતા એક સાથે અસંખ્ય કર્મસ્કંધો છૂટા પડે ત્યારે કર્મશાસ્ત્રનું ગણિત તેને વિપાક અથવા વિપાકોદય કહે છે. વિપાકનો સીધો અર્થ છે કડવો કે મીઠો સાક્ષાત અનુભવ. વિપાકની આ પરંપરા એક આવલિકા પૂરતી જ નથી પરંતુ આ ક્રમ જીંદગી સુધી, ઘણા જન્મો સુધી લગાતાર ગાઢ પ્રવાહ રૂપે પ્રવાહિત થઈ જીવને ઘણા લાંબા સમય સુધી કડવા મીઠા ફળનો અનુભવ કરાવે છે. આ રીતે જૈન શાસ્ત્રમાં વિપાક શબ્દ ઘણો

જ મહત્ત્વપૂર્ણ છે અને સાધનાનું ગણિત ઘણા વિપાકોથી ભરપૂર ઘણા સાક્ષાત ઉદાહરણો ઉપસ્થિત કરે છે. સમસ્ત જીવો વિભિન્ન પ્રકારની યોનિઓમાં વિપાકની આ પ્રચંડ જાળમાં સંડોવાયોલા છે. દેવ, મનુષ્ય કે પશુ – પંખી હોય અથવા તેથી પણ નીચી ગતિ હોય, બધી જગ્યાએ વિપાકનું સામ્રાજ્ય ફેલાયેલું છે અને તેના કેટલાંક ઉદાહરણો ઉપસ્થિત કરવા માટે આ વિપાક શાસ્ત્રની રચના કરવામાં આવી છે.

હવે આપણે મૂળભૂત સિધ્ધાંત પર દ્દષ્ટિપાત કરીએ. જૈનશાસ્ત્ર અથવા કર્મને માનનારા કોઈપણ શાસ્ત્રો એમ કહે છે કે કુકર્મના કુફળ અને સુકર્મના સુફળ હોય છે. અહીં એ પ્રશ્ન થાય છે કે આ થીયરી કેવી રીતે ઘટિત થાય છે ? કર્મ કરવાનું ક્ષેત્ર અલગ છે અને ફળ મળે છે ત્યારે ક્ષેત્ર અલગ છે. આવી ગણત્રી કોણ કરે છે ? કુકર્મનું કુફળ આપનારું કોણ છે ? અર્થાત્ શું કોઈપણ કર્મનું ફળ આપનારું કોઈ છે ? શું કર્મમાં જ કોઈ આવી શકિત નિહિત છે ? શું જડ કર્મ આવા ફળ આપવાની શક્તિ ધરાવે છે ? મૂળ વાત તો એ છે કે વ્યવહારમાં કર્મનું ફળ તે જ ક્ષણે મળે છે. જો કોઈ અગ્નિને અડે તો દાઝી જાય, કોઈ મીઠું ફળ ખાય તો તેને સ્વાદ આવે, આમ બધાં સામાન્ય કર્મો તત્ક્ષણ ફળનો અનુભવ કરાવે છે પરંતુ લાંબા કાળ પછી જીવે જે કર્મ કર્યું છે તે તો નષ્ટ થઈ ગયું છે. એ કૃતિને યાદ કરીને જીવાત્માને કોણ બળપૂર્વક ફળ ભોગવવા માટે બાધ્ય કરે છે ? આખો પ્રશ્ન એ થયો કે શું આ કર્મ સિધ્ધાંત માન્ય છે ? અથવા કર્મનો નિર્ણાયક કોણ છે ?

પ્રથમ કર્મ વિશે થોડું સમજી લઈએ. જીવાત્મા પાસે શરીર, વાણી અને મન એ ત્રણ સાધન છે. ઉપરાંત લોભ, તૃષ્ણા, મોહ ઈત્યાદિ આધ્યાત્મિક દોષોનો પણ ઘણો સંગ્રહ છે. આ બધાં સાધનોથી જીવાત્મા કર્મ કરે છે. આ કર્મનો સ્થૂળ અર્થ એ છે કે જીવ જે કામ કરે છે તેને પણ કર્મ કહેવાય છે પરંતુ કર્મ કર્યા પછી તે કર્મ સર્વથા નાબૂદ થઈ જાય છે, તેવું નથી. તેની એક સૂક્ષ્મ પ્રતિક્રિયા પણ થાય છે અને સ્થૂળ કર્મ કર્યા પછી તે કર્મના પ્રભાવથી સૂક્ષ્મ કર્મ પણ સંચિત થાય છે. અનંત જ્ઞાનીઓએ આપેલું આ વિજ્ઞાન છે અને સમ્રગ કર્મની જે કાંઈ ખરાબ કે સારી અસર છે તેની પણ તેમાં ચોક્કસ રેખા અંકિત થઈ જાય છે. આમ સ્થૂળકર્મ સૂક્ષ્મકર્મરૂપે જીવાત્મા સાથે બંધાય છે કારણ કે કોઈપણ સાધનોથી કર્મ કરનાર જીવાત્મા તો હાજર છે. સ્થૂળ કર્મનો નાશ થયો પણ જીવાત્માનું સૂક્ષ્મ જગત નાશ પામતું નથી. તેને જૈન શાસ્ત્રોમાં એક કર્મ શરીર પણ કહેવામાં આવે છે. આ કર્મ શરીર જીવાત્માનું બહુ મોટું કોમ્પ્યુટર છે. તેમાં ફક્ત કર્મની જ નોંધ થતી નથી પરંતુ કર્મ કરતી વેળાએ જીવે જે

જે ભાવો સેવન કર્યા છે અને કર્મ કરવામાં જે તીવ્રતા કે મંદતાનો વ્યાપાર કર્યો છે, તે બધાં ભાવો આ કર્મ શરીરમાં સંચિત થઈ એક પ્રકારની સ્થિતિને પ્રાપ્ત કરે છે. કર્મ કર્યા પછી કર્મ કરનાર પોતાના કર્મો ભૂલી જાય છે. પોતાનો જન્મ પૂરો થતાં બીજા જન્મમાં ચાલ્યો જાય છે. જે જે જીવો સાથે સંપર્ક કર્યો હતો તે બધાં જીવો પણ વિખૂટા પડી જાય છે પરંતુ તેમનું આ સૂક્ષ્મ શરીર કોઈપણ ઝીણામાં ઝીણી કે મોટામાં મોટી વાતને જતું કરતું નથી. જ્ઞાન – અજ્ઞાન બધાં જ ભાવોની નોંધ લઈ લે છે અને એ જ વખતે એ કર્મ શરીર પુન : બીજા શરીરો પ્રાપ્ત થતાં, સમયનો પરિપાક થતાં પોતે જે કાંઇ ભાવો સંચિત કર્યા છે, તે ભાવોને ન્યાયોચિતરૂપે પ્રગટ કરે છે અને એક પ્રકારે પુનઃ જીવનને તેવી પરિસ્થિતિમાં કર્મને અથવા સુખ – દુઃખને ભોગવવા બાધ્ય કરે છે. આમાં મૂળ પ્રશ્ન એ રહી જાય છે કે પાપ કર્મનું ફળ કડવું શા માટે ? અને જીવ કડવું ફળ શા માટે ભોગવે ? પુણ્ય કર્મનું મીઠું ફળ શા માટે જીવ અનુભવે ? પરંતુ આ એક મહાન પ્રાકૃતિક નિયમ છે. પ્રકૃતિ જગત સ્વયં શાશ્વત નિયમોથી ભરેલું છે. એટલે એમાં નિયામકની જરૂર નથી. સ્વયં કર્તા સત્તા નિયામક છે. સામાન્ય જગતમાં કુકર્મના ફળ કડવા જોવા મળે છે અને કોઈપણ રાજા કે સત્તા સરકાર પાપકર્મની સજા આપે છે તો આ સામાન્ય નિયમને પ્રકૃતિ જગતનું રાજ્ય શા માટે ઉલ્લંઘન કરે ? આ સિધ્ધાંતને સ્વીકારવો તેને જ જૈનદર્શનમાં સમ્યગ્દર્શન કહેવામાં આવે છે અને કર્મ સિધ્ધાંતને ન માને તો તે મિથ્યાદર્શન છે. જગતના બધાં શાસ્ત્રો કે જ્ઞાની પુરુષોએ આ સિધ્ધાંતને આધારે જ ધર્મની સ્થાપના કરી છે અને જૈનદર્શન કર્મશાસ્ત્રના વિવેચનમાં વિશ્વના કોઈપણ સૂક્ષ્મ શાસ્ત્રથી પણ અનેકગણું વધારે સૂક્ષ્મ એવું નિશ્ચિત શાસ્ત્ર છે. અહીં શ્રધ્ધાથી જ કામ લેવાનું છે. કર્મ સ્વયં ઐશ્વર્યશાળી છે. એટલે ખરું પૂછો તો કર્મ જ ઈશ્વરનું રૂપ છે.

અહીં વિપાક શબ્દ વાપર્યો છે તે ખાસ એક સૂચના કરે છે, તે છે કરેલાં કર્મોમાં પરિવર્તન થવાની શક્યતા. આપણે વિપાક શબ્દના અર્થમાં જ કહ્યું છે કે જો જીવમાં સદ્ભાવ ઉત્પન્ન થાય તો પોતાના કર્મોમાં તે ઘણે અંશે પરિવર્તન કરે છે. તે જ રીતે જીવમાં જો દુર્ભાવ ઉત્પન્ન થાય તો પોતાના પુણ્યકર્મોને પણ વિકૃત કરી શકે છે. સામાન્યરૂપે જે પ્રવાદ છે કે ભાગ્યમાં લખ્યું હોય તે જ ભોગવવું પડે તે એકાંત સત્ય નથી.

જૈન શાસ્ત્રમાં कड़ाण क़म्माण ण मोक्खो अत्थि । સૂત્ર મળે છે પરંતુ આ સૂત્રની

પૂર્ણ વ્યાખ્યા કર્યા વિના અને તેનો અધ્યાહાર સમજ્યા વિના સિધ્ધાંતને એકાંતે સ્થાપિત કરવામાં આવે છે.

कडाण कम्माण ण मोक्खो अत्थि, जई जीव न परक्कमेज्जा।

આ પાછળનું અર્ધુ વાક્ય ઉપદેશ આપતા આપણા સાધુ સંતો બોલતા નથી. આખા સૂત્રનો ભાવ આ પ્રમાણે છે – કરેલાં કર્મો ભોગવવા પડે છે, જો જીવ પરાક્રમ ન કરે તો. કોઈ એમ કહે કે આખું આ ખેતર ઘાસ, કાંટા આદિથી બરબાદ થઈ જશે, જો ખેડૂત તેને સારી રીતે ખેડશે નહીં તો. તે જ રીતે આ આખું મકાન ધૂલી – ધૂંસરથી ગોબરું થઈ જશે, જો તેને સાફ નહીં કરવામાં આવે તો. આ પહેરેલાં કપડા બદબૂ મારશે જો તેને ધોવામાં નહીં આવે તો. તે જ રીતે જીવને કરેલા કર્મો ભોગવવા પડશે, જો તે ઉચ્ચ કોટિના તપ – સંયમની આરાધના નહીં કરે તો. અહીં વિપાક શાસ્ત્રોના જે પાત્રો છે તેઓએ ઘણા માઠા કર્મો કર્યા પછી કોઈપણ પ્રકારની આરાધનાનો અવસર લીધો નહીં અને તેના પરિણામે આ કર્મો વિપાક પામ્યા અર્થાત્ વિશેષ પ્રકારે પરિપક્વ થયા. તીવ્ર ભાવે ફળ આપી શકે તેવી સ્થિતિમાં આવ્યા, તેથી શાસ્ત્રકારે 'વિપાક' નામ આપ્યું અને કર્મ સિધ્ધાંતની મહત્તા પ્રગટ કરી.

જનસમૂહમાં અથવા જીવનમાં જે કાંઈ મુખ્ય તત્ત્વ છે તે કર્મ છે અને કર્મના ફળાફળનો વિચાર કરવો અથવા કર્મનું શુભાશુભત્ત્વ વિચારીને શુભ કર્મો પ્રત્યે મનુષ્ય પગલા ભરે, તે સમગ્ર માનવજાતિના હિતમાં જ છે. આખું નીતિશાસ્ત્ર પણ શુભકર્મ કરવાની પ્રેરણા આપે છે. મનુષ્ય પાપકર્મથી નિવૃત્ત થાય અને માનવ માનવીય ભાવથી જીવતા શીખે, તીવ્ર, કઠોર પાપકર્મથી બચે, તે વિપાકસૂત્રનું લક્ષ્ય છે, તેના આધારે જે આ કથાઓ ઉદ્ભવી છે, તે ઘણી જ મહત્ત્વપૂર્ણ છે. અહીં વિશેષ વાતનું સ્પષ્ટીકરણ કરી આમુખ પૂર્ણ કરશું.

જૈનશાસ્ત્રોમાં ઘણાં પુણ્યશાળી જીવો, રાજકુમારો, શ્રેષ્ઠી કુમારો, તે બધાં પાત્રોમાં બહુપત્નીતત્ત્વનો ભારોભાર ઉલ્લેખ છે. એક એક પુરુષને ઘણી ઘણી પત્નીઓ હતી. તે તેમની પુણ્યલીલાઓ પુણ્યફળ રૂપે સ્વીકારવામાં આવી હોય તેવી ગણના છે. શું પુણ્યનો આવો કોઈ પ્રકાર હોઈ શકે ? એક પુરુષ ઘણી પત્ની પ્રાપ્ત કરે તો તે પુણ્યશાળી છે ? અહીં આપણે સમજવાનું છે કે જે કથાઓ આલેખાયેલી છે તે તે કાળના પ્રચલિત રિવાજોના આધારે તે પાત્રનું આલેખન છે. જેમ સુખવિપાકમાં સુબાહુકુમારને ૫૦૦ પત્નીઓ હતી.

હકીકતમાં આ જાતની કૌટુંબિક રચનામાં અને તે કાળમાં વાસના ઓછી હતી અને ધર્મ ઉપાસના પ્રતિ આકર્ષણ વિશેષ હતું. બહુપત્નીત્વની પ્રથા ઘણી જ પ્રચલિત હતી. તે સમયના વૈભવશાળી અને સંપતિશાળી માણસો બહુ પત્નીથી પોતાનું ગૌરવ સમજતા. અંતઃપુરમાં વધું રાણીઓ અથવા વધારે અર્ધાંગનાઓ હોય તો સમાજમાં તેને ઘણું મહત્ત્વ મળતું. આ ઉપરાંત બીજી હકીકત એ છે કે આવા સંપતિશાળી માણસોને ત્યાં દીકરી આપવામાં, દીકરીના પિતા વગેરે પણ પોતાનું ગૌરવ સમજતા.

પરંતુ જૈનશાસ્ત્રમાં બહુ પત્નીત્વના રિવાજોને મહત્વ આપ્યું નથી. સમાજમાં જે પ્રથા હતી તેનો ઉલ્લેખ માત્ર કર્યો છે અને જે વૈભવશાળી વ્યક્તિઓ તેનો ત્યાગ કરતાં અથવા વિરક્ત થઈ ચાલી નીકળતા, તેને જ મહત્ત્વ આપ્યું છે. ઘણી વખત આ પત્ની સમુદાય પણ વિરક્ત થઈ પતિની સાથે સાધુ જીવન સ્વીકારી લેતા. આ રીતે ત્યાગ માર્ગ પર ચાલી એક નવું દૃષ્ટાંત ઉપસ્થિત કરવામાં આવતું હતું. શાસ્ત્રમાં આવી સંપતિનો ત્યાગ કરવામાં જ તે જીવના પુણ્યનો મહિમા ગવાતો હતો.

હકીકતમાં બહુ પત્ની હોવી તેને કોઈ ખાસ પુણ્યનું ફળ માનવામાં આવતું નહીં પરંતુ તેનો ત્યાગ કરવો તેને જ મહાપુણ્ય માનવામાં આવતું હતું. ટૂંકમાં કહેવાનું એ છે કે આ પ્રથા બહુ આદરણીય નથી પરંતુ તે સમયના ઈતિહાસનું થોડું દર્શન કરાવે છે.

વિપાક શાસ્ત્ર ઉપર આટલું મોટું સંપાદન કરી, જે તપયજ્ઞ રાજકોટમાં ચાલી રહ્યો છે, તેમાં જોડાયેલા સાધ્વીજીવૃંદોએ એક અદ્‌ભુત પુરુષાર્થ કર્યો છે. અત્યાર સુધી આવા શાસ્ત્ર સંપાદનના ભગીરથ કાર્યો વિદ્વાન સાધુ મહાત્માઓ તથા આચાર્ય ભગવંતો પૂરુ કરતાં હતાં પરંતુ સ્થાનકવાસી સમાજમાં આ પ્રથમ દાખલો છે કે પંચમહાવ્રતધારી સાધ્વીજીઓએ આ મહાયજ્ઞનું નેતૃત્ત્વ સંભાળ્યું છે. શ્રી લીલમબાઈ મહાસતીજી જેવા શાણા સતીજીએ સાધ્વીજી સમુદાય માટે એક નવો વિક્રમ સ્થાપિત કર્યો છે અને સાધ્વી સમુદાયના જ્ઞાનાત્મક પુરુષાર્થમાં સતીજીઓનું નામ જોડી શ્રમણી વર્ગનું મસ્તક ઊંચું કર્યુ છે. સામાન્ય સાધ્વીજીનો માતૃવર્ગ તપસ્યામાં અનુરક્ત રહી જ્ઞાનાત્મક આરાધનામાં આગળ વધી શક્યો ન હતો પરંતુ રાજકોટના આ જ્ઞાન યજ્ઞમાં સાધ્વીજીએ પુરુષાર્થ કરી કરવટ બદલી છે અને આગળ આવા વિદુષી રત્ના આત્માઓને પ્રેરણા પણ આપી છે. એટલે આ સ્થાને આ અનુપમ કાર્ય માટે ભાવાત્મક પુષ્પોની માળા અર્પણ કરતાં અપૂર્વ આનંદાનુભૂતિ થાય છે.

**- પૂ. જયંતમુનિ મ. સા.**

**પેટરબાર.**

# સંપાદકીય

અપૂર્વ શ્રુતઆરાધક ભાવયોગિની
બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.

પ્રિય પાઠક,

આજે અમને આનંદ છે કે, તમારી સામે ગણધર રચિત અગિયારમું અંગ સૂત્ર, શ્રી વિપાક સૂત્ર બહાર પડી રહેલ છે. વિપાક શબ્દ જ સરળતાથી સમજાય તેવો છે. જેમ કાચી કેરી કે કેળા દાબામાં નાખ્યા હોય અને અમુક સમય પછી બરાબર પાકી જાય છે, વધારે સમય રાખીએ તો ચાંદા પડી જાય છે, સડી–ગળી જાય છે, તેવી જ રીતે આપણે પ્રશ્નવ્યાકરણમાં આશ્રવના ભેદ–પ્રભેદ જાણ્યા. આશ્રવનો અર્થ જ આવવું છે. જેમ આવે તેમ જાય પણ ખરા, તેનું નામ ગમન છે. આવવું = આગમન, જવું = ગમન, બંને મળતાં ગમનાગમન થઈ ગયું. કોઈ વચ્ચે કદાચ રોકી દે તો ત્યાં સ્થિત પણ થઈ જાય છતાં તેનો સ્થિત થવાનો કાળ બે સમયથી માંડી અસંખ્યાતકાળનો છે. આવવું અને જવું તે કોણ કરી શકે ? તે સવાલનો જવાબ છે– છ દ્રવ્યમાં એક પુદ્‌ગલ રૂપી દ્રવ્યમાં જ આ સ્વભાવ છે. તે આખા લોકમાં ગમનાગમન કર્યા જ કરે છે. પોતાનું અસ્તિત્વ કાયમ રાખીને પર્યાયરૂપમાં પલટાયા કરે છે. જેની જેની સાથે સંયોગ કરે તે રીતે પ્રગટ થાય છે. ગળવું, મળવું તે તેનો સ્વભાવ છે. જીવની સાથે સંયોગ કરે અને આત્મા અસંખ્યાત પ્રદેશ દ્વારા તેને રોકવાના ભાવ દેખાડે, આમંત્રણ આપે તો પ્રેમથી રોકાઈ જાય છે, આમંત્રણ સ્વીકારે છે. પરદ્રવ્યને આમંત્રણ આપવાનો અધ્યવસાય કરવો તે જીવના સ્વભાવનો વિભાવ છે, તેનું નામ જ 'પરભાવ' અથવા 'વિભાવ' કહેવાય છે. આવા આમંત્રણનો સ્વીકાર કરી અસંખ્યાત આત્મપ્રદેશમાં પુદ્‌ગલ પરમાણુઓ સંયોગ સંબંધથી રહી જાય તેનું નામ 'કર્મ' કહેવાય છે. તે કર્મ દ્વારા નવા કર્મને ખેંચીને સમૂહ રૂપમાં ગોઠવાઈ જવું જ્ઞાનાવરણાદિના રૂપમાં આઠ વિભાગમાં વહેંચાઈ જવું તેનું નામ 'કાર્મણ શરીર' કહેવાય છે. ગોઠવવાની ક્રિયાના રૂપમાં રચના કરી બધાનો સમાવેશ કરવા પૂરા આત્મપ્રદેશનો કબજો લઈ ઢાંકવાનો ભરચક પ્રયત્ન કરવો તેનું નામ 'તૈજસ

શરીર' છે. બન્ને પુદ્‌ગલ પરમાણુઓની રચના છે છતાં આત્મા તેને પોતાનું સ્વરૂપ માની લે છે તેથી કાર્યવાહી આગળ ચાલે છે. પુદ્‌ગલ જડ છે, અજીવ છે. આત્માનું આવરણ થતું હોવાથી જડ સજીવ જેવો ભાસે છે. સ્વયં આત્મા નિજમાં રહીને કાર્ય કરતો હોવા છતાં સ્વ પરમાં ક્રિયા કરતો ભાસે છે. અંતે આત્મા પુદ્‌ગલ પરમાણુની વૃદ્ધિ કરતો કરતો, જોડાયેલા બે મિત્રને સાથે રાખતો, નવા નવા વેશ ધારણ કરે. ક્યારેક ઔદારિક શરીર અને ક્યારેક વૈક્રિય શરીર ધારણ કરે છે તથા જુદા–જુદા સ્થાને ગમન કરવાના સ્વભાવવાળાનું સાધન બનાવી ચાર ગતિ, ચોવીસ દંડક, ૮૪ લાખ જીવા યોનિમાં પરિભ્રમણ કરે છે. આ રીતે જીવ પોતાનું સ્વરૂપ ભૂલી પરનું સ્વરૂપ પોતાનું માની બેઠો તેનું નામ 'મિથ્યાત્વ' કહેવાય છે. આવા મિથ્યાત્વાદિ પાંચ કર્મ બાંધવાના કારણો છે. અનાદિકાળથી આ રીતે જીવો કાયા દ્વારા કર્મ બાંધે છે. કર્મ બાંધવાના પાપસ્થાન અઢાર છે. જીવે કાયા દ્વારા પ્રાણાતિપાત, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, રતિ–અરતિ, મિથ્યાદર્શનશલ્ય, વચનથી મૃષાવાદ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, માયામોસો અને મન દ્વારા (અંતઃકરણ દ્વારા) ક્રોધ, માન, માયા, લોભ, રાગ અને દ્વેષનાં આચરણો કર્યાં છે.

આ રીતે આત્મા તૈજસ, કાર્મણ મિત્ર દ્વારા વિશ્વમાં મુસાફરી કરવા માટે અંગોપાંગ– વાળા શુભ, અશુભ શરીર પામીને બહાર ત્રસ, સ્થાવર રૂપે પ્રગટ થાય છે. તે સારા અંતઃકરણથી શુભ ભાવે જગતની વસ્તુ ગ્રહણ કરે અને તેને પકાવીને બહાર પ્રગટ કરે તો સુખવિપાક કહેવાય અને અશુભ સામગ્રી ગ્રહણ કરી અશુભ રૂપે પરિણત કરી ફળ સ્વરૂપે પ્રગટે તેનું નામ દુઃખવિપાક કહેવાય છે. આ રીતે અનંત જીવરાશી પુદ્‌ગલ પરમાણુની બનેલી આઠ વર્ગણાઓને ગ્રહણ કરી આત્મા સાથે ઓતપ્રોત થઈ કેવી રીતે સુખ, દુઃખનો ભાગી બને છે તે દૃષ્ટાંત દ્વારા અર્થાત્ ધર્મકથા દ્વારા આરોહ, અવરોહનું આબેહૂબ ચિતાર રજુ કરતું પ્રસ્તુત સૂત્ર પ્રગટ થાય છે. વિપાકનો વિનાશ કઈ રીતે કરવો, અશુભમાંથી શુભ કેમ થવું, અંતે શુદ્ધ બની મોક્ષ કેમ થાય ? આત્મા અખંડ સુખનો સ્વામી પોતામાં ડૂબકી લગાવી સાદિ અનંત ભાગમાં સદાને માટે સિદ્ધાલયનું સામ્રાજ્ય પ્રાપ્ત કરી સમ્રાટ બને તેવા પ્રયોગનો ભંડાર છે જેમાં, તેનું નામ વિપાક સૂત્ર :

આ સૂત્રના અનુવાદિકા છે મમ ભગિની સુશિષ્યા વિદુષી ઉત્સાહધરા બા. બ્ર.

સાધ્વી ઉષાશ્રી. જેમના દિલમાં, સૌ. કે. ગુરુ પ્રાણલાલજી મ. સા.ની જન્મશતાબ્દી નિમિત્તે આગમોનું અનુવાદ કરી અર્ધ્ય ધરાવીએ, તેવા ભાવ ઉદિત થયા હતા. તેની ભાવનાને સાકાર બનાવવા અમોને, ગુરુવર્યોને આ વાત રુચી ગઈ અને તેને આહ્‌લાદભાવે સ્વીકારી લીધી. નાના સાધ્વી વૃંદે પણ ઉત્સાહમાં સહયોગ આપ્યો અને કાર્યવાહી આગળ વધી. તેમાં તેઓએ આ વિપાક સૂત્રનો અનુવાદ કરવાનો સ્વીકાર કર્યો. તેઓ તબિયતથી નાજુક છે, મનોબળથી મોટા છે, કોઈ પણ કાર્ય કરવા તે તેને રમત વાત છે. ગચ્છની સેવા, ભંડોપકરણ પૂરા પાડવા, સહયોગી બની ઊભા રહેવું, કાર્યમાં વેગ આપવો, ઉત્સાહ પૂરવો તેની નીડરતા, હિંમત અને હોંશ, પ્રસન્નતા આવા અનેક ગુણો તેનામાં તરવરે છે. અમારા સાધ્વીવૃંદોમાં ગુરુકુળની કલગી છે. ઉગ્ર તપસ્વિની છે. વિદ્યાપીઠનો અભ્યાસ કરેલ છે. તપસ્વી ગુરુરાજની કૃપાપાત્રી છે. આ સાધ્વી રત્નાએ જે વિપાક સૂત્ર લખ્યું છે, અવગાહ્યું છે તેને માટે એ જ ભાવના કરું કે તમો તમારા વિપાકનો વિનાશ કરી આત્મભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન, તેવી શુદ્ધ ભાવનાના ભાગી બનો. તમારો પુરુષાર્થ સ્વ તરફ શીઘ્ર વહે અને આત્મશાંતિ પામો, તેવા આશીર્વાદ.

આપને વિદિત છે કે આ આગમને મઢી દેનાર, વ્યવસ્થિત કરનાર, શિલ્પીસમ સંપાદક છે નવ જ્ઞાનગચ્છનાં આગમ મનીષી પૂ. ત્રિલોકમુનિ મહારાજ. અમારા પરમ ઉપકારી વાણીભૂષણ પૂ. ગિરીશચંદ્રજી ગુરુદેવ, જેઓએ પુરુષાર્થ કરી ત્રણ લોકની અમૂલ નિધિ સમા ગીતાર્થ આગમ મનીષી ત્રિલોકમુનિજીને અહીં લાવી ઉપસ્થિત કર્યા છે. તેઓએ અમારા લખેલા આગમોને આભૂષણો પહેરાવી શ્રૃંગારિત કરી સુસજ્જિત કર્યા છે. આ કાર્ય વેગવંતુ બનાવી સુસ્વચ્છ અને સુઘડ બનાવ્યું છે. ધન્ય હો ! ગુરુદેવ ત્રિલોક મુનિ ! અમારું કામ આપે નિષ્કામ સ્વાધ્યાયપ્રેમી બનીને સફળ કર્યું. હું અનેકશઃ ધન્યવાદ આપી, મસ્તક ઝુકાવીને નમસ્કાર કરું છું. આગમ અવગાહન કરવામાં, પ્રુફ જોવામાં સાથ આપનાર દરેક સતીવૃંદોના સાથને આવકારું છું.

આ કાર્યમાં જોડાયેલ ગુજરાતી અનુવાદોને શુદ્ધ કરનાર પ્રોફેસર સુશ્રાવક શ્રી મુકુંદભાઈ, ભાવથી સેવા આપનાર શ્રી ધીરુભાઈ, પ્રિન્ટ કરી પ્રકાશિત કરનાર નેહલભાઈ, શ્રુતજ્ઞાનાધાર બનનારા દાતાઓ, પ્રકાશિત કરનાર પ્રકાશન સમિતિના સભ્યો, આ કાર્યમાં પૂર્ણ સમર્પિત ભાવે ઉત્સાહ સાથે જોડાયેલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશનના પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ શેઠ વગેરે આ દરેક સહયોગીઓના પુરુષાર્થને માન આપું છું.

અવગાહનમાં ત્રૂટી રહેવા પામી હોય તો ગુરુવર્યોની અને પંચ પરમેષ્ઠી વીતરાગ પરમાત્માની સાક્ષીએ મિચ્છામિ દુક્કડં...

બોધિબીજ દીક્ષા–શિક્ષા દોરે બાંધી, "મુક્ત–લીલમ"તણા તારક થયા,
એવા  ગુરુણી "ઉજમ–ફૂલ–અંબામાતા" ને વંદન કરું ભાવ ભર્યા;
વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય તો માંગું પુનઃ ક્ષમાપના,
મંગલ મૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું વિજ્ઞાપના.

**–આર્યા લીલમ.**

# સંપાદન અનુભવ

ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

મને જે મળ્યું છે, જેવું મળ્યું છે, જેટલું મળ્યું છે અને જ્યારે મળે છે, તે મારા કર્મના ઉદયથી જ મળ્યું છે. આ ત્રૈકાલિક કર્મસિધ્ધાંતને પ્રગટ કરતું શ્રી વિપાકસૂત્ર જૈનતત્ત્વજ્ઞાનની અણમોલ પૂંજી છે.

જીવ પોતાના કષાય અને યોગના માધ્યમથી જે પ્રવૃત્તિ કરે છે, તેના દ્વારા કર્મનો બંધ થાય છે. તે કર્મનો પરિપાક થાય ત્યારે તેના વિપાકનો અર્થાત્ કર્મફળનો અનુભવ કરાવે છે. શ્રી વિપાકસૂત્ર પ્રત્યેક સંસારી જીવોની વર્તમાન પરિસ્થિતિ માટે કોણ જવાબદાર છે ? તે પ્રશ્નનું સમાધાન આપે છે.

આ આગમગ્રંથમાં કર્મના શુભવિપાક અને અશુભવિપાકને પ્રદર્શિત કરતા દશ – દશ ચારિત્રોનું પૂર્વભવ સહિતનું નિરૂપણ છે. પાઠકો કથાનક વાંચતા જાય, કર્મના શુભાશુભ ફળના તાદશ્ય ચિત્રો નિરખતા જાય અને કર્મસિધ્ધાંત સહજ રીતે હૃદયંગમ થતો જાય છે.

આ આગમના સંપાદનના પાવન અવસરે અમોને પણ આગમ અવલોકનની તક સાંપડી. એક બાજુ તીવ્રતમ અશુભ વિપાક અને બીજી બાજુ ઉચ્ચ કોટિના શુભ વિપાકોના દશ્યો વાંચ્યા, માનસપટ પર તેની ઊંડી છાપ અંકિત થઇ ગઇ. તુરંત વિચાર આવ્યો કે શાસ્ત્રનો મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, કઠિન શબ્દોના શબ્દાર્થ વગેરે તૈયાર કર્યું જ છે પરંતુ પાઠકો માટે સમગ્ર શાસ્ત્રના સારભૂત તત્ત્વને કોષ્ટક રૂપે તૈયાર કરીએ જેથી વાંચકો શીઘ્રતાથી શાસ્ત્રના સારને પામી શકે, તે લક્ષે કોષ્ટક તૈયાર કર્યું. તે ઉપરાંત સમગ્ર કર્મસિધ્ધાંત સંબંધી સંક્ષિપ્ત માહિતિ પણ સંકલિત કરીને પરિશિષ્ટરૂપે પ્રગટ કરી છે.

શ્રી સુખવિપાક સૂત્રમાં પ્રથમ સુબાહુકુમારના અધ્યયનનું વિસ્તૃત વર્ણન છે. શેષ નવ અધ્યયનોમાં અતિદેશાત્મક પાઠ છે. તેમાં પહેલાં, બીજા, ત્રીજા અને દશમા અધ્યયનમાં પંદરમા ભવે અને શેષ અધ્યયનમાં તે જ ભવે મોક્ષનું કથન છે. આ પ્રકારની ભિન્નતાનું કારણ સ્પષ્ટ થતું નથી કારણ કે દુઃખ વિપાક સૂત્ર, ઉપાસકદશાંગ સૂત્ર, અંતગડ સૂત્ર આદિ સૂત્રોની જેમ અહીં પણ ભવપરંપરાની સમાનતા હોવી જોઇએ. લેખનકાલમાં પાઠલેખનમાં કોઇ પણ કારણથી સ્ખલના થઇ હોય અને જાવ सिज्जिस्सइ ના સ્થાને जाव सिद्धे પાઠ લખાયો હોય તેવી સંભાવના છે.

આ રીતે કથાનકોની અપેક્ષાએ સરળ છતાં સાધકો માટે અત્યંત ઉપયોગી, જીવનમાં સંઘર્ષોનું સમાધાન કરાવે તેવા રહસ્યપૂર્ણ શ્રી વિપાકસૂત્રને લોકભોગ્ય બનાવવાનો યત્કિંચિત પ્રયત્ન કર્યો છે.

સર્વજ્ઞના ભાવોને પૂર્ણપણે સમજવા, તેના રહસ્યોને ખોલવા, તે અમારા જેવા અલ્પજ્ઞની શક્તિ નથી તેમ છતાં અનંત ઉપકારી ગુરુવર્યોની અસીમ કૃપાએ, તેમના પાવન સાંનિધ્યે તથા પરોક્ષ પ્રેરણાએ અમે આગમ અવગાહનાનો યત્કિંચિત પ્રયત્ન કર્યો છે. સર્વ ઉપકારીઓ તથા સહયોગીઓના ઋણને સ્વીકારીને અમે સ્વયં કર્મવિપાકને સમજીને સ્વીકારીને સર્વ પ્રકારના વિપાકોથી મુક્ત થવા પુરુષાર્થશીલ બનીએ એ જ મંગલ કામના...

છદ્મસ્થપણાને વશ થઈ જિનવાણીથી ઓછી – અધિક કે વિપરીત પ્રરૂપણા થઈ હોય તો ત્રિવિધે ત્રિવિધે... મિચ્છામિ દુક્કડમ્...

સદા ઋણી માત–તાત **ચંપાબેન-શામળજીભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ–ધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત–તાત **લલિતાબેન-પોપટભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ - વીર** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ–ધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

– સાધ્વી શ્રી ઉષાબાઈ મ.

આ વિશ્વની વિરાટ વાટિકામાં અનેક દાર્શનિકોએ, દૃષ્ટાઓએ, ચિંતકોએ આત્મ સત્તા ઉપર ચિંતન કરેલ છે અથવા આત્માનો સાક્ષાત્કાર કર્યો છે. તેઓએ પરહિતાર્થે આત્મવિકાસના સાધનો તથા તેની પદ્ધતિ ઉપર પર્યાપ્ત ચિંતન, મનન, નિદિધ્યાસન કરેલ છે. આત્મ સંબંધિત થયેલ ચિંતન અનુભવો ઉપર રચાયેલાં શાસ્ત્રો ગણિપિટક, ત્રિપિટક, વેદ, ઉપનિષદ આદિ ભિન્ન ભિન્ન નામોથી પ્રસિદ્ધ થયેલ છે.

જૈન પરંપરાએ ચાલી આવતી જ્ઞાનધારાથી સમજી શકાય છે કે આત્માનો વિકાર, રાગ, દ્વેષ, મોહ, માયા આદિ સર્વ વિભાવ ભાવો છે. તેને સાધના, આરાધના અને ઉપાસના દ્વારા દૂર કરી શકાય છે, કર્મના વિપાકોને નિષ્ફળ બનાવી શકાય છે. જ્યારે પૂર્ણતઃ કર્મક્ષય થાય ત્યારે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત સુખ, અનંતવીર્ય આદિ સંપૂર્ણ શુદ્ધ–આત્માના અનંત ગુણો ઉદ્‌ઘાટિત ઉદ્‌ભાષિત થાય છે. આત્માની સર્વ શક્તિનો સંપૂર્ણતઃ વિકાસ તે જ સર્વજ્ઞતા છે. આવી સર્વજ્ઞતા પ્રાપ્ત કરવા દુઃખના વિપાક અને સુખના વિપાકથી પર થઈ આત્માનુભૂતિ કરવી તે જ સાધના છે. પાપથી દુઃખની પ્રાપ્તિ અને પુણ્યથી બાહ્ય સુખની પ્રાપ્તિ થાય છે ત્યારે ધર્મથી માત્ર નિર્જરાની જ પ્રાપ્તિ થાય છે. આવા ભાવોથી ભરપૂર આ વિપાક સૂત્ર છે.

જૈન શાસ્ત્રોનું નિરૂપણ સર્વાંગપૂર્ણ છે. જડ–ચેતન, આત્મા–પરમાત્મા, દુઃખ–સુખ, આશ્રવ–સંવર, કર્મબંધ–કર્મક્ષય, સંસાર–મોક્ષ આદિ સમસ્ત વિષયોનું સૂક્ષ્મ, ગંભીર સુસ્પષ્ટ વિવેચન છે. આવું વર્ણન અન્યત્ર મળવું કઠિન છે. જીવનમાં અદ્‌ભુતતા, નવીનતા અને દિવ્યદષ્ટિ ઉત્પન્ન કરે તેવી જૈન વિચારધારા છે.

જૈન આગમ એટલે ભવારણ્યમાં ભૂલા પડેલા ભટકતા ભવ્ય પ્રાણીઓ માટે ભોમિયો છે, પથદર્શક બોર્ડ છે. ઉન્માર્ગે ગયેલાને સન્માર્ગે લાવે છે. તર્ક અને યુક્તિથી અકાટ્ય હોય છે. પ્રત્યક્ષ અને અનુમાનથી અવિરૂદ્ધ હોય છે. કુમાર્ગનો નાશક અને

સર્વાભ્યુદયનો કરનાર સન્માર્ગ પ્રદર્શક હોય છે. આ સર્વ લક્ષણો શ્રી વિપાક સૂત્રમાં પૂર્ણતયા જોવામાં આવે છે. માટે જ જિજ્ઞાસુ મુમુક્ષુ આત્માઓ માટે પ્રસ્તુત સૂત્ર ઉપાદેય છે.

## ઉપલબ્ધ આગમ પરંપરાનો ઈતિહાસ :-

સર્વજ્ઞ સર્વદર્શી આપ્ત પુરુષની વાણી, વચન, કથન, પ્રરૂપણા એ 'આગમ' ના નામથી ઓળખાય છે. 'આગમ' અર્થાત્ તત્ત્વજ્ઞાન, આત્મજ્ઞાન તથા આચાર–વ્યવહારનો સમ્યક્ પરિબોધ દેનાર શાસ્ત્ર, સૂત્ર, આપ્તવચન.

વિશિષ્ટ અતિશયસંપન્ન સર્વજ્ઞ પુરુષ, જે ધર્મતીર્થને પ્રવર્તાવે છે, સંઘની જીવન પદ્ધતિમાં ધર્મ–સાધનાને સ્થાપિત કરે છે તે ધર્મપ્રવર્તક અરિહંત અથવા તીર્થંકર દેવ કહેવાય છે. તે તીર્થંકરદેવની આજ્ઞાથી તેના અતિશય વિદ્યા સંપન્ન વિદ્વાન શિષ્ય ગણધર શાસન પ્રારંભના પ્રથમ દિવસે જ દ્વાદશાંગી મૂળ સૂત્રોની સંકલના, રચના કરે છે અને તીર્થંકર પ્રભુના ફરમાવેલા ઉપદેશ, પ્રશ્નોત્તર વગેરેનું સંકલન કરી સમયે સમયે તે દ્વાદશાંગીમાં પુનઃ પુનઃ સંપાદિત કરે છે. તે ગણધર રચિત દ્વાદશાંગી શાસ્ત્રને આગમ કહેવામાં આવે છે. તેને જ નંદીસૂત્ર અને સમવાયાંગ સૂત્ર આદિમાં દ્વાદશાંગ ગણિપિટક કહેવાયેલ છે.

આ રીતે શાસન પ્રારંભમાં એટલે પોતાની દીક્ષાના પ્રારંભમાં જ તીર્થંકર પ્રભુની નિશ્રામાં અને તેઓની આજ્ઞાથી આવશ્યક સૂત્ર સહિત બાર અંગ આગમોની રચના કરી, નવદીક્ષિત શિષ્યોને તે આગમોનું અધ્યયન પ્રારંભ કરાવી દે છે. નિત્ય, નિયમિત ઉભય સંધ્યા પ્રતિક્રમણ કરવામાં ઉપયોગી આવશ્યક સૂત્રોનું અધ્યયન સર્વ પ્રથમ પૂર્ણ કરાવે છે અને પછી બાર અંગ આગમોનું અધ્યયન યોગ્યતા પ્રમાણે અનુક્રમથી કરાવે છે. તે બાર અંગ આ પ્રમાણે છે– ૧. આચારાંગ સૂત્ર ૨. સૂત્રકૃતાંગ સૂત્ર ૩. ઠાણાંગ સૂત્ર ૪. સમવાયાંગ સૂત્ર ૫. ભગવતી સૂત્ર ૬. જ્ઞાતાધર્મકથા સૂત્ર ૭. ઉપાસકદશા સૂત્ર ૮. અંતગડ સૂત્ર ૯. અનુત્તરોપપાતિક સૂત્ર ૧૦. પ્રશ્નવ્યાકરણ સૂત્ર ૧૧. વિપાક સૂત્ર ૧૨. દૃષ્ટિવાદ સૂત્ર.

આ દ્વાદશાંગીનું અધ્યયન પ્રત્યેક મુમુક્ષુ માટે આવશ્યક અને ઉપાદેય છે. દ્વાદશાંગીમાં પણ બારમું અંગ વિશાળ અને સમગ્ર શ્રુતજ્ઞાનનો ભંડાર છે. તેનું અધ્યયન અતિ વિશિષ્ટ પ્રતિભા સંપન્ન એવં શ્રુતસંપન્ન સાધક શ્રમણ કરી શકતા હતા. સામાન્યતઃ

સાધુ સાધ્વી દરેક સાધકો માટે અગિયાર અંગોનું અધ્યયન શક્ય બન્યું તથા તે તરફ બધાની ગતિ, મતિ રહી.

તે સમયે લખવાની પરંપરા ન હતી, લખવાનાં સાધનોનો વિકાસ પણ અલ્પતમ હતો, માટે શાસ્ત્રોને સ્મૃતિના આધારે અથવા ગુરુપરંપરાથી કંઠસ્થ કરીને સુરક્ષિત રાખવામાં આવતાં હતાં. સંભવતઃ તેથી જ આગમજ્ઞાન 'શ્રુતજ્ઞાન' પણ કહેવાય છે અને તેથી જ અન્ય ગ્રંથોમાં શ્રુતિ, સ્મૃતિ જેવા સાર્થક શબ્દોનો વ્યવહાર કરવામાં આવ્યો છે.

ભગવાન મહાવીરના નિર્વાણ પછી એક હજાર વર્ષ સુધી આગમોનું જ્ઞાન સ્મૃતિ પરંપરા પર જ અવલંબિત રહ્યું. પછી સ્મૃતિમંદતા, ગુરુપરંપરાનો વિચ્છેદ, દુષ્કાળ–પ્રભાવ આદિ અનેક કારણોથી ધીરે ધીરે આગમજ્ઞાન લુપ્ત થતું ગયું. મહાસરોવરનું જળ સૂકાતાં સૂકાતાં ગોષ્પદ માત્ર રહ્યું. એક બાજુ મુમુક્ષુ શ્રમણો માટે આ ચિંતાનો વિષય હતો તો બીજી બાજુ ચિંતનની તત્પરતા અને જાગૃતિ પણ હતી. તે શ્રુતજ્ઞાન–નિધિના સંરક્ષણ માટે તત્પર થયા. ત્યારે મહાન શ્રુતપારગામી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે વિદ્વાન શ્રમણોનું એક સંમેલન બોલાવ્યું અને સ્મૃતિ દોષથી લુપ્ત થતાં આગમજ્ઞાનને સુરક્ષિત અને એકઠું કરીને રાખવાનું આહ્‌વાન કર્યું. સર્વ સંમતિથી આગમોને લિપિબદ્ધ કરવામાં આવ્યાં, જિનવાણીને પુસ્તકારૂઢ કરવાનું આ ઐતિહાસિક કાર્ય વસ્તુતઃ આજની સમગ્ર જ્ઞાનપિપાસુ પ્રજા માટે એક અવર્ણનીય ઉપકાર સિદ્ધ થયો. સંસ્કૃતિ, દર્શન, ધર્મ તથા આત્મવિજ્ઞાનની પ્રાચીનતમ જ્ઞાનધારાને વહેતી રાખવાનો આ ઉપક્રમ વીરનિર્વાણના ૯૮૦ થી ૯૯૩ વર્ષ પછી પ્રાચીન વલભીપુરનગરી (હાલ સૌરાષ્ટ્રમાં વળા ગામ)માં આચાર્ય શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના નેતૃત્વમાં થયું. આમ તો જૈન આગમોની આ બીજી અંતિમ વાચના હતી, પરંતુ લિપિબદ્ધ કરવાનો પ્રથમ પ્રયાસ હતો. આજે પ્રાપ્ત જૈન સૂત્રોનાં અંતિમ સ્વરૂપ સંસ્કાર આ જ વાચનામાં પૂર્ણ કરવામાં આવેલ હતાં.

લિપિબદ્ધ કરવાની આ વાચના સમયે દ્વાદશાંગીમાંથી અગિયાર અંગ આગમોને લિપિબદ્ધ કરવામાં આવ્યા. પરંતુ બારમું દૃષ્ટિવાદ અંગ અતિવિશાળ અને લખવાનું અશક્ય હોવાના કારણે તેનું સંપૂર્ણ લખાણ ન કરતાં તેના આધારે બીજા નાના મોટા સૂત્રોની રચના કરીને લખવામાં આવ્યાં. નંદી સૂત્રની રચના પણ તે સમયે જ કરવામાં આવી અને તેમાં બધા લિખિત સૂત્રોને ઉટ્ટંકિત કરવામાં આવ્યાં. આજે પણ નંદી સૂત્રમાં તે સમસ્ત નાના–મોટા સૂત્રોનાં નામ મોજૂદ છે. તે સૂત્રોની સંખ્યા ત્યાં

સૂચિત બધા ભેદ પ્રભેદ જોડવાથી તોંતેર(૭૩)ની થાય છે. કાળક્રમે આગળ વધતા જુદી જુદી પરંપરામાં તે જ આગમોની સંખ્યા ચોર્યાસી(૮૪), પિસ્તાલીશ(૪૫) અને બત્રીશ(૩૨) આગમના રૂપમાં પ્રસિદ્ધિ પામવામાં આવેલ છે.

પુસ્તકારૂઢ થયા પછી આગમોનું સ્વરૂપ મૂળ રૂપે સુરક્ષિત થઈ ગયું, પરંતુ કાળ–દોષ, શ્રમણ–સંઘોના આંતરિક મતભેદ, સ્મૃતિની મંદતા, પ્રમાદ અને ભારત ભૂમિ પર બહારનાં આક્રમણોને કારણે વિપુલ જ્ઞાનભંડારોના વિધ્વંસ આદિ અનેક કારણોથી આગમજ્ઞાનની વિપુલ સંપત્તિ, અર્થબોધની સમ્યક્ ગુરુ–પરંપરા ધીરે ધીરે ક્ષીણ એવં વિલુપ્ત થતી રહી. આગમોનાં અનેક મહત્વપૂર્ણ પદ, સંદર્ભ તથા તેનાં ગૂઢાર્થોનું જ્ઞાન છિન્ન–વિચ્છિન્ન થતું ગયું. પરિપક્વ ભાષાજ્ઞાનના અભાવમાં જે આગમ હસ્તલિખિત હતાં તે પણ શુદ્ધ પાઠવાળાં ન હતાં. તેના સમ્યક્ અર્થનું જ્ઞાન દેનારા પણ વિરલા જ હતા. આ પ્રમાણે અનેક કારણોથી આગમની પવિત્ર ધારા ક્ષીણ થતી ગઈ, મંદ થતી ગઈ.

વિક્રમની સોળમી શતાબ્દીમાં વીર લોકાશાહે આ દિશામાં ક્રાંતિકારી પ્રયત્ન કર્યો. આગમોના શુદ્ધ અને યથાર્થ અર્થજ્ઞાનને નિરૂપિત કરવાનો સાહસિક ઉપક્રમ પુનઃ શરૂ થયો. પરંતુ થોડા સમય પછી તેમાં પણ વિક્ષેપ આવવા લાગ્યા. સાંપ્રદાયિક વિદ્વેષ, સૈદ્ધાંતિક વિગ્રહને કારણે આગમોની ઉપલબ્ધિમાં ઘણાં મોટા વિઘ્ન થયા, આગમ અભ્યાસીઓને શુદ્ધ પ્રતો મળવી પણ દુર્લભ થઈ ગઈ.

ઓગણીસમી શતાબ્દીના પ્રથમ ચરણમાં આગમ મુદ્રણની પરંપરા ચાલી, તેથી બુદ્ધિમાન પાઠકોને થોડી સુવિધા મળી. ધીરે ધીરે પ્રયત્નોથી આગમોની પ્રાચીન ચૂર્ણિઓ, નિર્યુક્તિઓ, ટીકાઓ આદિ પ્રકાશમાં આવી અને તેના આધારે આગમોનો સ્પષ્ટ–સુગમ ભાવબોધ સરળ ભાષામાં પ્રકાશિત થયો. તેથી આગમ–સ્વાધ્યાયી તથા જ્ઞાનપિપાસુઓને સુવિધા થઈ. ફલતઃ આગમના પઠન–પાઠનની પ્રવૃત્તિ વધી. જનતામાં આગમો પ્રતિ આકર્ષણ અને રુચિ વધ્યાં છે. આ રુચિની જાગૃતિમાં અનેક આગમ વિશેષજ્ઞ કે વિદેશી વિદ્વાનો અને ભારતીય જૈનેતર વિદ્વાનોની આગમ–શ્રુત સેવાનો પણ પ્રભાવ અને યોગદાન છે, તે આપણે ગૌરવ સહિત સ્વીકારીએ છીએ.

## વિપાક સૂત્ર પરિશીલન :–

બાર અંગમાં 'વિપાક'નું અગિયારમું સ્થાન છે. આચાર્ય વીરસેને કર્મોના ઉદય અને ઊદીરણાને વિપાક કહેલ છે. આચાર્ય પૂજ્યપાદ અને આચાર્ય અકલંકદેવે લખ્યું

છે– વિશિષ્ટ અને વિવિધ પ્રકારના પાક(કર્મફલ)નું નામ 'વિપાક' છે. કષાયોની તીવ્રતા, મંદતા આદિ રૂપ ભાવાશ્રવના ભેદથી વિશિષ્ટ પાકનું થવું તે "વિપાક" છે અથવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ રૂપ નિમિત્ત ભેદથી ઉત્પન્ન થયેલ વિશ્વ સંબંધી અનેક પ્રકારનો પાક 'વિપાક' છે. આચાર્ય હરિભદ્રે અને આચાર્ય અભયદેવે વૃત્તિમાં વિપાકનો અર્થ લખ્યો છે કે– પુણ્ય અને પાપ કર્મોનું ફળ, તે વિપાક છે અને કથા રૂપમાં તેનું પ્રતિપાદન કરનાર સૂત્ર તે વિપાક સૂત્ર છે.

સમવાયાંગમાં વિપાકનો પરિચય આ પ્રમાણે આપ્યો છે કે– વિપાક સૂત્ર સુકૃત અને દુષ્કૃત કર્મોનાં ફળ–વિપાકને દર્શાવનારું આગમ છે. તેના સુખવિપાક અને દુઃખવિપાક એમ બે વિભાગ છે. નંદી સૂત્રમાં આચાર્ય દેવવાચકે વિપાકનો આ પ્રમાણે જ પરિચય આપ્યો છે. સ્થાનાંગ સૂત્રમાં વિપાક સૂત્રનું નામ કર્મવિપાકદશા આપેલ છે. સમવાયાંગ સૂત્ર પ્રમાણે વિપાકના બે શ્રુતસ્કંધ છે, વીસ અધ્યયન છે, વીસ ઉદ્દેશનકાલ છે, વીસ સમુદ્દેશનકાલ છે, સંખ્યાત પદ, સંખ્યાત અક્ષર, પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત વેઢ નામના છંદ, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે. વર્તમાનમાં જે વિપાક સૂત્ર ઉપલબ્ધ છે તે ૧૨૧૬ શ્લોક પરિમાણ માનેલ છે.

સ્થાનાંગમાં પ્રથમ શ્રુતસ્કંધના દસ અધ્યયનોનાં નામ આપ્યાં છે પરંતુ બીજા શ્રુતસ્કંધનાં અધ્યયનોનાં નામ ત્યાં આપ્યાં નથી. વૃત્તિકારનો એ અભિપ્રાય છે કે બીજા શ્રુતસ્કંધનાં અધ્યયનોની ચર્ચા અન્યત્ર કરેલ છે. પ્રથમ શ્રુતસ્કંધનું નામ "કર્મવિપાકદશા" છે.

સ્થાનાંગ પ્રમાણે કર્મવિપાકદશાનાં અધ્યયનોનાં નામ આ પ્રમાણે છે–

(૧) મૃગાપુત્ર (૨) ગોત્રાસક (૩) અંડ (૪) શકટ (૫) બ્રાહ્મણ (૬) નંદિષેણ (૭) શૌરિક (૮) ઉદુંબર (૯) સહસ્રોદાહ આભરક (૧૦) કુમાર લિચ્છઈ.

ઉપલબ્ધ વિપાકના પ્રથમ શ્રુતસ્કંધનાં અધ્યયનોનાં નામ આ પ્રમાણે છે–

(૧) મૃગાપુત્ર (૨) ઉજ્ઝિતક (૩) અભગ્નસેન (૪) શકટ (૫) બૃહસ્પતિદત્ત (૬) નંદિવર્દ્ધન (૭) ઉંબરદત્ત (૮) શોરિકદત્ત (૯) દેવદત્તા (૧૦) અંજૂ.

સ્થાનાંગમાં જે નામ આપ્યાં છે અને વર્તમાનમાં જે નામ ઉપલબ્ધ છે તેમાં કંઈક અંતર છે. વિપાક સૂત્રમાં કેટલાંક નામ વ્યક્તિ પરથી છે તો કેટલાંક નામ વસ્તુ પરથી અર્થાત્ ઘટના–પ્રસંગ પરથી છે. સ્થાનાંગમાં જે નામ આપ્યાં છે તે માત્ર

વ્યક્તિપરક છે. બે અધ્યયનોના ક્રમમાં અંતર છે. સ્થાનાંગમાં જે આઠમું અધ્યયન છે, તે વિપાકનું સાતમું અધ્યયન છે અને સ્થાનાંગમાં જે સાતમું અધ્યયન છે, તે વિપાકનું આઠમું અધ્યયન છે.

સ્થાનાંગમાં બીજા અધ્યયનનું નામ પૂર્વભવના નામના આધારે "ગોત્રાસક" રાખેલ છે અને આ સૂત્રમાં આગળના ભવના નામના આધારે ઉજ્ઝિતક રાખેલ છે. સ્થાનાંગમાં ત્રીજા અધ્યયનનું અંડ નામ પૂર્વભવના વ્યાપારના આધારે રાખેલ છે અને વિપાકમાં આગળના ભવના નામના આધારે "અભગ્નસેન" રાખેલ છે. સ્થાનાંગમાં નવમા અધ્યયનનું નામ સહસ્રોદાહ આભરક અથવા સહસોદાહ છે. સહસ્ર–હજારો વ્યક્તિઓને એકી સાથે બાળી દેવાના કારણે તેનું આ નામ રાખેલ છે અને વિપાકમાં પ્રસ્તુત અધ્યયનની મુખ્ય નાયિકા દેવદત્તા હોવાના કારણે અધ્યયનનું નામ દેવદત્તા રાખેલ છે. સ્થાનાંગમાં દસમા અધ્યયનનું નામ "કુમાર લિચ્છઈ" છે. લિચ્છવી કુમારોના આચાર પરથી આ નામ રાખેલ છે. જ્યારે વિપાકમાં તેનું નામ "અંજૂ" છે, જે કથાની મુખ્ય નાયિકા છે. વિદ્વાનોનું માનવું છે કે લિચ્છવીનો સંબંધ લિચ્છવી વંશ વિશેષ સાથે હોવો જોઈએ.

નંદી સૂત્ર અને સ્થાનાંગ સૂત્રમાં વિપાકના બીજા શ્રુતસ્કંધ સુખવિપાકનાં અધ્યયનોનું નામ નથી આવ્યું. સમવાયાંગમાં તો બંને શ્રુતસ્કંધોનાં અધ્યયનોનું નામ નથી. વિપાક સૂત્રમાં સુખવિપાકનાં અધ્યયનોનાં નામ આ પ્રમાણે છે– (૧) સુબાહુકુમાર (૨) ભદ્રનંદી (૩) સુજાતકુમાર (૪) સુવાસવકુમાર (૫) જિનદાસકુમાર (૬) ધનપતિ (૭) મહાબળકુમાર (૮) ભદ્રનંદીકુમાર (૯) મહાચંદ્રકુમાર (૧૦) વરદત્તકુમાર.

સમવાયાંગના પંચાવનમા સમવાયમાં ઉલ્લેખ છે કે કારતક મહિનામાં અમાસની રાતે ચરમ તીર્થંકર મહાવીર પુણ્યના કર્મફળને બતાવતાં પંચાવન અધ્યયન અને પાપના કર્મફળ બતાવતાં પંચાવન અધ્યયન ધર્મદેશનાના રૂપે પ્રરૂપી નિર્વાણ પામ્યા. આમાં પ્રશ્ન એ થાય કે પંચાવન અધ્યયનવાળું કલ્યાણ ફળવિપાક અને પંચાવન અધ્યયનવાળું પાપફળવિપાક બતાવતો આગમ આ વિપાક સૂત્ર છે ? કે આનાથી જુદું બીજું કોઈ આગમ છે ?

કેટલાક ચિંતકોનો એવો મત છે કે પ્રસ્તુત આગમ તે જ આગમ છે તેમાં પંચાવન–પંચાવન અધ્યયન હતાં પરંતુ પિસ્તાલીસ–પિસ્તાલીસ અધ્યયન તેમાંથી લુપ્ત થઈ ગયાં ને માત્ર વીસ અધ્યયન જ બાકી રહ્યાં. ચિંતકોની આ માન્યતા ચિંતન

માંગે છે. કારણ કે ઠાણાંગ આદિ સૂત્રોથી આ સ્પષ્ટ છે કે અંતિમ સમયમાં પ્રરૂપિત કલ્યાણવિપાક અને પાપવિપાકનાં પંચાવન–પંચાવન અધ્યયન છે તથા આ વિપાક સૂત્ર દસ દસ અધ્યયનાત્મક છે. સમવાયાંગ અને નંદીમાં વિપાક સૂત્રની જે પરિચય રેખા બતાવી છે તેમાં વીસ અધ્યયનોનો ઉલ્લેખ છે.

નંદી અને સમવાયાંગ સૂત્રમાં જે પદોની અને નિર્યુક્તિઓ વગેરેની સંખ્યા આપવામાં આવેલ છે, તેના અર્થ પરમાર્થની પરંપરા બહુશ્રુતગમ્ય છે, સાથે જ અન્વેષણીય પણ છે.

## વિપાક સૂત્રનો વિષયાવબોધ :-

કર્મ સિદ્ધાંત જૈનદર્શનનો એક મુખ્ય સિદ્ધાંત છે. તે સિદ્ધાંતનું પ્રસ્તુત આગમમાંદાર્શનિક ગહન અને ગંભીર વિશ્લેષણ કરવામાં આવ્યું નથી પરંતુ ઉદાહરણોનાં માધ્યમ દ્વારા વિષયને સરળ રીતે પ્રતિપાદિત કરેલ છે.

સાંસારિક જીવ જે વિવિધ પ્રકારનાં કર્મોનાં બંધન કરે છે તેને વિપાકની દષ્ટિએ બે ભાગમાં વિભક્ત કરેલ છે. શુભ અને અશુભ, પુણ્ય અને પાપ અથવા કુશળ અને અકુશળ. આ બે ભેદોનો ઉલ્લેખ જૈનદર્શન, બૌદ્ધદર્શન, સાંખ્યદર્શન, યોગદર્શન, ન્યાયદર્શન, વૈશેષિકદર્શન અને ઉપનિષદ આદિમાં કરેલ છે.

જે કર્મના ફળનો પ્રાણી અનુકૂળ અનુભવ કરે તે પુણ્ય અને જેનો પ્રતિકૂળ અનુભવ કરે તે પાપ છે. પુણ્યના શુભ ફળની તો બધાં ઈચ્છા કરે છે પરંતુ પાપના ફળની કોઈ ઈચ્છા કરતા નથી, તો પણ તેના વિપાકથી કોઈ બચી શકતું નથી.

જીવે જે કર્મ બાંધ્યાં છે તે આ જન્મમાં અથવા આગામી જન્મોમાં ભોગવવાં જ પડે છે. કૃતકર્મોનું ફળ ભોગવ્યા વિના આત્માનો છુટકારો નથી. પ્રસ્તુત આગમમાં પાપ અને પુણ્યની ગહન ગ્રંથિઓને ઉદાહરણો દ્વારા સરળતાથી સમજાવેલ છે. જે જીવોએ પૂર્વભવમાં અનેક પ્રકારનાં પાપકૃત્ય કરેલ છે, તે જીવોને આગામી જીવનમાં દારુણ વેદનાઓ સહન કરવી પડે છે. દુઃખવિપાકમાં તેવા પાપકૃત્ય કરનારા જીવોનું વર્ણન છે. જે જીવોએ પૂર્વભવમાં સુકૃત કર્યાં હતાં, તેઓને સુખ મળ્યું. દ્વિતીય વિભાગમાં એવા સુકૃત્ય કરનારા જીવોના પ્રસંગોનું વર્ણન છે.

જેમ ક્રૂર કૃત્યો કરનારા દરેક જમાનામાં થાય છે તેમ સદ્કાર્યો કરી જીવનને સાર્થક કરનારાઓ પણ દરેક યુગમાં મળી આવે છે. સારું અને નરસું એકાંતરૂપથી કોઈ

જમાનાની દેન નથી. સારા અને ખરાબ લોકો દરેક યુગમાં ઓછાવત્તા પ્રમાણમાં થતા જ રહે છે.

વિપાક સૂત્રના પ્રત્યેક અધ્યયનમાં પુનર્જન્મની ચર્ચા છે. કોઈ વ્યક્તિ દુઃખથી આકુળ–વ્યાકુળ બનતો હોય અને કોઈ સુખના સાગરમાં ડૂબેલો હોય. તે જોઈ ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો કે આમ કેમ ? ત્યારે ભગવાને તેનો પૂર્વ ભવ સંભળાવીને એવું સમાધાન કરી આપ્યું કે તેનું રહસ્ય સ્વયં સમજી જાય. અન્યાય, અત્યાચાર, વેશ્યાગમન, પ્રજાપીડન, લાંચ–રૂશ્વત, હિંસા, નરમેઘ યજ્ઞ, માંસ–ભક્ષણ વગેરે દુષ્કૃત્યને કારણે અનેક પ્રકારની યાતનાઓ ભોગવવી પડે છે. સુખવિપાક સૂત્રમાં સુપાત્ર દાનનું સુંદર પ્રતિ ફળ બતાવેલ છે.

પ્રથમ વિભાગમાં દુષ્કર્મ કરનારા જીવોના પ્રસંગોનું કથન છે. તેનાં અધ્યયનથી એવું સમજી શકાય છે કે કોઈને કોઈ દુરાચારી લોકો દરેક જમાનામાં હોય છે. જે પોતાની ક્રૂર અને હિંસક મનોવૃત્તિના કારણે ભયંકર અપરાધો કર્યા કરે છે અને તેનાં પ્રતિફળ રૂપે વિપુલ પ્રમાણમાં અસહ્ય યાતનાઓ ભોગવ્યા કરે છે.

વિપાક સૂત્રનાં જે અધ્યયનો આજે ઉપલબ્ધ છે તેમાં રોચક અને પ્રેરક વિષય છે અને હૃદય ધ્રુજાવી દે તેવો ધારાવાહી વિષય છે. આ અધ્યયનોમાં મળતાં ચિંતનોથી દરેક મુમુક્ષુ આત્માઓએ ત્યાગ અને વૈરાગ્યપૂર્ણ જીવન જીવવાનો સંકલ્પ કરી મનુષ્યભવને સાર્થક કરી લેવો જોઈએ.

## વ્યાખ્યા સાહિત્ય અને સંસ્કરણો :–

વિપાક સૂત્રનો વિષય અત્યંત સરળ અને સુગમ હોવાથી તેના પર નિર્યુક્તિ કે ભાષ્ય લખાયેલ નથી કે ચૂર્ણિની રચના પણ નથી થઈ. સર્વપ્રથમ આચાર્ય અભયદેવે આના પર સંસ્કૃત ભાષામાં ટીકા લખી છે; પ્રારંભમાં આચાર્યે ભગવાન મહાવીરને નમસ્કાર કરી વિપાક સૂત્ર પર વૃત્તિ લખવાની પ્રતિજ્ઞા કરી અને વિપાક શ્રુતના શબ્દાર્થ પ્રસ્તુત કર્યા. વૃત્તિકારે અનેક પારિભાષિક શબ્દોના સંક્ષિપ્ત અને સારપૂર્ણ અર્થ પણ આપ્યા છે. વૃત્તિના અંતમાં વિદ્વાનોને નમ્ર નિવેદન કર્યું છે કે, તેઓ વૃત્તિને પરિષ્કૃત કરવાનો અનુગ્રહ કરે. પ્રસ્તુત વૃત્તિનું પ્રકાશન સર્વપ્રથમ સન ૧૮૭૬ માં રાય ધનપતસિંહે કલકત્તામાં કર્યું. ત્યાર પછી સન્ ૧૯૨૦ માં આગમોદય સમિતિએ મુંબઈથી, મુક્તિ કમલ જૈન મોહનમાલાએ વડોદરાથી અને સન્ ૧૯૩૫ માં ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયે

ગાંધીરોડ અમદાવાદથી અંગ્રેજી અનુવાદ અને ટિપ્પણની સાથે પ્રકાશિત કરેલ છે.

પી. એલ. વૈદ્યે સન્ ૧૯૩૩ માં પ્રસ્તાવના સાથે પ્રસ્તુત આગમ પ્રકાશિત કર્યું. જૈનધર્મ પ્રચારક સભા, ભાવનગરથી વિ. સં. ૧૯૮૭ માં ગુજરાતી અનુવાદ પ્રકાશિત થયા. જૈનાગમ પ્રકાશક સુમતિ કાર્યાલય–કોટાથી સન્ ૧૯૩૫ માં અને વિ. સં. ૨૪૪૬ માં હૈદરાબાદથી ક્રમશઃ મુનિ આનંદસાગરજી અને પૂ. અમોલકઋષિજીએ હિન્દી અનુવાદ સહિત આ આગમનું પ્રકાશન કરાવ્યું. જૈન શાસ્ત્રમાળા કાર્યાલય લુધિયાણાથી વિ. સં. ૨૦૧૦ માં આચાર્ય આત્મારામજી મ. કૃત વિસ્તૃત ટીકા યુક્ત સંસ્કરણ પ્રકાશિત થયેલ છે. ટીકામાં અનેક રહસ્ય ઉદ્ઘાટિત કર્યાં છે. જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટે સન્ ૧૯૫૯ માં પૂ. ઘાસીલાલજી મ. કૃત સંસ્કૃત વ્યાખ્યા અને હિન્દી ગુજરાતી અનુવાદ સાથે પ્રકાશિત કરેલ છે. તેની સંસ્કૃત ટીકા પર આચાર્ય અભયદેવની વૃત્તિનો સ્પષ્ટ પ્રભાવ છે. જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ, અમદાવાદથી સન્ ૧૯૪૦માં ગોપાલદાસ જીવાભાઈ પટેલે ગુજરાતી છાયાનુવાદ પ્રકાશિત કરેલ છે. યુવાચાર્ય શ્રી મધુકર મુનિના પ્રધાન સંપાદનમાં વિવેચનયુક્ત આગમ બત્રીસી બ્યાવરથી પ્રકાશિત થયેલ છે. તેમાં પણ આ સૂત્રનું પ્રકાશન થયેલ છે. આગમ મનીષી શ્રી ત્રિલોકમુનિજીએ બત્રીસ શાસ્ત્રોનો હિંદીમાં સારાંશ પ્રકાશિત કરાવેલ છે, જે જૈનાગમ નવનીતના નામે પ્રસિદ્ધ થયેલ છે. તેમાં પણ આ સૂત્રની સ્વતંત્ર લઘુ પુસ્તિકા બહાર પડેલ છે. આ પ્રમાણે સમયે સમયે વિભિન્ન સ્થાનોમાંથી પ્રસ્તુત આગમનાં અનેક સંસ્કરણ પ્રકાશિત થયા છે. તે બધાની પોતપોતાની જુદી જુદી વિશેષતાઓ રહેલી છે. અમારા આ વિપાક સૂત્રના સંપાદનને સુંદરતમ બનાવવામાં આમાંના અનેક સંસ્કરણોનો પૂરેપૂરો સહયોગ મળ્યો છે.

## પ્રસ્તુત સંસ્કરણ અને આભારદર્શન :-

સૌરાષ્ટ્રની ધન્યવંતી ધરા ઉપર જેઓએ જિનવાણીનું સિંચન કર્યું છે, એવા મારા તમારા સૌના પરમ ઉપકારી ગુરુ પ્રાણની જન્મ શતાબ્દી ઉજવવાનો અણમૂલો અવસર આવ્યો. પરમ શ્રદ્ધેય ગુરુણીમૈયાના હૃદય કમલમાં વિચારધારાની સ્ફુરણા થઈ કે અનંત ઉપકારી ગુરુ ભગવંતની જન્મ શતાબ્દી વર્ષ ચીલાચાલુ નહીં પણ અણમૂલા શાસનની અનુપમ સેવા દ્વારા કરીએ. પેઢી દર પેઢી સુધી જે કાર્યથી શાસનના સંતાનો ધર્મ પામતા જ રહે, એવું કાર્ય કરવું. તે વાતને આગળ વધારી આચરણમાં મૂકવામાં આવી. જુનાગઢની ધર્મવતી નગરી ઉપર વિચાર આવ્યો અને રાજકોટની ધર્મમાં

રંગાયેલી ધરતી ઉપર કાર્યની શરૂઆત થઈ. શ્રી રમણિકભાઈ ઓમાનવાળા તથા શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ તથા જુનાગઢ સંઘના પ્રમુખ વ્રજલાલ શાંતિલાલ દામાણી તથા મંત્રી સુરેશચંદ્ર પ્રભુલાલ કામદાર આ મહાકાર્યના પાયાના પત્થરસમા બન્યા. શ્રી રોયલપાર્ક જૈન મોટા સંઘના આંગણે પ્રકાશનસમિતિએ અંતરના ઉત્સાહથી કાર્યને વધાવી લીધું તેથી તેઓને ધન્યવાદ, તેઓના પુરુષાર્થથી જ આ કાર્ય વેગવંતુ બનેલ છે.

જેણે સંયમના દાન આપ્યા છે તેવા મારા અનંત ઉપકારી તપોધની ગુરુદેવની અસીમ કૃપાથી અને જેણે ત્રિવિધ તાપથી સંતપ્ત ભવારણ્યમાંથી બહાર કાઢ્યા છે, સંયમ જીવનમાં સારણા, વારણા કરી પરિપક્વ બનાવ્યા છે તેવા અમારા મુગટમણિ સમ ગુરુણીદેવા પૂજ્યવરા મુક્તાબાઈ મ. તથા સંસારપક્ષે મારા વડીલ ભગિની ગુરુણીમૈયા પૂ. બા. બ્ર. લીલમબાઈ મ. જેણે મને જ્ઞાનામૃતનો આસ્વાદ કરાવ્યો છે. તેના અંતરના આશીર્વાદથી તથા મમ ગુરુભગિની પૂ. પ્રભાબાઈ મ. ના સહયોગથી વિપાક સૂત્રનો અનુવાદ કરવાની પાવન પળ મળી. વ્યક્તિની શક્તિ તો વામણી છે પરંતુ જ્યારે ગુરુ કૃપાનું બળ તેમાં ભળે છે ત્યારે વિકાસ પામે છે.

યોગાનુયોગ પૂ. તપસ્વીરાજની નિશ્રામાં વાણીભૂષણ બા. બ્ર. પૂ. શ્રી ગિરીશમુનિ મ.સા.ની પ્રેરણાથી નવ જ્ઞાનગચ્છના આગમ મનીષી પૂ. ત્રિલોકમુનિ મ.સા. નો સુયોગ સુલભ બન્યો. પૂ. ગુરુદેવે તેમની યોગ્યતાનુસાર સંશોધન કાર્ય તેમને સોપ્યું. સ્વાધ્યાય પ્રેમી મુનિ મહારાજે તેનો સહર્ષ સ્વીકાર કર્યો અને પોતાની તન મનની શક્તિને આગમ કાર્યમાં અત્યધિક સમર્પિત કરી દીધી. મારા અનુવાદિત આ વિપાક સૂત્રને સુંદર અને શુદ્ધ બનાવવામાં તેઓશ્રીએ ખૂબ જ પુરુષાર્થ કરેલ છે તે બદલ એમનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. તેમના ચરણોમાં કોટી કોટી વંદન.

ભાવયોગિની ગુરુણીમૈયા પૂ. લીલમબાઈ મહાસતીજીએ પોતાનો અમૂલ્ય સમય અર્પી અપ્રમત્તપણે પોતાનું મનનીય તેમજ ચિંતનીય સૂક્ષ્માતિસૂક્ષ્મ દષ્ટિકોણથી અવલોકન કરી મારા ઉપર અસીમ ઉપકાર કર્યો છે, તે બદલ તેઓશ્રીના ચરણોમાં નમ્રભાવે શતસઃ વંદના.

સંયમ સાધનામાં સહયોગી સાધ્વી વૃંદ સર્વનો સહયોગ મળ્યો છે અને તપસ્વિની સાધ્વી કિરણબાઈએ રિરાઈટ કરી ઘણું મોટું યોગદાન આપેલ છે તેની આ તકે કદર કરું છું. કોમ્પ્યુટરાઈઝ્ડ કરી મુદ્રણ કરનાર શ્રી નેહલ મહેતાને ધન્યવાદ આપું

છું.

આ વિપાક સૂત્રના અનુવાદમાં જિન આજ્ઞાથી ઓછું, અધિક કે વિપરીત લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્..

પ. પૂ. શ્રી મુક્ત લીલમ ગુરુણીના સુશિષ્યા
—સાધ્વી ઉષા.

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી વિપાક સૂત્ર

ગણધર રચિત અગિયારમું અંગ

મૂળપાઠ,

ભાવાર્થ,

વિવેચન,

પરિશિષ્ટ

: અનુવાદિકા :

પૂ. શ્રી ઉષાબાઈ મ.

આ કાલિકસૂત્ર છે. તેના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પહેલા તથા ચોથા પ્રહરમાં થઈ શકે છે.

# પ્રથમ શ્રુતસ્કંધ

## દુઃખવિપાક સૂત્ર

### પરિચય :

આ સંસારના સમસ્ત જીવો કર્મના વિપાક પ્રમાણે પ્રવાહિત થઈ રહ્યા છે. આ પ્રવાહમાં જીવ શુભ કર્મના સંયોગથી સુખી સાંસારિક અવસ્થા પ્રાપ્ત કરે છે અને અશુભ કર્મના સંયોગથી દુઃખી અવસ્થા પ્રાપ્ત કરે છે. પ્રસ્તુત સૂત્રમાં આવા બન્ને પ્રકારના આત્માઓનાં જીવન વૃત્તાંતનું વર્ણન કરવામાં આવ્યું છે. કર્મ વિપાકનાં વર્ણનના કારણે આ સૂત્રનું નામ વિપાક સૂત્ર રાખવામાં આવ્યું છે. દુઃખવિપાકમાં પાપકર્મનું અને સુખવિપાકમાં પુણ્યકર્મનું ફળ પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

પ્રથમ દુઃખવિપાકસૂત્રમાં દશ અધ્યયન છે; જેમાં પહેલા અધ્યયનનું નામ મૃગાપુત્ર છે. આ અધ્યયનમાં મૃગાપુત્ર નામના પાપકર્મવાળા જીવનું જીવન વૃત્તાંત છે, તે આ પ્રમાણે છે–

ભગવાન મહાવીર સ્વામીના વિચરણ કાળમાં મૃગગ્રામ નામનું નગર હતું. તેમાં વિજયક્ષત્રિય નામના રાજા રાજ્ય કરતા હતા. મૃગાદેવી તેની રાણી હતી. તેણીએ એક બાળકને જન્મ દીધો, જે મહાન પાપકર્મોના ઉદયથી પ્રભાવિત હતો. તે જન્મથી જ આંધળો અને બહેરો હતો. તેને આંખ, કાન, નાક, હાથ–પગ આદિ અવયવ ન હતા. તે અંગોના સ્થાને ફક્ત નિશાની જ હતી. શરમના કારણે અને પતિની આજ્ઞાથી મૃગાદેવી તેનું ગુપ્ત રૂપે પાલન–પોષણ કરતી. તેને એક ભોંયરામાં રાખવામાં આવ્યો હતો. જન્મ પહેલાં ગર્ભમાં જ તેને ભસ્મક રોગ લાગુ પડ્યો હતો, જેથી આહાર કરતાં તુરત જ તેના શરીરમાંથી પરૂ અને લોહી વહેતું.

મૃગારાણીનો આ પ્રથમ દીકરો હતો. ત્યાર પછી ચાર પુત્રો થયા હતા, જે સુંદર, સુડોળ અને રૂપ, ગુણ યુક્ત હતા.

એક વખત તે નગરમાં ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. ધર્મોપદેશ સાંભળવા રાજા સહિત નગરના લોકો આવ્યા. એક દીન–હીન જન્માંધ વ્યક્તિ પણ ત્યાં આવી હતી. જેને એક માણસ નાની ગાડીમાં બેસાડી, ગાડી ખેંચીને લઈ જતો હતો. તેને જોઈ ગૌતમ ગણધરે પ્રશ્ન પૂછ્યો– ભંતે ! આ કેવો દુઃખી આત્મા છે ! શું આના જેવો બીજો કોઈ દુઃખી નહીં હોય ? ઉત્તરમાં ભગવાને ભોંયરામાં રહેલા મૃગાપુત્રનું વર્ણન કર્યું. તે સાંભળી ગૌતમ સ્વામીને તેને જોવા જવાની ઈચ્છા થઈ.

ભગવાનની આજ્ઞા લઈ ગૌતમ સ્વામી મૃગારાણીના મહેલે પધાર્યા. મૃગારાણીએ સત્કાર–સન્માન

કર્યા. અસમયે આવવાનું કારણ પૂછ્યું. ગૌતમ સ્વામીએ તેના પુત્રને જોવાની ભાવના વ્યક્ત કરી. મૃગારાણીએ પોતાના ચાર કુમારોને ઉપસ્થિત કર્યા. ગૌતમ સ્વામીએ સ્પષ્ટતા કરી કે આ પુત્રોનું મારે પ્રયોજન નથી પણ ભોંયરામાં રહેલા પ્રથમ પુત્રને જોવો છે. મૃગારાણીએ સાશ્ચર્ય પૂછ્યું કે આ ગુપ્ત વાતનું રહસ્ય આપને કોના દ્વારા જાણવા મળ્યું ? ગૌતમ સ્વામીએ કહ્યું કે સર્વજ્ઞ, સર્વદર્શી મારા ધર્મગુરુ, ધર્માચાર્ય, ભગવાન મહાવીર સ્વામી દ્વારા મને આ જાણવા મળ્યું છે.

મૃગારાણીએ ભોજનની સામગ્રી ગાડીમાં (ટ્રોલીમાં) ગોઠવી. ગૌતમ સ્વામીને સાથે લઈને તે ભોંયરા પાસે પહોંચી. મોઢા ઉપર અર્થાત્ નાક ઉપર ચાર પડવાળા વસ્ત્રને બાંધ્યું અને ગૌતમ સ્વામીને કહ્યું કે તમે પણ આ મુખવસ્ત્રિકાથી(મોઢા પર બાંધેલ વસ્ત્રથી) નાકને ઢાંકી લ્યો. ગૌતમ સ્વામીએ મોઢા પર બાંધેલી મુખવસ્ત્રિકાથી નાક ઢાંકયું. ત્યારપછી મૃગારાણીએ દરવાજો ખુલતા જ ચારે બાજુ અસહ્ય દુર્ગંધ ફેલાવા લાગી. મૃગારાણીએ પુત્રની પાસે આહાર મૂકયો કે તરત જ ખૂબ આસક્તિથી, શીઘ્રતાથી તે આહારને ખાઈ ગયો. તત્કાલ તે આહાર રસી અને લોહીના રૂપમાં પરિણમન પામીને બહાર આવ્યો; તેને પણ તે ચાટી ગયો. આ રૂંવાટા ઊભા કરી દે તેવું બીભત્સ અને દયનીય દશ્ય જોઈ ગૌતમસ્વામી પાછા આવ્યા અને ભગવાનને તેની દુર્દશાનું કારણ પૂછ્યું. ત્યારે ભગવાને તેનો પૂર્વભવ કહ્યો–

## ઈકાઈ રાઠોડ :–

ભારતવર્ષમાં વિનયવર્ધમાન નામના ખેડનો શાસક 'ઈકાઈ' નામનો રાષ્ટ્રકૂટ(રાઠોડ) હતો. આ રાષ્ટ્રકૂટ અત્યંત અધર્મી, અધર્માનુયાયી, અધર્મનિષ્ઠ, અધર્મદર્શી, અધર્મનું પોષણ કરનારો અને અધર્માચારી હતો. આદર્શ શાસકમાં જે વિશેષતા હોવી જોઈએ તેમાંની એક પણ તેનામાં ન હતી. એટલું જ નહિ, તે દરેક રીતે ભ્રષ્ટ અને અધમ શાસક હતો. પ્રજાને વધુમાં વધુ પીડવામાં આનંદ માનતો હતો. તે લાંચ લેતો હતો અને નિરપરાધી લોકો ઉપર ખોટા આરોપ મૂકી તેમને પરેશાન કરતો હતો, પાપકૃત્યોમાં તલ્લીન રહેતો હતો.

તીવ્રતર પાપકર્મોનાં આચરણથી તેને તાત્કાલિક ફળ એ મળ્યું કે તેના શરીરમાં અસાધ્ય સોળ મહારોગ ઉત્પન્ન થયા. આ રોગોનાં કારણે દુર્ધ્યાનમાં મૃત્યુ પામી તે પાપનાં ફળને ભોગવવા માટે પહેલી નરકમાં નારકીપણે ઉત્પન્ન થયો. નરકમાં એક સાગરોપમનું આયુષ્ય ભોગવ્યા પછી મૃગાપુત્ર રૂપે તેણે જન્મ ધારણ કર્યો છે.

મૃગાપુત્રના ભૂતકાળની આ કથા સાંભળીને ગૌતમ સ્વામીએ તેના ભવિષ્ય માટે પૂછ્યું, ત્યારેભગવાને મૃગાપુત્રનું ભવિષ્ય બતાવતાં કહ્યું કે–

(૧) અહીં ૨૬ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી તે પ્રથમ નરકમાં ઉત્પન્ન થશે.

(૨) એક સાગરોપમ નરકનું આયુષ્ય ભોગવી સિંહરૂપે ઉત્પન્ન થશે.

(૩) ત્યાર પછી પ્રથમ નરકમાં ઉત્પન્ન થશે.

(૪) પછી સરીસૃપ(સર્પ, નોળીયો વગેરે) થશે.

(૫) ત્યાર પછી બીજી નરકમાં જશે.

(૬) ત્યાંથી પક્ષીયોનિમાં ઉત્પન્ન થશે.

(૭) ત્રીજી નરકમાં જશે.

(૮) સિંહરૂપે જન્મ લેશે.

(૯) ચોથી નરકમાં જશે.

(૧૦) ઉરપરિસર્પ જાતિમાં જશે.

(૧૧) પાંચમી નરકમાં જશે.

(૧૨) સ્ત્રીરૂપે જન્મ લઈ પાપાચારનું સેવન કરશે.

(૧૩) છટ્ઠી નરકમાં જશે.

(૧૪) મનુષ્યભવમાં અધર્મનું સેવન કરશે.

(૧૫) સાતમી નરકમાં જશે.

ત્યાર પછી લાખો વખત જલચર જીવોની સાડા બાર લાખ કુલકોટિમાં, ચતુષ્પદોમાં, ઉરપરિસર્પોમાં, ભુજપરિસર્પોમાં, ખેચરોમાં, ચૌઉરેન્દ્રિયમાં, તેઈન્દ્રિયમાં, બેઈન્દ્રિયમાં, કડવી વનસ્પતિમાં, વાયુકાય, અપકાય, તેઉકાય તથા પૃથ્વીકાયમાં લાખો–લાખો વખત જન્મ ધારણ કરશે. દીર્ઘકાળ સુધી ભવભ્રમણ કરી અપાર વેદનાઓ ભોગવ્યા પછી બળદ રૂપે જન્મ થશે. તત્પશ્ચાત્ તેને મનુષ્યભવની પ્રાપ્તિ થશે. ત્યાં સંયમની આરાધના કરી પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ તેનો આત્મા સિદ્ધ થશે.

❖❖❖❖❖

# પહેલું અધ્યયન

## મૃગાપુત્ર

**અધ્યયન પ્રારંભ :–**

**૧ तेणं कालेणं तेणं समएणं चंपा णामं णयरी होत्था । वण्णओ । पुण्णभद्दे चेइए । वण्णओ ।**

**ભાવાર્થ :–** તે કાળે– અવસર્પિણી કાળના ચોથા આરામાં અને તે સમયે– ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન હતા ત્યારે ચંપા નામની એક નગરી હતી. તે નગરીની બહાર ઈશાન ખૂણામાં પૂર્ણભદ્ર નામનું એક ચૈત્ય–ઉદ્યાન હતું. નગરી અને ઉદ્યાનનું વર્ણન પણ ઔપપાતિક સૂત્ર પ્રમાણે જાણવું.

**૨ तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अंतेवासी अज्जसुहम्मे णामं अणगारे जाइसंपण्णे *जाव* पंचहिं अणगारसएहिं सद्धिं संपरिवुडे पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं दूइज्जमाणे सुहंसुहेणं विहरमाणे जेणेव चंपाणयरी जेणेव पुण्णभद्दे चेइए तेणेव उवागच्छइ, उवागच्छित्ता, अहापडिरूवं उग्गहं उग्गिण्हइ, अहापडिरूवं उग्गहं उग्गिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ । परिसा णिग्गया । धम्मं सोच्चा णिसम्म जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया ।**

**ભાવાર્થ :–** તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી આર્ય સુધર્મા નામના અણગાર જાતિસંપન્ન ***યાવત્*** પાંચસો અણગારો સાથે ક્રમશઃ ચાલતાં ગ્રામાનુગ્રામ સુખપૂર્વક વિચરતાં જ્યાં ચંપાનગરી હતી, જ્યાં પૂર્ણભદ્ર ઉદ્યાન હતું, ત્યાં પધાર્યા અને સંયમના અનુરૂપ શય્યા સંસ્તારકની આજ્ઞા લઈને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં રહેવા લાગ્યા. ધર્મકથા સાંભળવા માટે પરિષદ (લોકોનો વિશાળ સમુદાય) નગરીમાંથી નીકળી. ધર્મકથા સાંભળીને હૃદયમાં ધારણ કરીને જે દિશામાંથી આવી હતી, તે બાજુ પાછી ચાલી ગઈ અર્થાત્ સહુ સ્વસ્થાને પાછા ફર્યા.

**વિવેચન :–**

વ્યવહારમાં કાળ અને સમય, આ બન્ને શબ્દ એકાર્થવાચી હોવા છતાં ટીકાકાર શ્રી અભયદેવ

સૂરિએ તેમાં ભિન્નતા બતાવતા કહ્યું છે કે– **सामान्यः वर्तमानावसर्पिणी चतुर्थारक लक्षणः कालः, विशिष्टः पुनस्तदेकदेश भूतः समयः ।**

સૂત્રકારને કાળ શબ્દથી વર્તમાન અવસર્પિણીકાળનો ચોથો આરો છે અને સમય શબ્દથી ચોથા આરામાં જ્યારે ભગવાન સદેહે બિરાજમાન હતા ત્યારે આ કથા કહેવામાં આવી હતી. તે સમય અહીં અભિપ્રેત છે.

### જંબૂસ્વામીની જિજ્ઞાસા :–

**૩ तेणं कालेणं तेणं समएणं अज्जसुहम्मस्स अंतेवासी अज्जजंबू णामं अणगारे सत्तुस्सेहे** *जाव* **संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ ।**

**तए णं अज्जजंबू णामं अणगारे जायसड्ढे** *जाव* **जेणेव अज्जसुहम्मे अणगारे तेणेव उवागए, तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करेत्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता** *जाव* **पज्जुवासमाणे एवं वयासी–**

**४ जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं दसमस्स अंगस्स पण्हावागरणस्स अयमट्ठे पण्णत्ते, एक्कारसमस्स णं भंते ! अंगस्स विवागसुयस्स समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**ભાવાર્થ :–** તે કાલે અને તે સમયે આર્ય સુધર્મા સ્વામીના શિષ્ય આર્ય જંબૂસ્વામી નામના અણગાર સાત હાથની ઊંચાઈવાળા ***યાવત્*** સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં વિચરતા હતા.

તે સમયે શ્રી જંબૂસ્વામી જિજ્ઞાસાથી યુક્ત થઈ ***યાવત્*** જ્યાં શ્રી સુધર્માસ્વામી હતા ત્યાં આવીને તેઓશ્રીના ચરણોમાં ઉપસ્થિત થઈને, જમણી બાજુથી ડાબી બાજુ ત્રણ વાર અંજલિબદ્ધ હાથ ફેરવતા આવર્તનરૂપ પ્રદક્ષિણા કર્યા પછી વંદન–નમસ્કાર કરીને તેનાથી ન અતિ દૂર કે ન અતિ નજીક એવા યોગ્ય સ્થાને રહીને તેમની સેવા કરતાં આ પ્રમાણે બોલ્યા–

હે ભગવન્ ! પ્રશ્નવ્યાકરણ નામના દશમા અંગ સૂત્રનો ભગવાન મહાવીર સ્વામીએ જે અર્થ પ્રરૂપ્યો છે, તે મેં સાંભળ્યો. હવે હે ભગવન્ ! મોક્ષ સંપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ "વિપાકસૂત્ર" નામના અગિયારમા અંગ સૂત્રનો શો અર્થ ફરમાવ્યો છે ? તે મને કહો.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પ્રશ્ન પૂછનારની માનસિક પૂર્વાવસ્થાનું મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણથી વિશ્લેષણ કર્યું છે. તેમાં **जायसड्ढे** આદિ બાર પદનો પ્રયોગ जाव – ***યાવત્*** શબ્દ દ્વારા કર્યો છે. તેના અર્થ ક્રમશઃ આ પ્રમાણ છે– **जायसड्ढे** – શ્રદ્ધા = ઈચ્છા, રુચિ અથવા ઉત્સુકતા, जायसंसए = સંશય – જિજ્ઞાસા,

जायकोउहले– કુતૂહલ = આશ્ચર્ય. કોઈ પણ દર્શનના ઉદ્‌ભવની પૂર્વભૂમિકા આ ત્રિપદી જ છે. કોઈ પણ અજ્ઞાત વસ્તુના વિષયમાં સહુ પ્રથમ ઈચ્છા થાય, ત્યાર પછી તેને જાણવાની જિજ્ઞાસા થાય અને ત્રીજી અવસ્થામાં એક આશ્ચર્ય ઉત્પન્ન થાય કે આનો પ્રત્યુત્તર શું મળશે ? આ પ્રક્રિયાથી જ દર્શનનો વિકાસ થાય છે. જેમ ઝાડ પરથી ફળને નીચે પડતું જોઈને ન્યૂટન નામના વૈજ્ઞાનિકને, "આ શું થયું ? કેવી રીતે થયું ?" તે જિજ્ઞાસા થઈ. તેમ જ આ ક્રિયાથી અંતરમાં આશ્ચર્યનો ભાવ ઉત્પન્ન થયો કે આ રીતે કેમ બની શકે ? તેની તે જ વિચારધારાએ ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતની શોધ કરી. પ્રસ્તુત આગમમાં પણ આ ત્રિપદીનો અનેક વાર પ્રયોગ થયો છે. જાત, ઉત્પન્ન, સંજાત અને સમુત્પન્ન–આ ચારે શબ્દ ક્રમિક વિકાસના સૂચક છે. જેમ બીજ વાવ્યું, અંકુરિત થયું, છોડ થયો અને અંતે પૂર્ણ રૂપે નિષ્પન્ન થયું, તે જ રીતે જાત = અસ્તિત્વમાં આવ્યું, ઉત્પન્ન = ઉત્પન્ન થયું, સંજાત = વૃદ્ધિગત થયું અને સમુત્પન્ન = પૂર્ણ રૂપથી નિષ્પન્ન થયું.

## સુધર્માસ્વામી દ્વારા વિપાકસૂત્રનું વિષય કથન :–

**५ तए णं अज्जसुहम्मे अणगारे जंबुं अणगारं एवं वयासी– एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं एक्कारसमस्स अंगस्स विवागसुयस्स दो सुयक्खंधा पण्णत्ता, तं जहा– दुहविवागा य सुहविवागा य ।**

**जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं एक्कारसमस्स अंगस्स विवागसुयस्स दो सुयक्खंधा पण्णत्ता, तं जहा– दुहविवागा य सुहविवागा य । पढमस्स णं भंते ! सुयक्खंधस्स दुहविवागाणं समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं कइ अज्झयणा पण्णत्ता ?**

**ભાવાર્થ** :– ત્યાર પછી આર્ય સુધર્મા અણગારે જંબૂ અણગારને આ પ્રમાણે કહ્યું– હે જંબૂ ! ***યાવત્*** મોક્ષસંપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ વિપાક સૂત્ર નામના અગિયારમા અંગ સૂત્રના બે શ્રુતસ્કંધો પ્રતિપાદિત કર્યા છે, જેમ કે– દુઃખવિપાક અને સુખવિપાક.

હે ભગવન્ ! જો મોક્ષસંપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે અગિયારમા અંગ વિપાકસૂત્રના બે શ્રુતસ્કંધો ફરમાવ્યા છે, જેમ કે– દુઃખવિપાક અને સુખવિપાક, તો હે ભગવન્ ! દુઃખવિપાક નામના પ્રથમ શ્રુતસ્કંધમાં શ્રમણ ભગવાન મહાવીરે કેટલાં અધ્યયનો કહ્યાં છે ?

**६ तए णं अज्जसुहम्मे अणगारे जंबुं अणगारं एवं वयासी– एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं दुहविवागाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा–**

**मियापुत्ते य उज्झियए, अभग्ग सगडे बहस्सई णंदी ।**
**उंबर सोरियदत्ते य, देवदत्ता य अंजू य ।।१।।**

**ભાવાર્થ :–** ત્યાર પછી આર્ય સુધર્મા સ્વામીએ જંબૂ અણગારને આ પ્રમાણે કહ્યું– હે જંબૂ ! મોક્ષને સંપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે દુઃખવિપાક નામના પ્રથમ શ્રુતસ્કંધનાં દશ અધ્યયનો પ્રતિપાદિત કર્યા છે, જેમ કે– (૧) મૃગાપુત્ર (૨) ઉજ્ઝિતક (૩) અભગ્ન (૪) શકટ (૫) બૃહસ્પતિ (૬) નંદી (૭) ઉંબર (૮) શૌરિકદત્ત (૯) દેવદત્તા (૧૦) અંજૂ.

**૭** **जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं दुहविवागाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा– मियापुत्ते य** *जाव* **अंजू य । पढमस्स णं भंते ! अज्झयणस्स दुहविवागाणं समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**तए णं से सुहम्मे अणगारे जंबुं अणगारं एवं वयासी– एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं मियग्गामे णामं णयरे होत्था । वण्णओ । तस्स णं मियग्गामस्स णयरस्स बहिया उत्तरपुरत्थिमे दिसीभाए चंदणपायवे णामं उज्जाणे होत्था । सव्वोउय पुप्फ फल समिद्धे, वण्णओ । तत्थ णं सुहम्मस्स जक्खस्स जक्खाययणे होत्था । चिराईए जहा पुण्णभद्दे ।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! મોક્ષ સંપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે દુઃખવિપાક સૂત્રનાં મૃગાપુત્ર ***યાવત્*** અંજૂ આદિ દશ અધ્યયનો કહ્યાં છે, તો હે ભગવન્ ! તેના પ્રથમ અધ્યયનનો પ્રભુએ શું અર્થ કહ્યો છે ?

તેના ઉત્તરમાં સુધર્માસ્વામીએ જંબૂ અણગારને આ પ્રમાણે કહ્યું– હે જંબૂ ! તે કાળ તે સમયે મૃગગ્રામ નામનું એક નગર હતું. તે મૃગગ્રામ નામના નગરની બહાર ઉત્તર–પૂર્વ દિશામાં અર્થાત્ ઈશાન ખૂણામાં બધી ઋતુઓના ફળ–પુષ્પાદિથી યુક્ત ચંદનપાદપ નામનું એક રમણીય ઉદ્યાન હતું. નગરી અને ઉદ્યાનનું વર્ણન ઔપપાતિક સૂત્ર પ્રમાણે જાણવું. તે ઉદ્યાનમાં સુધર્મ નામના યક્ષનું પ્રાચીન યક્ષાયતન હતું, તેનું વર્ણન પૂર્ણભદ્ર યક્ષાયતનની જેમ જાણવું.

### જન્માંધ મૃગાપુત્ર :–

**૮** **तत्थ णं मियग्गामे णयरे विजए णामं खत्तिए राया परिवसइ । वण्णओ । तस्स णं विजयस्स खत्तियस्स मिया णामं देवी होत्था । अहीण पडिपुण्ण** *जाव* **वण्णओ । तस्स णं विजयस्स खत्तियस्स पुत्ते मियाए देवीए अत्तए मियापुत्ते णामं दारए होत्था । जाइ अंधे, जाइ मूए, जाइ बहिरे, जाइ पंगुले, हुंडे य वायव्वे य । णत्थि णं तस्स दारगस्स हत्था वा पाया वा कण्णा वा अच्छी वा णासा वा । केवलं से तेसिं अंगोवंगाणं आगिई आगिईमित्ते । तए णं सा मियादेवी तं**

**मियापुत्तं दारगं रहस्सियंसि भूमिघरंसि रहस्सिएणं भत्तपाणेणं पडिजागरमाणी पडिजागरमाणी विहरइ।**

**ભાવાર્થ :–** તે મૃગગ્રામ નગરમાં વિજય નામના ક્ષત્રિય રાજા હતા. તે વિજય રાજાની મૃગા નામની રાણી હતી. તે સર્વાંગ સુંદર અને પરિપૂર્ણ ઈન્દ્રિય યુક્ત શરીરવાળી હતી, વગેરે રાજા–રાણીનું વર્ણન ઔપપાતિક સૂત્ર પ્રમાણે જાણવું. તે વિજય ક્ષત્રિયનો પુત્ર અને મૃગાદેવીનો આત્મજ મૃગાપુત્ર નામનો એક બાળક હતો. તે જન્મથી જ આંધળો, મૂંગો, બહેરો, પંગુ, હુંડ(તેના શરીરના બધા અવયવ કઢંગા હતા) અને વાતરોગી હતો. તેને હાથ, પગ, કાન, નેત્ર અને નાસિકા પણ ન હતાં પરંતુ તે અંગોપાંગોના માત્ર આકાર જ હતા. તે આકાર પણ નામ માત્ર હતા. મૃગાદેવી ગુપ્ત ભૂમિગૃહ(અંડર ગ્રાઉન્ડ ભોંયરા)માં ગુપ્તરૂપથી આહારાદિ દ્વારા તે મૃગાપુત્ર બાળકનું પાલન–પોષણ કરતી હતી.

**૯ तत्थ णं मियग्गामे णयरे एगे जाइअंधे पुरिसे परिवसइ । से णं एगेणं सचक्खुएणं पुरिसेणं पुरओ दंडएणं पगड्ढिज्जमाणे पगड्ढिज्जमाणे फुट्टहडाहडसीसे मच्छिया–चडगरपहकरेणं अण्णिज्जमाणमग्गे मियग्गामे णयरे गिहे गिहे कालुण– वडियाए वित्ति कप्पेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** તે મૃગગ્રામમાં એક જન્માંધ પુરુષ રહેતો હતો. તે લાકડીના આધારે તે ચાલતો હતો. આંખોવાળો એક પુરુષ તેની લાકડી પકડીને તેને ચલાવતો હતો. તેના માથાના વાળ અત્યંત વિખરાયેલા હતા, અત્યંત મલિન હોવાના કારણે તેની પાછળ માખીઓનાં ઝુંડના ઝુંડ ગણગણતાં હતાં, એવો તે જન્માંધ પુરુષ મૃગગ્રામ નગરના ઘર–ઘરમાં દીનભાવે ભિક્ષાવૃત્તિથી પોતાની આજીવિકા ચલાવી રહ્યો હતો.

**૧૦ तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे** *जाव* **समोसरिए । परिसा णिग्गया । तए णं से विजए खत्तिए इमीसे कहाए लद्धट्ठे समाणे जहा कूणिए तहा णिग्गए** *जाव* **पज्जुवासइ ।**

**ભાવાર્થ :–** તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ***યાવત્*** નગરની બહાર ચંદનપાદપ ઉદ્યાનમાં પધાર્યા. તેમના પદાર્પણના સમાચાર મળતાં જ જનતા નગરની બહાર દર્શનાર્થે નીકળી. ત્યાર પછી વિજય નામના ક્ષત્રિય રાજા પણ મહારાજા કુણિકની જેમ ભગવાનના ચરણોમાં જઈને ***યાવત્*** પર્યુપાસના–સેવાભક્તિ કરવા લાગ્યા.

**૧૧ तए णं से जाइअंधे पुरिसे तं महया जणसद्दं** *जाव* **सुणेत्ता तं पुरिसं एवं वयासी– किं णं देवाणुप्पिया ! अज्ज मियग्गामे णयरे इंदमहे इ वा खंदमहे इ वा उज्जाण–गिरिजत्ता इ वा, जओ णं बहवे उग्गा भोगा एगदिसिं एगाभिमुहा णिग्गच्छंति ? तए णं से पुरिसे जाइअंधं पुरिसं एवं वयासी– णो खलु**

**देवाणुप्पिया ! अज्ज मियग्गामे णयरे इंदमहे इ वा** *जाव* **णिग्गछइ । एवं खलु देवाणुप्पिया ! समणे भगवं महावीरे** *जाव* **विहरइ । तए णं एए** *जाव* **णिग्गच्छंति। तए णं से जाइ अंधपुरिसे तं पुरिसं एवं वयासी– गच्छामो णं देवाणुप्पिया ! अम्हे वि समणं भगवं महावीरं** *जाव* **पज्जुवासामो ।**

**तए णं जाइअंधे पुरिसे तेणं पुरओ दंडएणं पुरिसेणं पगड्ढिज्जमाणे पगड्ढिज्जमाणे जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, वंदइ णमंसइ** *जाव* **पज्जुवासइ । तए णं समणे भगवं महावीरे विजयस्स रण्णो तीसे य महइमहालियाए परिसाए धम्माइक्खइ । परिसा पडिगया, विजए वि गए ।**

**ભાવાર્થ :–** નગરમાં થતાં કોલાહલને સાંભળીને તે જન્માંધ પુરુષે દેખતાં પુરુષને પૂછ્યું– હે દેવાનુપ્રિય ! શું આજે મૃગ ગ્રામમાં ઈન્દ્રાદિનો મહોત્સવ છે, સ્કંદ મહોત્સવ છે, ઉદ્યાન કે પર્વતની યાત્રા છે ? કે જેથી આ ઉગ્રવંશી તથા ભોગવંશી આદિ ઘણાં પુરુષો એક જ દિશામાં એક જ તરફ નગર બહાર જઈ રહ્યાં છે ? તે પુરુષે કહ્યું– હે દેવાનુપ્રિય ! આજે નગરમાં ઈન્દ્રાદિનો મહોત્સવ નથી પરંતુ આ નગરમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે, ત્યાં તેમના દર્શનાર્થે જનતા જઈ રહી છે. ત્યારે તે અંધ પુરુષે તે પુરુષને કહ્યું– હે દેવાનુપ્રિય ! ચાલો, આપણે પણ જઈએ અને ભગવાનની પર્યુપાસના કરીએ.

ત્યારપછી અંધપુરુષને લાકડી દ્વારા દોરતો તે પુરુષ શ્રમણ ભગવાન મહાવીર જ્યાં બિરાજમાન હતાં, ત્યાં આવ્યો. આવીને તે જન્માંધ પુરુષે ભગવાનને જમણી બાજુથી શરૂ કરીને આવર્તન રૂપે ત્રણવાર પ્રદક્ષિણા કરી. પ્રદક્ષિણા કરીને વંદના–નમસ્કાર કર્યા ***યાવત્*** તે ભગવાનની પર્યુપાસના–સેવાભક્તિમાં તત્પર થયો. ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે વિજય રાજા અને તે વિશાળ પરિષદને ધર્મોપદેશ આપ્યો. ભગવાનની દેશના સાંભળીને વિજય રાજા તથા પરિષદ પોતાના સ્થાને પાછી ફરી.

### મૃગાપુત્રના વિષયમાં ગૌતમસ્વામીની જિજ્ઞાસા :–

**१२ तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी इंदभूई णामं अणगारे** *जाव* **विहरइ । तए णं से भगवं गोयमे तं जाइअंधपुरिसं पासइ, पासित्ता जायसड्ढे** *जाव* **एवं वयासी– अत्थि णं भंते ! केई पुरिसे जाइअंधे जाइअंधारूवे ?**

**हंता अत्थि ।**

**कहं णं भंते ! से पुरिसे जाइअंधे जाइअंधारूवे ?**

**एवं खलु गोयमा ! इहेव मियग्गामे णयरे विजयस्स खत्तियस्स पुत्ते**

**मियादेवीए अत्तए मियापुत्ते णामं दारए जाइअंधे जाइअंधारूवे । णत्थि णं तस्स दारगस्स हत्था वा पाया वा कण्णा वा अच्छी वा णासा वा, केवलं से तेसिं अंगोवंगाणं आगिई आगिइमित्ते । तए णं सा मियादेवी** *जाव* **पडिजागरमाणी पडिजागरमाणी विहरइ ।**

**तए णं से भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– इच्छामि णं भंते! तुब्भेहिं अब्भणुण्णाए समाणे मियापुत्तं दारगं पासित्तए ।**

**अहासुहं देवाणुप्पिया !**

**ભાવાર્થ :–** તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના પ્રધાન શિષ્ય ***યાવત્*** અનેક ગુણ સંપન્ન ઈન્દ્રભૂતિ અણગાર પણ ત્યાં બિરાજમાન હતા. તે સમયે ભગવાન ગૌતમ સ્વામીએ અંધ પુરુષને જોયો, જોઈને શ્રદ્ધા અને જિજ્ઞાસાથી યુક્ત થઈને ***યાવત્*** આ પ્રકારે પૂછ્યું– હે ભદંત ! શું આ પુરુષ જેવો જન્માંધ તથા જન્માંધરૂપ(સર્વથા નેત્રહીન) બીજો પણ કોઈ પુરુષ છે ?

ભગવાને ફરમાવ્યું– હા, ગૌતમ ! છે.

હે પ્રભો ! તે પુરુષ ક્યાં છે ? જે જન્માંધ અને જન્માંધરૂપ છે.

ભગવાને કહ્યું– હે ગૌતમ ! આ મૃગગ્રામ નગરમાં વિજય ક્ષત્રિય રાજાનો પુત્ર અને મૃગાદેવીનો આત્મજ મૃગાપુત્ર નામનો એક બાળક છે. તે જન્મથી જ અંધ અને જન્માંધરૂપ છે. તેને હાથ, પગ, કાન, આંખ અને નાસિકા આદિ અંગોપાંગ નથી. તે અંગોપાંગોના સ્થાને આકાર માત્ર છે અને તેની માતા મૃગાદેવી તેનું પાલન–પોષણ ઘણી સાવધાનીપૂર્વક ગુપ્ત રીતે કરી રહી છે.

ત્યાર પછી, ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના ચરણોમાં વંદન–નમસ્કાર કર્યા. વંદન–નમસ્કાર કરીને તેમને પ્રાર્થના કરી કે– હે ભગવન્ ! આપની આજ્ઞા મળે તો હું તે મૃગાપુત્ર બાળકને જોવા ઈચ્છું છું. તેના ઉત્તરમાં ભગવાને કહ્યું– ગૌતમ ! જેમ તમને સુખ ઉપજે તેમ કરો.

**૧૩ तए णं से भगवं गोयमे समणेणं भगवया महावीरेणं अब्भणुण्णाए समाणे हट्ठतुट्ठे समणस्स भगवओ महावीरस्स अंतियाओ पडिणिक्खमेइ, पडिणिक्खमित्ता अतुरियं** *जाव* **रियं सोहेमाणे जेणेव मियग्गामे णयरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता मियग्गामं णयरं अणुपविसइ, अणुप्पविसित्ता मियग्गामस्स णयरस्स मज्झंमज्झेणं णिगच्छइ णिगच्छित्ता जेणेव मियादेवीए गिहे तेणेव उवागच्छइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર દ્વારા આજ્ઞા પ્રાપ્ત કરીને પ્રસન્ન અને સંતુષ્ટ થયેલા ગૌતમસ્વામી, ભગવાનની પાસેથી મૃગાપુત્રને જોવા માટે નીકળ્યા. જરા પણ ઉતાવળ કર્યા વિના ***યાવત્*** ઈર્યાસમિતિનું યથોચિત પાલન કરતાં ભગવાન ગૌતમસ્વામીએ મૃગગ્રામ નગરમાં પ્રવેશ કર્યો અને નગરની મધ્યમાંથી પસાર થઈને જ્યાં મૃગાદેવીનું ઘર હતું, ત્યાં આવ્યા.

**१४ तए णं सा मियादेवी भगवं गोयमं एज्जमाणं पासइ, पासित्ता हट्ठतुट्ठ** *जाव* **एवं वयासी– संदिसंतु णं देवाणुप्पिया ! किमागमणप्पओयणं ?**

**तए णं भगवं गोयमे मियादेविं एवं वयासी– अहं णं देवाणुप्पिए ! तव पुत्तं पासिउं हव्वमागए ।**

**तए णं सा मियादेवी मियापुत्तस्स दारगस्स अणुमग्गजायए चत्तारि पुत्ते सव्वालंकार विभूसिए करेइ, करेत्ता भगवओ गोयमस्स पाएसु पाडेइ, पाडेत्ता एवं वयासी– एए णं भंते ! मम पुत्ते, पासह ।**

**ભાવાર્થ :–** ત્યારે મૃગાદેવીએ ગૌતમ સ્વામીને આવતાં જોયા, જોઈને હર્ષિત–પ્રમુદિત થઈ ***યાવત્*** આ પ્રમાણે પૂછ્યું– ભગવન્ ! આપના આગમનનું શું પ્રયોજન છે ?

ઉત્તરમાં ગૌતમ સ્વામીએ કહ્યું– હે દેવાનુપ્રિયે ! હું તમારા પુત્રને જોવા માટે આવ્યો છું.

ત્યારે મૃગાદેવીએ મૃગાપુત્ર પછી જન્મેલા ચાર પુત્રોને વસ્ત્રાભૂષણાદિથી અલંકૃત(શણગારીને) કરીને ભગવાન ગૌતમ સ્વામીના ચરણોમાં નમસ્કાર કરાવીને કહ્યું– હે ભગવન્ ! આ મારા પુત્રો છે, તેને આપ જોઈ લો.

**१५ तए णं से भगवं गोयमे मियादेविं एवं वयासी– णो खलु देवाणुप्पिए ! अहं एए तव पुत्ते पासिउं हव्वमागए । तत्थ णं जे से तव जेट्ठे मियापुत्ते दारए जाइअंधे जाइअंधारूवे, जं णं तुमं रहस्सियंसि भूमिघरंसि रहस्सिएणं भत्तपाणेणं पडिजागरमाणी पडिजागरमाणी विहरसि, तं णं अहं पासिउं हव्वमागए ।**

**तए णं सा मियादेवी भगवं गोयमं एवं वयासी– से के णं गोयमा ! ते तहारूवे णाणी वा तवस्सी वा, जेणं एसमट्ठे मम ताव रहस्सीकए तुब्भं हव्व–मक्खाए, जओ णं तुब्भे जाणह ?**

**तए णं भगवं गोयमे मियादेविं एवं वयासी– एवं खलु देवाणुप्पिए ! मम धम्मायरिए समणे भगवं महावीरे तहारूवे णाणी वा तवस्सी वा, जेणं एसमट्ठे तव ताव रहस्सीकए मम हव्वमक्खाए तओ णं अहं जाणामि ।**

**ભાવાર્થ** :– આ સાંભળી ભગવાન ગૌતમ સ્વામીએ મૃગાદેવીને કહ્યું– દેવાનુપ્રિયે ! હું તમારા આ પુત્રોને જોવા માટે નથી આવ્યો પરંતુ તમારા જન્માંધ અને જન્માંધરૂપ એવાં જ્યેષ્ઠ પુત્ર મૃગાપુત્રને જોવા માટે હું અહીં આવ્યો છું. જેનું તમે એકાંત ભૂમિગૃહમાં રાખીને ગુપ્ત રીતે સાવધાનીપૂર્વક ખાનપાનાદિ દ્વારા પાલન પોષણ કરી રહ્યા છો.

આ સાંભળી આશ્ચર્યચકિત થઈને મૃગાદેવીએ ગૌતમસ્વામીને પૂછ્યું– હે ગૌતમસ્વામી ! એવા તથારૂપના જ્ઞાની અને તપસ્વી કોણ છે, જેમણે મારી આ રહસ્યપૂર્ણ વાત આપને યથાર્થરૂપે કહી અને મારી રહસ્યમય વાતને તમે જાણી લીધી ?

ત્યારે ભગવાન ગૌતમસ્વામીએ મૃગાદેવીને કહ્યું– હે દેવાનુપ્રિયે ! મારા ધર્માચાર્ય શ્રમણ ભગવાન મહાવીર સ્વામી છે ***યાવત્*** જેમણે મને તમારી આ ગુપ્ત વાત બતાવી છે, તેથી હું તે વાત જાણું છું.

### જન્માંધ મૃગાપુત્રનો આહાર :–

**૧૬ जावं च णं मियादेवी भगवया गोयमेण सद्धिं एयमट्ठं संलवइ, तावं च णं मियापुत्तस्स दारगस्स भत्तवेला जाया यावि होत्था । तए णं सा मियादेवी भगवं गोयमं एवं वयासी– तुब्भे णं भंते ! इहं चेव चिट्ठह, जा णं अहं तुब्भं मियापुत्तं दारगं उवदंसेमि त्ति कट्टु जेणेव भत्तपाणघरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता वत्थपरियट्टणं करेइ, करेत्ता कट्ठसगडियं गिण्हइ, गिण्हित्ता विउलस्स असण–पाण खाइम–साइमस्स भरेइ, भरित्ता तं कट्ठसगडियं अणुकड्ढमाणी अणुकड्ढमाणी जेणेव भगवं गोयमे तेणेव उवागच्छइ, उवागच्छित्ता भगवं गोयमं एवं वयासी– एह णं तुब्भे भंते ! मम अणुगच्छह, जा णं अहं तुब्भं मियापुत्तं दारगं उवदंसेमि । तए णं से भगवं गोयमे मियादेविं पिट्ठओ समणुगच्छइ ।**

**ભાવાર્થ** :– મૃગાદેવી ભગવાન ગૌતમસ્વામી સાથે આ રીતે વાતચીત કરતી હતી. તે સમય દરમ્યાન મૃગાપુત્ર બાળકના ભોજનનો સમય થઈ ગયો, તેથી મૃગાદેવીએ ભગવાન ગૌતમ સ્વામીને કહ્યું– ભગવન્ ! આપ અહીં ઊભા રહો, હું હમણાં જ મૃગાપુત્ર બાળકને બતાવું છું. આ પ્રમાણે કહીને તે ભોજનાલય તરફ ગઈ. ત્યાં જઈને તેણીએ વસ્ત્ર પરિવર્તન કરીને, લાકડાની ગાડી ગ્રહણ કરી, તેમાં વિપુલ પ્રમાણમાં અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ ભર્યાં. ત્યાર પછી તે લાકડાની ગાડીને ખેંચતી ખેંચતી ભગવાન ગૌતમસ્વામી પાસે આવીને તેણીએ ભગવાન ગૌતમ સ્વામીને કહ્યું–ભગવન્ ! આપ મારી પાછળ આવો તો આપ મૃગાપુત્ર બાળકને જોઈ શકશો. ત્યારે ભગવાન ગૌતમસ્વામી મૃગાદેવીને અનુસરતા તેમની પાછળ ચાલવા લાગ્યા.

**૧૭ तए णं सा मियादेवी तं कट्ठसगडियं अणुकड्ढमाणी अणुकड्ढमाणी जेणेव**

**भूमिघरे तेणेव उवागच्छइ उवागच्छित्ता चउप्पुडेणं वत्थेणं मुहं बंधेइ, मुहं बंधमाणी भगवं गोयमं एवं वयासी– तुब्भे वि य णं भंते ! मुहपोत्तियाए मुहं बंधह । तए णं से भगवं गोयमे मियादेवीए एवं वुत्ते समाणे मुहपोत्तियाए मुहं बंधेइ ।**

**ભાવાર્થ** :– ત્યાર બાદ તે મૃગાદેવી લાકડાની ગાડીને ખેંચતી ખેંચતી ભૂમિગૃહ(ભોંયરું) સમીપે આવી અને ચાર પડવાળા વસ્ત્રથી પોતાના મુખને અર્થાત્ નાકને બાંધ્યું અને ભગવાન ગૌતમ સ્વામીને આ પ્રમાણે કહ્યું– ભગવન્ ! આપ પણ મુખ–વસ્ત્રિકાથી આપના મુખને અર્થાત્ નાકને ઢાંકી લો. મૃગાદેવીએ આ પ્રમાણે કહ્યું, ત્યારે ભગવાન ગૌતમે મુખ પર બાંધેલી તે મુખવસ્ત્રિકાથી પોતાના મુખને અર્થાત્ નાકને ઢાંકી દીધું. [અહીં દુર્ગંધના કારણે મુખને બાંધવાનું તાત્પર્ય નાકને ઢાંકવાનું છે.]

**૧૮ तए णं सा मियादेवी परंमुही भूमिघरस्स दुवारं विहाडेइ । तए णं गंधे णिग्गच्छइ, से जहाणामए अहिमडे इ वा, गोमडे इ वा, सुणहमडे इ वा, मज्जारमडे इ वा, मणुस्समडे इ वा, महिसमडे इ वा, मूसगमडे इ वा, आसमडे इ वा, हत्थिमडे इ वा, सीहमडे इ वा, वग्घमडे इ वा, विगमडे इ वा, दीविगमडे इ वा, मयकुहिय–विणट्ठ–दुरभिवावण्ण– दुब्भिगंधे किमिजालाउलसंसत्ते असुइ– विलीण विगय–बीभच्छ दरिसणिज्जे भवेयारूवे सिया ? णो इणट्ठे समट्ठे, एत्तो अणिट्ठतराए चेव अकंततराए चेव अप्पियतराए चेव अमणुण्णतराए चेव अमणामतराए चेव गंधे पण्णत्ते ।**

**तए णं से मियापुत्ते दारए तस्स विउलस्स असण–पाण–खाइम साइमस्स गंधेण अभिभूए समाणे तंसि विउलंसि असण–पाण– खाइम–साइमंमि मुच्छिए तं विउलं असण–पाण खाइम–साइमं आसएणं आहारेइ, आहारित्ता खिप्पामेव विद्धंसेइ, तओ पच्छा पूयत्ताए य सोणियत्ताए य परिणामेइ; तं पि य णं से पूयं च सोणियं च आहारेइ ।**

**ભાવાર્થ** :– ત્યાર બાદ પાછળ મોઢું કરીને મૃગાદેવીએ જ્યારે તે ભૂમિગૃહનું દ્વાર ખોલ્યું ત્યારે તેમાંથી અત્યંત દુર્ગંધ ફેલાવા લાગી. તે દુર્ગંધ મરેલા સર્પ, કૂતરા, બિલાડી, ગાય, મનુષ્ય, પાડો, ઉંદર, ઘોડા, હાથી, સિંહ, વાઘ, ઘેટાં, દીપડાં વગેરેનાં કલેવર સડી ગયાં હોય, ગળી ગયા હોય, કોહવાઈ ગયા હોય, જેમાં ખૂબ કીડાઓ ખદબદતાં હોય, જે અશુચિમય, વિકૃત અને જોવામાં પણ બીભત્સ હોય, તેવી હતી ? ના, તે દુર્ગંધ તેનાથી પણ ઘણી જ અતિશય ખરાબ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ અને અમનામ હતી.

ત્યાર પછી તે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમની ગંધથી આકર્ષાયેલા તથા તેમાં મૂર્ચ્છિત થયેલા તે મૃગાપુત્રે તે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ પદાર્થોનો આહાર કર્યો. તે

આહાર તરત જ પરૂ અને રુધિરના રૂપમાં પરિણત થઈ ગયો અને બહાર વહેવા લાગ્યો. પરૂ આદિમાં પરિવર્તિત અને બહાર આવેલા તે પદાર્થોને તત્કાળ તે બાળક ચાટી ગયો.

**મૃગાપુત્ર વિષયક પ્રશ્ન :–**

**૧૯** **तए णं भगवओ गोयमस्स तं मियापुत्तं दारगं पासित्ता अयमेयारूवे** *जाव* **मणोगए संकप्पे समुप्पज्जित्था– अहो णं इमे दारए पुरापोराणाणं दुच्चिण्णाणं दुप्पडिक्कंताणं असुभाणं पावाणं कडाणं कम्माणं पावगं फलवित्तिविसेसं पच्चणुभवमाणे विहरइ । ण मे दिट्ठा णरगा वा णेरइया वा । पच्चक्खं खलु अयं पुरिसे णरगपडिरूवयं वेयणं वेदेइ त्ति कट्टु मियं देविं आपुच्छइ, आपुच्छित्ता मियाए देवीए गिहाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता मियग्गामं णयरं मज्झंमज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करेत्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– एवं खलु अहं तुब्भेहिं अब्भणुण्णाए समाणे मियग्गामं णयरं मज्झंमज्झेणं अणुप्पविसामि, अणुपविसित्ता जेणेव मियाए देवीए गिहे तेणेव उवागए । तए णं से मियादेवी मम एज्जमाणं पासइ, पासित्ता हट्ठा, तं चेव सव्वं** *जाव* **पूयं च सोणियं च आहारेइ । तए णं मम इमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– अहो णं इमे दारए पुरापोराणाणं** *जाव* **णरग पडिरूवयं वेयणं वेदेइ ।**

**से णं भंते ! पुरिसे पुव्वभवे के आसी ? किं णामए वा किं गोत्तए वा ? कयरंसि गामंसि वा णयरंसि वा ? किं वा दच्चा, किं वा भोच्चा, किं वा समायरित्ता, केसिं वा पुरा पोराणाणं** *जाव* **पच्चणुभवमाणे विहरइ ?**

**ભાવાર્થ :–** તે મૃગાપુત્ર બાળકની આવી કરુણાજનક જોઈને, ભગવાન ગૌતમ સ્વામીના મનમાં આ પ્રકારનો ***યાવત્*** સંકલ્પ ઉત્પન્ન થયો– અહો ! આ બાળક પૂર્વજન્મોનાં દુશ્ચીર્ણ(દુષ્ટતાથી આચરણ કરેલાં), દુષ્પ્રતિક્રાંત(જેના વિનાશ માટે પ્રાયશ્ચિત આદિ કોઈ ઉપાય કરવામાં ન આવ્યા હોય) અને અશુભ પાપકારી કર્મોનાં પાપ રૂપ ફળને ભોગવી રહ્યો છે. નરક તથા નારકીને મેં જોયા નથી પણ ખરેખર ! આ બાળક નરક સમાન વેદનાઓનો અનુભવ કરતો પ્રત્યક્ષ જણાય છે. આમ વિચાર કરી ભગવાન ગૌતમ સ્વામીએ મૃગાદેવીને, હું જાઉં છું એમ કહીને તેના ઘરેથી પ્રસ્થાન કર્યું. નગરના મધ્ય ભાગમાંથી પસાર થઈને શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન હતા ત્યાં આવ્યા. ત્યાં આવીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની જમણી બાજુથી ત્રણ આવર્તનરૂપ પ્રદક્ષિણા કરતાં તેમને વંદન–નમસ્કાર કર્યા, પછી તેમણે ભગવાનને આ પ્રમાણે કહ્યું–

ભગવન્ ! આપશ્રીની આજ્ઞા પ્રાપ્ત કરીને હું મૃગગ્રામનગરના મધ્ય ભાગમાંથી પસાર થતાં મૃગાદેવીના ઘરે ગયો. મને જોઈને મૃગાદેવી ઘણી પ્રસન્ન થઈ. આમ, સર્વ હકીકત કહી ***યાવત્*** પરૂ, શોણિતનો આહાર કરતાં મૃગાપુત્રની દશા જોઈને મારા મનમાં વિચાર ઉત્પન્ન થયો કે– અહો હો ! આ બાળક પૂર્વજન્મોપાર્જિત મહાપાપરૂપ કર્મોનાં ફળને ભોગવતો ***યાવત્*** નરક સમાન દુઃખોને ભોગવી રહ્યો છે.

હે ભગવન્ ! તે બાળક પૂર્વભવમાં કોણ હતો ? કયા નામ અને ગોત્રનો હતો ? તે કયા ગામ અથવા કયા નગરમાં રહેતો હતો ? તથા શું દઈને, શું ભોગવીને, કેવાં કેવાં કર્મોનું આચરણ કરીને અને કયાં કયાં પુરાતન ***યાવત્*** કર્મોનાં ફળને ભોગવતો જીવન વિતાવી રહ્યો છે ?

**ભગવાન દ્વારા સમાધાન :–**

**૨૦ गोयमा ! इति समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी– एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं इह जंबुद्दीवे दीवे भारहे वासे सयदुवारे णामं णयरे होत्था रिद्धत्थिमिय समिद्धे *जाव* वण्णओ । तत्थ णं सयदुवारे णयरे धणवई णामं राया होत्था । वण्णओ । तस्स णं सयदुवारस्स णयरस्स अदूरसामंते दाहिणपुरत्थिमे दिसीभाए विजयवद्धमाणे णामं खेडे होत्था । रिद्धत्थमियसमिद्धे, वण्णओ । तस्स णं विजयवद्धमाणस्स खेडस्स पंचगामसयाइं आभोए यावि होत्था। तत्थ णं विजयवद्धमाणे खेडे इक्काई णामं रट्ठकूडे होत्था, अहम्मिए अहम्माणुए अहम्मिट्ठे अहम्मक्खाई अहम्मपलोई अहम्मपलज्जणे अहम्मसमुदाचारे *जाव* दुप्पडियाणंदे । से णं इक्काई रट्ठकूडे विजयवद्धमाणस्स खेडस्स पच्चण्हं गामसयाणं आहेवच्चं *जाव* पालेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** હે ગૌતમ ! આ રીતે સંબોધન કરતાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ગૌતમ સ્વામીને કહ્યું– ગૌતમ ! તે કાળ અને તે સમયમાં જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભારતવર્ષમાં શતદ્વાર નામનું એક સમૃદ્ધ નગર હતું. તે નગરમાં ધનપતિ નામના એક રાજા રાજ્ય કરતા હતા. તે નગરથી કંઈક દૂર દક્ષિણ અને પૂર્વ દિશાની વચ્ચે અર્થાત્ આગ્નેય કોણમાં વિજયવર્ધમાન નામનું એક ખેટ(ધૂળના પ્રાકારથી ઘેરાયેલું લઘુનગર) હતું. તે ઋદ્ધિ, સમૃદ્ધિથી યુક્ત હતું વગેરે વર્ણન જાણવું. વિજયવર્ધમાન ખેટની અધીનતામાં પાંચસો ગામ હતાં. તેમાં ઈકાઈ નામનો એક રાષ્ટ્રકૂટ–રાજ નિયુક્ત પ્રતિનિધિ, પ્રાંતાધિપતિ રાઠોડ હતો. જે મહાઅધર્મી અધર્માનુગામી, અધર્માનિષ્ઠ, અધર્મભાષી, અધર્મને જ જોનાર, અધર્માનુરાગી, અધર્માચારી ***યાવત્*** દુષ્પ્રત્યાનંદી–પરમ અસંતોષી(સાધુજન વિદ્વેષી અથવા દુષ્કૃત કરવામાં જ સદા આનંદ માનનારો) હતો. તે ઈકાઈ રાઠોડ વિજયવર્ધમાન ખેટના પાંચસો ગામોનું આધિપત્ય–શાસન કરતો ***યાવત્*** પાલન કરતો જીવન વ્યતીત કરી રહ્યો હતો.

**ઈકાઈ રાઠોડનો અત્યાચાર :–**

**૨૧ तए णं से इक्काई रट्ठकूडे विजयवद्धमाणस्स खेडस्स पंच गामसयाइं बहूहिं करेहि य भरेहि य विद्धीहि य उक्कोडाहि य पराभवेहि य देज्जेहि य भेज्जेहि य कुंतेहि य लंछपोसेहि य आलीवणेहि य पंथकोट्टेहि य ओवीलेमाणे ओवीलेमाणे, विहम्मेमाणे विहम्मेमाणे, तज्जेमाणे तज्जेमाणे, तालेमाणे तालेमाणे, णिद्धणे करेमाणे करेमाणे विहरइ ।**

**तए णं से इक्काई रट्ठकूडे विजयवद्धमाणस्स खेडस्स बहूणं राईसर– तलवर– माडंबिय–कोडुंबिय–इब्भ–सेट्ठि–सेणावइ–सत्थवाहाणं अण्णेसिं च बहूणं गामेल्लग– पुरिसाणं बहुसु कज्जेसु य कारणेसु य मंतेसु य गुज्झेसु य णिच्छएसु य ववहारेसु य सुणमाणे भणइ ण सुणेमि, असुणमाणे भणइ सुणेमि एवं पस्समाणे, भासमाणे, गिण्हमाणे जाणेमाणे । तए णं से इक्काई रट्ठकूडे एयकम्मे एयप्पहाणे एयविज्जे एयसमायारे सुबहुं पावकम्मं कलिकलुसं समज्जिणमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે ઈકાઈ રાઠોડ વિજયવર્ધમાન ખેટનાં પાંચસો ગામોને, કરમહેસૂલો દ્વારા, વધુ કર લઈને, ખેડૂત આદિના ધાન્ય પર દ્વિગુણા કર વસુલ કરીને, લાંચ લઈને પ્રજાજનોનું દમન કરીને, વધુ વ્યાજ લઈને, હત્યા આદિ અપરાધોના ખોટા આરોપ મૂકીને, ગ્રામ્યજનો પાસેથી ધન લઈને, ધન માટે દુઃખી કરીને, ચોર આદિ દુરાચારી પુરુષોનું પોષણ કરીને, ગામ આદિને બાળીને, પથિકોનો ઘાત કરીને, લોકોને પોતાના આચારથી ભ્રષ્ટ કરીને દુઃખિત, તિરસ્કૃત, તાડિત અને નિર્ધન કરતો જીવન વ્યતીત કરતો હતો.

ત્યાર પછી તે રાજ પ્રતિનિધિ ઈકાઈ રાઠોડ વિજયવર્ધમાન ખેટના અનેક રાજા, માંડલિક, ઈશ્વર, યુવરાજ, તલવર–રાજાના કૃપાપાત્ર, રાજા તરફથી ઉચ્ચ પદ પ્રાપ્ત કરનાર, માંડલિક– જે પ્રદેશની ચોમેર બે–બે યોજન સુધી કોઈ ગામ ન હોય, તે મંડલ અને તેના અધિપતિ, કૌટુંબિક–મોટા કુટુંબોના સ્વામી, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ અને સાર્થવાહ–સાર્થનાયક તથા અન્ય અનેક ગ્રામીણ પુરુષોના કાર્યોમાં, કારણોમાં, ગુપ્ત મંત્રણાઓમાં, નિર્ણયોમાં અથવા વ્યવહારિક વાતોમાં સાંભળેલાને ન સાંભળ્યું અને ન સાંભળેલાને સાંભળેલું કહે તે જ ન સાંભળ્યું હોય તો કહે મેં સાંભળ્યું છે. આ પ્રમાણે જોયું હોય, બોલ્યો હોય, ગ્રહણ કર્યું હોય અને જાણ્યું હોય છતાં કહે કે મેં જોયું નથી, હું બોલ્યો નથી, મેં ગ્રહણ કર્યું નથી અને હું જાણતો નથી. આ પ્રકારના વંચનામય(છેતરપીંડી ભરેલા) વ્યવહારને, માયાચારને જ તેણે પોતાનું કર્તવ્ય સમજી લીધું હતું અને પ્રજાને પીડિત કરવી તે જ તેનું ધ્યેય હતું. મનનું ધાર્યું કરવું એ જ એક તેનો આચાર હતો. તે ઈકાઈ રાઠોડ દુઃખના કારણભૂત અત્યંત મલિન પાપકર્મોનું આચરણ કરતો જીવન વ્યતીત કરી રહ્યો હતો.

## ઈકાઈ રાઠોડના શરીરમાં અસાધ્ય સોળ રોગ :-

**૨૨** तए णं तस्स रट्ठकूडस्स अण्णया कयाइ सरीरगंसि जमगसमगमेव सोलस रोगायंका पाउब्भूया । तं जहा–

सासे कासे जरे दाहे, कुच्छिसूले भगंदरे ।
अरिसे अजीरए दिट्ठी, मुद्धसूले अकारए ।।
अच्छिवेयणा कण्णवेयणा कंडू उयरे कोढे ।।

तए णं से इक्काई रट्ठकूडे सोलसहिं रोगायंकेहिं अभिभूए समाणे कोडुंबिय पुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– गच्छह णं तुब्भे देवाणुप्पिया ! विजय-वद्धमाणे खेडे सिंघाडग-तिग-चउक्क-चच्चर-महापह-पहेसु महया महया सद्देणं उग्घोसेमाणा उग्घोसेमाणा एवं वयह– इह खलु देवाणुप्पिया ! इक्काई रट्ठकूडस्स सरीरगंसि सोलस रोगायंका पाउब्भूया, तं जहा– सासे कासे *जाव* कोढे, तं जो णं इच्छइ देवाणुप्पिया ! वेज्जो वा वेज्जपुत्तो वा जाणओ वा जाणयपुत्तो वा तेगिच्छिओ वा तेगिच्छियपुत्तो वा इक्काई रट्ठकूडस्स तेसिं सोलसण्हं रोगायंकाणं एगमवि रोगायंकं उवसामित्तए, तस्स णं इक्काई रट्ठकूडे विउलं अत्थसंपयाणं दलयइ । दोच्चं पि तच्चं पि उग्घोसेह, उग्घोसित्ता मम एयमाणत्तियं पच्चप्पिणह ।

तए णं ते कोडुंबियपुरिसा *जाव* तमाणत्तियं पच्चप्पिणंति !

**ભાવાર્થ** :– ત્યારપછી એકદા તેના શરીરમાં એક સાથે સોળ પ્રકારના રોગાતંક (અસાધ્ય રોગો) ઉત્પન્ન થયા, જેમ કે– (૧) શ્વાસ (૨) કાસ– ઉધરસ (૩) જ્વરતાવ (૪) દાહ (૫) કુક્ષિશૂળ (૬) ભગંદર (૭) હરસ (૮) અજીર્ણ (૯) દષ્ટિશૂળ (૧૦) મસ્તકશૂળ (૧૧) અરુચિ (૧૨) અક્ષિવેદના–નેત્રરોગ (૧૩) કર્ણવેદના (૧૪) ખૂજલી (૧૫) જલોદર (૧૬) કુષ્ટરોગ–કોઢ.

ત્યારપછી તે ઈકાઈ રાઠોડે સોળ રોગાતંકોથી અત્યંત દુઃખી થઈને કૌટુંબિક પુરુષો–સેવકોને, બોલાવીને આ પ્રમાણે કહ્યું કે– હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને વિજય વર્ધમાન ખેટના શ્રૃંગાટક(ત્રિકોણમાર્ગ), ત્રિપથ(જ્યાં ત્રણ માર્ગ મળતા હોય), ચતુષ્પથ– જ્યાં ચાર માર્ગ ભેગા થતાં હોય, ચત્વર(જ્યાં ચારથી વધારે માર્ગો મળતાં હોય), રાજમાર્ગ અને અન્ય સાધારણ માર્ગો પર જઈને મોટે મોટેથી ઘોષણા કરાવો કે– "હે દેવાનુપ્રિયો ! ઈકાઈ રાઠોડના શરીરમાં શ્વાસ, કાસ, જ્વર ***યાવત્*** કુષ્ટ નામના ૧૬ ભયંકર રોગો ઉત્પન્ન થયા છે; જો કોઈ વૈદ્ય, વૈદ્યપુત્ર, જ્ઞાયક અથવા જ્ઞાયકપુત્ર, ચિકિત્સક યા ચિકિત્સકપુત્ર તે સોળ રોગાતંકોમાંથી કોઈ પણ રોગાતંકને ઉપશાંત કરશે, તો તેને ઈકાઈ રાઠોડ ઘણું ધન

આપશે." આ પ્રમાણે બે વાર, ત્રણ વાર ઉદ્‍ઘોષણા કરો, મારી આજ્ઞાના યથાવત્ પાલન કરી, તે કાર્ય થઈ ગયાની મને સૂચના આપો. તે કૌટુંબિક પુરુષોએ આદેશાનુસાર કાર્ય કરીને ***યાવત્*** તેને સૂચના આપી.

**૨૩ तए णं से विजयवद्धमाणे खेडे इमं एयारूवं उग्घोसणं सोच्चा णिसम्म बहवे वेज्जा य *जाव* सत्थकोसहत्थगया सएहिं सएहिं गिहेहिंतो पडिणिक्खमंति पडिणिक्खमित्ता विजयवद्धमाणस्स खेडस्स मज्झंमज्झेणं जेणेव इक्काई रट्ठकूडस्स गिहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता इक्काई रट्ठकूडस्स सरीरगं परामुसंति, परामुसित्ता तेसिं रोगाणं णिदाणं पुच्छंति, पुच्छित्ता, इक्काई रट्ठकूडस्स बहूहिं अब्भंगेहि य उवट्टणेहि य सिणेहपाणेहि य वमणेहि य विरेयणेहि य सेयणाहि य अवद्दहणाहि य अवण्हाणेहि य अणुवासणाहिं य वत्थिकम्मेहि य णिरूहेहि य सिरावेहेहि य तच्छणेहि य पच्छणेहि य सिरोवत्थीहि य तप्पणाहि य पुडपागेहि य छल्लीहि य मूलेहि य कंदेहि य फलेहि य बीएहि य सिलियाहि य गुलियाहि य ओसहेहि य भेसज्जेहि य इच्छंति तेसिं सोलसण्हं रोगायंकाणं एगमवि रोगायंकं उवसामित्तए, णो चेव णं संचाएंति उवसामित्तए । तए णं ते बहवे वेज्जा य वेज्जपुत्ता य जाणया य जाणयपुत्ता य तेगिच्छिया य तेगिच्छियपुत्ता य जाहे णो संचाएंति तेसिं सोलसण्हं रोगायंकाणं एगमवि रोगायंकं उवसामित्तए, ताहे संता तंता परितंता जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી વિજયવર્ધમાન ખેટમાં આ ઉદ્‍ઘોષણા સાંભળીને તથા અવધારીને અનેક વૈદ્યો ***યાવત્*** પોતપોતાનાં શસ્ત્રકોષ–વૈદ્યકીય સાધનોની પેટી લઈને પોતપોતાના ઘરેથી નીકળ્યા અને વિજયવર્ધમાન ખેટના મધ્યમાંથી પસાર થતાં જ્યાં ઈકાઈ રાઠોડનું ઘર હતું ત્યાં આવ્યા. આવીને ઈકાઈ રાઠોડના શરીરનો સ્પર્શ કરીને અર્થાત્ શરીરની નાડી વગેરે તપાસીને રોગનું નિદાન કરવા માટે વિવિધ પ્રકારના પ્રશ્નો પૂછ્યા. ત્યારપછી તે રોગાતંકને ઉપશાંત કરવા માટે અનેક અભ્યંગનો(માલિશ), ઉદ્‍વર્તનો–લેપ વગેરે કરીને અને સ્નેહપાન(ઘી આદિ સ્નિગ્ધ પદાર્થો ખવડાવીને), વમન–ઊલટી કરાવીને, વિરેચન– જુલાબ આપીને, સ્વેદન–પરસેવો, અવદાહન(ગરમ લોઢાની કોશ વગેરેથી ચામડી પર ડામ દઈને), અવસ્નાન(ચીકાશ દૂર કરવા માટે અનેક પ્રકારના દ્રવ્યોથી સંસ્કારિત જળથી સ્નાન કરાવીને), અનુવાસન(ગુદા દ્વારા પેટમાં તેલ વગેરેનો પ્રવેશ કરાવીને), બસ્તિકર્મ(ગુદામાં બસ્તિ વગેરેનો પ્રયોગ કરીને), નિરૂહ(ઔષધીઓ નાંખીને સિદ્ધ કરાયેલા તેલના પ્રયોગ–વિરેચન વિશેષ કરાવીને), શિરોવેધ(નાડીને વીંધીને), તક્ષણ(છરી, ચાકુ વગેરે સામાન્ય શસ્ત્રો વડે કાપીને), પ્રતક્ષણ(વિશેષરૂપથી કાતરીને– સૂક્ષ્મ– નાનાં શસ્ત્રોથી ચામડીને ભેદીને),

શિરોવસ્તિ(માથા પર તેલ આદિથી સિદ્ધ કરેલો ચર્મનો પાટો બાંધીને), તર્પણ (શરીરને સ્નિગ્ધ પદાર્થોથી તરબતર કરીને), પુટપાક(અમુક રસના પુટ દઈને સિદ્ધ કરેલ ઔષધોપચાર કરીને), છલ્લી(છાલ), મૂળ, કંદ(જડીબુટ્ટી), ફળ, બીજથી, શિલિકા(કરીઆતું વગેરે ઔષધ), ગુટિકા(અનેક દ્રવ્યોને વાટીને ઔષધના રસની ભાવના આદિથી બનાવેલ ગોળીઓ), ઔષધ(એક દ્રવ્યથી બનાવેલ દવા) અને ભેષજ્ય(અનેક દ્રવ્ય સંયોજિત દવા) આદિ દ્વારા સોળ રોગની શાંતિ માટે પ્રયોગો કર્યા, પરંતુ આ પૂર્વોક્ત નાનાવિધ ઉપચારોથી તેઓ જ્યારે તે સોળ રોગોમાંથી એક પણ રોગને ઉપશાંત કરવામાં સમર્થ ન થયા, ત્યારે તે વૈદ્ય, વૈદ્યપુત્રો, જ્ઞાયક, જ્ઞાયકપુત્રો, ચિકિત્સક અને ચિકિત્સકપુત્રો શ્રાંત(શારીરિક ખેદ), તાંત(માનસિક ખેદ) તથા પરિતાંત(શારીરિક અને માનસિક ખેદ)થી નિરાશ થઈને જ્યાંથી આવ્યા હતા, ત્યાં ચાલ્યા ગયા અર્થાત્ પાછા ફર્યા.

## ઈકાઈ રાઠોડનું મૃત્યુ : મૃગાપુત્રનો વર્તમાન ભવ :–

**૨૪ तए णं इक्काई रट्ठकूडे वेज्ज–पडियाइक्खिए परियारगपरिच्चत्ते णिव्विण्णोसह भेसज्जे सोलसरोगायंकेहिं अभिभूए समाणे रज्जे य रट्ठे य** *जाव* **अंतेउरे य मुच्छिए** *जाव* **अज्झोववण्णे रज्जं च रट्ठं च** *जाव* **अंतेउरं च आसाएमाणे पत्थेमाणे पीहेमाणे अभिलसमाणे अट्टदुहट्टवसट्टे अड्डाइज्जाइं वाससयाइं परमाउयं पालइत्ता कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए उक्कोसेणं सागरोवम ट्ठिइएसु णेरइएसु णेरइयत्ताए उववण्णे । से णं तओ अणंतरं उवट्टित्ता इहेव मियग्गामे णयरे विजयस्स खत्तियस्स मियाए देवीए कुच्छिंसि पुत्तत्ताए उववण्णे ।**

**ભાવાર્થ :–** ત્યાર બાદ તે ઈકાઈ રાઠોડને વૈદ્યો આદિએ આ રોગોનો પ્રતિકાર અને ઉપચાર અમારાથી નહીં થાય, એમ કહી દીધું તથા સેવકો દ્વારા પરિત્યક્ત થયો ત્યારે ઔષધ અને ભેષજથી તે ઉદાસીન થઈ ગયો. સોળ રોગાતંકોથી ઘેરાયેલો રાજ્ય, રાષ્ટ્ર ***યાવત્*** અંતઃપુરમાં આસક્ત ***યાવત્*** રાજ્યનું, રાષ્ટ્રનું ***યાવત્*** અંતઃપુરનું આસ્વાદન, પ્રાર્થના, ઈચ્છા અને અભિલાષા કરતો તે ઈકાઈ રાઠોડ મનોવ્યથાથી વ્યથિત, શારીરિક પીડાથી પીડિત અને ઈન્દ્રિયોને વશ હોવાથી પરતંત્ર–સ્વાધીનતા રહિત થઈને જીવન વ્યતીત કરતાં ૨૫૦ વર્ષના પૂર્ણ આયુષ્યને ભોગવીને મૃત્યુના સમયે કાળ કરીને આ રત્નપ્રભા નામની પ્રથમ નરકમાં ઉત્કૃષ્ટ એક સાગરોપમની સ્થિતિએ નારકરૂપે ઉત્પન્ન થયો. ત્યાર બાદ તે ઈકાઈ રાઠોડનો જીવ ભવસ્થિતિ પૂર્ણ થતાં નરકમાંથી નીકળી આ મૃગગ્રામ નગરમાં વિજયક્ષત્રિયની મૃગાવતી નામની દેવીની કુક્ષિમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો.

**૨૫ तए णं तीसे मियादेवीए सरीरे वेयणा पाउब्भूया, उज्जला** *जाव* **दुर–हियासा । जप्पभिइं च णं मियापुत्ते दारए मियाए देवीए कुच्छिंसि गब्भत्ताए**

**उववण्णे, तप्पभिइं च णं मियादेवी विजयस्स खत्तियस्स अणिट्ठा अकंता अप्पिया अमणुण्णा अमणामा जाया यावि होत्था ।**

**ભાવાર્થ :–** ત્યારે તે મૃગાદેવીના શરીરમાં પ્રગાઢ ***યાવત્*** અસહ્ય વેદના ઉત્પન્ન થઈ જ્યારથી મૃગાપુત્ર બાળક મૃગાદેવીના ઉદરમાં ગર્ભરૂપે ઉત્પન્ન થયો ત્યારથી જ વિજય ક્ષત્રિયને તે મૃગાદેવી અનિષ્ટ, અમનોહર, અપ્રિય, અસુંદર–મનને ન ગમે તેવી અને જોવી પણ ન ગમે તેવી લાગવા લાગી.

**૨૬ तए णं तीसे मियाए देवीए अण्णया कयाइ पुव्वरत्तावरत्त–कालसमयंसि कुडुंबजागरियाए जागरमाणीए इमे एयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– एवं खलु अहं विजयस्स खत्तियस्स पुव्विं इट्ठा कंता पिया मणुण्णा मणामा धेज्जा विसासिया अणुमया आसी । जप्पभिइं च णं मम इमे गब्भे कुच्छिंसि गब्भत्ताए उववण्णे, तप्पभिइं च णं अहं विजयस्स खत्तियस्स अणिट्ठा** *जाव* **अमणामा जाया यावि होत्था । णेच्छइ णं विजए खत्तिए मम णामं वा गोयं वा गिण्हित्तए वा, किमंग पुण दंसणं वा परिभोगं वा । तं सेयं खलु ममं एयं गब्भं बहूहिं गब्भसाडणाहि य पाडणाहि य गालणाहि य मारणाहि य साडित्तए वा पाडित्तए वा गालित्तए वा मारत्तिए वा एवं संपेहेइ, संपेहित्ता बहूणि खाराणि य कडुयाणि य तूवराणि य गब्भसाडणाणि य खायमाणी य पीयमाणी य इच्छइ तं गब्भं साडित्तए वा–४, णो चेव णं से गब्भे सडइ वा–४ । तए णं सा मियादेवी जाहे णो संचाएइ तं गब्भं साडित्तए वा–४, ताहे संता तंता परितंता अकामिया असयंवसा तं गब्भं दुहं दुहेणं परिवहइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી રાત્રિના કોઈ સમયે કુટુંબચિંતાથી જાગતી અર્થાત્ ઘરસંબંધી વિચારણા કરતી તે મૃગાદેવીના હૃદયમાં આ પ્રકારનો અધ્યવસાય ***યાવત્*** મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે હું પહેલાં વિજય નરેશને ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ અને અત્યંત મનગમતી, ચિંતનીય, વિશ્વસનીય અને સન્માનનીય હતી પરંતુ જ્યારથી મારા ઉદરમાં આ ગર્ભસ્થ જીવ ગર્ભરૂપે આવ્યો છે ત્યારથી વિજય નરેશને હું અપ્રિય ***યાવત્*** મનથી અગ્રાહ્ય બની ગઈ છું. અત્યારે તો વિજય નરેશ મારા નામ તથા ગોત્રનું પણ સ્મરણ કરવા ઈચ્છતા નથી. તો પછી દર્શન અને ભોગવિલાસની તો વાત જ ક્યાં રહી ? તેથી મારા માટે એ જ શ્રેયકર છે કે હું આ ગર્ભને અનેક પ્રકારની શાતના(ગર્ભના ટુકડે ટુકડા કરીને પાડી નાંખવો), યાતના(અખંડ રૂપથી ગર્ભપાત કરાવવો), ગાલના(ગર્ભને પ્રવાહી કરીને પાડી નાંખવાનો ઉપાય), મારણા(મારવાના પ્રયોગ)થી નષ્ટ કરી દઉં. આ પ્રમાણે તેણીએ શાતના, યાતના, ગાલના અને મારણા માટે વિચાર કર્યો અને વિચાર કરીને ગર્ભપાતમાં કારણભૂત ખારી, કડવી અને કસાયેલી ઔષધિઓનું ભક્ષણ તથા પાન કરીને તેણીએ ગર્ભને શાતન, પાતન, ગાલન અને મારણના પ્રયત્નો કર્યા, પરંતુ તે ગર્ભ ઉપર્યુક્ત બધા

ઉપાયોથી પણ શાતન, પાતન, ગાલન અને મારણરૂપ નાશને ન પામ્યો. ત્યારે તે શરીરથી શ્રાંત, મનથી દુઃખી તથા ખિન્ન થતી, ઈચ્છા ન હોવા છતાં વિવશતાને કારણે અત્યંત દુઃખ સાથે તે ગર્ભને ધારણ કરવા લાગી.

**૨૭ तस्स णं दारगस्स गब्भगयस्स चेव अट्ठ णालीओ अब्भिंतरप्पवहाओ, अट्ठ णालीओ बाहिरप्पवहाओ, अट्ठ पूयप्पवहाओ, अट्ठ सोणियप्पवहाओ, दुवे–दुवे कण्णंतरेसु, दुवे दुवे अच्छि–अंतरेसु, दुवे दुवे णक्कंतरेसु, दुवे दुवे धमणि–अंतरेसु अभिक्खणं अभिक्खणं पूयं च सोणियं च परिस्सवमाणीओ परिस्सवमाणीओ चेव चिट्ठंति ।**

**तस्स णं दारगस्स गब्भगयस्स चेव अग्गिए णामं वाही पाउब्भूए । जे णं से दारए आहारेइ, से णं खिप्पामेव विद्धंसमागच्छइ, पूयत्ताए य सोणियत्ताए य परिणमइ । तं पि य से पूयं च सोणियं च आहारेइ ।**

**ભાવાર્થ :–** ગર્ભસ્થ તે બાળકની આઠ નાડીઓ અંદર તરફ વહી રહી હતી અને આઠ નાડીઓ બહાર વહી રહી હતી. એમાંની પહેલી આઠ નાડીઓમાંથી પરુ વહેતું હતું અને બીજી આઠ નાડીઓમાંથી રુધિર વહેતું હતું. આ નાડીઓમાંથી બબ્બે નાડીઓ કાનનાં છિદ્રોમાં, બબ્બે નાડીઓ આંખનાં છિદ્રોમાં, બબ્બે નાડીઓ નાકનાં છિદ્રોમાં તથા બબ્બે ધમનીઓ(હૃદય કોષ્ઠની અંદરની નાડીઓ)માં વારંવાર પરૂ અને રુધિરનો સ્રાવ કર્યા કરતી હતી.

ગર્ભમાં જ તે બાળકના શરીરમાં ભસ્મક નામનો રોગ ઉત્પન્ન થઈ ગયો હતો. તેથી તે બાળક જે કંઈ આહાર ગ્રહણ કરતો તે તરત જ મૂળરૂપથી નષ્ટ થઈને પરૂ અને લોહીના રૂપમાં પરિણત થઈ જતો હતો. ત્યાર પછી તે પરૂ અને લોહીને પણ ખાઈ જતો હતો.

**૨૮ तए णं सा मियादेवी अण्णया कयाइ णवण्हं मासाणं बहुपुण्णाणं दारगं पयाया, जाइअंधे *जाव* आगिइमेत्ते । तए णं सा मियादेवी तं दारगं हुंडं अंधरूवं पासइ, पासित्ता भीया तत्था तसिया उव्विग्गा संजायभया अम्मधाइं सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी–गच्छह णं देवाणुप्पिया ! तुमं एयं दारगं एगंते उक्कुरुडियाए उज्झाहि ।**

**तए णं सा अम्मधाई मियादेवीए 'तह' त्ति एयमट्ठं पडिसुणेइ, पडिसुणित्ता जेणेव विजए खत्तिए तेणेव उवागच्छइ, उवागच्छित्ता करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी– एवं खलु सामी ? मियादेवी णवण्हं मासाणं *जाव* आगिइमेत्ते ! तए णं सा मियादेवी तं हुंडं अंधरूवं**

**पासइ, पासित्ता भीया** *जाव* **ममं सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी– गच्छह णं तुब्भे देवाणुप्पिया! एयं दारगं एगंते उक्कुरुडियाए उज्झाहि । तं संदिसह णं सामी ! तं दारगं अहं एगंते उज्झामि उदाहु मा ।**

**ભાવાર્થ :–** ત્યાર બાદ લગભગ નવ માસ પૂર્ણ થયા, ત્યારે મૃગાદેવીએ જન્માંધ ***યાવત્*** અવયવોના આકારમાત્ર હોય તેવા બાળકને જન્મ આપ્યો. તે વિકૃત, બેડોળ અંધ બાળકને જોઈને ભયભીત, ત્રસ્ત, સંત્રસ્ત, વ્યાકુળ તથા ભયથી કાંપતી મૃગાદેવીએ ધાવમાતાને બોલાવીને કહ્યું કે– દેવાનુપ્રિયે ! તમે જાઓ, અને આ બાળકને એકાંતમાં કોઈ ઉકરડામાં ફેંકી આવો.

ત્યારપછી તે ધાવમાતા મૃગાદેવીના આ કથનને "તથાસ્તુ" (જેવી આજ્ઞા, સારું,) કહીને સ્વીકૃત કરતી જ્યાં વિજય નરેશ હતા ત્યાં આવી અને શિરસાવર્ત કરતાં મસ્તક પાસે અંજલિ કરી અર્થાત્ હાથ જોડીને આ પ્રમાણે કહેવા લાગી– હે સ્વામિન્ ! નવ માસ પૂર્ણ થવા પર રાણી મૃગાવતીએ બાળકને જન્મ આપ્યો છે ***યાવત્*** તે હુંડ રૂપ જન્માંધ ઈન્દ્રિયોની માત્ર આકૃતિવાળા તે બાળકને જોઈને તે ભયભીત થઈ અને તેણીએ મને બોલાવીને કહ્યું કે– હે દેવાનુપ્રિયે ! તું જા અને આ બાળકને એકાંત સ્થાનમાં ફેંકી આવ. તેથી હે સ્વામિન્ ! આપ કહો કે હું આ બાળકને એકાંતમાં ફેંકી આવું કે નહીં ?

**२९ तए णं से विजए खत्तिए तीसे अम्मधाईए अंतिए एयमट्ठं सोच्चा णिसम्म तहेव संभंते उट्ठाए उट्ठेइ, उट्ठेत्ता जेणेव मियादेवी तेणेव उवागच्छइ, उवागच्छित्ता मियादेविं एवं वयासी– देवाणुप्पिया ! तुब्भं पढमं गब्भे । तं जइ णं तुब्भे एयं एगंते उक्कुरुडियाए उज्झसि, तओ णं तुब्भं पया णो थिरा भविस्सइ । तो णं तुमं एयं दारगं रहस्सियगंसि भूमिघरंसि रहस्सिएणं भत्तपाणेणं पडिजागरमाणी पडिजागरमाणी विहराहि; तो णं तुब्भं पया थिरा भविस्सइ । तए णं सा मियादेवी विजयस्स खत्तियस्स 'तह' त्ति एयमट्ठं विणएणं पडिसुणेइ, पडिसुणेत्ता तं दारगं रहस्सियगंसि भूमिघरंसि रहस्सिए णं भत्तपाणेणं पडिजागरमाणी पडिजागरमाणी विहरइ ।**

**एवं खलु गोयमा ! मियापुत्ते दारए पुरापोराणं** *जाव* **पच्चणुभवमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** તે ધાવમાતા પાસેથી આ વૃતાંત સાંભળીને વ્યાકુળ થયેલા વિજય નરેશ જ્યાં બેઠા હતા ત્યાંથી તરત જ ઊભા થઈ ગયા, ઊભા થઈને મૃગાદેવી પાસે આવ્યા અને તેને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયે ! આ તમારો પ્રથમ (પુત્ર) ગર્ભ છે, જો તમે તેને કોઈ ઉકરડામાં નંખાવી દેશો, તો તમારા ભાવી સંતાન સ્થિર નહીં રહે અર્થાત્ તેને હાનિ પહોંચશે, તેથી તમે આ બાળકને ફેંકવાને બદલે તમે ભોંયરામાં

રાખીને છૂપી રીતે આહાર–પાણી દ્વારા પાલનપોષણ કરો. એમ કરવાથી તમારી ભાવી સંતતિ સ્થિર રહેશે. ત્યાર પછી મૃગાદેવીએ વિજય નરેશના આ કથનનો **''तहत्ति''** (બહુ સારું) એ પ્રમાણે કહી વિનમ્રભાવથી સ્વીકાર કર્યો અને સ્વીકાર તે બાળકને ગુપ્ત ભોંયરામાં રાખી ગુપ્ત રીતે આહાર–પાણી વગેરેથી પાલન પોષણ કરતી સમય વ્યતીત કરવા લાગી.

ભગવાન મહાવીર સ્વામી કહે છે– હે ગૌતમ ! આ મૃગાપુત્ર બાળક પોતાનાં પૂર્વ જન્મનાં ઉપાર્જિત કર્મોનાં ફળનો પ્રત્યક્ષ રૂપે અનુભવ કરતો આ પ્રમાણે સમય વ્યતીત કરી રહ્યો છે.

**મૃગાપુત્રનું ભવિષ્ય અને ભવભ્રમણ :–**

**૩૦ मियापुत्ते णं भंते ! दारए इओ कालमासे कालं किच्चा कहिं गमिहिइ ? कहिं उववज्जिहिइ ?**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! આ મૃગાપુત્ર નામનો બાળક અહીંથી મૃત્યુના સમયે મૃત્યુ પામીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

**૩૧ गोयमा ! मियापुत्ते दारए छव्वीसं वासाइं परमाउयं पालइत्ता कालमासे कालं किच्चा इहेव जंबुद्दीवे द्वीवे भारहे वासे वेयड्ढगिरिपायमूले सीहकुलंसि सीहत्ताए पच्चायाहिइ । से णं तत्थ सीहे भविस्सइ अहम्मिए** *जाव* **साहसिए, सुबहुं पावकम्मं समज्जिणइ, समज्जिणित्ता, कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए उक्कोसं सागरोवम ट्ठिइएसु णेरइएसु णेरइयत्ताए उववज्जिहिइ ।**

**से णं तओ अणंतरं उव्वट्टित्ता सरीसवेसु उववज्जिहिइ । तत्थ णं कालं किच्चा दोच्चाए पुढवीए उक्कोसियाए तिण्णि सागरोवम ट्ठिइएसु णेरइएसु णेरइयत्ताए उववज्जिहिइ । से णं तओ अणंतरं उवट्टित्ता पक्खीसु उववज्जिहिइ । तत्थ वि कालं किच्चा तच्चाए पुढवीए सत्त सागरोवम ट्ठिइए सु णेरइएसु णेरइयत्ताए उववज्जि– हिति ।**

**से णं तओ सीहेसु । तयाणंतरं चउत्थीए । उरगो, पंचमीए । इत्थीओ, छट्ठीए । मणुओ, अहे सत्तमीए ।**

**तओ अणंतरं उव्वट्टित्ता से जाइं इमाइं जलयर पंचिंदिय तिरिक्ख– जोणियाणं मच्छ–कच्छभ–गाह–मगर–सुंसुमाराईणं अड्ढतेरस**

जाइ–कुलकोडिजोणिपमुह सयसहस्साइं, तत्थ णं एगमेगंसि जोणिविहाणंसि अणेगसयसहस्सखुत्तो उद्दाइत्ता उद्दाइत्ता, तत्थेव भुज्जो भुज्जो पच्चायाइस्सइ । से णं तओ अणंतरं उव्वट्टित्ता चउप्पएसु एवं उरपरिसप्पेसु, भुयपरिसप्पेसु, खहयरेसु, चउरिंदिएसु, तेइंदिएसु, बेइंदिएसु, वणप्फइए कडुयरुक्खेसु, कडुयदुद्धिएसु, वाउ–तेउ आउ–पुढवीसु अणेगसयसहस्सखुत्तो उद्दाइत्ता उद्दाइत्ता तत्थेव भुज्जो भुज्जो पच्चायाइस्सइ ।

से णं तओ अणंतरं उव्वट्टित्ता सुपइट्ठपुरे णयरे गोणत्ताए पच्चायाहिइ । से णं तत्थ उम्मुक्कबालभावे अण्णया कयाइ पढमपाउसंसि गंगाए महाणईए खलीणमट्टियं खणमाणे तडीए पेल्लिए समाणे कालगए तत्थेव सुपइट्ठपुरे णयरे सेट्ठिकुलंसि पुमत्ताए पच्चायाहिस्सइ ।

से णं तत्थ उम्मुक्कबालभावे विण्णायपरिणयमेत्ते जोव्वणगमणुप्पत्ते तहारूवाणं थेराणं अंतिए धम्मं सोच्चा णिसम्म मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइस्सइ। से णं तत्थ अणगारे भविस्सइ, इरियासमिए भासासमिए एसणासमिए आयाण भंड मत्तणिक्खेवणासमिए, मणगुत्ते वयगुत्ते कायगुत्ते, गुत्ते, गुत्तिंदिए, गुत्त बंभयारी । से णं तत्थ बहूइं वासाइं सामण्णपरियागं पाउणित्ता आलोइयपडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा सोहम्मे कप्पे देवत्ताए उववज्जिहिइ । से णं तओ अणंतरं चयं चइत्ता महाविदेहे वासे जाइं कुलाइं भवंति– अड्ढाइं *जाव* अपरिभूयाइं, तहप्पगारेसु कुलेसु पुमत्ताए पच्चायाहिइ, एवं जहा दढपइण्णे *जाव* सिज्झिहिइ ।

एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं दुहविवागाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते । –त्ति बेमि ।

**ભાવાર્થ** :– હે ગૌતમ ! આ મૃગાપુત્ર બાળક ૨૬ વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવીને આયુષ્ય પૂર્ણ થશે, ત્યારે મૃત્યુ પામીને આ જંબૂદ્વીપ નામના દ્વીપની અંદર ભારતવર્ષના વૈતાઢ્ય પર્વતની તળેટીમાં સિંહકુળ માં સિંહરૂપે જન્મ લેશે. તે સિંહ મહાઅધર્મી(હિંસક) ***યાવત્*** સાહસિક બનીને વધારેમાં વધારે પાપકર્મોનું ઉપાર્જન કરશે અને મૃત્યુનો સમય આવવા પર મૃત્યુ પામીને આ રત્નપ્રભા નામની પ્રથમ નરકમાં એક સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિએ નારકીરૂપે ઉત્પન્ન થશે.

પછી તે ત્યાંથી નીકળીને સીધો સરીસૃપોમાં(ભુજાઓના અથવા છાતીના બળથી ચાલનારાં તિર્યંચ પ્રાણીઓમાં) ઉત્પન્ન થશે. ત્યાંથી ત્રણ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિએ બીજી નરક ભૂમિમાં

નારકીરૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને સીધો પક્ષી યોનિમાં ઉત્પન્ન થશે. ત્યાંથી મૃત્યુ પામીને ત્રીજી નરક ભૂમિમાં સાત સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિએ નારકીરૂપે ઉત્પન્ન થશે.

ત્યાંથી નીકળીને સિંહની યોનિમાં ઉત્પન્ન થશે. પછી કાળ કરીને ચોથી નરકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને સર્પ થશે અને ત્યાંથી પાંચમી નરક ભૂમિમાં ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને સ્ત્રી થશે અને કાળ કરીને છટ્ઠી નરકભૂમિમાં ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને મનુષ્ય(પુરુષ) બનશે અને કાળ કરીને સાતમી નરક ભૂમિમાં ઉત્પન્ન થશે.

ત્યાંથી નીકળીને જલચર પંચેન્દ્રિય તિર્યંચોમાં મત્સ્ય, કાચબો, ગ્રાહ, મગર, સુંસુમાર આદિ જલચર પંચેન્દ્રિય જાતિના જે ઉત્પત્તિસ્થાન છે અને જે સાડા બાર લાખ કુલકોટિઓની સંખ્યા છે તેના એક એક યોનિ લાખોવાર મરણ પામતો તેમાં જ વારંવાર ઉત્પન્ન થશે. તત્પશ્ચાત્ ત્યાંથી નીકળીને ચતુષ્પદોમાં ઉત્પન્ન થશે. એવી જ રીતે ઉરપરિસર્પ(છાતીના બળથી ચાલનાર) ભુજપરિસર્પ અને ખેચર(આકાશમાં ઉડનારા જીવો)માં તેમજ ચૌરેન્દ્રિય, તેઈન્દ્રિય અને બેઈન્દ્રિય પ્રાણીઓમાં તથા વનસ્પતિમાં રહેલ કડવાં વૃક્ષો અને કડવા દૂધવાળાં વૃક્ષોમાં, વાયુકાય, તેઉકાય, અપકાય અને પૃથ્વીકાયમાં લાખોવાર મરણ પામીને તેમાં જ વારંવાર ઉત્પન્ન થશે.

ત્યાર પછી ત્યાંથી નીકળીને સુપ્રતિષ્ઠપુર નામના નગરમાં બળદ રૂપે ઉત્પન્ન થશે. જ્યારે તે બાલ્યાવસ્થાને છોડીને યુવાવસ્થાને પ્રાપ્ત કરશે ત્યારે એકદા વર્ષાઋતુના પ્રારંભમાં ગંગા નામની મહાનદીના કિનારાની માટીને ખોદતાં ખોદતાં નદીના કિનારા પરથી પડી જવાથી પીડિત થતો મૃત્યુ પામશે. મૃત્યુ પામ્યા પછી તે ત્યાંજ સુપ્રતિષ્ઠપુર નામના નગરમાં કોઈ શેઠને ઘેર પુત્રરૂપે ઉત્પન્ન થશે.

ત્યાં તે બાલભાવને છોડીને યુવાવસ્થાને પ્રાપ્ત કર્યા પછી સાધુજનોચિત્ત સદ્‌ગુણોથી યુક્ત કોઈ સ્થવિર જૈન સાધુઓની પાસે ધર્મ સાંભળીને, મનન કરીને પછી મુંડિત થઈને આગારવૃત્તિનો ત્યાગ કરી અણગારધર્મને પ્રાપ્ત કરશે અર્થાત્ ગૃહસ્થાવસ્થાને છોડીને સાધુધર્મને અંગીકાર કરશે. અણગારધર્મમાં ઈર્યા સમિતિ યુક્ત ***યાવત્*** બ્રહ્મચારી થશે. તે ઘણાં વર્ષો સુધી શ્રામણ્યપર્યાયનું પાલન કરીને આલોચના અને પ્રતિક્રમણાથી આત્મશુદ્ધિ કરતો સમાધિભાવને પ્રાપ્ત કરીને કાળના સમયે કાળ કરીને સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થશે. ત્યાર પછી તે દેવભવની સ્થિતિ પૂર્ણ કરી, ત્યાંથી ચ્યવીને(દેવશરીરને છોડીને) મહાવિદેહ ક્ષેત્રમાં સંપન્ન કુળમાં પુરુષ રૂપે ઉત્પન્ન થશે. ત્યાં તેનો કલાભ્યાસ, પ્રવ્રજ્યાગ્રહણ ઈત્યાદિ સંપૂણ વૃતાંત "દઢપ્રતિજ્ઞ"ની જેમ જાણવો ***યાવત્*** સિદ્ધ થશે.

સુધર્માસ્વામી કહે છે– હે જંબૂ ! મોક્ષ સંપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે આ પ્રમાણે દુઃખવિપાકના પ્રથમ અધ્યયનનો અર્થ પ્રતિપાદિત કર્યો છે. જે રીતે મેં ભગવાન પાસેથી સાંભળ્યું છે, એ રીતે તમને હું કહું છું.

## વિવેચન :–

**આ અધ્યયનથી મળતો બોધ :–** (૧) રાજસત્તાનો દુરુપયોગ કરનાર, લાંચ લેનાર, પ્રજા પર અનુચિત

કરનો ભાર નાંખનાર તથા તેવાપ્રકારના અન્ય પાપો આચરનારનું ભાવી કેવું હોય તે આ અધ્યયન રૂપી દર્પણમાં નિહાળી શકાય છે. વિપાક સૂત્રનું આ અધ્યયન તથા અન્ય અધ્યયનો આજના લાંચ રૂશ્વતીયા વાતાવરણમાં સમીક્ષા પાત્ર બની રહે છે.

(૨) પતિની આજ્ઞાથી મૃગારાણીએ દુઃસ્સહ દુર્ગંધયુક્ત તે પાપી પુત્રની પણ સેવા કરી હતી. એ કર્તવ્ય–નિષ્ઠા અને પતિપરાયણતાનો અનુપમ આદર્શ રજૂ કરે છે.

(૩) પાપી, અધર્મિષ્ઠ આત્મા પોતે દુઃખી થાય છે અને અન્યને દુઃખી કરે છે. જેવી રીતે ખાદ્ય સામગ્રીમાં પડેલી માખી.

(૪) સત્તા અને પુણ્યના નશામાં ચકચૂર બનેલા માનવો અન્યની પરવાહ કરતા નથી, ભવિષ્યના કર્મબંધનો પણ વિચાર કરતા નથી, તેમ છતાં દુઃખદાયી કર્મો તેને ભોગવવા જ પડે છે. અન્ય જીવોને પીડા દેનાર પ્રાણી સ્વયંના દુઃખનું જ સર્જન કરે છે.

(૫) સૌંદર્યપૂર્ણ દશ્યોને જોવાની આસક્તિ સાધુને માટે અકલ્પનીય છે, પણ ગંભીર જ્ઞાન, અનુપ્રેક્ષા, અન્વેષણ આદિ હેતુએ જાણવા–જોવાની જિજ્ઞાસા થવી તે અલગ બાબત છે. તે માટે ગીતાર્થગુરુની આજ્ઞાનુસાર કરવું જોઈએ. જેવી રીતે ગૌતમ સ્વામી આજ્ઞા લઈ મૃગાપુત્રને જોવા ભોંયરામાં ગયા હતા.

**॥ અધ્યયન–૧ સંપૂર્ણ ॥**

# બીજું અધ્યયન

## પરિચય :

આ અધ્યયનનું નામ 'ઉજ્ઝિતક' છે. આમાં ઉજ્ઝિતક નામના દુ:ખી બાળકનું જીવન વૃત્તાંત છે.

વાણિજ્યગ્રામમાં વિજયમિત્ર સાર્થવાહનો ઉજ્ઝિતક નામનો દીકરો હતો. તે સર્વાંગ સુંદર અને રૂપ સંપન્ન હતો. સંયોગવશાત્ ઉજ્ઝિતકનાં માતાપિતા કાળધર્મ પામ્યા. થોડું ઘણું ધન હતું તે નષ્ટ થઈ ગયું, શેષ ધન રાજકર્મચારીઓએ લઈ લીધું અને ઉજ્ઝિતકને ઘરમાંથી બહાર કાઢી મૂક્યો.

તે સાર્થવાહ પુત્ર નગરમાં ભટકતો અનેક દુર્વ્યસનોનો ભોગ બન્યો. દારૂ પીવો, જુગાર રમવો, ચોરી કરવી ઈત્યાદિ પ્રવૃત્તિમાં સમય પસાર કરતાં તે કામધ્વજા વેશ્યાના ઘરે પહોંચ્યો અને તેની સાથે ભોગ ભોગવતો ત્યાં જ રહેવા લાગ્યો.

વાણિજ્યગ્રામના 'મિત્ર' નામના રાજાની 'શ્રી' નામની રાણીને ઉદરમાં શૂળ રોગ ઉત્પન્ન થયો. રાણી ભોગને યોગ્ય ન રહી તેથી રાજાએ તેનો ત્યાગ કર્યો અને પોતે 'કામધ્વજા' વેશ્યાના ગૃહે જવા લાગ્યા. ત્યાં ઉજ્ઝિતકને જોતાં રાજાએ તેને કાઢી મૂક્યો પરંતુ તે કામધ્વજામાં અતિ આસક્ત હતો તેથી તક મળતાં જ તે ત્યાં પહોંચી જતો. એકદા રાજા તેને જોઈ ગયા અને ઉજ્ઝિતકને શૂળીએ ચઢાવી દેવાનો આદેશ આપ્યો. રાજાના આદેશ અનુસાર રાજકર્મચારીઓ તેને બાંધી, જુદા જુદા પ્રકારે મારપીટ કરતાં, નગરમાં ફેરવી રહ્યા હતા.

તે વખતે ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય ગૌતમ સ્વામી છઠના પારણે ભિક્ષા માટે વાણિજ્ય ગ્રામમાં પધાર્યા. રસ્તામાં તેઓએ નાક–કાન કાપેલા, હાથને પીઠ પાછળ બાંધેલા, બેડીઓ પહેરાવેલા ઉજ્ઝિતકને જોયો. રાજકર્મચારીઓ તેના શરીરમાંથી તલ–તલ જેટલું માંસ કાઢી પત્થર તથા ચાબુકનો માર મારતા તેને ખવડાવતા હતા. ગૌતમ સ્વામી ગોચરી વહોરી ભગવાન પાસે આવ્યા અને રસ્તામાં જોયેલ માણસની દુ:ખમય અવસ્થાનું કારણ પૂછ્યું.

ભગવાને તેના પૂર્વભવનું વર્ણન કરતાં કહ્યું કે આ જંબૂદ્વીપમાં હસ્તિનાપુર નામનું નગર હતું. સુનંદ નામનો રાજા હતો. તેની પાસે ખૂબ વિશાળ ગોશાળા હતી. તે ગોશાળામાં પશુઓ નિર્ભય હતાં અને પ્રચૂર ભોજન–પાણી પામતાં હતાં. તે નગરમાં ભીમ નામનો કોટવાળ રહેતો હતો. જે અધર્મનિષ્ઠ હતો. એક વખત તેની પત્ની ઉત્પલાએ પાપ બુદ્ધિવાળા એક પુત્રને જન્મ દીધો. તેનું નામ ગોત્રાસક રાખવામાં આવ્યું. તે પશુઓને દુ:ખ દેતો, મારતો, પીટતો અને અંગહીન કરતો. તે હંમેશાં મધ્ય રાત્રિએ ઊઠી ગોશાળામાં જતો અને પશુઓને સંત્રસ્ત કરી આનંદ માનતો, સાથે જ માંસ–મદિરાનાં સેવનમાં મસ્ત

રહેતો.

આ રીતે ક્રૂર આચરણ કરતો તે ૫૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી બીજી નરકમાં ઉત્પન્ન થયો. ત્યાંની ત્રણ સાગરોપમની સ્થિતિ પૂર્ણ કરી અહીં ઉજ્ઝિતકકુમારપણે જન્મ્યો અને પૂર્વકૃત શેષ કર્મોના કારણે તે આ દારુણ દુઃખ ભોગવી રહ્યો છે.

ઉજ્ઝિતકનો પૂર્વભવ સાંભળી તેના ભવિષ્યના વિષયમાં ગૌતમ સ્વામીએ પૂછ્યું. ભગવાને તેનું ભવિષ્ય ભાખ્યું કે આજે સાંજે શૂળી ઉપર ચઢી ૨૫ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી પ્રથમ નરકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી પાપિષ્ટ વાંદરો થશે. ત્યાર પછી વેશ્યાપુત્ર પ્રિયસેન નામનો કૃત નપુંસક થશે. ત્યાં એકસો એકવીસ(૧૨૧) વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી મૃત્યુ પામી પ્રથમ નરકમાં ઉત્પન્ન થશે. પછી મૃગાપુત્રની સમાન નરક, તિર્યંચ ગતિમાં ભવભ્રમણ કરશે. અંતે પાડો બનશે, ત્યાંથી કાળ કરીને શ્રેષ્ઠીપુત્ર થશે, સંયમ પાલન કરી દેવલોકમાં જશે, ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ મોક્ષ પ્રાપ્ત કરશે.

❖❖❖❖❖

# બીજું અધ્યયન

## ઉજ્ઝિતક

**અધ્યયન પ્રારંભ :–**

**१ जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं दुहविवागाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते, दोच्चस्स णं भंते ! अज्झयणस्स दुहविवागाणं समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**तए णं से सुहम्मे अणगारे जंबुं अणगारं एवं वयासी–**

**ભાવાર્થ :–** [જંબૂસ્વામીએ પ્રશ્ન કર્યો] હે ભગવન્ ! જો મોક્ષ સંપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ દુઃખ વિપાકના પ્રથમ અધ્યયનનો આ અર્થ પ્રતિપાદિત કર્યો છે, તો હે ભગવન્ ! વિપાક સૂત્રના દ્વિતીય અધ્યયનનો મોક્ષ સંપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ શું અર્થ કહ્યો છે ? આ પ્રશ્નના ઉત્તરમાં સુધર્મા અણગારે જંબૂ અણગારને આ પ્રમાણે કહ્યું–

**२ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं वाणियग्गामे णामं णयरे होत्था । रिद्धित्थिमियसमिद्धे, वण्णओ । तस्स णं वाणियग्गामस्स उत्तरपुरत्थिमे दिसीभाए दूइपलासे णामं उज्जाणे होत्था । तत्थ णं दूइपलासे सुहम्मस्स जक्खस्स जक्खाययणे होत्था । तत्थ णं वाणियग्गामे मित्ते णामं राया होत्था । वण्णओ । तस्स णं मित्तस्स रण्णो सिरी णामं देवी होत्था । वण्णओ ।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! તે કાળે અને તે સમયે વાણિજ્યગ્રામ નામનું એક નગર હતું. જે ઋદ્ધિ–સ્તિમિત–સમૃદ્ધ(ઋદ્ધિ અર્થાત્ ગગનચુંબી અનેક ઊંચા–ઊંચા મોટા મહેલો તથા અનેકાનેક માણસોથી વ્યાપ્ત, સ્તિમિત અર્થાત્ સ્વચક્ર તથા પરચક્રના ભયથી બિલકુલ રહિત અને સમૃદ્ધ અર્થાત્ ધનધાન્યાદિ મહાઋદ્ધિઓથી સંપન્ન)હતું. તે વાણિજ્યગ્રામના ઈશાન ખૂણામાં દ્યુતિપલાશ નામનું એક ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં "સુધર્મ" નામના યક્ષનું એક યક્ષાયતન હતું. તે વાણિજ્યગ્રામ નામના નગરમાં 'મિત્ર' નામનો રાજા અને તેની 'શ્રી' નામની પટરાણી હતી. નગરી, ઉદ્યાન, રાજા–રાણી વગેરેનું વર્ણન ઔપપાતિક સૂત્ર પ્રમાણે જાણવું.

## ગણિકા વર્ણન :-

**૩** **तत्थ णं वाणियग्गामे कामज्झया णामं गणिया होत्था । अहीण** *जाव* **पडिपुण्ण पंचिंदियसरीरा लक्खण–वंजण–गुणोववेया माणुम्माण–प्पमाण–पडिपुण्ण सुजाय– सव्वंगसुंदरंगी ससिसोमाकारा कंतपियदंसणा सुरूवा, चउसट्ठि–कलापंडिया, चउसट्ठि–गणिया–गुणोववेया, एगूणतीसविसेसे रममाणी, एकवीस–रइगुणप्पहाणा बत्तीस–पुरिसोवयारकुसला, णवंगसुत्तपडिबोहिया, अट्ठारसदेसीभासाविसारया, सिंगारागारचारुवेसा, गीयरइगंधव्व–णट्टकुसला संगय–गय–भणिय–हसिय–विहिय विलास–सललिय–सलाव– णिउणजुत्तो–वयारकुसला सुंदरत्थण–जहण–वयण–कर– चरण–णयण– लावण्णविलासकलिया ऊसियज्झया सहस्सलंभा, विदिण्णछत्त–चामर वालवीयणीया, कण्णीरहप्पयाया यावि होत्था । बहूणं गणियासहस्साणं आहेवच्चं** *जाव* **पालेमाणी विहरइ ।**

**ભાવાર્થ :–** તે વાણિજ્યગ્રામ નગરમાં કામધ્વજા નામની ગણિકા હતી. તે દોષરહિત, પરિપૂર્ણ, પાંચે ઈન્દ્રિયોથી યુક્ત શરીરવાળી, રેખા વગેરે લક્ષણો, મસાતલ વગેરે વ્યંજનો તેમજ શરીરના ગુણોથી પરિપૂર્ણ, માન, ઉન્માન અને પ્રમાણથી પરિપૂર્ણ સુડોળ તથા સર્વાંગ સુંદર અંગોપાંગવાળી, ચંદ્રમાની સમાન સૌમ્ય આકૃતિવાળી, કમનીય, પ્રિયદર્શના, પરમ સુંદરી, ૬૪ કળાઓમાં કુશળ, ગણિકાના ૬૪ ગુણોથી યુક્ત, ૨૯ પ્રકારના વિષયોના ગુણોમાં રમણ કરનારી, ૨૧ પ્રકારના રતિ ગુણોમાં પ્રધાન, કામશાસ્ત્ર પ્રસિદ્ધ પુરુષના ૩૨ ઉપચારોમાં કુશળ, સુપ્ત નવ અંગોથી જાગૃત અર્થાત્ જેના નવ અંગ(બે કાન, બે આંખ, બે નાક, એક જીભ, એક ત્વચા અને મન) જાગૃત હતાં. ૧૮ દેશી ભાષાઓમાં વિશારદ હતી, શ્રૃંગાર પ્રધાન વેષયુક્ત અર્થાત્ તે સુંદર વેષભૂષા અને શ્રૃંગાર રસનું ઘર હતી. સંગીતવિદ્યા, કામક્રીડા, વાજિંત્ર યુક્ત ગીત, નૃત્યકળામાં કુશળ, મનને આકર્ષિત કરનારી, સુંદર ચાલવાળી, હાસ્ય, બોલચાલ, વ્યવહાર, વિલાસ, લાલિત્ય, સંલાપમાં નિપુણ અને ઉચિત ઉપચારોમાં કુશળ, સ્તનાદિગત સૌન્દર્યથી યુક્ત, ગીત, નૃત્યાદિ કળાઓથી હજાર મુદ્રા લેનારી(જેનો એક રાત્રિનો પગાર એક હજાર સોનામહોર હતો) તેના વિલાસભવન ઉપર ઊંચી ધ્વજા ફરકતી હતી, તેને રાજા તરફથી છત્ર, ચામર, નાનો પંખો કૃપાપૂર્વક ઈનામમાં આપવામાં આવેલ હતાં, તે કર્ણીરથ નામના રથમાં ગમનાગમન કરતી કરતી હતી. તે કામધ્વજાનામની ગણિકા હજારો ગણિકાઓ પર આધિપત્ય, સ્વામિત્વ અને નેતૃત્વ કરી રહી હતી.

## ઉજ્ઝિતક–પરિચય :-

**૪** **तत्थ णं वाणियग्गामे विजयमित्ते णामं सत्थवाहे परिवसइ । वण्णओ । तस्स णं विजयमित्तस्स सुभद्दा णामं भारिया होत्था ।**

**वण्णओ । तस्स णं विजयमित्तस्स पुत्ते सुभद्दाए भारियाए अत्तए उज्झियए णामं दारए होत्था । अहीण** *जाव* **सुरूवे ।**

**ભાવાર્થ :–** તે વાણિજ્યગ્રામ નગરમાં વિજયમિત્ર નામનો એક ધનવાન સાર્થવાહ(વેપારી વર્ગનો વડિલ) નિવાસ કરતો હતો. તે વિજયમિત્રને સર્વાંગ સંપન્ન સુભદ્રા નામની પત્ની હતી. બંનેનું વિસ્તૃત વર્ણન જ્ઞાતાસૂત્ર પ્રમાણે જાણવું. તે વિજયમિત્રનો પુત્ર અને સુભદ્રાનો આત્મજ ઉજ્ઝિતક નામનો એક સર્વાંગ સંપન્ન ***યાવત્*** રૂપવાન બાળક હતો.

**૫ तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे समोसढे । परिसा णिग्गया । राया जहा कूणिओ तहा णिग्गओ । धम्मो कहिओ । परिसा पडिगया, राया य गओ ।**

**ભાવાર્થ :–** તે કાળે અને સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી વાણિજ્યગ્રામ નગરનાં દૂતિપલાશ ઉદ્યાનમાં પધાર્યા. જનતા તેમના દર્શનાર્થે નગરમાંથી નીકળી અને રાજા પણ કુણિક રાજાની જેમ ભગવાનના દર્શન કરવા ગયા. ભગવાને બધાને ધર્મનો ઉપદેશ આપ્યો. ઉપદેશ સાંભળીને જનતા અને રાજા બંને પાછા ચાલ્યાં ગયાં.

## ઉજ્ઝિતકની દુર્દશા :–

**૬ तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी इंदभूई णामं अणगारे** *जाव* **छट्ठं छट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं अप्पाणं भावेमाणे विहरइ । तएणं भगवं गोयमे छट्ठक्खमण पारणगंसि पढमाए पोरिसीए सज्झायं करेइ** *जाव* **जेणेव वाणियग्गामे णयरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता उच्च–णीय– मज्झिमाइं कुलाइं घरसमुदाणस्स भिक्खायरियाए अडमाणे जेणेव रायमग्गे तेणेव ओगाढे ।**

**तत्थ णं बहवे हत्थी पासइ, सण्णद्धबद्ध–वम्मियगुडियउप्पीलिय–कच्छे, उद्दामिय घंटे, णाणामणिरयणविविह गेवेज्जउत्तरकंचुइज्जे, पडिकप्पिए, झय पडाग वर पंचामेल आरूढ–हत्थारोहे, गहियाउहप्पहरणे ।**

**अण्णे य तत्थ बहवे आसे पासइ, सण्णद्धबद्धवम्मियगुडिए, आविद्धगुडे, ओसारियपक्खरे, उत्तरकंचुइय–ओचूल–मुहचण्डाधर– चामर– थासगपरि–मंडियकडिए आरूढ अस्सारोहे गहियाउहप्पहरणे ।**

**अण्णे य तत्थ बहवे पुरिसे पासइ सण्णद्धबद्धवम्मियकवए, उप्पीलिय-सरासणपट्टीए पिणद्धगेवेज्जे, विमलवरबद्ध-चिंधपट्टे, गहियाउहप्पहरणे ।**

**तेसिं च णं पुरिसाणं मज्झगयं एगं पुरिसं पासइ अवओडियबंधणं उक्कित्त-कण्णणासं णेहतुप्पियगत्तं, वज्झकर कडिजुयणियच्छं, कंठेगुणरत्तमल्लदामं, चुण्ण- गुंडियगायं, चुण्णयं वज्झपाणपीयं, तिलं-तिलं चेव छिज्जमाणं कागणिमंसाइं खावियंतं पावं, खक्खरगसएहिं हम्ममाणं, अणेग णरणारी संपरिवुडं चच्चरे चच्चरे खंडपडह एणं उग्घोसिज्जमाणं इमं च णं एयारूवं उग्घोसणं पडिसुणेइ- णो खलु देवाणुप्पिया ! उज्झियगस्स दारगस्स केइ राया वा रायपुत्तो वा अवरज्झइ; अप्पणो से सयाइं कम्माइं अवरज्झंति ।**

**ભાવાર્થ :-** તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના પ્રધાન શિષ્ય ઈન્દ્રભૂતિ નામના અણગાર ***યાવત્*** નિરંતર છઠ છઠના પારણા કરતાં, તપ સંયમથી આત્માને ભાવિત કરતાં ત્યાં વિચરતા હતા. તે ભગવાન ગૌતમ સ્વામી છઠના પારણાના દિવસે પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરીને ***યાવત્*** (ગૌતમ સ્વામીનું વિસ્તૃત વર્ણન ભગવતી સૂત્રથી જાણવું) વાણિજયગ્રામ નગરમાં ભિક્ષા માટે ગયા. સાધારણ, અસાધારણ અને મધ્યમ ઘરોમાં ભિક્ષા માટે ભ્રમણ કરતાં રાજમાર્ગ પર પહોંચ્યા.

ત્યાં રાજમાર્ગ પર તેમણે યુદ્ધની સજાવટથી યુક્ત એવા અનેક હાથીઓને જોયા. તે હાથીઓને કવચ પહેરાવેલા હતા, તે ઉપકરણ(ઝૂલ) આદિથી યુક્ત હતા. તેઓનાં પેટ દઢ બંધનોથી બાંધેલાં હતાં. તેમની ઝૂલોની બંને બાજુ મોટા મોટા ઘંટ લટકી રહ્યા હતા. તેઓ જાત જાતના મણિઓ અને રત્નોથી જડિત અનેક પ્રકારનાં ગળાના આભૂષણો પહેરાવેલાં હતાં. તેઓ ઉત્તર કંચુક નામના તનુત્રાણ વિશેષ એવં અન્ય કવચાદિ સામગ્રીથી યુક્ત હતા. તે ધ્વજા, પતાકા તથા પંચવિધ શિરોભૂષણોથી વિભૂષિત હતા તેમજ તેઓ ફેંકી ન શકાય તેવા તલવાર આદિ આયુધ અને ફેંકી શકાય તેવાં તીર આદિ પ્રહરણને ધારણ કરનાર મહાવત સવાર થઈ રહ્યા હતા.

આ પ્રમાણે ત્યાં યુદ્ધની સજાવટથી યુક્ત એવા અનેક અશ્વોને પણ જોયા, તેને કવચ અને શારીરિક રક્ષાનાં ઉપકરણો પહેરાવેલા હતાં. તેઓના શરીર પર સોનાની બનાવેલી ઝૂલ નાંખી હતી અને તે લટકતાં તનુત્રાણથી યુક્ત હતા. જે બખ્તર વિશેષથી યુક્ત તથા લગામથી નમેલા મુખવાળા હતા. તે ક્રોધથી હોઠોને ચાવી રહ્યા હતા અને ચામર તથા સ્થાસક(આભરણ વિશેષ)થી તેમનો કટિભાગ વિભૂષિત થઈ રહ્યો હતો. તેના પર બેઠેલા ઘોડેસવારો આયુધ અને પ્રહરણાદિથી યુક્ત હતા.

આ રીતે ગૌતમ સ્વામીએ ત્યાં યુદ્ધની સજાવટથી યુક્ત એવા ઘણા પુરુષોને પણ જોયા. તેઓ લોહમય કસૂલકાદિથી યુક્ત કવચો શરીર પર ધારણ કરેલા હતા. તેમની ભુજામાં શરાસનપટ્ટી(ધનુષ્ય ખેંચતી વખતે હાથની રક્ષા માટે બાંધવામાં આવતી ચામડાની પટ્ટી) ખેંચીને બાંધેલી હતી. તેઓ ગળામાં

આભૂષણ ધારણ કરેલાં હતાં અને તેમના શરીર પર ઉત્તમ, વિશિષ્ટ પ્રકારની નિશાનીવાળી પટ્ટી(વસ્ત્ર–ખંડથી બનાવેલ ચિહ્ન) લગાવેલી હતી તથા આયુધ અને પ્રહરણાદિ ધારણ કરેલાં હતાં.

તે પુરુષોની વચ્ચે ભગવાન ગૌતમ સ્વામીએ એક બીજા માણસને જોયો. જેના બંને હાથો વાળીને પાછળના ભાગની સાથે દોરડાથી બાંધેલા હતા. તેનાં કાન અને નાક કાપેલાં હતાં. તેનું શરીર ઘીથી ચીકણું કરવામાં આવ્યું હતું. તેનો કટિપ્રદેશ(કમર) વધ યોગ્ય બે વસ્ત્રોથી યુક્ત હતો અર્થાત્ તેને વધ્ય પુરુષ માટે નક્કી કરેલ બે વસ્ત્રો પહેરાવેલા હતાં. તેના ગળામાં કંઠસૂત્રની જેમ લાલ પુષ્પોની માળા હતી અને તેનું શરીર ગેરુના ચૂર્ણથી રંગેલું હતું. જે ભયથી ત્રાસ પામેલો તથા પ્રાણ ધારણ કરી રાખવાનો ઈચ્છુક હતો. સૈનિકો તેના શરીરમાંથી તલ તલ જેવડા ટુકડા કાપી રહ્યા હતા અને તે નાના નાના માંસના ટુકડા કાગડા આદિ પક્ષીઓને ખવડાવતા હતા. તે પાપી પુરુષને સેંકડો પત્થરો તથા ચાબુકો મારવામાં આવતા હતા. અનેક સ્ત્રી, પુરુષોથી ઘેરાયેલો, બધા ચોરા આદિ પર તેની ઉદ્‌ઘોષણા કરવામાં આવી રહી હતી અર્થાત્ ચાર અથવા તેનાથી પણ વધારે રસ્તાઓ મળતા હોય તેવાં સ્થાનો પર ફૂટેલા ઢોલ વગાડીને તેના સંબંધમાં ઘોષણા કરવામાં આવતી હતી, તે આ પ્રમાણે હતી–

હે મહાનુભાવો ! આ ઉજ્ઝિતક બાળકને પકડીને રાજા અથવા રાજપુત્રે કોઈ અપરાધ નથી કર્યો અર્થાત્ તેની આ દુર્દશા માટે બીજા કોઈ દોષિત નથી પરંતુ આ તેના પોતાનાં જ કર્મોનો દોષ છે તેથી આ ખરાબ અવસ્થાને પામ્યો છે.

**૭ तए णं से भगवओ गोयमस्स तं पुरिसं पासित्ता इमे अज्झत्थिए** *जाव* **मणोगए संकप्पे समुप्पज्जित्था– अहो णं इमे पुरिसे** *जाव* **णरयपडिरूवियं वेयणं वेएइ त्ति कट्टु वाणियगामे णयरे उच्च–णीय–मज्झिमकुलाइं** *जाव* **अडमाणे अहापज्जत्तं सामुदाणियं गिण्हइ, गिण्हित्ता वाणियगामे णयरे मज्झं मज्झेणं** *जाव* **भत्तपाणं पडिदंसेइ, पडिदंसित्ता समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– एवं खलु अहं भंते ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे वाणियगामे णयरे** *जाव* **तहेव सव्वं णिवेएइ । से णं भंते! पुरिसे पुव्वभवे के आसी ?** *जाव* **पच्चणुभवमाणे विहरइ ?**

**ભાવાર્થ** :– ત્યાર પછી તે પુરુષને જોઈને ભગવાન ગૌતમના મનમાં એવો વિચાર ***યાવત્*** મનઃ સંકલ્પ ઉત્પન્ન થયો કે અહો ! આ પુરુષ ***યાવત્*** કેવી નરક સમાન વેદનાનો અનુભવ કરી રહ્યો છે. આવો વિચાર કરીને વાણિજ્યગ્રામ નગરમાં ધનિક, નિર્ધન અને મધ્યમ કોટિના ઘરોમાં ભ્રમણ કરતાં આવશ્યકતાનુસાર ભિક્ષા લઈને વાણિજ્યગ્રામ નગરની મધ્યમાંથી પસાર થતાં ***યાવત્*** શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પાસે આવ્યા અને લાવેલી ભિક્ષા બતાવી. ત્યાર પછી ભગવાનને વંદના, નમસ્કાર કરીને આ પ્રમાણે કહેવા લાગ્યા–

હે પ્રભો ! આપની આજ્ઞાથી હું ભિક્ષા માટે વાણિજ્યગ્રામ નગરમાં ગયો વગેરે સર્વ હકીકત કહીને પૂછ્યું– હે ભગવન્ ! તે પુરુષ પૂર્વભવમાં કોણ હતો ? ***યાવત્*** કયા કારણથી આવી નરક સમાન વેદનાનો અનુભવ કરી રહ્યો છે ?

## પૂર્વભવ–વિવરણ :-

**૮ एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहे वासे हत्थिणाउरे णामं णयरे होत्था । वण्णओ । तत्थ णं हत्थिणाउरे णयरे सुणंदे णामं राया होत्था । महया हिमवंत** *जाव* **रज्जं पसासेमाणे विहरइ । तत्थ णं हत्थिणाउरे णयरे बहुमज्झदेसभाए महं एगे गोमंडवे होत्था । अणेगखम्भसयसंणिविट्ठे, पासाईए दरिसणिज्जे अभिरूवे पडिरूवे । तत्थ णं बहवे णगरगोरूवाणं सणाहा य अणाहा य णगरगावीओ य णगरबलीवद्दा य णगरपड्डियाओ य णगर महिसीओ य णगरवसभा य पउरतणपाणिया णिब्भया णिरुव्विग्गा सुहंसुहेणं परिवसंति ।**

**ભાવાર્થ :–** હે ગૌતમ ! તે પુરુષના પૂર્વભવનો વૃત્તાંત આ પ્રમાણે છે– તે કાળે અને સમયે આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં આ ભરતક્ષેત્રમાં હસ્તિનાપુર નામનું એક સમૃદ્ધિશાળી નગર હતું. અહીં નગરનું વિસ્તૃત વર્ણન જાણવું. તે નગરમાં સુનંદ નામનો રાજા હતો. તે હિમાલય પર્વત સમાન મહાન ***યાવત્*** રાજ્યનું સંચાલન સારી રીતે કરતો હતો. તે હસ્તિનાપુર નગરના લગભગ મધ્યપ્રદેશમાં સેંકડો સ્તંભોથી બનાવેલ સુંદર, મનોહર, મનને પ્રસન્ન કરનારી એક વિશાળ ગોશાળા હતી. તેમાં નગરનાં સનાથ અને અનાથ પશુઓ, નગરની ગાયો, બળદો, નગરની નાની નાની વાછરડીઓ તેમજ ભેંસો, સાંઢો વગેરે પ્રચુર પ્રાણીઓ ભય અને ત્રાસથી રહિત થઈને સુખપૂર્વક રહેતાં હતાં અથવા તેમને ત્યાં ઘાસ અને પાણી પર્યાપ્ત રૂપમાં મળતું હતું.

**૯ तत्थ णं हत्थिणाउरे णयरे भीमे णामं कूडग्गाहे होत्था, अहम्मिए** *जाव* **दुप्पडियाणंदे । तस्स णं भीमस्स कूडग्गाहस्स उप्पला णामं भारिया होत्था । अहीणपडिपुण्णपंचिंदियसरीरा वण्णओ । तए णं सा उप्पला कूडग्गाहिणी अण्णया कयाइ आवण्णसत्ता जाया यावि होत्था । तएणं णं तीसे उप्पलाए कूडग्गाहिणीए तिण्हं मासाणं बहुपडिपुण्णाणं अयमेवारूवे दोहले पाउब्भूए–**

**ભાવાર્થ :–** તે હસ્તિનાપુર નગરમાં ભીમ નામનો એક કૂટગ્રાહ(કોટવાળ) રહેતો હતો. તે સ્વભાવથી જ અધર્મી ***યાવત્*** મહામહેનતે પ્રસન્ન થનાર હતો. તે ભીમ કૂટગ્રાહની ઉત્પલા નામની સ્ત્રી હતી. તે સંપૂર્ણ પાંચ ઈન્દ્રિય યુક્ત હતી વગેરે સ્ત્રીનું સંપૂર્ણ વર્ણન જાણવું. એકદા તે ઉત્પલા ગર્ભવતી થઈ. તે

ઉત્પલાને પૂરા ત્રણ મહીને આ પ્રકારનો દોહદ ઉત્પન્ન થયો.

## ઉત્પલાના પાપકારી દોહદનું વર્ણન :–

**૧૦** धण्णाओ णं ताओ अम्मयाओ, सपुण्णाओ णं ताओ अम्मयाओ, कयत्थाओ णं ताओ अम्मयाओ, कयपुण्णाओ णं ताओ अम्मयाओ, कयलक्खणाओ णं ताओ अम्मयाओ, कयविहवाओ णं ताओ अम्मयाओ, सुलद्धे णं तासिं माणुस्सए जम्मजीवियफले जाओ णं बहूणं णगरगोरूवाणं सणाहाण य *जाव* वसहाण य ऊहेहि य थणेहि य वसणेहि य छेप्पाहि य ककुहेहि य वहेहि य कण्णेहि य अच्छीहि य णासाहि य जिब्भाहि य ओट्ठेहि य कंबलेहि य सोल्लेहि य तलिएहि य भज्जिएहि य परिसुक्केहि य लावणेहि य सुरं च महुं च मेरगं च जाइं च सीहुं च पसण्णं च आसाएमाणीओ विसाएमाणीओ, परिभाएमाणीओ परिभुंजेमाणीओ दोहलं विणेंति । तं जइ णं अहमवि *जाव* दोहलं विणिज्जामि त्ति कट्टु तंसि दोहलंसि अविणिज्जमाणंसि सुक्का भुक्खा णिम्मंसा ओलुग्गा ओलुग्गसरीरा णित्तेया दीण-विमण-वयणा पंडुल्लइयमुहा ओमंथिय-णयण-वयण-कमला जहोइयं पुप्फवत्थगंधमल्लालंकाराहारं अपरिभुंजमाणी करयलमलियव्व कमलमाला ओहय मणसंकप्पा करयलपल्हत्थमुही अट्टज्झाणोवगया भूमिगयदिट्ठीया झियाइ ।

**ભાવાર્થ :–** તે માતાઓ ધન્ય છે, પુણ્યવતી છે, કૃતાર્થ છે, સુલક્ષણા છે, એનો વૈભવ સફળ છે, એનો મનુષ્ય જન્મ અને જીવન પણ સાર્થક છે કે જે અનેક અનાથ, સનાથ નાગરિક પશુઓ ***યાવત્*** બળદોના ઉધસ–જેમાં દૂધ હોય તેવો આંચળનો ઉપરનો ભાગ, સ્તન, વૃષણ–અંડકોષ, પૂંછ, કકુદ(ખૂંધ)–ખભાની ઉપરનો ભાગ, મસ્તક, કર્ણ, નેત્ર, નાસિકા, જીભ, હોઠ તથા ગોદડી(સાસ્ના–ગાયના ગળાનું ચામડું) વગેરેને કાપીને અને શૂલમાં લઈ અગ્નિમાં પકાવેલાં, તળેલાં, ભૂંજેલાં(સેકેલાં), સુકાયેલાં અને મીઠું ચડાવેલાં માંસની સાથે સુરા, મધુ(ફૂલમાંથી બનાવેલ મદિરા વિશેષ), મેરક(તાડી), જાતિ, સીધુ(એક ખાસ પ્રકારનો દારૂ જે ગોળ તેમજ અનાજના મિશ્રથી ઉત્પન્ન થાય છે), પ્રસન્ના(દ્રાક્ષથી બનતી મદિરા), આ બધા પ્રકારની મદિરાનું સામાન્ય અને વિશેષ રૂપથી આસ્વાદન(અલ્પ માત્રામાં), વિસ્વાદન(વધારે માત્રામાં), પરિભાગ(બીજાને આપવી) તથા પરિભોગ કરતી પોતાના દોહદને પૂર્ણ કરે છે. તો હું પણ એ રીતે મારા દોહદને પૂર્ણ કરું.

આ પ્રમાણે વિચાર કર્યા પછી તે દોહદ પૂર્ણ ન થવાથી તે ઉત્પલા નામની કૂટગ્રાહની પત્ની સુકાવા લાગી(ભોજન ન કરવાથી શક્તિહીન થઈ ગઈ), ભૂખ્યા વ્યક્તિ જેવી દેખાવા લાગી, માંસ રહિત

હાડપિંજર જેવી થઈ ગઈ, રોગી તેમજ રોગીના જેવી શિથિલ શરીરવાળી બની ગઈ, કાંતિ રહિત થઈ ગઈ, દીન તથા ચિંતાતુર મુખવાળી થઈ ગઈ, તેનું મુખ પીળું પડી ગયું, આંખ અને મોઢું નિસ્તેજ બની ગયાં, યથોચિત પુષ્પ, વસ્ત્ર, માળા, અલંકાર અને હાર આદિનો ઉપભોગ ન કરવાથી, હાથથી ચોળેલી પુષ્પમાળાની જેમ મ્લાન થયેલી, કર્તવ્ય અને અકર્તવ્યના વિવેક ભાનથી રહિત બનેલી, માથા પર હાથ ધરી અને નીચે મુખ કરી ચિંતાગ્રસ્ત બનેલી તે આર્તધ્યાન કરવા લાગી.

**११ इमं च णं भीमे कूडग्गाहे जेणेव उप्पला कूडग्गाहिणी तेणेव उवागच्छइ, उवागच्छित्ता ओहय** *जाव* **झियायमाणिं पासइ, पासित्ता एवं वयासी– किं णं तुमे देवाणुप्पिए ! ओहय** *जाव* **झियासि ?**

**तए णं सा उप्पला भारिया भीमं कूडग्गाहं एवं वयासी– एवं खलु, देवाणुप्पिया ! मम तिण्हं मासाणं बहुपडिपुण्णाणं दोहला पाउब्भूया– धण्णा णं ताओ अम्मयाओ** *जाव* **दोहलं विणेंति । तए णं अहं देवाणुप्पिया ! तंसि दोहलंसि अविणिज्जमाणंसि** *जाव* **झियामि ।**

**ભાવાર્થ :–** જ્યાં ઉત્પલા કૂટગ્રાહિણી હતી, ત્યાં ભીમ નામનો તેનો પતિ કૂટગ્રાહ (કોટવાળ) આવ્યો અને તેને આર્તધ્યાન કરતી ***યાવત્*** ચિંતાગ્રસ્ત ઉત્પલાને જોઈને આ પ્રમાણે કહેવા લાગ્યો– હે દેવાનુપ્રિયા ! તમે કેમ શોકાકુળ થઈ ***યાવત્*** હથેળી પર મુખ રાખીને આર્તધ્યાનમાં મગ્ન છો ? ત્યારે તે ઉત્પલા પત્નીએ કહ્યું– હે સ્વામી ! લગભગ ત્રણ માસ પૂર્ણ થવા પર મને આ દોહદ ઉત્પન્ન થયો છે કે તે માતાઓ ધન્ય છે કે જે પોતાના દોહદને પૂર્ણ કરે છે. હે દેવાનુપ્રિય ! હું તે દોહદ પૂર્ણ ન થવાથી નિસ્તેજ અને હતોત્સાહ થઈને ***યાવત્*** આર્તધ્યાનમાં મગ્ન છું.

**१२ तए णं से भीमे कूडग्गाहे उप्पलं भारियं एवं वयासी– मा णं तुमं देवाणुप्पिया ! ओहयमणसंकप्पा** *जाव* **झियाहि ; अहं णं तहा करिस्सासि जहा णं तव दोहलस्स संपत्ती भविस्सइ । ताहिं इट्ठाहिं कंताहिं पियाहिं मणुण्णाहिं मणामाहिं वग्गूहिं समासासेइ ।**

**तए णं से भीमे कूडग्गाहे अद्धरत्तकालसमयंसि एगे अबीए सण्णद्ध बद्ध वम्मियकवए उप्पीलियसरासणपट्टीए पिणद्धगेवेज्जे विमलवरबद्धचिंधपट्टे गहियाउह पहरणे सयाओ गिहाओ णिग्गच्छइ, णिग्गच्छित्ता हत्थिणाउरं णयरं मज्झंमज्झेणं जेणेव गोमंडवे तेणेव उवागए, बहूणं णगरगोरूवाणं** *जाव* **वसभाण य अप्पेगइयाणं ऊहे छिंदइ** *जाव* **अप्पेगइयाणं कंबले छिंदइ, अप्पेगइयाणं अण्णमण्णाइं अंगोवंगाइं वियंगेइ, वियंगेत्ता जेणेव सए गिहे**

**तेणेव उवागच्छइ, उवागच्छित्ता उप्पलाए कूडग्गाहिणीए उवणेइ । तए णं सा उप्पला भारिया तेहिं बहूहिं गोमंसेहि य सोल्लेहि य** *जाव* **परिभुंजमाणी तं दोहलं विणेइ । तए णं सा उप्पला कूडग्गाहिणी संपुण्णदोहला संमाणियदोहला विणीयदोहला वोच्छिण्णदोहला संपण्णदोहला तं गब्भं सुहंसुहेणं परिवहइ ।**

**ભાવાર્થ :–** ત્યારે કૂટગ્રાહે પોતાની ઉત્પલા પત્નીને કહ્યું– હે દેવાનુપ્રિયા ! તમે ચિંતા ન કરો, આર્તધ્યાન ન કરો. હું એવું કરીશ કે જેનાથી તમારા આ દોહદની પૂર્તિ થઈ જશે. આ પ્રમાણે ઈષ્ટ, પ્રિય, કાંત, મનોહર, મનોજ્ઞ અને મણામ વચનોથી તેને આશ્વાસન આપ્યું.

ત્યાર પછી ભીમ કૂટગ્રાહ અર્ધરાત્રિના સમયે એકલો જ મજબૂત કવચ પહેરીને, ધનુષ્ય–બાણથી સજ્જ થઈને, ગળામાં માળા ધારણ કરીને તેમજ શસ્ત્રાસ્ત્ર લઈને પોતાના ઘરેથી નીકળ્યો અને હસ્તિનાપુર નગરની મધ્યમાં થઈને જ્યાં ગોશાળા હતી ત્યાં આવ્યો. આવીને અનેક નાગરિક પશુઓ ***યાવત્*** સાંઢોમાંથી કોઈકના ઉધસ(આંચળ)કાપ્યા છે, ***યાવત્*** કોઈકની સાસ્ના–ગળાની નીચેની ચામડી અને કેટલાંકના અન્ય અંગોપાંગો કાપ્યા છે, કાપીને પોતાના ઘરે આવે છે. આવીને પોતાની પત્ની ઉત્પલાને આપ્યા. ત્યાર પછી તે ઉત્પલાએ અનેક પ્રકારે શૂલ વગેરે ઉપર પકાવેલા તે ગોમાંસ આદિની સાથે અનેક પ્રકારની મદિરા આદિનું સેવન કરીને પોતાના દોહદને પૂર્ણ કર્યો આ પ્રમાણે તે પરિપૂર્ણ દોહદવાળી, સમ્માનિત દોહદવાળી, વિનીત દોહદવાળી, નિવૃત્ત દોહદવાળી થઈને તે ઉત્પલા સુખપૂર્વક ગર્ભને ધારણ કરવા લાગી.

### ગોત્રાસક બાળકનો જન્મ :–

**१३ तए णं सा उप्पला कूडग्गाहिणी अण्णया कयाइ णवण्हं मासाणं बहुपडिपुण्णाणं दारगं पयाया । तए णं तेणं दारएणं जायमेत्तेणं चेव महया महया चिच्ची सद्देणं विघुट्ठे विस्सरे आरसिए ।**

**तए णं तस्स दारगस्स आरसियसद्दं सोच्चा णिसम्म हत्थिणाउरे णयरे बहवे णगरगोरूवा** *जाव* **वसभा य भीया तत्था तसिया उव्विग्गा सव्वओ समंता विप्पलाइत्था । तए णं तस्स दारगस्स अम्मापियरो अयमेयारूवं णामधेज्जं करेंति –जम्हा णं अम्हं इमेणं दारएणं जायमेत्तेणं चेव महया महया चिच्ची सद्देणं विघुट्ठे विस्सरे आरसिए, तए णं एयस्स दारगस्स आरसियणसद्दं सोच्चा णिसम्म हत्थिणाउरे णयरे बहवे णगरगोरूवा** *जाव* **भीया तत्था तसिया उव्विग्गा सव्वओ समंता विप्पलाइत्था, तम्हा णं होउ अम्हं दारए गोत्तासए णामेणं । तए णं से गोत्तासए दारए उम्मुक्कबालभावे जाए यावि होत्था ।**

**ભાવાર્થ** :– ત્યાર પછી તે ઉત્પલા નામની કૂટગ્રાહિણીએ નવ માસ પરિપૂર્ણ થતાં પુત્રને જન્મ આપ્યો. જન્મતાંની સાથે જ તે બાળકે અત્યંત કર્કશ તેમજ ચિત્કારપૂર્ણ ભયંકર શબ્દ કર્યો. તે બાળકના કઠોર ચિત્કારપૂર્ણ શબ્દોને સાંભળીને અને હૃદયમાં અવધારણ કરીને હસ્તિનાપુરનગરનાં ઘણાં નગરના પશુ, ગાય, વાછરડાં ***યાવત્*** બળદાદિ ભયભીત તેમજ ઉદ્વેગને પામીને ચારે દિશામાં ભાગવાં લાગ્યાં. તેથી તે બાળકના માતાપિતાએ તેનો નામકરણ સંસ્કાર કરતા કહ્યું કે જન્મ લેતાં જ આ બાળકે **"ચિચ્ચી"** અત્યંત કર્ણકટુ ચીત્કાર કરીને ભીષણ અવાજ–આક્રંદ કર્યું છે, તે સાંભળીને તથા અવધારણ કરીને હસ્તિનાપુરનાં ગાય આદિ નાગરિક પશુઓ ભયભીત તથા ઉદ્વિગ્ન બની ચારે તરફ ભાગવાં લાગ્યાં, તેથી આ બાળકનું નામ "ગોત્રાસક" (ગાય આદિ પશુઓને ત્રાસ આપનાર) રાખવામાં આવે છે. ત્યાર પછી ગોત્રાસક બાળકે બાલ્યાવસ્થા છોડીને યુવાવસ્થામાં પ્રવેશ કર્યો.

**१४ तए णं से भीमे कूडग्गाहे अण्णया कयाइ कालधम्मुणा संजुत्ते । तए णं से गोत्तासए दारए बहूणं मित्त–णाइ–णियग–सयण संबंधि–परियणेणं सद्धिं संपरिवुडे रोयमाणे कंदमाणे विलवमाणे भीमस्स कूडग्गाहस्स णीहरणं करेइ, करेत्ता बहूहिं लोइयमयकिच्चाइं करेइ । तए णं से सुणंदे राया गोत्तासं दारयं अण्णया कयाइ सयमेव कूडग्गाहत्ताए ठावेइ । तए णं से गोत्तासे दारए कूडग्गाहे जाए यावि होत्था अहम्मिए** *जाव* **दुप्पडियाणंदे ।**

**ભાવાર્થ** :– ત્યાર પછી એકદા ભીમ કૂટગ્રાહ મૃત્યુ પામ્યો. ત્યારે તે બાળક ગોત્રાસકે પોતાના મિત્ર, જ્ઞાતિજનો, આપ્તજનો, સ્વજનો(કાકાદિ), સંબંધી(શ્વસુરાદિ)અને પરિજનો(નોકરવર્ગથી) ઘેરાઈને રુદન, આક્રંદ અને વિલાપ કરતાં ભીમ કૂટગ્રાહનો અગ્નિસંસ્કાર કર્યો અને કેટલીક લૌકિક મૃતકની ક્રિયાઓ પણ કરી.

ત્યાર પછી સુનંદ રાજાએ ગોત્રાસકને જ કોટવાળના પદ પર નિયુક્ત કર્યો ત્યારે ગોત્રાસક પણ પોતાના પિતાની જેમ જ મહાન અધર્મી ***યાવત્*** દુષ્પ્રત્યાનંદી(ઘણી મુશ્કેલીથી પ્રસન્ન થનાર) બન્યો.

## ગોત્રાસકનું પાપિષ્ટ જીવન અને દુર્ગતિ :–

**१५ तए णं गोत्तासे कूडग्गाहे कल्लाकल्लिं अद्धरत्तियकालसमयंसि एगे अबीए सण्णद्धबद्धकवए** *जाव* **गहियाउहप्पहरणे सयाओ गिहाओ णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेवगोमंडवे तेणेव उवागच्छइ, उवागच्छित्ता बहूणं णगरगोरूवाणं सणाहाण य अणाहाण य** *जाव* **वियंगेइ, वियंगेत्ता जेणेव सए गिहे तेणेव उवागच्छइ । तए णं से गोत्तासे कूडग्गाहे तेहिं बहूहिं गोमंसेहि य सोल्लेहि य** *जाव* **परिभुंजमाणे विहरइ । तए णं से गोत्तासए कूडग्गाहे ए**

**यकम्मे एयप्पहाणे एयविज्जे एयसमयारे सुबहुं पावकम्मं समिज्जिणित्ता पंचवाससयाइं परमाउयं पालइत्ता अट्टदुहट्टोवगए कालमासे कालं किच्चा दोच्चाए पुढवीए उक्कोसं तिसागरोवम ठिइएसु णेरइएसु णेरइयत्ताए उववण्णे ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે ગોત્રાસક દરરોજ અર્ધરાત્રિના સમયે સૈનિકની જેમ તૈયાર થઈને કવચ પહેરીને તેમજ શસ્ત્રાસ્ત્રોને ધારણ કરીને પોતાના ઘરેથી નીકળીને, ગોમંડપ(ગૌશાળા)માં જઈને સનાથ–અનાથ અનેક નાગરિક પશુઓના અંગોપાંગોને કાપીને પોતાના ઘરે લાવી, તે ગાય વગેરે પશુઓનાં શૂળ પક્વ માંસ અને મદિરા આદિનું સેવન કરતો જીવન વિતાવતો હતો.

ત્યાર બાદ તે ગોત્રાસક કૂટગ્રાહ આવા પ્રકારનાં કર્મોવાળો, આ રીતનાં કાર્યોને મુખ્ય માનનારો, આવી પાપરૂપ વિદ્યાને જાણનારો તથા આવા પ્રકારનાં ક્રૂર આચરણવાળો, વિવિધ પ્રકારનાં પાપકર્મોનું ઉપાર્જન કરીને પાંચસો વર્ષનું પૂરું આયુષ્ય ભોગવીને , ચિંતા અને દુઃખથી પીડિત થતો મૃત્યુના સમયે કાળ કરીને ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમની સ્થિતિવાળી બીજી નરકમાં નારકી રૂપે ઉત્પન્ન થયો.

## વિવેચન :–

આ અધ્યયનમાં વર્ણિત બાળકનું નામ 'ગોત્રાસક' છે. વિભિન્ન પ્રતોમાં મૂળપાઠમાં ગોત્તાસળ–ગોત્રાસક અને ગોત્રાસ બંને શબ્દો જોવા મળે છે. નામની દૃષ્ટિએ ગોત્રાસક નામ યથોચિત્ત જણાય છે.

## ઉજ્ઝિતકનો જન્મ :–

**१६ तए णं विजयमित्तस्स सत्थवाहस्स सुभद्दा णामं भारिया जायणिंदुया यावि होत्था । जाया जाया दारगा विणिहायमावज्जंति । तए णं से गोत्तासे कूडग्गाहे दोच्चाए पुढवीए अणंतरं उवट्टित्ता इहेव वाणियगामे णयरे विजयमित्तस्स सत्थवाहस्स सुभद्दाए भारियाए कुच्छिसि पुत्तत्ताए उवण्णे । तए णं सा सुभद्दा सत्थवाही अण्णया कयाइ णवण्हं मासाणं बहुपडिपुण्णाणं दारगं पयाया ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી વિજયમિત્ર સાર્થવાહની સુભદ્રા નામની સ્ત્રી જાતનિન્દુકા(જન્મતાં જ મરી જાય તેવા બાળકને જન્મ આપનારી) હતી. તેથી તેનાં બાળકો જન્મતાં જ મરી જતાં હતાં. ત્યાર પછી તે ગોત્રાસક કૂટગ્રાહનો જીવ બીજી નરકમાંથી નીકળીને વાણિજ્યગ્રામ નગરના વિજયમિત્ર સાર્થવાહની સુભદ્રા નામની સ્ત્રીના ગર્ભમાં પુત્ર રૂપે ઉત્પન્ન થયો, નવ માસ પરિપૂર્ણ થતાં સુભદ્રા સાર્થવાહીએ પુત્રને જન્મ આપ્યો.

**१७** **तए णं सा सुभद्दा सत्थवाही तं दारगं जायमेत्तयं चेव एगंते उक्कुरुडियाए उज्झावेइ, उज्झावित्ता दोच्चंपि गिण्हावेइ गिण्हावित्ता अणुपुव्वेणं सारक्खेमाणी संगोवेमाणी संवड्ढेइ ।**

**तए णं तस्स दारगस्स अम्मापियरो ठिइवडियं च चंदसूरदंसणं च जागरियं च महया इड्ढीसक्कारसमुदएणं करेंति । तए णं तस्स दारगस्स अम्मापियरो एक्कारसमे दिवसे णिव्वत्ते, संपत्ते बारसमे दिवसे इममेयारूवं गोण्णं गुणणिप्फण्णं णामधेज्जं करेंति– जम्हा णं अम्हं इमे दारए जायमेत्तए चेव एगंते उक्कुरुडियाए उज्झिए, तम्हा णं होउ अम्हं दारए उज्झियए णामेणं । तए णं से उज्झियए दारए पंचधाईपरिग्गहिए, तं जहा– खीरधाईए मज्जणधाईए मंडणधाईए कीलावणधाईए अंकधाईए, एवं जहा दढपइण्णे** *जाव* **णिव्वाघाए गिरिकंदरमल्लीणे विव चम्पयपायवे सुहंसुहेणं परिवड्ढइ ।**

**ભાવાર્થ :–** ત્યારે સુભદ્રા સાર્થવાહીએ તે બાળકને જન્મ થતાં જ એકાંતમાં ઉકરડામાં ફેંકાવી દીધો અને પાછો તેને ઉપાડી લીધો હતો પછી ક્રમથી સંરક્ષણ અને સંગોપન(ઉછેર) કરતી તેને ઉછેરવા લાગી. ત્યારપછી તે બાળકનાં માતાપિતાએ મહાન ઋદ્ધિસત્કાર અને આડંબર સાથે કુળમર્યાદા પ્રમાણે પુત્ર જન્મ મહોત્સવ કર્યો. ચંદ્ર–સૂર્યદર્શનનો તથા જાગરણનો મહોત્સવ કર્યો. અગિયાર દિવસ વ્યતીત થયા પછી તે બાળકનાં માતાપિતા બારમા દિવસે ગુણનિષ્પન્ન ગુણને અનુરૂપ નામકરણ આ પ્રમાણે કર્યું–અમારા આ બાળકને જન્મતાં જ ઉકરડામાં ફેંકી દીધો હતો તેથી અમારા આ બાળકનું નામ "ઉજ્ઝિતક" રાખવામાં આવે છે. ત્યાર પછી તે ઉજ્ઝિતકકુમાર (૧) ક્ષીરધાત્રી–દૂધ પીવડાવનારી, (૨) સ્નાનધાત્રી–સ્નાન કરાવનારી, (૩) મંડનધાત્રી–વસ્ત્રાભૂષણથી અલંકૃત કરનારી, (૪) ક્રીડાપનધાત્રી–રમાડનારી અને (૫) અંકધાત્રી– ખોળામાં બેસાડીને જમાડનારી. આ પાંચ ધાયમાતાઓ દ્વારા ઔપપાતિક સૂત્ર વર્ણિત દઢ પ્રતિજ્ઞકુમારની જેમ ***યાવત્*** નિર્વિઘ્નરૂપે પર્વતની કંદરામાં રહેલા ચંપકવૃક્ષની જેમ સુખપૂર્વક વૃદ્ધિ પામવા લાગ્યો.

### ઉજ્ઝિતકનાં માતાપિતાનું મૃત્યુ :–

**१८** **तए णं से विजयमित्ते सत्थवाहे अण्णया कयाइ गणिमं च धरिमं च मेज्जं च पारिछेज्जं च चउव्विहं भंडं गहाय लवणसमुद्दं पोयवहणेण उवागए । तए णं से तत्थ लवणसमुद्दे पोयविवत्तीए णिब्बुडभंडसारे अत्ताणे असरणे कालधम्मुणा संजुत्ते ।**

**तए णं तं विजयमित्तं सत्थवाहं जे जहा बहवे ईसर–तलवर–माडंबिय**

**कोडुंबिय–इब्भ–सेट्ठि–सत्थवाहा लवणसमुद्दे पोयविवत्तीए णिब्बुड्डभडसारं कालधम्मुणा संजुत्तं सुणेंति, ते तहा हत्थणिक्खेवं च बाहिरभांडसारं च गहाय एगंते अवक्कमंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કયારેક વિજયમિત્ર સાર્થવાહે વહાણ દ્વારા ગણિમ –નાળિયેર વગેરે ગણતરીપૂર્વક વેચવામાં આવતી વસ્તુ, ધરિમ–ઘી,તેલ,સાકર વગેરે તોળીને વેચાતી વસ્તુ, મેય–કપડાં વગેરે માપીને વેચવામાં આવતી વસ્તુ અને પરિચ્છેદ્ય– હીરા,પન્ના વગેરે પરીક્ષા કરીને વેચાતી વસ્તુ, રૂપ ચાર પ્રકારની વહેચાણ યોગ્ય વસ્તુઓને લઈને વહાણ દ્વારા લવણસમુદ્રમાં પ્રસ્થાન કર્યું પરંતુ લવણસમુદ્રમાં વહાણનો નાશ થવાથી વિજયમિત્રની ઉક્ત ચારે પ્રકારની મહામૂલ્યવાળી વસ્તુઓ પાણીમાં ડૂબી ગઈ અને તે પોતે પણ ત્રાણરહિત(જેની કોઈ રક્ષા કરનારું ન હોય) અને અશરણરૂપ (જેને કોઈ આશ્રય આપનાર ન હોય) થઈ જવાથી મૃત્યુ પામ્યો. ત્યાર પછી ઈશ્વર, તલવર, માંડલિક, કૌટુંબિક, ધનવાન, શેઠ અને સાર્થવાહોએ જ્યારે લવણ સમુદ્રમાં વહાણ નષ્ટ થયું તે તથા મહામૂલ્યવાન કરિયાણું જળમાં ડૂબી જવાથી ત્રાણ અને શરણથી રહિત વિજયમિત્રના મૃત્યુના સમાચાર સાંભળ્યા ત્યારે હાથોહાથ લીધેલી સંપત્તિ(થાપણ) અને તે સિવાયનાં બહુમૂલ્ય વસ્ત્ર, આભૂષણ આદિ લઈને એકાંત સ્થાનમાં ચાલ્યા ગયા.

**૧૯ तए णं सा सुभद्दा सत्थवाही विजयमित्तं सत्थवाहं लवणसमुद्दे पोयविवत्तीएणिब्बुडभांडसारं कालधम्मुणा संजुत्तं सुणेइ, सुणित्ता महया पइसोएणं अप्फुण्णा समाणी परसुणियत्ता विव चम्पगलया धस त्ति धरणीयलंसि सव्वंगेण संणि–वडिया । तए णं सा सुभद्दा सत्थवाही मुहुत्तंतरेण आसत्था समाणी बहूहिं मित्त णाइ णियग–सयण– संबंधि– परियणेणं संद्धि परिवुडा रोयमाणी कंदमाणी विलवमाणी विजयमित्त– सत्थवाहस्स लोइयाइं मयकिच्चाइं करेइ । तए णं सा सुभद्दा सत्थवाही अण्णया कयाइ लवणसमुद्दोत्तरणं च लच्छिविणासं च पोयविणासं च पइमरणं च अणुचिंतेमाणी अणुचिंतेमाणी कालधम्मुणा संजुत्ता ।**

**ભાવાર્થ :–** જ્યારે સુભદ્રા સાર્થવાહીએ લવણસમુદ્રમાં વહાણના નાશ થઈ જવાના કારણે કરિયાણું પાણીમાં ડૂબી જવાની સાથે વિજયમિત્ર સાર્થવાહના મૃત્યુના સમાચાર સાંભળ્યા ત્યારે તે પતિ વિયોગજન્ય મહાન શોકથી વ્યાપ્ત થઈ અને કુહાડાથી કાપેલી ચંપકવૃક્ષની શાખાની જેમ ધડામ કરતી પૃથ્વી તળ પર પડી ગઈ. પછી થોડા સમય બાદ આશ્વાસન મેળવીને સ્વસ્થ થઈને તથા અનેક મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ તથા પરિજનોથી ઘેરાયેલી રુદન, કંદન તથા વિલાપ કરતી તેણે વિજયમિત્રની લૌકિક મૃતક ક્રિયા કરી. ત્યાર બાદ તે સુભદ્રા સાર્થવાહી થોડા સમય પછી લવણસમુદ્રમાં પતિનું ગમન, લક્ષ્મીનો વિનાશ, વહાણનું ડૂબવું તથા પતિનું મૃત્યુ એ બધી ચિંતામાં નિમગ્ન થઈને ચિંતામાં જ મરણ પામી.

**ઉજ્ઝિતકકુમાર બેઘર અને દુર્વ્યસની :-**

**२० तए णं ते णगरगुत्तिया सुभद्दं सत्थवाहिं कालगयं जणित्ता उज्झियगं दारगं सयाओ गिहाओ णिच्छुभेंति, णिच्छुभित्ता तं गिहं अण्णस्स दलयंति ।**

**तए णं से उज्झियए दारए सयाओ गिहाओ णिच्छूढे समाणे वाणियगामे णगरे सिंघाडग तिग-चउक्क-चच्चर-महापह पहेसु जूयखलएसु, वेसियाघरेसु पाणागारेसु य सुहंसुहेणं परिवड्ढइ । तए णं से उज्झियए दारए अणोहट्टिए अणिवारए सच्छंदमई सइरप्पयारे मज्जप्पसंगी चोरजूयवेसदारप्पसंगी जाए यावि होत्था । तए णं से उज्झियए अण्णया कयाइं कामज्झयाए गणियाए सद्धिं संपलग्गे जाए यावि होत्था । कामज्झयाए गणियाए सद्धिं विउलाइं उरालाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणे विहरइ ।**

**ભાવાર્થ :-** ત્યાર બાદ નગર રક્ષક પુરુષોએ સુભદ્રા સાર્થવાહીના મૃત્યુના સમાચાર સાંભળીને ઉજ્ઝિતક કુમારને ઘરમાંથી કાઢી મૂક્યો અને તેનું ઘર બીજા કોઈને આપી દીધું. (જે ઉજ્ઝિતકના પિતા પાસે પૈસા માંગતા હતા, અધિકારીઓએ ઉજ્ઝિતકને કાઢીને રૂપિયાના બદલામાં તેનું ઘર તેને આપ્યું).

પોતાના ઘરેથી કાઢી મૂકવાથી ઉજ્ઝિતકકુમાર વાણિજ્યગ્રામ નગરના ત્રિપથ, ચતુષ્પથ, ચત્વર, રાજમાર્ગ તેમજ સામાન્ય માર્ગો પર તથા જુગારગૃહો, વેશ્યાગૃહો અને મદિરાપાનનાં સ્થાનોમાં સુખપૂર્વક પરિભ્રમણ કરવા લાગ્યો. કોઈ જાતની રોકટોક વિનાનો, સ્વચ્છંદ મતિવાળો તેમજ નિરંકુશ બનેલો તે ચોરી, જુગાર, વેશ્યાગમન અને પરસ્ત્રીગમનમાં આસક્ત થઈ ગયો. કોઈ વખતે કામધ્વજા નામની વેશ્યા સાથે સ્નેહ સંબંધ બંધાતાં તે મનુષ્ય સંબંધી પ્રધાન કામભોગોનો ઉપભોગ કરતો સમય પસાર કરવા લાગ્યો.

**२१ तए णं तस्स मित्तस्स रण्णो अण्णया कयाइ सिरीए देवीए जोणिसूले पाउब्भूए यावि होत्था, णो संचाएइ विजयमित्ते राया सिरीए देवीए सद्धिं उरालाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणे विहरित्तए ।**

**तए णं मित्ते राया अण्णया कयाइं उज्झियदारयं कामज्झयाए गणियाए गिहाओ णिच्छुभावेइ, णिच्छुभावित्ता कामज्झयं गणियं अब्भिंतरियं ठावेइ, ठावेत्ता कामज्झयाए गणियाए सद्धिं उरालाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર બાદ મિત્ર રાજાની શ્રી નામની રાણીને યોનિશૂળ રોગ ઉત્પન્ન થયો; તેથી મિત્ર રાજા રાણી સાથે મનુષ્ય સંબંધી ઈચ્છિત કામભોગોનું સેવન કરવામાં સમર્થ ન રહ્યો.

કયારેક તે રાજાએ ઉજ્ઝિતકકુમારને કામધ્વજા ગણિકાના સ્થાનમાંથી કાઢી મૂક્યો અને કામધ્વજા વેશ્યાને પોતાના અંતઃપુરના રૂપમાં રાખી લીધી ને તેની સાથે મનુષ્ય સંબંધી ઈચ્છિત વિષય ભોગોનું સેવન કરવા લાગ્યો.

**૨૨** **तए णं से उज्झियए दारए कामज्झयाए गणियाए गिहाओ णिच्छुभेमाणे कामज्झयाए गणियाए मुच्छिए, गिद्धे, गढिए, अज्झोववण्णे अण्णत्थ कत्थइ सुइं च रइं च धिइं च अविंदमाणे तच्चित्ते तम्मणे तल्लेसे तदज्झवसाणे तदट्ठोवउत्ते तदप्पियकरणे तब्भावणाभाविए कामज्झयाए गणियाए बहूणि अंतराणि य छिद्दाणि य पडिजागरमाणे पडिजागरमाणे विहरइ ।**

**तए णं से उज्झियए दारए अण्णया कयाइ कामज्झयं गणियं अंतरं लभेइ, लभित्ता कामज्झयाए गणियाए गिहं रहसियं अणुप्पविसइ, अणुप्पविसित्ता, कामज्झयाए गणियाए सद्धिं उरालाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર બાદ કામધ્વજા વેશ્યાનાં ઘરમાંથી કાઢી મૂકાયેલો અને કામધ્વજામાં મૂર્ચ્છિત(તેના જ ધ્યાનમાં મૂઢ–પાગલ બનેલો), ગૃદ્ધ(તેની આકાંક્ષા–ઈચ્છા રાખનારો), ગ્રથિત(તેની જ સ્નેહજાળમાં બંધાયેલો) અને અધ્યુપપન્ન(તેના જ વિચારમાં અત્યંત બેચેન રહેનારો) તે કુમાર બીજા કોઈ પણ સ્થાને સ્મૃતિ–સ્મરણ, પ્રેમ, ધૃતિ–માનસિક શાંતિ પ્રાપ્ત ન કરી શક્યો. તેનું ચિત્ત તે વેશ્યામાં જ પરોવાયેલું રહ્યા કરતું. તદ્વિષયક પરિણામવાળો, તત્સંબંધી કામભોગોમાં પ્રયત્નશીલ, તેને મેળવવા માટે આતુર, તેણીને અર્પિત મન, વચન અને શરીરવાળો, તે વેશ્યાની જ ભાવનાથી ભાવિત રહેતો તે કુમાર કામધ્વજા વેશ્યાના અંતર(રાજાનું આગમન જે સમયે ન હોય), છિદ્ર(રાજપરિવારની કોઈ પણ વ્યક્તિ જે સમયે ન હોય) અને વિવર(સામાન્ય મનુષ્ય પણ જે સમયે ન હોય)ને શોધતો જીવન પસાર કરતો હતો.

ત્યાર પછી તે ઉજ્ઝિતકકુમારે કોઈ વખતે કામધ્વજા ગણિકા પાસે જવાનો અવસર પ્રાપ્ત કરીને ગુપ્ત રીતે તેના ઘરમાં પ્રવેશ કર્યો અને તે કામધ્વજા વેશ્યાની સાથે મનુષ્ય સંબંધી ઈચ્છિત વિષયભોગોનો ઉપભોગ કરતો સમય પસાર કરવા લાગ્યો.

## રાજાનો પ્રકોપ અને ઉજ્ઝિતકની દુર્દશા :-

**૨૩** **इमं च णं मित्ते राया ण्हाए** *जाव* **सव्वालंकारविभूसिए मणुस्सवग्गुरा–**

**परिक्खित्ते जेणेव कामज्झयाए गणियाए गिहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता तत्थ णं उज्झियए दारए कामज्झयाए गणियाए सद्धिं उरालाइं माणुस्सगाइं भोग भोगाइं भुंजमाणं, पासइ, पासित्ता, आसुरत्ते रुट्ठे, कुविए चंडिक्किए मिसिमिसेमाणे तिवलियभिउडिं णिडाले साहट्टु उज्झियगं दारगं पुरिसेहिं गिण्हावेइ, गेण्हावित्ता अट्ठि-मुट्ठि-जाणु-कोप्पर-पहार-संभग्ग-महियगत्तं करेइ, करेत्ता अवओडयबंधणं करेइ, करेत्ता एएणं विहाणेणं वज्झं आणवेइ ।**

**एवं खलु गोयमा ! उज्झियए दारए पुरापोराणाणं कम्माणं** *जाव* **पच्चणुभवमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** સંયોગવશાત્ તે સમયે મિત્ર રાજા સ્નાન કરીને ***યાવત્*** સંપૂર્ણ અલંકારોથી વિભૂષિત થઈને મનુષ્યોથી ઘેરાઈને તે કામધ્વજા વેશ્યાના ભવનમાં આવી પહોંચ્યા. ત્યાં તેણે કામધ્વજા વેશ્યા સાથે મનુષ્ય સંબંધી વિષયભોગોનો ઉપભોગ કરતાં ઉજ્ઝિતક કુમારને જોયો. જોતાં જ તે ક્રોધથી લાલપીળો થઈ ગયો અને કપાળમાં ત્રણ રેખાઓવાળી ભ્રૂકુટિ ચઢાવીને પોતાના અનુચર પુરુષો દ્વારા ઉજ્ઝિતક કુમારને પકડાવી લીધો. પછી લાકડી, મુક્કા, ઢીંચણ કે પાટુથી અને કોણીના પ્રહારોથી તેના શરીરને ભાંગી નાંખ્યું, ચૂરેચૂરા કરી નાખ્યાં, તેના હાડકાં ખોખરાં કરી નાખ્યાં અને તેને અવકોટક બંધનથી બાંધી દીધો એટલે તેના બંને હાથ પાછળના ભાગમાં બાંધી દીધા અને પૂર્વોક્ત રીતથી વધ કરવાની આજ્ઞા આપી.

આ પ્રમાણે હે ગૌતમ ! ઉજ્ઝિતક કુમાર પૂર્વકૃત જૂનાં કર્મોનાં ફળનો ***યાવત્*** અનુભવ કરી રહ્યો છે.

**ઉજ્ઝિતકનું ભવિષ્ય :–**

**૨૪ उज्झियए णं भंते ! दारए इओ कालमासे कालं किच्चा कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! उज्झियए दारगे पणवीसं वासाइं परमाउयं पालइत्ता अज्जेव तिभागावसेसे दिवसे सूलीभिण्णे कए समाणे कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए णेरइयत्ताए उववज्जिहिइ ।**

**से णं तओ अणंतरं उव्वट्टित्ता इहेव जंबुद्दीवे दीवे भारहे वासे वेयड्ढगिरि पायमूले वाणरकुलंसि वाणरत्ताए उववज्जिहिइ । से णं तत्थ उम्मुकबाल भावे तिरियभोगेसु मुच्छिए, गिद्धे, गढिए, अज्झोववण्णे, जाए जाए**

**वाणरपेल्लए वहेइ । तं एयकम्मे** *जाव* **एयसमायारे कालमासे कालं किच्चा इहेव जंबुद्दीवे दीवे भारहे वासे इंदपुरे णयरे गणियाकुलंसि पुत्तत्ताए पच्चाया हिइ ।**

**तए णं तं दारयं अम्मापियरो जायमेत्तकं वद्धेहिंति, णपुंसगकम्मं सिक्खा– वेहिंति । तए णं तस्स दारगस्स अम्मापियरो णिव्वत्तबारसाहस्स इमं एयारूवं णामधेज्जं करेहिंति, तं जहा– होउ णं अम्हं इमे दारए पियसेणे णामं णपुंसए । तए णं से पियसेणे णपुंसए उम्मुक्कबालभावे जोव्वणगमणुप्पत्ते विण्णयपरिणयमेत्ते रूवेण य जोव्वणेण य लावण्णेण य उक्किट्ठे उक्किट्ठसरीरे भविस्सइ ।**

**तए णं से पियसेणे णपुंसए इंदपुरे णयरे वहवे राईसर** *जाव* **सत्थवाह पभिइओ बहूहि य विज्जापयोगेहि य मंतपओगेहिय चुण्णपओगेहि य हियउड्डावणाहि य णिण्हवणेहि य पण्हवणेहि य वसीकरणेहि य आभियोगिएहि य आभियोगित्ता उरालाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणे विहरिस्सइ ।**

**ભાવાર્થ :–** ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો, હે પ્રભુ ! ઉજ્ઝિતક કુમાર અહીંથી આયુષ્ય સમાપ્તિના સમયે કાળ કરીને ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે ?

ભગવાને કહ્યું, હે ગૌતમ ! ઉજ્ઝિતકકુમાર ૨૫ વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવીને આજે જ દિવસના ચોથા પહોરમાં શૂળી દ્વારા ભેદને પ્રાપ્ત થતો મૃત્યુના અવસરે મૃત્યુ પામીને રત્નપ્રભા નામની પ્રથમ નરકભૂમિમાં નારક રૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને સીધો જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભારતવર્ષના વૈતાઢ્ય પર્વતની તળેટીમાં વાંદરાઓના કુળમાં વાંદરા રૂપે ઉત્પન્ન થશે. ત્યાં પણ બાલ્યાવસ્થાને છોડીને યુવાવસ્થાને પ્રાપ્ત થતાં પશુ સંબંધી ભોગોમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, ગ્રથિત–ભોગોના સ્નેહપાશમાં જકડાયેલો, ભોગોસંબંધી આસક્તિમાં બંધાયેલો તે વાંદરાઓનાં બચ્ચાઓને જન્મતાં જ માર્યા કરશે. એવાં કુકર્મોમાં તલ્લીન ***યાવત્*** એવા આચરણવાળો તે મૃત્યુના અવસરે મૃત્યુ પામીને આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભારતવર્ષના ઈન્દ્રપુર નામના નગરમાં ગણિકાના ઘરે પુત્ર રૂપે જન્મ લેશે. માતાપિતા જન્મેલા તે બાળકને નપુંસક કરીને નપુંસક કર્મ શીખવાડશે. બાર દિવસ પછી માતાપિતા તેનું નામ "પ્રિયસેન" રાખશે. બાલ્યાવસ્થાને છોડીને યુવાવસ્થાને પ્રાપ્ત થયેલો વિશેષ જ્ઞાન ધરાવનારો તેમજ બુદ્ધિ આદિથી પરિપક્વ અવસ્થાને પામેલો તે પ્રિયસેન નપુંસક રૂપ, યૌવન

અને લાવણ્ય દ્વારા ઉત્તમ અને ઉત્કૃષ્ટ શરીરવાળો થશે.

ત્યાર બાદ તે પ્રિયસેન નપુંસક ઈન્દ્રપુર નગરના રાજા, ઈશ્વર ***યાવત્*** બીજા સાર્થવાહ વગેરેને અનેક પ્રકારના વિદ્યા પ્રયોગથી, મંત્રો દ્વારા, મંત્રેલી ભસ્મ આદિના પ્રયોગોથી હૃદયને શૂન્ય કરી દેનારા, અદશ્ય કરી દેનારા, વશીભૂત કરનારા તથા પરાધીન કરી દેનારા પ્રયોગોથી બધાને વશીભૂત કરીને મનુષ્ય સંબંધી પ્રધાનભોગોનો ઉપભોગ કરતો સમય વ્યતીત કરશે.

**૨૫ तए णं से पियसेणे णपुंसए एयकम्मे एयप्पहाणे एयविज्जे एयसमायारे सुबहुं पावकम्मं समज्जिणित्ता एकवीसं वाससयं परमाउयं पालइत्ता कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए णेरइयत्ताए उववज्जिहिइ । तत्तो सरीसवेसु, एवं संसारो तहेव जहा पढमे अज्झयणे** *जाव* **पुढवीसु । से णं तओ अणंतरं उव्वट्टिता इहेव जंबुद्दीवे दीवे भारहे वासे चंपाए णयरीए महिसत्ताए पच्चायाहिइ । से णं तत्थ अण्णया कयाइ गोट्ठिल्लएहिं जीवीयाओ ववरोविए समाणे तत्थेव चंपाए णयरीए सेट्ठिकुलंसि पुत्तत्ताए पच्चायाहिइ । से णं तत्थ उम्मुक्कबालभावे तहारूवाणं थेराणं अंतिए केवलं बोहिं बुज्झिहिइ, अणगारे भविस्सइ, सोहम्मे कप्पे, जहा पढमे** *जाव* **अंतं करेहिइ । णिक्खेवो जहा पढमस्स ।**

**ભાવાર્થ :–** તે પ્રિયસેન નપુંસક આ પાપપૂર્ણ કાર્યોને જ પોતાનું કર્તવ્ય, મુખ્ય લક્ષ્ય તથા વિજ્ઞાન તેમજ સર્વોત્તમ આચરણ બનાવશે. આ દુષ્પ્રવૃત્તિઓ દ્વારા તે ઘણાં પાપકર્મોનું ઉપાર્જન કરીને ૧૨૧ વર્ષના પરમ આયુષ્યને ભોગવીને મૃત્યુના અવસરે મૃત્યુ પામીને રત્નપ્રભા નામની પ્રથમ નરકભૂમિમાં નારક રૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને છાતીના બળથી ચાલનારાં સર્પ આદિ અથવા ભુજાના બળથી ચાલનાર નોળિયા આદિ પ્રાણિઓની યોનિમાં જન્મ લેશે. ત્યાંથી તેનું સંસાર પરિભ્રમણ પ્રથમ અધ્યયનમાં કથિત મૃગાપુત્રની સમાન થશે ***યાવત્*** પૃથ્વીકાય વગેરેમાં જન્મ લેશે. પછી તે ત્યાંથી નીકળીને આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરતક્ષેત્રની ચંપા નામની નગરીમાં પાડા રૂપે ઉત્પન્ન થશે. ત્યારે તે ક્યારેક મિત્રમંડળી દ્વારા મારવામાં આવશે અને તે જ ચંપાનગરીના શ્રેષ્ઠીકુળમાં પુત્ર રૂપે ઉત્પન્ન થશે. ત્યાં બાલ્યાવસ્થા પૂર્ણ કરીને યૌવનાવસ્થાએ પ્રાપ્ત થતાં તે વિશિષ્ટ સંયમી સ્થવિરો પાસે સર્વજ્ઞોક્ત ધર્મને પ્રાપ્ત કરશે અને અણગારધર્મને ગ્રહણ કરશે. ત્યાંથી મૃત્યુના અવસરે કાળ કરીને સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થશે ***યાવત્*** મૃગાપુત્રની જેમ સર્વ કર્મોનો અંત કરશે.

નિક્ષેપ :– અધ્યયનનો ઉપસંહાર પ્રથમ અધ્યયનની જેમ જાણવો.

**વિવેચન :–**

જન્મ જન્માંતર સુધી પાપાચરણના સંસ્કાર ચાલે છે. તે જ રીતે ધર્મના સંસ્કારોની પણ અનેક ભવ સુધી પરંપરા ચાલે છે. માંસાહારમાં આસક્ત જીવોને અને નિરપરાધ ભોળા પશુઓને સંત્રાસિત કરનારા આ ભવમાં તથા ભવોભવમાં વિચિત્ર વિટંબણાઓ ભોગવવી પડે છે. ગોત્રાસકના જીવે પશુઓને દારુણ દુઃખ આપીને પોતાના દુઃખમય સંસાર ભ્રમણનું જ સર્જન કર્યું હતું.

**॥ અધ્યયન–૨ સંપૂર્ણ ॥**

# ત્રીજું અધ્યયન

## પરિચય :

આ અધ્યયનમાં 'અભગ્નસેન' નામના ચોર સેનાપતિનું જીવન વૃત્તાંત છે. તેથી આ અધ્યયનનું નામ 'અભગ્નસેન' પ્રસિદ્ધ થયું છે.

પ્રાચીન કાળમાં પુરિમતાલ નામનું નગર હતું. ત્યાં મહાબળ નામે રાજા હતો. નગરીથી થોડે દૂર ચોરપલ્લી હતી; ત્યાં 'વિજય' નામનો ૫૦૦ ચોરનો સેનાપતિ રહેતો હતો. તે મહા અધર્મી હતો. તેના હાથ લોહીથી રંગાયેલા રહેતા. પુરિમતાલ તથા આસપાસના ગામના લોકોને તે ત્રાસ પહોંચાડતો હતો. તેના મૃત્યુ પછી તેનો દીકરો અભગ્નસેન ચોરોનો સેનાપતિ બન્યો. તે પણ પિતા જેવો જ અધર્મી હતો.

એક વખત નગરવાસીઓએ મહાબળ રાજા પાસે અભગ્નસેનની ફરિયાદ કરી. રાજાએ કોટ–વાળને આદેશ આપ્યો– ચોરપલ્લી ઉપર આક્રમણ કરી અભગ્નસેનને જીવતો પકડી હાજર કરો. કોટવાળ સેના સહિત ચોરપલ્લીમાં ગયો. ત્યાં ચોરો સાથે યુદ્ધ કર્યું પરંતુ તેમાં ચોરો વિજયી બન્યા. કોટવાળે પાછા આવી રાજાને નિવેદન કર્યું કે 'અભગ્નસેન' ને બળથી પકડવો અશક્ય છે.

રાજાએ છળકપટથી પકડવાનો નિર્ણય કર્યો. અભગ્નસેનના આધીનસ્થ ચોરોને અનેક પ્રકારની સામગ્રીઓ મોકલવાની શરૂઆત કરી. ત્યાર પછી સેનાપતિને પણ ઉચિત સમયે અમૂલ્ય ભેટ મોકલાવી. ચોર અને સેનાપતિ વિશ્વાસમાં આવી ગયા પછી રાજ્યમાં દસ દિવસનો પ્રમદોત્સવ ઉજવવાનો નિર્ણય કર્યો. તેમાં આવવા ચોરપલ્લીમાં આમંત્રણ મોકલ્યું. ચોરના સેનાપતિને ખૂબ સન્માનપૂર્વક રહેવા સ્થાન આપ્યું અને તેઓને ખાદ્યસામગ્રી તથા વિશિષ્ટ મદિરાઓ મોકલાવી. ચોરો ખાઈ–પી નશામાં ચકચૂર બની બેભાન બન્યા ત્યારે રાજાએ તેને પકડી લીધા.

ગાઢ બંધનથી બંધાયેલ અભગ્નસેનને માર મારતાં–મારતાં નગરમાં ફેરવ્યો. અઢાર ચૌટા ઉપર તેના માતા વગેરે સ્વજનોની નજર સામે જ તેની દુર્દશા કરી, માર મારી, માંસ કાપીને તેને ખવડાવ્યું અને લોહી કાઢી પીવડાવ્યું. આ રીતે તેના સમસ્ત સ્વજનો– પરિજનોને તેની સામે જ મારી નાખ્યા અને ત્યાર પછી અભગ્નસેનને શૂળીએ ચડાવવામાં આવ્યો.

ભિક્ષાર્થ ભ્રમણ કરતાં ગૌતમ સ્વામીએ ચૌટા ઉપર ચોરની દશા જોઈ. ભગવાન પાસે આવી તેના દુઃખોનું કારણ પૂછતાં ભગવાને તેનો પૂર્વભવ કહ્યો.

આ પુરિમતાલ નગરમાં 'નિર્ણય' નામનો ઈંડાનો વેપારી રહેતો હતો. તે ઈંડાને બાફી, પકાવી નોકરો દ્વારા રાજમાર્ગ પર વેચાણ કરાવતો હતો. પોતે પણ તે ઈંડાને ખાતો અને શરાબ પીવામાં આનંદ

માનતો. આ રીતે પાપમય પ્રવૃત્તિ કરતો ૧૦૦૦ વર્ષનું આયુષ્ય ભોગવી તે ત્રીજી નરકમાં ઉત્પન્ન થયો. ત્યાંનું સાત સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી અભગ્નસેન ચોર સેનાપતિ બન્યો છે અને રાજા દ્વારા છળ કપટથી પકડાઈ દુઃખમય વેદના ભોગવી રહ્યો છે.

અભગ્નસેન ચોરના ભૂતકાળની વાત સાંભળ્યા પછી ગૌતમ સ્વામીને તેનું ભવિષ્ય જાણવાની જિજ્ઞાસા થઈ. ભગવાને કહ્યું કે તે ચોર આજે જ શૂળી ઉપર ૭૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી પ્રથમ નરકમાં નારકીરૂપે ઉત્પન્ન થશે. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી સંસારમાં ચિરકાળ ભવભ્રમણ કરતાં કરતાં બનારસમાં સૂવરના ભવમાં શિકારી દ્વારા મૃત્યુ પામી શ્રેષ્ઠીપુત્ર રૂપે જન્મ લઈ, સંયમ અંગીકાર કરશે, આરાધના કરી દેવલોકમાં દેવ થશે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરી સંયમ તપની આરાધના દ્વારા મોક્ષ પ્રાપ્ત કરશે.

❖❖❖❖❖

# ત્રીજું અધ્યયન

## અભગ્નસેન

**અધ્યયન પ્રારંભ :–**

**१ तच्चस्स उक्खेवो ।**

**ભાવાર્થ :–** ત્રીજા અધ્યયનનો પ્રારંભ પહેલા અધ્યયનની જેમ જાણી લેવો જોઈએ.

**२ तेणं कालेणं तेणं समएणं पुरिमताले णामं णयरे होत्था । वण्णओ । तस्स णं पुरिमतालस्स णयरस्स उत्तरपुरत्थिमे दिसीभाए एत्थ णं अमोहदंसी उज्जाणे । वण्णओ । तत्थ णं अमोहदंसिस्स जक्खस्स जक्खाययणे होत्था । वण्णओ । तत्थ णं पुरिमताले महब्बले णामं राया होत्था । वण्णओ ।**

**ભાવાર્થ :–** તે કાળે અને તે સમયે પુરિમતાલ નામનું એક નગર હતું. તે નગરના ઈશાન ખૂણામાં અમોઘદર્શી નામનું એક ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં અમોઘદર્શી નામના યક્ષનું યક્ષાયતન હતું. તે પુરિમતાલ નગરમાં મહાબલ નામનો રાજા રાજ્ય કરતો હતો. નગર, ઉદ્યાન, યક્ષાયતન અને રાજાનું વર્ણન ઔપપાતિક સૂત્રથી જાણવું.

**ચોરપલ્લી :–**

**३ तत्थ णं पुरिमतालस्स णयरस्स उत्तरपुरत्थिमे दिसीभाए देसप्पंते अडवी – संसिया एत्थ णं सालाडवी णामं चोरपल्ली होत्था । विसम–गिरिकंदरकोलंब सण्णिविट्ठा वंसीकलंक पागारपरिक्खित्ता छिण्णसेल विसमप्पवाय फरिहोवगूढा अब्भिंतरपाणीया सुदुल्लभजलपेरंता अणेगखंडी विदियजणदिण्ण णिग्गमप्पवेसा सुबहुयस्स वि कुवियजणस्स दुप्पहंसा यावि होत्था ।**

**ભાવાર્થ :–** તે પુરિમતાલ નગરના ઈશાન ખૂણામાં જનપદના સીમાંતે જંગલમાં શાલાટવી નામની એક ચોરપલ્લી(ચોરોને રહેવાનું ગુપ્તસ્થાન) હતી. તે ચોરપલ્લી પર્વતની ભયાનક ગુફાઓના કિનારા પર બનાવેલી હતી. વાંસની બનાવેલી વાડરૂપ કિલ્લાથી ઘેરાયેલી હતી. પર્વતને કાપીને બનાવેલી

પ્રપાતવાળી(ઊંડી)ખાઈથી તે સુરક્ષિત હતી. તેમાં પાણીનો પૂરતો પ્રબંધ હતો. તેની બહાર દૂર–દૂર સુધી પાણી મળતું ન હતું. તેની અંદર ભાગવા માટે અનેકાનેક ગુપ્ત ચોર દ્વાર હતાં. પરિચિત વ્યક્તિઓનું જ તેમાં પ્રવેશ અને નિર્ગમન(આવાગમન) થઈ શકતું હતું. ચોરો દ્વારા ચોરાયેલાં ધન–માલને પાછા લાવવામાં પ્રયત્નશીલ એવા ઘણા મનુષ્યો પણ તેમાં પ્રવેશ કરી શકતા ન હતા અથવા ઘણાં કુપિત મનુષ્યો દ્વારા પણ તે અજેય હતી.

## ચોર સેનાપતિ વિજય :–

**૪ तत्थ णं सालाडवीए चोरपल्लीए विजए णामं चोरसेणावई परिवसइ । अहम्मिए अहम्मिट्ठे अहम्मक्खाई अहम्माणुए अहम्मपलोई अहम्मपलज्जणे अहम्मसीलसमुदायारे अहम्मेण चेव वित्तिं कप्पेमाणे विहरइ । हण–छिंद–भिंद–वियत्तए, लोहियपाणी, बहुणयरणिग्गयजसे, सूरे, दढप्पहारे, साहसिए, सद्दवेही असि लट्ठि पढममल्ले । से णं तत्थ सालाडवीए चोरपल्लीए पंचण्हं चोरसयाणं आहेवच्चं** *जाव* **सेणावच्चं कारेमाणे पालेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** તે શાલાટવી નામની ચોરપલ્લીમાં વિજય નામનો ચોરોનો સેનાપતિ રહેતો હતો. તે મહાઅધર્મી હતા, અધર્મનિષ્ઠ, અધર્મની વાત કરનાર, અધર્મનો અનુયાયી, અધર્મદર્શી, અધર્મમાં અનુરાગ વાળો, અધર્માચારશીલ અને અધર્મથી જીવન પસાર કરનારો હતો. તે મારો, કાપો, છેદો, ભેદો આવાં જ વચનો બોલનારો હતો. તેના હાથ લોહીથી ખરડાયેલા રહેતા હતા. તેનું નામ અનેક નગરોમાં પ્રસિદ્ધ હતું અર્થાત્ તે કુખ્યાત હતો. તે શૂરવીર, દઢ પ્રહાર કરનાર, શબ્દવેધી(જોયા વિના માત્ર શબ્દના આધારે લક્ષ્ય બાંધીને બાણ મારનાર) અને તલવાર તથા લાઠીનો પ્રહાર કરવામાં અગ્રગણ્ય યોદ્ધો હતો. તે સેનાપતિ ચોરપલ્લીમાં પાંચસો ચોરોનું આધિપત્ય ***યાવત્*** સેનાપતિત્વ કરતો ચોરોનું પાલન કરતો જીવન વ્યતીત કરતો હતો.

**૫ तत्थ णं से विजए चोरसेणावई बहूणं चोराण य पारदारियाण य गंठिभेयाण य संधिच्छेयगाण य खंडपट्टाण य अण्णेसिं च बहूणं छिण्ण–भिण्ण बाहिराहियाणं कुडंगे यावि होत्था ।**

**तए णं से विजए चोरसेणावई पुरिमतालस्स णयरस्स उत्तरपुरत्थिमिल्लं जणवयं बहूहिं गामघाएहि य णगरघाएहि य गोग्गहणेहि य बंदिग्गहणेहि य पंथकोट्टेहि य खत्तखणणेहि य ओवीलेमाणे, विद्धंसेमाणे, तज्जेमाणे, तालेमाणे, णित्थाणे णिद्धणे णिक्कणे करेमाणे विहरइ, महाबलस्स रण्णो अभिक्खणं अभिक्खणं कप्पायं गेण्हइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે વિજય નામનો ચોરસેનાપતિ અનેક ચોર, પરસ્ત્રીલંપટ, ગ્રંથિભેદક(ખિસ્સા– કાતરૂ, ગાંઠને ખોલી, તોડીને વસ્તુ લેનાર), સંધિછેદક(દિવાલમાં બાંકોરું–ખાતર પાડી ચોરી કરનાર અથવા બે મકાન કે બે દીવાલના જોડાણને તોડનાર), જુગારી, ધૂતારા વગેરે લોકો કે જેની પાસે પહેરવા માટે વસ્ત્રનો ટુકડો પણ ન હોય અને બીજા ઘણા હાથ આદિ કપાયેલા, નાકથી રહિત અને શિષ્ટજનોથી બહિષ્કૃત થયેલા, તિરસ્કૃત થયેલા મનુષ્યોનો વાંસના વનની જેમ રક્ષક અને આશ્રયદાતા હતો.

તે ચોર સેનાપતિ વિજય પુરિમતાલ નગરના ઈશાનખૂણામાં આવેલા દેશનાં અનેક ગામોનો અને નગરોનો નાશ કરવાથી, ગાયો આદિ પશુઓનું અપહરણ કરવાથી, જેલમાં રહેલા કેદીઓનું ગ્રહણ–પલાયન કરતો, મુસાફરોને લૂંટતો તથા ખાતર પાડીને ચોરી કરવી આદિથી લોકોને પીડિત કરતો, નાશ કરતો, તર્જના કરતો, મારતો, સ્થાન રહિત કરતો, ધન–ધાન્યથી રહિત કરતો, મહાબલ રાજાના કરને(ટેક્સને) વારંવાર પોતે ગ્રહણ કરી લેતો હતો.

**અભગ્નસેન :–**

**૬ तस्स णं विजयस्स चोरसेणावइस्स खंदसिरी णामं भारिया होत्था । वण्णओ । तस्स णं विजयचोरसेणावइस्स पुत्ते खंदसिरीए भारियाए अत्तए अभग्गसेणे णामं दारए होत्था । अहीण पडिपुण्णपंचिदियसरीरे विण्णायपरिणयमेत्ते जोव्वण- गमणुप्पत्ते ।**

**ભાવાર્થ :–** તે વિજય ચોરસેનાપતિની સ્કંદશ્રી નામની પત્ની હતી. અહીં સ્ત્રીનું સંપૂર્ણ વર્ણન ઔપપાતિક સૂત્રથી જાણવું. તે વિજય ચોરસેનાપતિનો પુત્ર અને સ્કંદશ્રીનો આત્મજ અભગ્નસેન નામનો પુત્ર હતો. તે પાંચે ઈન્દ્રિયોથી પરિપૂર્ણ, સુદઢ–યોગ્ય શરીરના બાંધાવાળો, વિશિષ્ટ જ્ઞાનને ધરાવનારો અને બુદ્ધિની પરિપક્વતાથી યુક્ત યૌવન અવસ્થાને પ્રાપ્ત થયેલો હતો.

**૭ तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे पुरिमतालणयरे समोसढे । परिसा णिग्गया । राया णिग्गओ । धम्मो कहिओ । परिसा राया य पडिगओ ।**

**ભાવાર્થ :–** તે કાળે અને તે સમયે પુરિમતાલ નગરમાં (અમોઘદર્શી ઉદ્યાનમાં) શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. પરિષદ(જનસમૂહ) ધર્મદેશના સાંભળવા માટે નીકળી. રાજા પણ ગયા. ભગવાને ધર્મોપદેશ આપ્યો. ધર્મોપદેશ સાંભળી રાજા તથા પરિષદ સ્વસ્થાને ગયાં.

**૮ तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी गोयमे *जाव* रायमग्गमोगाढे । तत्थ णं बहवे हत्थी पासइ, बहवे आसे पासइ, बहवे पुरिसे पासइ सण्णद्धबद्धवम्मियकवए । तेसिं च णं पुरिसाणं**

**मज्झगयं एगं पुरिसं पासइ अवओडयबंधणं *जाव* उग्घोसिज्जमाणं । तए णं तं पुरिसं रायपुरिसा पढमंसि चच्चरंसि णिसीयावेंति, णिसीयावेत्ता अट्ठ चुल्लपिउए अग्गओ घाएंति, घाएत्ता कसप्पहारेहिं तालेमाणा तालेमाणा कलुणं कागणिमंसाइं खावेंति, रुहिरपाणियं च पाएंति । तयाणंतरं च दोच्चंसि चच्चरंसि अट्ठ चुल्लमाउयाओ अग्गओ घाएंति, घाएत्ता कसपहारेहिं तालेमाणा तालेमाणा कलुणं कागणिमंसाइं खावेंति, रुहिरपाणियं च पाएंति । एवं तच्चे चच्चरे अट्ठमहापिउए, चउत्थे अट्ठ महामाउयाओ, पंचमे पुत्ते, छट्ठे सुण्हाओ, सत्तमे जामाउया, अट्ठमे धूयाओ, णवमे णत्तुया, दसमे णत्तुईओ, एक्कारसमे णत्तुयावई, बारसमे णत्तुइणीओ, तेरसमे पिउस्सियपइया, चोद्दसमे पिउस्सियाओ, पण्णरसमे माउस्सियापइया, सोलसमे माउस्सियाओ, सत्तरसमे मामियाओ, अट्ठारसमे अवसेसं मित्त- णाइ- णियग-सयण-संबंधि-परियणं अग्गओ घाएंति घाएत्ता कसप्पहारेहिं तालेमाणा तालेमाणा कलुणं कागणिमंसाइं खावेंति, रुहिरपाणियं च पाएंति ।**

**ભાવાર્થ** :– તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના જ્યેષ્ઠ શિષ્ય ગૌતમસ્વામી રાજમાર્ગ ઉપર પધાર્યા. ત્યાં તેઓએ અનેક હાથીઓ, ઘોડા તથા સૈનિકોની જેમ શસ્ત્રોથી સુસજ્જિત તેમજ કવચ ધારણ કરેલા અનેક પુરુષોને જોયા. તે પુરુષોની વચ્ચે અવકોટક બંધનવાળા(હાથને વાળીને પાછળ બાંધેલા) એક પુરુષને જોયો ***યાવત્*** બીજા અધ્યયનની જેમ તેની અનેક રીતે ઉદ્‌ઘોષણા કરવામાં આવતી હતી.

ત્યાર પછી તે પુરુષને રાજપુરુષોએ ચાર રસ્તાથી વધારે રસ્તા જ્યાં મળતા હોય એવા પ્રથમ ચત્વર(ચોક) પર બેસાડ્યો હતો. બેસાડીને તેની સામે તેના પિતાના આઠ નાના ભાઈઓને(કાકાને) મારી નાંખ્યા. પછી તે પુરુષને ચાબુકના પ્રહારથી માર મારીને કરુણ વિલાપ કરતાં કાકાઓના શરીરમાંથી નાના નાના તલ તલ જેવડા ટુકડા કાપી તે માંસ તે પુરુષને ખવડાવતા હતા અને રુધિરનું પાન કરાવતા હતા. ત્યાર પછી રાજપુરુષોએ તે પુરુષને બીજા ચોક પર બેસાડીને તેની સામે તેની આઠ કાકીઓને મારીને, તેના શરીરના તલ તલ જેવડા ટુકડા કરીને તે પુરુષને કોયડાના માર મારીને તેનું માંસ ખવડાવતા હતા અને લોહી પીવડાવતા હતા. ત્રીજા ચોક પર તેના આઠ મહાપિતાઓ(પિતાના મોટા– ભાઈઓ)ને, ચોથા ચોક પર તેની આઠ મહામાતાઓ(ભાભુ)ને, પાંચમા ચોક ઉપર પુત્રોને, છઠ્ઠા ચોક ઉપર તેની પુત્રવધુઓને, સાતમા ચોક ઉપર જમાઈઓને, આઠમા ચોક ઉપર પુત્રીઓને, નવમા ચોક ઉપર પૌત્રો તથા દોહિત્રોને, દશમા ચોક પર પૌત્રીઓ તથા દોહિત્રીઓને, અગિયારમા ચોક પર પૌત્રીઓ અને દોહિત્રીઓના પતિઓને, બારમા ચોક પર પૌત્રો અને દોહિત્રોની પત્નીઓને, તેરમા ચોક પર ફૂવાઓને, ચૌદમા ચોક પર ફૈબાઓને, પંદરમાં ચોક પર માસાઓને, સોળમાં ચોક પર માસીઓને, સત્તરમા ચોક પર મામીઓને, અઢારમા ચોક પર બાકી રહેલા મિત્રો, સ્વજનો, જ્ઞાતિજનો, આપ્તજનો અને

પરિજનોને(નોકર વર્ગને) તે પુરુષની સામે માર્યા, મારીને તેને ચાબુકના પ્રહારોથી મારતાં તે રાજપુરુષો દયનીય દશાને પ્રાપ્ત થયેલા તે પુરુષને તે મૃતકોનાં શરીરમાંથી કાઢેલા માંસના ટુકડા ખવડાવતા હતા અને લોહીનું પાન કરાવતા હતા.

**९ तए णं भगवओ गोयमस्स तं पुरिसं पासित्ता इमे एयारूवे अज्झत्थिए** *जाव* **मणोगय संकप्पे समुप्पण्णे** *जाव* **जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ उवागच्छित्ता समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– एवं खलु अहं भंते ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे पुरिमताले णयरे तं चेव सव्वं णिवेदेइ ।**

**से णं भंते ! पुरिसे पुव्वभवे के आसी ?** *जाव* **पावगं फलवित्तिविसेसं पच्चणुभवमाणे विहरइ ?**

**ભાવાર્થ :–** ત્યારે ગૌતમ સ્વામીને તે પુરુષને જોઈને પ્રકારનો વિચાર ***યાવત્*** મનોગત સંકલ્પ ઉત્પન્ન થયા ***યાવત્*** જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી હતા ત્યાં આવ્યા અને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! હું આપની આજ્ઞા લઈને ગોચરી લેવા માટે પુરિમતાલ નગરમાં ગયો હતો, આવી રીતે સર્વ વૃત્તાંત કહ્યું અને પ્રશ્ન કર્યો–

હે ભગવન્ ! તે પુરુષ પૂર્વ ભવમાં કોણ હતો ? ***યાવત્*** કયા પૂર્વકૃત કર્મોનાં ફળ તે ભોગવી રહ્યો છે ?

### અભગ્નસેનના પૂર્વભવોનું વર્ણન :–

**१० एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहे वासे पुरिमताले णामं णयरे होत्था । रिद्धत्थमियसमिद्धे, वण्णओ । तत्थ णं पुरिमताले णयरे उदिए णामं राया होत्था । वण्णओ । तत्थ णं पुरिमताले णिण्णए णामं अंडयवाणियए होत्था । अड्ढे** *जाव* **अपरिभूए । अहम्मिए** *जाव* **दुप्पडिया– णंदे । तस्स णं णिण्णयस्स अंडयवाणियगस्स बहवे पुरिसा दिण्णभइभत्तवेयणा कल्लाकल्लिं कुद्दालियाओ य पत्थियपिडए य गिण्हंति, गिण्हित्ता पुरिमतालस्स णगरस्स परिपेरंतेसु बहवे काइअंडए य घूइअंडए य पारेवइअंडए य टिट्टिभिअंडए य बगि–मयूरी–कुक्कुडिअंडए य अण्णेसिं च बहूणं जलयर–थलयर–खहयरमाईणं अंडाइं गेण्हंति, गेण्हेत्ता पत्थियपडिगाइं भरेंति, भरेत्ता जेणेव णिण्णए अंडवाणियए तेणेव उवागच्छंति उवागच्छित्ता णिण्णयस्स अंडवाणियगस्स उवणेंति ।**

**ભાવાર્થ :–** હે ગૌતમ ! તે કાળે અને તે સમયે આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરતક્ષેત્રમાં પુરિમતાલ

નામનું નગર હતું. તે નગર ઘણું જ સમૃદ્ધ હતું ત્યાં ઉદય નામનો રાજા રાજ્ય કરતો હતો. તે હિમાલય પર્વતની જેમ મહાન હતો વગેરે અને રાજાનું વર્ણન પૂર્વવત્ જાણવું જોઈએ.

તે પુરિમતાલ નગરમાં નિર્ણય નામનો એક ઈંડાનો વ્યાપારી રહેતો હતો. તે ઘણો જ ધનવાન ***યાવત્*** સન્માનનીય પ્રાપ્ત હતો. અધર્મી ***યાવત્*** અતિ અસંતોષી હતો.

નિર્ણય નામના ઈંડાના વેપારીના રૂપિયા, પૈસા અને ભોજનના રૂપમાં વેતન ગ્રહણ કરનાર અનેક પુરુષો(નોકરો) હંમેશાં કોદ્દાલ ઘાસના કરંડિયાઓ તથા વાંસના ટોપલાઓ લઈને પુરિમતાલ નગરની ચારે તરફ અનેક કાગડીઓનાં ઈંડાંઓને, ઘુવડીઓનાં ઈંડાંઓને, કબૂતરીનાં ઈંડાંઓને, ટીટોડીનાં ઈંડાંઓને, બગલીઓનાં ઈંડાંઓને, ઢેલનાં ઈંડાઓને, મરઘી ઈંડાઓને તથા બીજા પણ અનેક જલચર, સ્થળચર અને ખેચર આદિ જીવોનાં ઈંડાઓને વાંસના ટોપલાઓમા ભરીને, તે ઈંડાંના વ્યાપારી નિર્ણય પાસે લાવીને તેને ઈંડાંઓથી ભરેલા કરંડિયાઓ અને ટોપલાઓ તેને આપતા હતા.

**११ तए णं तस्स णिण्णयस्स अंडवाणियगस्स बहवे पुरिसा दिण्णभइ–भत्तवेयणा बहवे काइअंडए** *जाव* **कुक्कुडिअंडए य अण्णेसिं च बहूणं जलयर–थलयर– खहयरमाईणं अंडए तवएसु य कवल्लीसु य कंदुसु य भज्जणएसु य इंगालेसु य तलेंति, भज्जेंति, सोल्लेंति, तलित्ता भज्जित्ता सोल्लेत्ता य रायमग्गे अंतरावणंसि अंडयपणिएणं वित्तिं कप्पेमाणा विहरंति । अप्पणा वि य णं से णिण्णए अंडवाणियए तेहिं बहूहिं काइअंडएहि य** *जाव* **कुक्कुडिअंडएहि य सोल्लेहि य तलिएहि य भज्जिएहि य सुरं च महुं च मेरगं च जाइं च सीधुं च पसण्णं च आसाएमाणे** *जाव* **विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર બાદ તે નિર્ણય નામના ઈંડાંના વેપારીના અનેક વેતનભોગી પુરુષો ઘણાં કાગડી ***યાવત્*** મરઘીઓનાં તથા જલચર, સ્થળચર, ખેચર આદિ જીવોનાં ઈંડાંઓને તવામાં નાંખી, કડાઈમાં નાંખી, શેકવાના પાત્રમાં નાંખી, અંગારા પર નાખી, તેને તળતા હતા, શેકતા હતા, પકાવતા હતા; તળીને, શેકીને, પકાવીને તેઓ રાજમાર્ગની દુકાનોમાં ઈંડાંઓના વેપારથી આજીવિકા ચલાવતા હતા.

તે નિર્ણય નામનો ઈંડાંનો વેપારી પોતે પણ કાગડી ***યાવત્*** મરઘીઓનાં પકાવેલાં, તળેલાં, ભૂંજેલાં ઈંડાઓ સાથે સુરા આદિ છ પ્રકારની મદિરાઓનું આસ્વાદનાદિ કરતો ***યાવત્*** જીવન વ્યતીત કરી રહ્યો હતો.

**અભગ્નસેનનો વર્તમાન ભવ :–**

**१२ तए णं से णिण्णए अंडवाणियए एयकम्मे एयप्पहाणे एयविज्जे एयसमायारे**

**सुबहुं पावकम्मं समज्जिणित्ता एगं वाससहस्सं परमाउयं पालइत्ता कालमासे कालं किच्चा तच्चाए पुढवीए उक्कोसेणं सत्तसागरोवम ठिइएसु णेरइएसु णेरइयत्ताए उववण्णे । से णं तओ अणंतरं उवट्टित्ता इहेव सालाडवीए चोरपल्लीए विजयस्स चोरसेणावइस्स खंदसिरीए भारियाए कुच्छिंसि पुत्तत्ताए उववण्णे ।**

**ભાવાર્થ :–** ત્યાર બાદ તે નિર્ણય નામનો ઈંડાંનો વેપારી આ પ્રકારનાં પાપકાર્યોને કરનાર, આ પ્રકારનાં કર્મોમાં પ્રધાનતા રાખનાર, આવાં કર્મોનું જ્ઞાન ધરાવનાર અને આ જ કર્મોને પોતાનું આચરણ બનાવીને, ઘણાં જ પાપકર્મોને ઉપાર્જિત કરીને, એક હજાર વર્ષના ઉત્કૃષ્ટ આયુષ્યને ભોગવીને, મૃત્યુના સમયે મૃત્યુ પામીને ત્રીજી નરકભૂમિમાં ઉત્કૃષ્ટ સાત સાગરોપમની સ્થિતિવાળા નેરયિકોમાં નારકરૂપે ઉત્પન્ન થયો. તે નરકમાંથી નીકળીને આ શાલાટવી નામની ચોરપલ્લીમાં વિજય નામના ચોર સેનાપતિની સ્કંદશ્રી પત્નીના ઉદરમાં પુત્ર રૂપે ઉત્પન્ન થયો.

### માતાના દોહદનું વર્ણન :–

**१३ तए णं तीसे खंदसिरीए भारियाए अण्णया कयाइ तिण्हं मासाणं बहुपडिपुण्णाणं इमे एयारूवे दोहले पाउब्भूए । धण्णाओ णं ताओ अम्मयाओ जाओ णं बहूहिं मित्त–णाइ–णियग–सयण–संबंधि–परियणमहिलाहिं अण्णाहि य चोरमहिलाहिं सद्धिं संपरिवुडा ण्हाया *जाव* सव्वालंकार विभूसिया विउलं असणं पाणं खाइमं साइमं सुरं च *जाव* पसण्णं च आसाएमाणी विसाएमाणी परिभाएमाणी परिभुंजेमाणी विहरंति । जिमियभुत्तत्तरागयाओ पुरिसणेवत्थिया सण्णद्धबद्धवम्मियकवइया *जाव* गहियाउहप्पहरणा भरिएहिं फलएहिं, णिक्किट्ठाहिं असीहिं, अंसागएहिं तोणेहिं सज्जीवेहिं अंसागएहिं धणूहिं, समुक्खित्तेहिं सरेहिं, समुल्लालियाहिं दामाहिं, लंबियाहि य ओसारियाहिं उरुघंटाहिं, छिप्पतूरेणं वज्जमाणेणं महया उक्किट्ठ सीहणाय–बोल–कलकलरवेणं पक्खुभिय महा समुद्दरवभूयं पिव करेमाणीओ सालाडवीए चोरपल्लीए सव्वओ समंता आलोएमाणीओ आलोएमाणीओ आहिंडमाणीओ दोहलं वर्णेति । तं जइ अहं पि *जाव* दोहलं विणिज्जामि त्ति कट्टु तंसि दोहलंसि अविणिज्जमाणंसि सुक्का भुक्खा *जाव* अट्टज्झाणोवगया भूमिगयदिट्ठीया झियाइ ।**

**ભાવાર્થ :–** લગભગ ત્રણ માસ પૂર્ણ થતાં પર સ્કંદશ્રીને આ પ્રમાણે દોહદ ઉત્પન્ન થયો– તે માતાઓ ધન્ય છે જેઓ અનેક મિત્રોની, જ્ઞાતિની, નિજક–આપ્તજનોની, સંબંધીઓની અને નોકરવર્ગની સ્ત્રીઓ

તથા અન્ય સ્ત્રીઓ તેમજ ચોરોની સ્ત્રીઓથી પરિવૃત્ત થઈને (સાથે) સ્નાન કરીને ***યાવત્*** સર્વપ્રકારનાં અલંકારોથી વિભૂષિત થઈ, ઘણાં અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ પદાર્થો તથા સુરા ***યાવત્*** પ્રસન્ના મદિરાઓનું આસ્વાદન, વિસ્વાદન, પરિભાજન અને પરિભોગ કરતી સમય વ્યતીત કરે છે તથા ભોજન કર્યા પછી જે પુરુષનો વેષ ધારણ કરીને દઢ બંધનોથી બાંધેલા અને લોખંડના કસૂલક આદિથી યુક્ત લોખંડના બખ્તરને ધારણ કરે છે. ધારણ કરીને ***યાવત્*** આયુધ અને પ્રહરણોથી સજ્જ થાય છે તથા જે ડાબા હાથમાં ધારણ કરેલી ઢાલોથી, મ્યાનમાંથી બહાર કાઢેલી તલવારોથી, ખભા પર રાખેલાં ભાથાથી, પ્રત્યંચા ચઢાવેલ ધનુષ્યોથી, સારી રીતે ફેંકવામાં આવતાં બાણોથી, ઊંચા કરેલ શસ્ત્રો વિશેષથી લટકતી, ફેલાયેલી માળાઓથી ચાલતી જંઘા ઘંટીઓ દ્વારા તથા શીઘ્ર વગાડવામાં આવતાં વાજિંત્રોથી અત્યંત ઉત્કૃષ્ટ આનંદમય મહાધ્વનિથી, સમુદ્રની ધ્વનિની જેમ આકાશને શબ્દાયમાન કરતી શાલાટવી નામની ચોરપલ્લીની ચારે તરફ જોતી જોતી અને ફરતી ફરતી પોતાના દોહદને પૂર્ણ કરે છે.

જો હું પણ મારા દોહદને આ રીતે પૂર્ણ કરું તો કેવું સારું થાય ? આવો વિચાર સ્કંદશ્રીએ કર્યો પણ દોહદ પૂર્ણ ન થવાથી તે ઉદાસ બની ગઈ, સુકાવા લાગી અને જમીન પર દષ્ટિ રાખીને આર્તધ્યાન કરવા લાગી.

**૧૪ तए णं से विजए चोरसेणावई खंदसिरिं भारियं ओहयमणसंकप्पं** *जाव* **पासइ, पासित्ता एवं वयासी– किं णं तुमं देवाणुप्पिया ! ओहयमणसंकप्पा** *जाव* **झियासि ?**

**तए णं सा खंदसिरी विजयं चोरसेणावइं एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! मम तिण्हं मासाणं बहुपडिपुण्णाणं दोहले पाउब्भूए** *जाव* **झियामि।**

**तए णं से विजए चोरसेणावई खंदसिरीए भारियाए अंतिए एयमट्ठं सोच्चा णिसम्म खंदसिरिभारियं एवं वयासी– अहासुहं देवाणुप्पिए ! त्ति एयमट्ठं पडि– सुणेइ ।**

**ભાવાર્થ :–** ત્યાર બાદ ચોર સેનાપતિ વિજયે આર્તધ્યાન કરતી (ચિંતાગ્રસ્ત) સ્કંદશ્રીને જોઈને આ રીતે કહ્યું– હે દેવાનુપ્રિયે ! તું ઉદાસ થઈ આર્તધ્યાન કેમ કરી રહી છો ?

સ્કંદશ્રીએ ચોર સેનાપતિ વિજયને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિય ! ગર્ભ ધારણ કર્યાને ત્રણ મહિના પૂર્ણ થતાં મને દોહદ ઉત્પન્ન થયો છે ***યાવત્*** તે પૂર્ણ નહીં થવાથી કર્તવ્ય અને અકર્તવ્યના વિવેકથી રહિત થયેલી હું આર્તધ્યાન કરી રહી છું.

ત્યારે ચોર સેનાપતિ વિજયે પોતાની સ્કંદશ્રી પત્નીનું આ કથન સાંભળીને તેના પર વિચાર કરીને સ્કંદશ્રીને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયે ! તું આ દોહદને તારી ઈચ્છા પ્રમાણે પૂર્ણ કરી શકે છે, તે

માટે કંઈ ચિંતા ન કર.

**१५ तए णं सा खंदसिरिभारिया विजएणं चोरसेणावइणा अब्भणुण्णाया समाणी हट्ठा तुट्ठा बहूहिं मित्त-णाइ-णियग-सयण-संबंधि-परियण-महिलाहिं, अण्णाहिं च बहूहिं चोरमहिलाहिं सद्धिं संपरिवुडा ण्हाया** *जाव* **विभूसिया, विउलं असणं-४ सुरं च-६ आसाएमाणी-४ विहरइ । जिमियभुत्तुत्तरागया पुरिसणेवत्था सण्णद्धबद्ध वम्मियकवइया** *जाव* **आहिंडमाणी दोहलं विणेइ । तए णं सा खंदसिरिभारिया संपुण्णदोहला, संमाणियदोहला विणीयदोहला वोच्छिण्णदोहला संपण्णदोहला तं गब्भं सुहंसुहेणं परिवहइ ।**

**ભાવાર્થ :-** વિજય ચોરસેનાપતિનાં આ વચનને સાંભળીને અર્થાત્ આજ્ઞા મળતાં સ્કંદશ્રી ઘણી પ્રસન્ન થઈ, સંતુષ્ટ થઈ. પોતાના મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધી, પરિજન, સહેલીઓ અને બીજી ચોર મહિલાઓને સાથે લઈને સ્નાનથી નિવૃત્ત થઈ ***યાવત્*** સંપૂર્ણ અલંકારોથી વિભૂષિત થઈને પુષ્કળ ખાનપાનાદિ તથા મદિરાનું આસ્વાદન, વિસ્વાદન કરવા લાગી. આ રીતે બધાંની સાથે ભોજન કર્યા પછી પુરુષવેષ પહેરીને તથા દઢ બંધનોથી બાંધેલા લોખંડના કસૂલક આદિથી યુક્ત કવચને શરીર પર ધારણ કરીને ***યાવત્*** ભ્રમણ કરતી પોતાના દોહદને પૂર્ણ કર્યો, ત્યાર પછી તે સ્કંદશ્રી દોહદ પૂર્ણ થવાથી, દોહદનું સન્માન થવાથી, દોહદની નિવૃત્તિ થવાથી, વિનીત થવાથી, દોહદ સંપન્ન(પૂર્ણ) થવાથી તે ગર્ભને પરમ સુખપૂર્વક ધારણ કરવા લાગી.

**અભગ્નસેનનો જન્મ :-**

**१६ तए णं सा चोरसेणावइणी णवण्हं मासाणं बहुपडिपुण्णाणं दारगं पयाया । तए णं से विजए चोरसेणावई तस्स दारगस्स महया इड्ढीसक्कारसमुदएणं दसरत्तं ठिइवडियं करेइ । तए णं से विजय चोरसेणावई तस्स दारगस्स एक्कारसमे दिवसे विउलं असणं-४ उवक्खडावेइ, उवक्खडावित्ता मित्तणाइ णियग सयण संबंधि परियणं आमंतेइ, आमंतित्ता** *जाव* **तस्सेव मित्तणाइ णियग सयण संबंधि परियणं पुरओ एवं वयासी- जम्हा णं अम्हं इमंसि दारगंसि गब्भगयंसि समाणंसि इमे एयारूवे दोहले पाउब्भूए, तम्हा णं होउ अम्हं दारए अभग्गसेणे णामेणं ।**

**तएणं से अभग्गसेणे कुमारे पंचधाईपरिग्गहिए** *जाव* **परिवड्ढइ । तए णं से अभग्गसेणे कुमारे उम्मुक्कबालभावे यावि होत्था । अट्ठदारियाओ,** *जाव* **अट्ठओ दाओ । उप्पिं पासाए** *जाव* **भुंजमाणे विहरइ ।**

**ભાવાર્થ** :– ત્યાર બાદ તે ચોર સેનાપતિની પત્ની સ્કંદશ્રીએ નવ માસ પૂર્ણ થતાં પર પુત્રને જન્મ આપ્યો. ચોર સેનાપતિ વિજયે તે બાળકનો દશ દિવસ સુધી ખૂબ જ ધામધૂમ પૂર્વક કુળ પરંપરા પ્રમાણે જન્મોત્સવ ઉજવ્યો. પછી બાળકના જન્મના અગિયારમે દિવસે પુષ્કળ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ તૈયાર કરાવ્યા અને મિત્ર, જ્ઞાતિ, સ્વજનાદિ લોકોને આમંત્રણ આપ્યું ***યાવત્*** જમાડ્યા અને તેમની સમક્ષ એમ કહ્યું કે જે સમયે આ બાળક ગર્ભમાં આવ્યો ત્યારે તેની માતાને એક દોહદ ઉત્પન્ન થયો, તે નિર્વિઘ્નતાથી પૂર્ણ થયો હતો. દોહદ અભગ્ન રહ્યો તેથી આ બાળકનું "અભગ્નસેન" નામ રાખવામાં આવે છે. ત્યાર પછી અભગ્નસેન બાળક ક્ષીરધાત્રી આદિ પાંચ ધાવમાતાઓ દ્વારા પાલન પોષણને પામતો ***યાવત્*** મોટો થવા લાગ્યો. કુમાર અભગ્નસેન અનુક્રમથી બાલ્યાવસ્થા છોડીને યુવાવસ્થાને પામ્યો. આઠ કન્યાઓ સાથે તેના લગ્ન કરવામાં આવ્યાં. લગ્નમાં તેના માતાપિતાએ આઠ આઠ પ્રકારની વસ્તુઓ પ્રીતિદાનમાં આપી અને તે ઊંચા મહેલોમાં ***યાવત્*** મનુષ્ય સંબંધી ભોગો ભોગવતો રહેવા લાગ્યો.

**૧૭ तए णं से विजए चोरसेणावई अण्णया कयाइ कालधम्मुणा संजुत्ते ।**

**तए णं अभग्गसेणे कुमारे पंचहिं चोरसएहिं सद्धिं संपरिवुडे रोयमाणे, कंदमाणे, विलवमाणे विजयस्स चोरसेणावइस्स महया इड्ढीसक्कारसमुदए णं णीहरणं करेइ, करेत्ता, बहूइं लोइयाइं मयकिच्चाइं करेइ, करेत्ता केणइ कालेणं अप्पसोए जाए यावि होत्था ।**

**ભાવાર્થ** :– ત્યાર બાદ તે વિજય ચોરસેનાપતિ મૃત્યુ પામ્યો. ત્યારે કુમાર અભગ્નસેન સહિત પાંચસો ચોરોએ રડતાં આક્રંદન કરતાં અને વિલાપ કરતાં કરતાં અત્યંત વૈભવ તેમજ સત્કાર સન્માન સાથે વિજય ચોરસેનાપતિનો દાહસંસ્કાર કર્યો. ઘણાં લૌકિક મૃતકાર્ય અર્થાત્ અગ્નિસંસ્કાર આદિથી લઈને પિતાને નિમિત્તે કરવામાં આવતાં દાન, ભોજનાદિ કાર્યો કર્યાં. કેટલાક સમય પછી અભગ્નસેનનો શોક ઓછો થયો.

**અભગ્નસેન ચોર સેનાપતિ :–**

**૧૮ तए णं ते पंचचोरसयाइं अण्णया कयाइ अभग्गसेणं कुमारं सालाडवीए चोरपल्लीए महया महया इड्ढीसक्कारेणं चोरसेणावइत्ताए अभिसिंचंति । तए णं अभग्गसेणे कुमारे चोरसेणावई जाए अहम्मिए *जाव* कप्पायं गिण्हइ ।**

**ભાવાર્થ** :– ત્યાર પછી પાંચસો ચોરોએ મોટા ઉત્સવ સાથે અભગ્નસેનને શાલાટવી નામની ચોર પલ્લીમાં ચોર સેનાપતિની પદવી આપી. ચોર સેનાપતિના પદ પર નિયુક્ત થયેલો અભગ્નસેન કુમાર ચોર સેનાપતિ થયો. તે અધાર્મિક ***યાવત્*** રાજ્યને આપવા લાયક રાજ્યકરને પણ પોતે ગ્રહણ કરવા

લાગ્યો.

**૧૯** **तए णं ते जाणवया पुरिसा अभग्गसेणेणं चोरसेणावइणा बहुगामघायावणाहिं ताविया समाणा अण्णमण्णं सद्दावेंति, सद्दावेत्ता एवं वयासी–**

**एवं खलु, देवाणुप्पिया ! अभग्गसेणे चोरसेणावई पुरिमतालस्स णयरस्स उत्तर पुरत्थिमिल्लं जणवयं बहूहिं गामघाएहिं** *जाव* **णिद्धणं करेमाणे विहरइ । तं सेयं खलु, देवाणुप्पिया ! पुरिमताले णयरे महब्बलस्स रण्णो एयमट्ठं विण्ण- वित्तए ।**

**तए णं ते जाणवया पुरिसा एयमट्ठं अण्णमण्णेणं पडिसुणेंति, पडिसुणेत्ता महत्थं महग्घं महरिहं रायारिहं पाहुडं गिण्हंति, गिण्हित्ता जेणेव पुरिमताले णयरे जेणेव महाबले राया तेणेव उवागया, महाबलस्स रण्णो तं महत्थं** *जाव* **पाहुडं उवणेंति, उवणेत्ता करयलपरिग्गहियं मत्थए अंजलिं कट्टु महाबलं रायं एवं वयासी–**

**एवं खलु सामी ! सालाडवीए चोरपल्लीए अभग्गसेणे चोरसेणावई अम्हे बहूहिं गामघाएहि य** *जाव* **णिद्धणे करेमाणे विहरइ । तं इच्छामो णं सामी ! तुज्झं बाहुच्छायापरिग्गहिया णिब्भया णिरुव्विग्गा सुहेणं परिवसित्तए त्ति कुट्टु पायवडिया पंजलिउडा महाबलं रायं एयमट्ठं विण्णवेंति ।**

**भावार्थ :–** ત્યાર બાદ અભગ્નસેન નામના ચોરસેનાપતિએ ઘણાં ગામો વગેરેનો વિનાશ કર્યો. તેના આતાપથી ત્રાસ પામેલ તે દેશના લોકોએ એકબીજાને બોલાવીને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયો ! ચોર સેનાપતિ અભગ્નસેન પુરિમતાલ નગરના ઉત્તર પ્રદેશનાં ઘણાં ગામડાંઓનો વિનાશ કરીને ત્યાંના લોકોને ધન–ધાન્યાદિથી રહિત કરી રહ્યો છે તેથી હે દેવાનુપ્રિયો ! પુરિમતાલ નગરના મહાબલ રાજાને સારી રીતે વાકેફ કરવા એ આપણા માટે શ્રેયકર છે.

ત્યાર બાદ તે પ્રદેશના માણસોએ પરસ્પર આ વાતનો સ્વીકાર કર્યો અને જ્યાં પુરિમતાલ નગર હતું, જ્યાં મહાબલ રાજા હતા, ત્યાં મહાર્થ(મહા પ્રયોજનને સૂચિત કરનાર), મહાર્ઘ(મહામૂલ્ય), મહાર્હ(મહાન પુરુષોને યોગ્ય) અને રાજાને યોગ્ય ભેટ લઈને આવ્યા. બંને હાથ જોડી મસ્તક પર દશ નખોવાળી અંજલિ કરીને રાજાને તે ભેટ અર્પણ કરી, અર્પણ કરીને મહાબલ રાજા સમક્ષ આ પ્રમાણે નિવેદન કર્યું–

હે સ્વામિન્ ! શાલાટવી નામની ચોર પલ્લીનો ચોર સેનાપતિ અભગ્નસેન અનેક ગામોનો અને નગરોનો વિનાશ કરી ***યાવત્*** અમને નિર્ધન કરી રહ્યો છે. હે નાથ ! અમે ઈચ્છીએ છીએ કે, અમે આપની

ભુજાઓની છાયાથી રક્ષણ પ્રાપ્ત કરી ભય અને વિઘ્નોથી(ઉદ્વેગથી) રહિત થઈને સુખપૂર્વક રહીએ. આ પ્રમાણે વિનંતી કરીને તે પ્રાંતીય પુરુષો રાજાને હાથ જોડી તેમના પગમાં પડ્યા.

## મહાબલ રાજાનો આદેશ અને ચોરનો વિજય :–

**२० तए णं महब्बले राया तेसिं जाणवयाणं पुरिसाणं अंतिए एयमट्ठं सोच्चा णिसम्म आसुरत्ते रुट्ठे कुविए चंडिक्किए मिसिमिसेमाणे तिवलियं भिउडिं णिडाले साहट्टु दंडं सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी– गच्छह णं तुमं देवाणुप्पिया ! सालाडविं चोरपल्लिं विलुंपाहि, विलुंपित्ता अभग्गसेणं चोरसेणावइं जीवग्गाहं गिण्हाहि, गिण्हित्ता ममं उवणेहि ।**

**तए णं से दंडे 'तह' त्ति एयमट्ठं पडिसुणेइ । तए णं से दंडे बहूहिं पुरिसेहिं सण्णद्धबद्धवम्मियकवएहिं** *जाव* **गहियाउहपहरणेहिं सद्धिं संपरिवुडे मगइएहिं फलएहिं** *जाव* **छिप्पतूरेणं वज्जमाणेणं महया उक्किट्ठि सीहणायं बोल कलकलरवेणं पक्खुब्भिय महासमुद्द–रव–भूयं पिव करेमाणे पुरिमतालं णयरं मज्झंमज्झेणं णिग्गच्छइ, णिगच्छित्ता जेणेव सालाडवी चोरपल्ली तेणेव पहारेत्थ गमणाए ।**

**ભાવાર્થ :–** મહાબલ રાજા પોતાની પાસે આવેલા તે દેશવાસી પુરુષો પાસેથી ઉપરોક્ત વૃત્તાંત સાંભળીને ક્રોધથી ધમધમી ઊઠ્યા અને ક્રોધાયમાન થયેલા રાજાએ દાંત કચકચાવી, કપાળ પર ત્રણ રેખાને ધારણ કરતાં ભ્રકુટિ ચઢાવીને કોટવાળને બોલાવ્યા અને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિય ! તમે જાઓ અને જઈને શાલાટવી ચોરપલ્લીને નષ્ટ કરો, લૂંટી લો અને તેના સેનાપતિ અભગ્નસેનને જીવતો જ પકડીને મારી સમક્ષ લાવો.

દંડનાયક કોટવાલ મહાબલ રાજાની આ આજ્ઞાને વિનયપૂર્વક સ્વીકાર કરી, દઢ બંધનોથી બાંધેલા લોખંડના કસૂલક આદિથી યુક્ત કવચને ધારણ કરેલા ***યાવત્*** આયુધો અને પ્રહરણોથી સજ્જ અનેક પુરુષોને સાથે લઈને હાથમાં ઢાલ બાંધેલો ***યાવત્*** ક્ષિપ્રતૂર્ય–ઢોલ,નગારાં, વાજિંત્રો વગાડવાથી ઘણો મોટો અવાજ કરતો અને સિંહનાદ આદિ શબ્દો દ્વારા સમુદ્ર સમાન ગર્જના કરતો, આકાશને વિદીર્ણ કરતો ગગનભેદી નાદ કરતો, પુરિમતાલ નગરની મધ્યમાંથી નીકળીને શાલાટવી ચોરપલ્લી તરફ જવા માટે પ્રસ્થાન કર્યું.

**२१ तए णं तस्स अभग्गसेणस्स चोरसेणावइस्स चारपुरिसा इमीसे कहाए लद्धट्ठा समाणा जेणेव सालाडवी चोरपल्ली, जेणेव अभग्गसेणे चोरसेणावई, तेणेव उवागच्छंति, उवागच्छित्ता करयल** *जाव* **परिग्गहियं मत्थए अंजलिं कट्टु एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! पुरिमताले णयरे महाबलेण**

**रण्णा महया भड- चडगरेणं दंडे आणत्ते- गच्छह णं तुब्भे देवाणुप्पिया ! सालाडविं चोरपल्लिं विलुंपाहि, अभग्गसेणं चोरसेणावइं जीवग्गाहं गेण्हाहि, गेण्हित्ता ममं उवणेहि । तए णं से दंडे महया भडचडगरेणं जेणेव सालाडवी चोरपल्ली तेणेव पहारेत्थ गमणाए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી અભગ્નસેન ચોર સેનાપતિના ગુપ્તચર પુરુષોને આ વાતની જાણ થતાં શાલાટવી ચોરપલ્લીમાં જ્યાં અભગ્નસેન ચોર સેનાપતિ હતો ત્યાં ગયા. બે હાથ જોડી, મસ્તકે દશ નખોવાળી અંજલિ કરી અભગ્નસેનને કહ્યું– હે સ્વામિન્ ! પુરિમતાલ નગરના રાજાએ મહાન સુભટોના સમુદાય સાથે કોટવાળને બોલાવીને આજ્ઞા આપી છે કે, તમે લોકો જલ્દી જાઓ, ત્યાં જઈને શાલાટવી ચોરપલ્લીને લૂંટી લો અને તેના સેનાપતિ અભગ્નસેનને જીવતો પકડીને મારી સામે લાવો. રાજાની આજ્ઞાને શિરોધાર્ય કરીને યોદ્ધાઓના સમૂહ સાથે કોટવાળ શાલાટવી ચોરપલ્લીમાં આવ્યો.

**૨૨ तए णं से अभग्गसेणे चोरसेणावई तेसिं चारपुरिसाणं अंतिए एयमट्ठं सोच्चा णिसम्म पंचचोरसयाइं सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी- एवं खलु देवाणुप्पिया ! पुरिमताले णयरे महाबले** *जाव* **तेणेव पहारेत्थ गमणाए । तं सेयं खलु देवाणुप्पिया ! अम्हं तं दंडं सालाडविं चोरपल्लिं असंपत्ते अंतरा चेव पडिसे- हित्तए ।**

**तए णं ताइं पंच चोरसयाइं अभग्गसेणस्स चोरसेणावइस्स 'तह' त्ति ए यमट्ठं पडिसुणेंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી અભગ્નસેન ચોર સેનાપતિએ પોતાના ગુપ્તચરોની વાત સાંભળીને તથા વિચાર કરીને પાંચસો ચોરોને બોલાવીને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયો ! પુરિમતાલનગરના રાજા મહાબળે આજ્ઞા આપી છે ***યાવત્*** કોટવાળ શાલાટવી ચોરપલ્લી પર આક્રમણ કરવા તથા મને પકડવા ચોરપલ્લી તરફ આવી રહ્યો છે, તેથી તે કોટવાળ ચોરપલ્લી સુધી પહોંચે તે પહેલાં જ તેને રસ્તામાં રોકી દેવો, તે આપણા માટે યોગ્ય છે.

અભગ્નસેનની આ વાતને પાંચસો ચોરોએ "એમ જ થવું જોઈએ" એમ કહીને સ્વીકારી.

**૨૩ तए णं से अभग्गसेणे चोरसेणावई विउलं असणं पाणं खाइमं साइमं उवक्खडावेइ, उवक्खडावेत्ता पंचहिं चोरसएहिं सद्धिं ण्हाए** *जाव* **विभूसिए भोयण मंडवंसि तं विउलं असणं पाणं खाइमं साइमं सुरं च-६ आसाएमाणे-४ विहरइ । जिमियभुत्तुत्तरागए वि य णं समाणे आयंते चोक्खे परमसूइभूए पंचहिं**

**चोरसएहिं सद्धिं अल्लं चम्मं दुरुहइ, दुरुहित्ता सण्णद्धबद्ध** *जाव* **रवेणं पुव्वावरण्हकालसमयंसि सालाडवीओ चोरपल्लीओ णिग्गच्छइ, णिग्गच्छित्ता विसमदुग्गगहणं ठिए गहियभत्तपाणे तं दंडं पडिवालेमाणे चिट्ठइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી અભગ્નસેન સેનાપતિએ પુષ્કળ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ વસ્તુઓને તૈયાર કરાવી તથા પાંચસો ચોરો સાથે, સ્નાનાદિથી નિવૃત્ત થઈ ***યાવત્*** સુસજ્જિત થઈ ભોજનશાળામાં તે પુષ્કળ અશનાદિ વસ્તુઓ તથા છ પ્રકારની મદિરાઓનું રૂચિ પ્રમાણે અલ્પ કે વધારે પ્રમાણમાં સેવન અને વિતરણ કર્યું.

ભોજન પછી ઉચિત સ્થાન પર આવીને આચમન કર્યું અને મુખના લેપાદિને દૂર કરી પૂર્ણ શુદ્ધ થઈને પાંચસો ચોરો સાથે ભીના ચામડા પર આરોહણ કર્યું. ત્યાર પછી દઢ બંધનોથી બાંધેલા અને લોખંડના કસૂલક આદિથી યુક્ત કવચને ધારણ કરીને ***યાવત્*** આકાશમંડળને ગુંજાયમાન કરતાં અભગ્નસેને શાલાટવી ચોરપલ્લીથી મધ્યાહ્ન સમયમાં પ્રસ્થાન કર્યું. તૈયાર કરાવેલા ખાદ્ય પદાર્થોને સાથે લઈને વિષમ અને ગાઢ વનમાં રહીને તે કોટવાળની રાહ જોવા લાગ્યા.

## વિવેચન :–

**अल्लं चम्मं दुरुहई** ભીના ચર્મ પર આરોહણ કર્યું ચોરોને ભીના ચર્મ ઉપર બેસાડવાના ત્રણ પ્રયોજન આચાર્યો એ બતાવ્યા છે યથા– આચાર્યશ્રી અભયદેવ સૂરિના મંતવ્ય પ્રમાણે– **"आर्द्र चर्मारोहति मांगल्यार्थमिति"** ભીના ચામડા પર બેસવું તે ચોરોનું પોતાનું માંગલિક અનુષ્ઠાન હતું. કારણ કે **"विघ्नध्वंसकामो मंगलमाचरेत्"** આ ઉક્તિ પ્રમાણે અભગ્નસેન અને તેના સાથીઓને કોટવાળના સૈન્યને રસ્તામાં રોકવા જતાં જે વિઘ્નો આવવાની શક્યતા લાગતી હોય તેનો નાશ કરવાની ઈચ્છાથી પ્રસ્થાન પૂર્વે આ મંગલ અનુષ્ઠાન કર્યું.

બીજી માન્યતા પરંપરાનું અનુસરણ કરનારી છે. તે પ્રમાણે આર્દ્ર ચર્મ આરોહિત થવાનો પરમાર્થ એ છે કે અનુકૂળ–પ્રતિકૂળ ગમે તે પરિસ્થિતિ આવે પણ પીછે હઠ ન થાય. **'कार्यं वा साधयेयं, देहं वा पातयेयम्'** અર્થાત્ કોઈ પણ પ્રયત્ન કરીને કાર્ય પૂર્ણ કર્યા પછી જ જંપીશ. જો કાર્ય નહીં થાય તો દેહનો ત્યાગ કરીશ. આ પ્રતિજ્ઞાથી આબદ્ધ થવાનો દઢતમ સંકલ્પ આર્દ્રચર્મ આરોહિત થવાથી પ્રતીત થાય છે.

ત્રીજી માન્યતા એ છે કે જેમ આર્દ્ર ચર્મ–ભીનું ચામડું ફેલાય, પહોળું થાય છે તેમ તેના પર આરોહણ કરનારા પણ ધન–જનાદિ પરમ સમૃદ્ધિની વૃદ્ધિ થવા રૂપ ફેલાવાને પામે. આવી ઉચ્ચતમ મહત્વાકાંક્ષા રાખતો અભગ્નસેન અને તેના પાંચસો સાથીઓ ભીના ચામડા પર આરૂઢ થયા.

**૨૪ तए णं से दंडे जेणेव अभग्गसेणे चोरसेणावई तेणेव उवागच्छइ, उवागच्छित्ता अभग्गसेणेणं चोरसेणावइणा सद्धिं संपलग्गे यावि होत्था । तए णं अभग्गसेणे चोरसेणावई तं दंडं खिप्पामेव हयमहिय पवरवीरघाइय–विवडियचिंध–धय पडागं**

**दिसोदिसिं पडिसेहेइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કોટવાળ જ્યાં અભગ્નસેન ચોર સેનાપતિ હતો ત્યાં આવ્યા અને અભગ્નસેન ચોર સેનાપતિની સાથે યુદ્ધમાં જોડાઈ ગયા. અભગ્નસેન ચોર સેનાપતિએ તે કોટવાળને તરત જ હતમથિત કરી દીધો અર્થાત્ તે કોટવાળની સેનાનું હનન કર્યું. વીર પુરુષોનો ઘાત કર્યો, ધ્વજા પતાકાનો નાશ કર્યો, દંડનાયકનું માનભંગ કરી તેને અને તેના સાથીઓને ચારે બાજુ ભગાડી મૂક્યા.

**૨૫ तए णं से दंडे अभग्गसेणेणं चोरसेणावइणा हय महिय** *जाव* **पडिसेहिए समाणे अथामे अबले अवीरिए अपुरिसक्कार–परक्कमे अधारणिज्जमिति कट्टु जेणेव पुरिमताले णयरे, जेणेव महाबले राया तेणेव उवागच्छइ, उवागच्छित्ता करयल परिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी– एवं खलु सामी ! अभग्गसेणे चोरसेणावई विसमदुग्गगहणं ठिए गहियभत्तपाणिए । णो खलु से सक्का केणइ सुबहुएणवि आसबलेण वा हत्थिबलेण वा रहबलेण वा जोहबलेण वा चाउरंगेण वि उरं उरेण गिण्हित्तए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી અભગ્નસેન ચોર સેનાપતિ દ્વારા હતમથિત ***યાવત્*** પ્રતિષેધિત થવા પર તેજહીન, બળહીન, વીર્યહીન તેમજ પુરુષાર્થ અને પરાક્રમથી રહિત થયેલો કોટવાળ શત્રુસેનાને પરાજિત કરવી અશક્ય સમજીને પાછો પુરિમતાલ નગરમાં મહાબળ રાજા પાસે ગયો. ત્યાં જઈને બંને હાથ જોડી મસ્તક પર દશે નખની અંજલિ કરી આ પ્રમાણે કહ્યું–

સ્વામિન્ ! અભગ્નસેન ચોર સેનાપતિ ઊંચા, નીચા, દુર્ગમ–ગહનવનમાં પર્યાપ્ત ખાદ્ય તથા પેય સામગ્રી સાથે રહેલો છે. તેને મોટા અશ્વબળ, ગજબળ, રથબળ અને યોદ્ધાઓના બળ રૂપ ચતુરંગિણી સેનાના સાક્ષાત્ બળથી પણ જીવતો પકડી શકાય તેમ નથી.

### અભગ્નસેનને પકડવા માટે ષડ્યંત્ર :–

**૨૬ ताहे सामेण य भेएण य उवप्पयाणेण यविस्संभमाणेउं पवत्ते यावि होत्था । जे वि से अब्भिंतरगा सीसगसमा मित्त–णाइ–णियग–सयण– संबधि– परियणं च विउलेण धण–कणग–रयण–संतसार–सावएज्जेणं भिंदइ, अभग्गसेणस्स य चोरसेणावइस्स अभिक्खणं अभिक्खणं महत्थाइं महग्घाइं महरिहाइं पाहुडाइं पेसेइ, अभग्गसेणं चोरसेणावइं वीसंभमाणेइ ।**

**ભાવાર્થ :–** જ્યારે કોટવાળે આ પ્રમાણે કહ્યું, ત્યારે મહાબળ રાજાએ સામનીતિ, ભેદનીતિ અને

ઉપપ્રદાન એટલે દાનનીતિથી તેને વિશ્વાસમાં લેવા પ્રયત્ન કર્યો. તે માટે તે ચોર સેનાપતિના નજીકમાં રહેનારા શિષ્ય સમાન આજ્ઞાકારી કે પ્રમુખ પુરુષોને અથવા મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન સંબંધી અને નોકરવર્ગને વિપુલ માત્રામાં ધન, સુવર્ણ, રત્ન અને ઉત્તમ સારભૂત દ્રવ્યો તથા રૂપિયા પૈસા વડે અર્થાત્ તે બધી લાલચ આપીને અભગ્નસેનથી જુદા કરવાનો પ્રયત્ન કર્યો અને અભગ્નસેન ચોર સેનાપતિને પણ વારંવાર મહાપ્રયોજનવાળી, મહામૂલી, મહાપુરુષોને દેવા યોગ્ય અને રાજાને યોગ્ય ભેટો મોકલી. મોકલી અને અભગ્નસેન ચોર સેનાપતિને વિશ્વાસમાં લઈ લીધા.

**२७ तए णं से महाबले राया अण्णया कयाइ पुरिमताले णयरे एगं महं महइमहालयं कूडागारसालं करेइ, अणेग–खंभसयसण्णिविट्ठं पासाईयं दरिसणिज्जं । तए णं से महाबले राया अण्णया कयाइ पुरिमताले णयरे उस्सुक्कं** *जाव* **दसरत्तं पमोयं घोसावेइ, घोसावेत्ता कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी– गच्छह णं तुब्भे देवाणुप्पिया ! सालाडवीए चोरपल्लीए , तत्थ णं तुब्भे अभग्गसेणं चोरसेणावइं करयल** *जाव* **एवं वयह–**

**एवं खलु देवाणुप्पिया पुरिमताले णयरे महाबलस्स रण्णो उस्सुक्के** *जाव* **दसरत्ते पमोए उग्घोसिए । तं किं णं देवाणुप्पिया ! विउलं असणं पाणं खाइमं साइमं पुप्फवत्थगंधमल्लालंकारे य इह हव्वमाणिज्जउ उदाहु समयेव गच्छित्था ?**

**ભાવાર્થ :–** ત્યાર પછી એક વાર મહાબળ રાજાએ પુરિમતાલ નગરમાં પ્રશસ્ત, સુંદર અને અત્યંત વિશાળ, મનમાં પ્રસન્નતા ઉત્પન્ન કરનારી, દર્શનીય સેંકડો થાંભલાવાળી એક કૂટાકાર શાળા તૈયાર કરાવી. ત્યાર પછી મહાબળ રાજાએ એક વાર ષડ્યંત્ર રચીને મહેસૂલ માફ કર્યું, એવા દશ દિવસના ઉત્સવની ઉદ્‌ઘોષણા કરાવી અને કર્મચારી પુરુષોને બોલાવીને કહ્યું– હે દેવાનુપ્રિયો ! તમે શાલાટવી ચોરપલ્લીમાં જાઓ અને ત્યાં અભગ્નસેન ચોરસેનાપતિને બે હાથ જોડી મસ્તક પર દશ નખવાળી અંજલિ કરી આ પ્રમાણે નિવેદન કરો કે–

હે દેવાનુપ્રિય ! પુરિમતાલ નગરમાં મહાબલ રાજાએ ઉત્શૂલ્ક(મહેસૂલની માફી) ***યાવત્*** દશ દિવસના ઉત્સવ વિશેષની ઉદ્‌ઘોષણા કરાવી છે, તો આપને માટે પુષ્કળ અશનાદિ અને પુષ્પ, વસ્ત્ર, સુગંધી પદાર્થ, માળા તથા અલંકાર અહીં જ લાવીએ કે આપ સ્વયં ત્યાં પધારશો ?

**२८ तए णं ते कोडुंबियपुरिसा महाबलस्स रण्णो करयल** *जाव* **एवं सामि त्ति आणाए वयणं पडिसुणेंति पडिसुणेत्ता, पुरिमतालाओ णयराओ पडिणिक्खमंति पडिणिक्खमित्ता णाइविकिट्ठेहिं अद्धाणेहिं सुहेहिं वसहिपायरासेहिं जेणेव सालाडवी चोरपल्ली तेणेव उवागच्छंति, उवागच्छित्ता अभग्गसेणं चोरसेणावइं करयल**

*जाव* **एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! पुरिमताले णयरे महाबलस्स रण्णो उस्सुक्के** *जाव* **दसरत्तं पमोए उग्घोसिए । तं किं णं देवाणुप्पिया ! विउलं असणं** *जाव* **उदाहु सयमेव गच्छित्था ?**

**तए णं से अभग्गसेणे चोरसेणावई ते कोडुंबियपुरिसे एवं वयासी– अहं णं देवाणुप्पिया! पुरिमतालणयरं सयमेव गच्छामि । ते कोडुंबियपुरिसे सक्कारेइ सम्माणेइ पडिविसज्जेइ !**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે કૌટુંબિક પુરુષોએ મહાબળ રાજાની આ આજ્ઞાને બે હાથ જોડી ***યાવત્*** અંજલિ કરીને "જી હા, સ્વામી" કહીને વિનયપૂર્વક સાંભળી. સાંભળીને પુરિમતાલ નગરથી નીકળ્યા. નાની નાની યાત્રાઓ કરતાં અને સુખાકારી વિશ્રામસ્થાનો પર પ્રાતઃકાલીન ભોજનો આદિ કરતાં જ્યાં શાલાટવી નામની ચોરપલ્લી હતી ત્યાં પહોંચ્યા. ત્યાં તેમણે અભગ્નસેન ચોર સેનાપતિને બે હાથ જોડી મસ્તક પર દસ નખવાળી અંજલિ કરી આ પ્રમાણે નિવેદન કર્યું– હે દેવાનુપ્રિય ! પુરિમતાલ નગરમાં મહાબળ રાજાએ ઉત્શૂલ્ક(મહેસૂલ માફ) ***યાવત્*** દસ દિવસનો પ્રમોદ ઉત્સવ ઘોષિત કર્યો છે, તો શું આપને માટે અશનાદિક ***યાવત્*** અહીં લાવીએ અથવા આપ સ્વયં ત્યાં પધારો છો ?

ત્યારે અભગ્નસેન ચોર સેનાપતિએ તે કૌટુંબિક પુરુષોને આ પ્રમાણે કહ્યું– હે ભદ્ર પુરુષો ! હું પોતે જ પ્રમોદ–ઉત્સવ માટે પુરિમતાલનગરમાં આવીશ. ત્યાર પછી અભગ્નસેને ઉચિત સત્કાર સન્માન કરીને તેમને વિદાય કર્યા.

## વિવેચન :–

**सीसगसमा :–** શિષ્ય અર્થને સૂચવનારો શબ્દ શિષ્યક છે, સેનાપતિનો ચોર પરિવાર વિનીત હોવાથી શિષ્ય તુલ્ય કહેલ છે. કેટલીક પ્રતોમાં '**सीसगभमा**' શબ્દ જોવા મળે છે. અર્થ જોતા **सीसगसमा** શબ્દ વધુ ઉચિત જણાય છે તેથી પ્રસ્તુત સંસ્કરણમાં **सीसगसमा** પાઠ ગ્રહણ કર્યો છે. તે ચોર સેનાપતિનાં આજ્ઞાકારી વિનેય લોકોને ભેદનીતિથી વિશ્વાસમાં લેવાનો પ્રયત્ન ચાલુ કર્યો.

**कूट :–** પર્વતના શિખરને કૂટ કહેવામાં આવે છે. કૂટ જેવો આકાર હોય તે ભવનને કૂટશાળા કહે છે.

**દસ દિવસના પ્રમોદ મહોત્સવમાં થનારી વિશેષતાઓ :–**

**उच्छुल्क :– उस्सुक्कं जाव–** ઉત્સુલ્ક વગેરે પ્રમોદ મહોત્સવની બાર વિશેષતા અહીં જાવ – યાવત્ શબ્દથી સંક્ષિપ્તિકરણ કરેલી છે. યથા– **उच्छुल्क** = જે ઉત્સવમાં રાજકીય કર–મહેસૂલ લેવામાં ન આવે.

**उत्कर :–** જેમાં દુકાન માટે લીધેલી જમીનનું ભાડું અથવા ક્રય–વિક્રય માટે લાવેલ ગાય આદિ પશુઓનો

કર લેવામાં ન આવે.

**अभटप्रवेश :–** જે ઉત્સવમાં કોઈ પણ રાજપુરુષ કોઈ પર ઘરની તપાસ ન કરી શકે.

**अदंडिम–कुदंडिम :–** ન્યાયનુસાર સજા અપાય તે દંડ કહેવાય અને ન્યૂનાધિક સજાને કુદંડ કહે છે. તે દંડ, કુદંડથી પ્રાપ્ત દ્રવ્યનો જે ઉત્સવમાં અભાવ હોય.

**अधरिम :–** જે ઉત્સવમાં કોઈને પણ કોઈ વ્યક્તિ પોતાના ઋણ નિમિત્તે હેરાન ન કરે.

**अधारणीय :–** જે ઉત્સવમાં દુકાન શરૂ કરવા માટે રાજા તરફથી આર્થિક સહાય મળે જે તેને પાછી ન આપવી પડે.

**अनुद्धुत मृदंग :–** જેમાં મૃદંગ(વાજાં) વગાડનારાઓએ વગાડવાં માટે વાજાં લીધાં હોય, તબલા વગાડવાં માટે બરાબર ઊંચા કરેલાં હોય.

**अम्लान माल्यदाम :–** જેમાં ખીલેલાં પુષ્પ અને પુષ્પમાળાઓની સુવ્યવસ્થા હોય.

**गणिका नाटकीय कलित :–** જે ઉત્સવ મુખ્ય વેશ્યાઓ અને સારા નૃત્ય કરનારા નટોથી યુક્ત હોય.

**अनेक तालाचरानुचरित :–** જે ઉત્સવમાં તાલ સાથે નૃત્ય કરનારાં પોતાનું કૌશલ બતાવતાં હોય.

**प्रमुदित प्रकीडिताभिराम :–** જે ઉત્સવ તમાશા દેખાડનારા તથા ખેલ બતાવનારાથી મનોહર હોય.

**यथार्ह :–** જે ઉત્સવ બધી રીતે આદર્શ અને વ્યવસ્થિત હોય.

## ષડ્યંત્રની સફળતા અને અભગ્નસેનનો વધ :–

**२९** **तए णं अभग्गसेणे चोरसेणावई बहूहिं मित्त** *जाव* **परिवुडे ण्हाए** *जाव* **सव्वालंकारविभूसिए सालाडवीओ चोरपल्लीओ पडिणिक्खमइ । पडिणिक्खमित्ता जेणेव पुरिमताले णयरे, जेणेव महाबले राया, तेणेव उवागच्छइ, उवागच्छित्ता, करयल परिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु महाबलं रायं जएणं विजएणं वद्धावेइ, वद्धावेत्ता महत्थं** *जाव* **पाहुडं उवणेइ । तए णं से महाबले राया, अभग्गसेणस्स चोरसेणावइस्स तं महत्थं** *जाव* **पडिच्छइ, अभग्गसेणं चोरसेणावइं सक्कारेइ, सम्माणेइ, पडिविसज्जेइ, कूडागारसालं च से आवसहं दलयइ । तए णं से अभग्गसेणे चोरसेणावई महाबलेणं रण्णा विसज्जिए समाणे जेणेव कूडागारसाला तेणेव उवागच्छइ ।**

**ભાવાર્થ** :– ત્યાર પછી મિત્ર ***યાવત્*** પરિજનોથી ઘેરાયેલો તે ચોર સેનાપતિ અભગ્નસેન સ્નાનાદિથી નિવૃત્ત થઈ ***યાવત્*** સમસ્ત અલંકારોથી અલંકૃત થઈ શાલાટવી ચોરપલ્લીથી નીકળીને જ્યાં મહાબલરાજા હતા ત્યાં આવ્યો, આવીને બે હાથ જોડી, મસ્તક પર અંજલિ કરીને મહાબળરાજાને "જય–વિજય" શબ્દોથી વધામણી આપી અને મહાર્થ ***યાવત્*** રાજાને યોગ્ય ભેટ અર્પણ કરી. ત્યાર પછી મહાબળ રાજાએ અભગ્નસેને આપેલી ભેટને સ્વીકારી, સત્કાર, સન્માનપૂર્વક પોતાની પાસેથી વિદાય કરીને તેને રહેવા માટે કૂટાકારશાળામાં સ્થાન આપ્યું. ચોર સેનાપતિ અભગ્નસેન મહાબળરાજા દ્વારા સત્કારપૂર્વક જુદા પડીને કૂટકાર શાળામાં આવ્યા.

**૩૦ तए णं से महाबले राया कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी– गच्छह ण तुब्भे देवाणुप्पिया ! विउलं असणं पाणं खाइमं साइमं उवक्खडावेह, उवक्खडावेत्ता तं विउलं असणं–४, सुरं च–६, सुबहुं पुप्फवत्थ–गंध–मल्लालंकारं च अभग्गसेणस्स चोरसेणावइस्स कूडागारसालं उवणेह ।**

**तए णं से कोडुंबियपुरिसा करयल** *जाव* **उवर्णेति ।**

**तए णं से अभग्गसेणे चोरसेणावई बहूहिं मित्तणाइ** *जाव* **सद्धिं संपरिवुडे ण्हाए** *जाव* **सव्वालंकार विभूसिए तं विउलं असणं–४ सुरं च–६,** *जाव* **परिभुंजमाणे पमत्ते विहरइ ।**

**ભાવાર્થ** :– ત્યાર પછી મહાબળ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું– તમે પુષ્કળ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, પુષ્પ, વસ્ત્ર, ગંધમાળા, અલંકાર અને સુરા આદિ મદિરાઓને તૈયાર કરાવી કૂટાકાર શાળામાં ચોર સેનાપતિ અભગ્નસેનની સેવામાં પહોંચાડો.

કૌટુંબિક પુરુષોએ હાથ જોડીને ***યાવત્*** અંજલિ કરીને રાજાની આજ્ઞા સ્વીકારી અને તે પ્રમાણે વિપુલ અશનાદિક ત્યાં પહોંચાડી દીધાં.

ત્યાર બાદ ચોરસેનાપતિ અભગ્નસેન પોતાના ઘણા મિત્રો અને જ્ઞાતિજનો વગેરેની સાથે સ્નાનાદિથી નિવૃત્ત થઈ ***યાવત્*** સમસ્ત અલંકારોથી અલંકૃત થઈને તે વિપુલ અશનાદિક તથા છ પ્રકારની મદિરા આદિનું સેવન કરતો પ્રમત્ત થઈને રહેવા લાગ્યો.

**૩૧ तए णं से महाबले राया कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी– गच्छह णं तुब्भे, देवाणुप्पिया ! पुरिमतालस्स णयरस्स दुवाराइं पिहेह, अभग्गसेणं चोरसेणावइं जीवग्गाहं गिण्हह, गिण्हित्ता ममं उवणेह ।**

**तए णं ते कोडुंबियपुरिसा करयल** *जाव* **पडिसुर्णेति, पडिसुणेत्ता पुरिमतालस्स**

**णयरस्स दुवाराइं पिहेंति, अभग्गसेणं चोरसेणावइं जीवग्गाहं गिण्हंति, महाबलस्स रण्णो उवणेंति । तए णं से महाबले राया अभग्गसेणं चोरसेणावइं एएणं विहाणेणं वज्झं आणवेइ ।**

**एवं खलु गोयमा ! अभग्गसेणे चोरसेणावई पुरापोराणाणं** *जाव* **विहरइ ।**

**भावार्थ :–** મહાબળરાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયો ! તમે લોકો જાઓ, જઈને પુરિમતાલનગરના દરવાજા બંધ કરાવો ચોર સેનાપતિ અભગ્નસેનને જીવતો જ પકડી લો અને પકડીને મારી સમક્ષ તેને ઉપસ્થિત કરો.

ત્યાર પછી કૌટુંબિક પુરુષોએ રાજાની આ આજ્ઞાને હાથ જોડી ***યાવત્*** આજ્ઞાને શિરોધાર્ય કરી પુરિમતાલ નગરના દરવાજાઓ બંધ કર્યા અને ચોરસેનાપતિ અભગ્નસેનને જીવતો જ પકડીને મહાબળ રાજાની સામે ઉપસ્થિત કર્યો. મહાબળરાજાએ ચોર સેનાપતિ અભગ્નસેનને પૂર્વોક્ત વિધિથી(જે પ્રમાણે તમે જોઈને આવ્યા છો) વધ કરવાની આજ્ઞા આપી.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું – હે ગૌતમ ! આ રીતે તે ચોર સેનાપતિ નિશ્ચિત રૂપે પૂર્વોપાર્જિત પાપકર્મોના વિપાકોદયથી નરક તુલ્ય વેદનાનો પ્રત્યક્ષ અનુભવ કરતો સમય વ્યતીત કરી રહ્યો છે.

### અભગ્નસેનનું ભવિષ્ય અને ભવભ્રમણઃ–

**૩૨ अभग्गसेणे णं भंते! चोरसेणावई कालमासे कालं किच्चा कहिं गच्छिहिइ ? कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! अभग्गसेणे चोरसेणावई सत्ततीसं वासाइं परमाउयं पालइत्ता अज्जेव तिभागावसेसे दिवसे सूलभिण्णे कए समाणे कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए उक्कोसं सागरोवमट्ठिइएसु णेरइएसु णेरइयत्ताए उववज्जिहिइ।**

**से णं तओ अणंतरं उवट्टित्ता, एवं संसारो जहा पढमे अज्झयणे** *जाव* **वाउ– तेउ आउ–पुढवीसु अणेगसय सहस्सखुत्तो उद्दाइत्ता उद्दाइत्ता तत्थेव भुज्जो भुज्जो पच्चायाइस्सइ ।**

**तओ उवट्टित्ता वाणारसीए णयरीए सूयरत्ताए पच्चायाहिइ से णं तत्थ सूयरिएहिं जीवियाओ ववरोविए समाणे तत्थेव वाणारसीए णयरीए सेट्ठिकुलंसि पुत्तत्ताए पच्चायाहिइ । से णं तत्थ उम्मुक्कबालभावे, एवं जहा पढमे अज्झयणे**

*जाव* **अंत काहिइ । णिक्खेवो जहा पढमस्स ।**

**ભાવાર્થ :–** ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો– હે ભગવંત ! તે ચોરસેનાપતિ અભગ્નસેન મૃત્યુના અવસરે મૃત્યુ પામીને ક્યાં જશે ? અને ક્યાં ઉત્પન્ન થશે ?

ભગવાને ઉત્તર આપ્યો– હે ગૌતમ ! ચોરસેનાપતિ અભગ્નસેન ૩૭ વર્ષનું પરમ આયુષ્ય ભોગવીને આજે જ દિવસનો ત્રીજો ભાગ બાકી રહેશે ત્યારે શૂળી પર ચઢાવવાથી મૃત્યુપામીને રત્નપ્રભા નામની પ્રથમ નરકભૂમિમાં નારકી રૂપે એક સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિએ ઉત્પન્ન થશે. ત્યાર પછી પ્રથમ નરકથી નીકળીને શેષ સંસાર પરિભ્રમણ કરતાં (પ્રથમ અધ્યયનમાં કહેલા મૃગાપુત્રની જેમ ***યાવત્*** વાયુકાય, તેજસ્કાય, અપ્કાય, પૃથ્વીકાય આદિમાં લાખોવાર ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને બનારસ નગરીમાં ડુક્કર રૂપે ઉત્પન્ન થશે. ત્યાં ડુક્કરના શિકારીઓ દ્વારા તેને મારવામાં આવશે ત્યાર પછી તે જ બનારસ નગરીના શ્રેષ્ઠીકુળમાં પુત્ર રૂપે ઉત્પન્ન થશે. ત્યાં બાલ્યાવસ્થા ત્યાગ કરી યુવાવસ્થાને પ્રાપ્ત થતાં, પ્રવ્રજિત થઈને, સંયમ પાલન કરીને ***યાવત્*** નિર્વાણ પામશે, જન્મ–મરણનો અંત કરશે.

નિક્ષેપ– ઉપસંહાર પ્રથમ અધ્યયનની જેમ જાણી લેવું જોઈએ.

**વિવેચન :–**

શારીરિક બળ ગમે તેટલું પણ જો તેનો ઉપયોગ ૧૮ પાપના સેવનમાં કરવામાં આવે તો તેના વિપાક રૂપે જીવ અવશ્ય દુઃખોને પ્રાપ્ત થાય છે. પાપકૃત્ય કરનારો ચોરસેનાપતિ અભગ્નસેન શક્તિથી નહીં પણ કપટથી પકડાણો અને આ ભવમાં ઘોર દુઃખો પ્રાપ્ત કરી ભવિષ્યમાં પણ નરકના દુઃખોને જ પામ્યો. માટે કર્મ કરતાં જીવે વિચાર કરવો જોઈએ.

**॥ અધ્યયન–3 સંપૂર્ણ ॥**

# ચોથું અધ્યયન

## પરિચય :

આ અધ્યયનમાં 'શકટકુમાર' નામના એક દુઃખી બાળકનું જીવન વૃત્તાંત છે. તે બાળકના નામ ઉપરથી આ અધ્યયનનું નામ "શકટકુમાર" રાખવામાં આવ્યું છે.

સાહંજણી નામની નગરીમાં મહાચંદ્ર રાજાનો સુષેણ નામનો પ્રધાન હતો. તે જ નગરીમાં સુભદ્ર સાર્થવાહનો શકટકુમાર નામનો પુત્ર હતો. તે સુંદર અને રૂપ સંપન્ન હતો. દુર્ભાગ્યવશ તેના માતાપિતા મૃત્યુ પામ્યા. ઉજ્ઝિતકની જેમ એને પણ ઘરમાંથી બહાર કાઢી મૂક્યો. ભટકતો ભટકતો તે સુદર્શના વેશ્યાને ત્યાં પહોંચ્યો અને ત્યાં જ ભોગાસક્ત બની રહેવા લાગ્યો.

એક વખત સુષેણ મંત્રીએ તેને વેશ્યાના ઘરમાંથી હાંકી કાઢ્યો અને તે વેશ્યાને પોતાની પત્નીના સ્વરૂપમાં સ્વીકારી લીધી. મોકો મળતાં શકટકુમાર પણ મંત્રી પત્ની બનેલી સુદર્શના વેશ્યા પાસે પહોંચી જતો. એકદા સુદર્શના સાથે ભોગ ભોગવતા મંત્રીના હાથે તે પકડાઈ ગયો. મંત્રીએ તેને રાજા પાસે ઉપસ્થિત કર્યો. 'મારા અંતઃપુરમાં પ્રવેશ કરવાનો અપરાધ કર્યો છે' આ પ્રમાણે ફરિયાદ કરતાં રાજાએ કહ્યું, 'તમને યોગ્ય લાગે તે દંડ કરો'. શકટ અને સુદર્શના બંનેને બાંધી ચૌટા ઉપર મારતાં મારતાં નગરમાં ફેરવ્યાં.

ભિક્ષા અર્થે ગૌતમ સ્વામી નગરમાં પધાર્યા. શકટ અને સુદર્શનાની દુર્દશા જોઈ ભગવાન પાસે દયનીય દૃશ્યનું વર્ણન કરી, તેનું કારણ પૂછ્યું. ભગવાને તેના પૂર્વભવનું વર્ણન કર્યું.

આ ભારતવર્ષમાં છગલપુરમાં છણ્ણિક નામનો કસાઈ રહેતો હતો. તે ધનાઢ્ય છતાં અધર્મી હતો. તે માંસ–મદિરા સેવનમાં આસક્ત હતો. તે મુખ્યતાએ બકરાના માંસનો વ્યાપાર કરતો હતો. તે સાથે મૃગ, ગાય, બળદ, સસલા, સૂવર, સિંહ, મોર, પાડા આદિનું માંસ પણ વેચતો હતો. પશુઓનું માંસ પકાવી નોકરો દ્વારા નગરમાં વેચતો અને પોતે પણ ખાતો. આવી પાપમય પ્રવૃત્તિને પોતાનું પરમ કર્તવ્ય સમજતો. તેથી ક્લિષ્ટ કર્મોનું ઉપાર્જન કરતાં કરતાં, સાતસો વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી, ચોથી નરકમાં ઉત્પન્ન થયો. ત્યાંનું દસ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી, દુઃખમય જીવન પસાર કરી અહીં શકટકુમાર બન્યો છે. વેશ્યામાં આસક્ત થવાથી અને પૂર્વકૃત કર્મોના ઉદયથી આવી દુર્દશાને પામ્યો છે.

હવે ચૌટા ઉપર ફેરવીને બન્નેને વધસ્થાને લઈ જવામાં આવશે. ત્યાં ગરમ લોહ પ્રતિમા સાથે આલિંગન કરાવશે. આ પ્રકારે આજે જ મૃત્યુ પામી બન્ને પ્રથમ નરકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને બંને ચાંડાલ કુળમાં યુગલ સ્વરૂપે ઉત્પન્ન થશે. ત્યાં પણ બન્નેનાં નામ શકટ અને સુદર્શના રાખવામાં

આવશે. યૌવન વય પ્રાપ્ત થતાં તેઓ બંને પતિ–પત્ની બની જશે. ત્યાં પણ અનેક પાપકર્મોનું ઉપાર્જન કરી પ્રથમ નરકમાં ઉત્પન્ન થશે.

અનંત સંસારમાં ભ્રમણ કરતાં–કરતાં મચ્છ થશે. તત્પશ્ચાત્ શ્રેષ્ઠીપુત્ર બની સંયમ ગ્રહણ કરશે અને પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ પામી સંયમ પાલન કરી મોક્ષને પ્રાપ્ત કરશે.

❖❖❖❖❖

# ચોથું અધ્યયન

## શકટકુમાર

**અધ્યયન પ્રારંભ :–**

**૧** चउत्थस्स उक्खेवओ ।

**ભાવાર્થ** : ચોથા અધ્યયનનો પ્રારંભ પ્રથમ અધ્યયનની જેમ જાણવો.

**૨ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं साहंजणी णामं णयरी होत्था । रिद्धत्थिमियसमिद्धा, वण्णओ । तीसे णं साहंजणीए बहिया उत्तरपुरत्थिमे दिसीभाए देवरमणे णामं उज्जाणे होत्था । तत्थ णं अमोहस्स जक्खस्स जक्खाययणेहोत्था, पोराणे । तत्थ णं साहंजणीए णयरीए महचंदे णामं राया होत्था, महयाहिमवंत** *जाव* **रज्जं पसासेमाणे विहरइ । तस्स णं महचंदस्स रण्णो णामं सुसेणे णामं अमच्चे होत्था । साम–भेय–दंड–उप्पयाणणीति सुपउत्त– णयविहण्णू णिग्गह–कुसले ।**

**तत्थ णं साहंजणीए णयरीए सुदरसिणा णामं गणिया होत्था । वण्णओ ।**

**ભાવાર્થ** : હે જંબૂ! તે કાલે અને તે સમયે સાહંજણી નામની નગરી હતી. તે ભવનાદિથી સુશોભિત, ભયથી રહિત તથા સમૃદ્ધ હતી વગેરે વર્ણન જાણવું. તેની બહાર ઈશાન ખૂણામાં "દેવરમણ" નામનું એક ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં અમોઘ નામના યક્ષનું યક્ષાયતન હતું. તે ઘણું જૂનું હતું. તે નગરીમાં મહચંદ્ર નામનો રાજા રાજ્ય કરતો હતો. તે હિમાલય પર્વતની જેમ મહાન હતો ***યાવત્*** રાજ્યનું પાલન કરતો હતો. તે મહચંદ્ર રાજાને સુષેણ નામનો મંત્રી હતો. જે સામનીતિ, ભેદનીતિ, દંડનીતિ અને ઉપપ્રદાનનીતિના પ્રયોગને અને ન્યાય નીતિના પ્રયોગને જાણનાર તથા નિગ્રહ કરવામાં કુશળ હતો.

તે નગરીમાં સુદર્શના નામની એક સુપ્રસિદ્ધ વેશ્યા રહેતી હતી, તેના વૈભવનું વર્ણન બીજા અધ્યયનમાં કહેલ કામધ્વજા વેશ્યાની જેમ જાણવું.

**શકટકુમાર :-**

**३ तत्थ णं साहंजणीए णयरीए सुभद्दे णामं सत्थवाहे परिवसइ । अड्ढे** *जाव* **अपरिभूए । तस्स णं सुभद्दस्स सत्थवाहस्स भद्दा णामं भारिया होत्था, अहीणपडिपुण्णपंचिंदिय सरीरा, वण्णओ । तस्स णं सुभद्दसत्थवाहस्स पुत्ते भद्दाए भारियाए अत्तए सगडे णामं दारए होत्था, अहीणपडिपुण्णपंचिंदियसरीरे, वण्णओ ।**

**ભાવાર્થ :** તે નગરીમાં સુભદ્ર નામનો એક સાર્થવાહ રહેતો હતો. તે સાર્થવાહ સમૃદ્ધ ***યાવત્*** કોઈથી પરાભવ ન પામનાર અર્થાત્ ઘણા લોકોમાં સન્માન પ્રાપ્ત હતો. તે સુભદ્ર સાર્થવાહની ભદ્રા નામની પત્ની હતી. તે સર્વાંગ સુંદર શરીરવાળી હતી વગેરે વર્ણન જાણવું. સુભદ્ર સાર્થવાહનો પુત્ર અને ભદ્રા માતાનો આત્મજ "શકટ" નામનો એક પુત્ર હતો. તે પરિપૂર્ણ પાંચ ઈન્દ્રિયોથી યુક્ત હતો વગેરે વર્ણન જાણવું.

**४ तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे समोसढे । परिसा राया य णिग्गए । धम्मो कहिओ । परिसा पडिगया, राया वि णिग्गओ ।**

**ભાવાર્થ :** તે કાલે અને તે સમયે સાહંજણી નગરીની બહાર દેવરમણ ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. નગરમાંથી ભગવાનના દર્શનાર્થે જનતા અને રાજા નીકળ્યાં. ભગવાને તેમને ધર્મદેશના આપી. ધર્મદેશના સાંભળી જનતા અને રાજા પોતાને સ્થાને ચાલ્યાં ગયાં.

**५ तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी** *जाव* **रायमग्गमोगाढे । तत्थ णं हत्थी, आसे बहवे पुरिसे पासइ । तेसिं च पुरिसाणं मज्झगए पासइ एगं सइत्थीयं पुरिसं अवओडयबंधणं उक्खित्तकण्णणासं** *जाव* **घोसिज्जमाणं । चिंता तहेव** *जाव* **भगवं वागरेइ –**

**ભાવાર્થ :** ત્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જયેષ્ઠ શિષ્ય ગૌતમ સ્વામી ***યાવત્*** રાજમાર્ગમાં પધાર્યા. ત્યાં તેઓએ હાથી, ઘોડા અને ઘણા પુરુષોને જોયા. તે પુરુષોની વચ્ચે અવકોટકબંધન(બંને હાથ વાળીને પાછળના ભાગમાં દોરડાથી બાંધવામાં આવે તે)થી યુક્ત, કાન અને નાક કાપેલા ***યાવત્*** ઉદ્‌ઘોષણા યુક્ત સ્ત્રી સહિત એક પુરુષને જોયો. જોઈને ગૌતમ સ્વામીએ પૂર્વવત્ વિચાર કર્યો અને ભગવાન પાસે આવીને પ્રશ્ન કર્યો. ભગવાને ઉત્તરમાં આ પ્રમાણે કહ્યું–

**શકટનો પૂર્વભવ છણિક કસાઈ :-**

**६ एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं इहेव जम्बुद्दीवे दीवे**

**भारहे वासे छगलपुरे णामं णयरे होत्था । वण्णओ । तत्थ सीहगिरी णामं राया होत्था । महया हिमवंत महंत** *जाव* **रज्जं पसासेमाणे विहरइ । तत्थ णं छगलपुरे णयरे छण्णिए णामं छागलिए परिवसइ । अड्ढे** *जाव* **अपरिभूए, अहम्मिए** *जाव* **दुप्पडियाणंदे ।**

**ભાવાર્થ :** હે ગૌતમ ! તે કાલે અને તે સમયે આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભારતવર્ષમાં છગલપુર નામનું એક નગર હતું. અહીં નગરનું વર્ણન જાણવું. ત્યાં સિંહગિરિ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે હિમાલયાદિ પર્વતોની સમાન મહાન હતો ***યાવત્*** રાજ્યનું સંચાલન સારી રીતે કરતો હતો. તે નગરમાં છણ્ણિક નામનો એક છાગલિક(બકરાના માંસનો વ્યાપાર કરનાર કસાઈ) રહેતો હતો. તે ધનાઢ્ય, અપરિભૂત, અધર્મી ***યાવત્*** દુષ્પ્રત્યાનંદી હતો.

**૭** **तस्स णं छण्णियस्स छागलियस्स बहवे अयाण य एलयाण य रोज्झाण य वसभाण य ससयाण य सूयराण य सिंहाण य हरिणाण य मयूराण य महिसाण य पसुयाण सयबद्धाणि सहस्सबद्धाणि य जूहाणि वाडगंसि सण्णिरुद्धाइं चिट्ठंति ।**

**अण्णे य तत्थ बहवे पुरिसा दिण्णभइभत्तवेयणा बहवे अए य** *जाव* **महिसे य सारक्खेमाणा संगोवेमाणा चिट्ठंति ।**

**अण्णे य से बहवे पुरिसा दिण्णभइभत्तवेयणा बहवे अए य** *जाव* **महिसे य जीवियाओ ववरोवेंति, ववरोवित्ता मंसाइं कप्पणीकप्पियाइं करेंति, करेत्ता छण्णियस्स छागलियस्स उवणेंति ।**

**अण्णे य से बहवे पुरिसा ताइं बहुयाइं अयमंसाइं** *जाव* **महिसमंसाइं तवएसु य कवल्लीसु य कंदुएसु य भज्जणेसु य इंगालेसु य तलेंति य भज्जेंति य सोल्लेंति य, तलित्ता भज्जित्ता सोल्लेत्ता य तओ रायमग्गंसि वित्तिं कप्पेमाणा विहरंति ।**

**अप्पणा वि य णं से छण्णिए छागलिए तेहिं बहुविहेहिं अयमंसेहिं** *जाव* **महिसमंसेहिं सोल्लेहि य तलिएहि य भज्जिएहि य सुरं च–६, आसाए माणे** *जाव* **विहरइ ।**

**ભાવાર્થ :** તે છણ્ણિક છાગલિકની અનેક બકરીઓ, રોઝ, નીલગાયો, બળદો, સસલાઓ, ડુક્કરો, સિંહો, હરણો, મોર અને પાડાઓ વગેરે પશુઓ, સો–સો અને હજાર–હજારના સમૂહથી વાડાઓમાં

બાંધેલા રહેતાં હતાં.

ત્યાં ભોજન અને રૂપિયા લઈને કામ કરનારા કર્મચારી પુરુષો અનેક બકરાં, પાડાઓ વગેરે પશુઓનું સંરક્ષણ અને સંગોપન કરતા હતા.

છણિક છાગલિકના રૂપિયા અને ભોજન લઈને કામ કરનારા અન્ય પણ અનેક નોકરો હતા જે સેંકડો તથા હજારો બકરાં, પાડાઓ વગેરે પશુઓને મારીને તેના માંસને છરીથી કાપીને છણિકને હંમેશાં આપતા હતા.

છણિક છાગલિકના બીજા અનેક નોકરો તે ઉપરોક્ત પ્રકારનાં પશુઓનાં માંસને તવા ઉપર, કડાઈઓમાં, હાંડામાં અથવા લોઢાના પાત્રવિશેષમાં, ભૂંજવાના પાત્રોમાં અને અંગારા પર તળતાં, ભૂંજતાં અને શૂળ દ્વારા પકાવતાં તે માંસને રાજમાર્ગમાં વેચવાનો વ્યાપાર કરતા હતા. છણિક પોતે પણ તે ઉપરોક્ત પ્રકારનાં પશુઓનાં માંસ સાથે સુરા આદિ છ પ્રકારની મદિરાનું આસ્વાદનાદિ કરતો જીવન વ્યતીત કરતો હતો.

**૮ तए णं छण्णिए छागलिए एयकम्मे, एयप्पहाणे एयविज्जे एयसमायारे सुबहुं पावकम्मं कलिकलुसं समज्जिणित्ता सत्तवाससयाइं परमाउयं पालइत्ता कालमासे कालं किच्चा चउत्थीए पुढवीए उक्कोसेणं दससागरोवम ठिइएसु णेरइएसु णेरइयत्ताए उववण्णे ।**

**ભાવાર્થ :** છાગલિક છણિકે બકરાં આદિ પશુઓનું માંસ ભક્ષણ અને મદિરા પાનને પોતાનું કર્તવ્ય બનાવી લીધું હતું અને પાપપૂર્ણ પ્રવૃત્તિઓમાં તે હંમેશાં તત્પર રહેતો હતો. એ જ તેના જીવનનું વિશિષ્ટ વિજ્ઞાન બની ગયું હતું અને આવાં જ પાપપૂર્ણ કૃત્યોને તેણે પોતાનું સર્વોત્તમ આચરણ બનાવ્યું હતું. આવાં આચરણોથી ક્લેશજનક અને અશુભ પાપકર્મોનું ઉપાર્જન કરીને સાતસો વર્ષના આયુષ્યને પૂર્ણ ભોગવીને મૃત્યુના સમયે મૃત્યુ પામીને તે છણિક છાગલિક ચોથી નરકમાં ઉત્કૃષ્ટ ૧૦ સાગરોપમની સ્થિતિવાળા નારકીપણે ઉત્પન્ન થયો.

### શકટનો વર્તમાન ભવ :-

**९ तए णं तस्स सुभद्दस्स सत्थवाहस्स भद्दा भारिया जायणिंदुया यावि होत्था । जाया जाया दारगा विणिहायमावज्जंति । तए णं से छण्णिए छागलिए चउत्थीए पुढवीए अणंतरं उवट्टित्ता इहेव साहंजणीए सुभद्दस्स सत्थवाहस्स भद्दाए भारियाए कुच्छिंसि पुत्तत्ताए उववण्णे ।**

**तए णं सा भद्दा सत्थवाही अण्णया कयाइ णवण्हं मासाणं बहुपडिपुण्णाणं**

**दारगं पयाया । तए णं तं दारगं अम्मापियरो जायमेत्तं चेव सगडस्स हेट्ठओ ठावेंति, दोच्चं पि गिण्हावेंति, अणुपुव्वेणं सारक्खेंति, संगोवेंति, संवड्ढेंति जहा उज्झियए** *जाव* **जम्हा णं अम्हं इमे दारए जायमेत्ते चेव सगडस्स हेट्ठओ ठविए, तम्हा होउ णं अम्हं एस दारए सगडे णामेणं । सेसं जहा उज्झियए । सुभद्दे लवण समुद्दे कालगए, माया वि कालगया । से वि सयाओ गिहाओ णिच्छूढे । तए णं से सगडे दारए सयाओ गिहाओ णिच्छूढे समाणे सिंघाडग तहेव** *जाव* **सुदरिसणाए गणियाए सद्धिं संपलग्गे यावि होत्था ।**

**ભાવાર્થ :** તે સુભદ્ર સાર્થવાહની ભદ્રા નામની પત્ની જાતનિન્દુકા– તેના બાળકો જન્મતાં જ મરી જતા હતા. છણિક છાગલિકનો જીવ ચોથી નરકમાંથી નીકળીને સાહંજણી નગરીમાં સુભદ્ર સાર્થવાહની ભદ્રા નામની પત્નીના ગર્ભમાં પુત્ર રૂપે ઉત્પન્ન થયો.

લગભગ નવ માસ પૂરા થયા ત્યારે ભદ્રા સાર્થવાહીએ બાળકને જન્મ આપ્યો. ઉત્પન્ન થતાં જ માતાપિતા તે બાળકને શકટ–ગાડા નીચે મૂકી અને પાછો ઉપાડી લીધો. જે તેનું યથાવિધિ ઉજ્ઝિતકની જેમ સંરક્ષણ, સંગોપન અને સંવર્ધન કર્યું છે ***યાવત્*** જન્મતાં જ અમારા આ બાળકને શકટ નીચે મૂકવામાં આવેલ તેથી તેનું નામ "શકટ" પાડવામાં આવે છે. તેનું બાકીનું જીવન ઉજ્ઝિતક કુમારની જેમ જ જાણી લેવું જોઈએ.

સુભદ્ર સાર્થવાહ લવણ સમુદ્રમાં મૃત્યુ પામ્યો, શકટની માતા ભદ્રા પણ મૃત્યુ પામી ત્યારે જ રાજપુરુષોએ શકટકુમારને ઘરમાંથી કાઢી મૂક્યો. જ્યારે ઘરમાંથી શકટને કાઢી મૂકયો, ત્યારે તે સાહંજણી નગરીના ત્રિકોણમાર્ગ આદિ સ્થાનોમાં ભટકતા ઉજ્ઝિતકની જેમ ***યાવત્*** સુદર્શના ગણિકા સાથે તેની ગાઢ પ્રીતિ થઈ ગઈ અર્થાત્ ત્યાં જ રહીને માનુષિક સુખ ભોગવવા લાગ્યો.

**१० तए णं से सुसेणे अमच्चे तं सगडं दारगं अण्णया कयाइ सुदरिसणाए गणियाए गिहाओ णिच्छुभावेइ, णिच्छुभावेत्ता सुदरिसणं गणियं अब्भिंतरियं ठावेइ, ठावेत्ता सुदरिसणाए गणियाए सद्धिं उरालाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणे विहरइ ।**

**तए णं से सगडे दारए सुदरिसणाए गणियाए गिहाओ णिच्छुभेमाणे सुदरिसणाए गणियाए मुच्छिए गिद्धे गढिए अज्झोववण्णे अण्णत्थ कत्थइ सुइं च रइं च धिइं च अलभमाणे तच्चित्ते तम्मणे तल्लेसे तदज्झवसाणे तदट्ठोवउत्ते तदप्पियकरणे तब्भा– वणाभाविए सुदरिसणाए गणियाए बहूणि अंतराणि य**

**छिद्दाणि य विवराणि य पडिजागरमाणे पडिजागरमाणे विहरइ ।**

**तए णं से सगडे दारए अण्णया कयाइ सुदरिसणाए गणियाए अंतरं लभेइ, लभेत्ता सुदरिसणाए गणियाए गिहं रहस्सियं अणुप्पविसइ, अणुप्पविसित्ता सुदरिसणाए सद्धिं उरालाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणे विहरइ ।**

**ભાવાર્થ :** ત્યાર પછી મહચંદ રાજાના મંત્રી સુષેણ એક વાર તે શકટકુમારને સુદર્શના વેશ્યાના ઘરેથી કાઢી મુક્યો અને સુદર્શનાને પોતાની પત્ની તરીકે સ્વીકારી લીધી, આ પ્રમાણે સ્ત્રી તરીકે રાખેલી સુદર્શના સાથે મનુષ્ય સંબંધી વિશિષ્ટ કામભોગોનો ઈચ્છા મુજબ ઉપભોગ કરતો તે સમય વ્યતીત કરવા લાગ્યો.

સુદર્શનાના ઘરેથી મંત્રી દ્વારા કાઢી મૂકાએલો તે શકટકુમાર બીજી કોઈ પણ જગ્યાએ સ્મૃતિ, રતિ, સુખ, શાંતિ પામતો ન હતો. તે સુદર્શનામાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, અત્યંત આસક્ત હતો. તેનું ચિત્ત, મન, લેશ્યા, અધ્યવસાય તેનામાં જ લીન હતાં. તે સુદર્શનાનો જ વિચાર કર્યા કરતો હતો, તેને તેનું નામ જ પ્રિય હતું અને તે તેની ભાવનાથી જ ભાવિત રહેતો. તેની પાસે જવાની તે તક–અંતર, છિદ્ર અને વિવર શોધ્યા કરતો હતો.

એકવાર તેને સુદર્શના પાસે જવાની તક મળી ગઈ તે ગુપ્તપણે તેના ઘરમાં ઘૂસી ગયો અને તેની સાથે ભોગ ભોગવવા લાગ્યો.

### સુષેણમંત્રીના પ્રકોપથી શકટનો વધ :–

**११ इमं च णं सुसेणे अमच्चे ण्हाए *जाव* सव्वालंकारविभूसिए मणुस्सवग्गुराए परिक्खित्ते जेणेव सुदरिसणाए गणियाए गेहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता सगडं दारयं सुदरिसणाए गणियाए सद्धिं उरालाइं भोगभोगाइं भुंजमाणे पासइ, पासित्ता आसुरत्ते *जाव* मिसमिसेमाणे तिवलियं भिउडिं णिडाले साहट्टु सगडं दारयं पुरिसेहिं गिण्हावेइ, गिण्हावेत्ता अट्ठि मुट्ठि–जाणु–कोप्पर–पहारसंभग्ग महियं करेइ, करित्ता अवओडयबंधणं करेइ, करेत्ता जेणेव महचंदे राया तेणेव उवागच्छइ, उवागच्छित्ता करयल *जाव* एवं वयासी– एवं खलु सामी ! सगडे दारए मम अंतेउरंसि अवरद्धे । तए णं से महचंदे राया सुसेणं अमच्चं एवं वयासी– तुमं चेव णं देवाणुप्पिया ! सगडस्स दारगस्स दंडं वत्तेहि ।**

**तए णं से सुसेणे अमच्चे महचंदेण रण्णा अब्भणुण्णाए समाणे सगडं दारयं सुदरिसणं च गणियं एएणं विहाणेणं वज्झं आणवेइ ।**

**तं एवं खलु गोयमा ! सगडे दारए पुरापोराणाणं दुच्चिण्णाणं** *जाव* **पच्चणु- भवमाणे विहरइ ।**

**ભાવાર્થ :** સ્નાન કરીને સર્વ પ્રકારનાં અલંકારોથી અલંકૃત તથા અનેક મનુષ્યોથી ઘેરાયેલો સુષેણ મંત્રી પણ સુદર્શનાના ઘરે આવ્યો. આવતાં જ તેણે સુદર્શનાની સાથે ઈચ્છા મુજબ કામભોગોનો ઉપભોગ કરતાં શકટકુમારને જોયો, જોઈને ક્રોધથી તે રાતોપીળો થઈ, દાંત પીસતો, કપાળ પર ત્રણ રેખાવાળી ભૃકુટિ ચઢાવતો શકટકુમારને પોતાના પુરુષો દ્વારા પકડાવીને લાકડીથી, મુટ્ટીઓથી, પગથી, કોણીઓથી અધમૂઓ કર્યો અને અવકોટન બંધનથી જકડાવી દીધો. ત્યાર પછી તેને મહારાજ મહચંદ્રની પાસે લઈ જઈને બંને હાથ જોડીને ***યાવત્*** આ પ્રમાણે કહ્યું. હે સ્વામિન્ ! આ શકટકુમારે મારા અંતઃપુરમાં પ્રવેશ કરવાનો અપરાધ કર્યો છે. તેના ઉત્તરમાં મહારાજા મહચંદ્રે સુષેણ મંત્રીને આ પ્રમાણે કહ્યું– દેવાનુપ્રિય ! તમારી ઈચ્છા પ્રમાણે તમે જ તેને દંડ આપી શકો છો.

ત્યાર પછી મહારાજ મહચંદ્રની આજ્ઞા મેળવીને સુષેણ મંત્રીએ શકટકુમાર અને સુદર્શના વેશ્યાને હે ગૌતમ ! તમે જોયું તે પ્રમાણે વધ કરવાની આજ્ઞા રાજપુરુષોને આપી.

આ પ્રમાણે હે ગૌતમ ! શકટકુમાર પોતાનાં પૂર્વોપાર્જિત જૂનાં તથા દુશ્ચીર્ણ પાપકર્મોનાં ફળનો પ્રત્યક્ષ અનુભવ કરી રહ્યો છે.

**શકટનું ભવિષ્ય અને ભવભ્રમણ :–**

**૧૨** सगडे णं भंते ! दारए कालगए कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ ?

**गोयमा ! सगडे णं दारए सत्तावण्णं वासाइं परमाउयं पालइत्ता अज्जेव तिभागावसेसे दिवसे एगं महं अयोमयं तत्तं समजोइभूयं इत्थिपडिमं अवयासाविए समाणे कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए णेरइयत्ताए उववज्जि- हिइ ।**

**से णं तओ अणंतरं उव्वट्टित्ता रायगिहे णयरे मातंगकुलंसि जुगलत्ताए पच्चायाहिइ । तए णं तस्स दारगस्स अम्मापियरो णिव्वत्तबारसाहस्स इमं एयारूवं गोण्णं णामधेज्जं करिस्संति, तं होउ णं दारए सगडे णामेणं, होउ णं दारिया सुदरिसणा णामेणं ।**

**ભાવાર્થ :** શકટની દુર્દશાનું કારણ ભગવાન પાસેથી સાંભળીને ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો– ભગવન્ ! શકટકુમાર અહીંથી મૃત્યુ પામીને ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે ?

ભગવાને ઉત્તર આપ્યો– હે ગૌતમ ! શકટકુમાર ૫૭ વર્ષનું આયુષ્ય ભોગવીને આજે જ દિવસનો ત્રીજો ભાગ બાકી રહેશે ત્યારે એક મહાલોહમય તપેલી અગ્નિ સમાન દેદીપ્યમાન સ્ત્રી પ્રતિમા સાથે આલિંગન કરાવવામાં આવશે ત્યારે જ તે મૃત્યુ પામીને રત્નપ્રભા નામની પહેલી નરકભૂમિમાં નારકી રૂપે ઉત્પન્ન થશે.

ત્યાંથી નીકળીને રાજગૃહનગરમાં ચાંડાલકુળમાં યુગલ રૂપે જન્મ લેશે. તે યુગલનાં માતાપિતા બારમે દિવસે તેમનામાંથી બાળકનું નામ 'શકટકુમાર' અને કન્યાનું નામ 'સુદર્શના' રાખશે.

**१३ तए णं से सगडे दारए उम्मुक्कबालभावे विण्णयपरिणयमेत्ते जोव्वणगमणुप्पत्ते भविस्सइ ।**

**तए णं सा सुदरिसणा वि दारिया उम्मुक्कबालभावा विण्णयपरिणयमेत्ता जोव्वणगमणुप्पत्ता रूवेण य जोव्वणेण य लावण्णेण य उक्किट्ठा उक्किट्ठसरीरा यावि भविस्सइ । तए णं से सगडे दारए सुदरिसणाए रूवेण य जोव्वणेण य लावण्णेण य मुच्छिए सुदरिसणाए सद्धिं उरालाइं भोगभोगाइं भुंजमाणे विहरिस्सइ ।**

**तए णं से सगडे दारए अण्णया सयमेव कूडग्गाहित्तं उवसंपज्जित्ताणं विहरिस्सइ । तए णं से सगडे दारए कूडग्गाहे भविस्सइ अहम्मिए *जाव* दुप्पडियाणंदे, एयकम्मे–४ सुबहुं पावकम्मं समज्जिणित्ता कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए णेरइयत्ताए उववज्जिहिइ । संसारो तहेव *जाव* पुढवीए ।**

**से णं तओ अणंतरं उवट्टित्ता वाणारसीए णयरीए मच्छत्ताए उववज्जिहिइ। से णं तत्थ मच्छबंधिएहिं वहिए तत्थेव वाणारसीए णयरीए सेट्ठिकुलंसि पुत्तत्ताए पच्चायाहिइ । बोहिं, पव्वज्जा, सोहम्मे कप्पे, महाविदेहे वासे सिज्झिहिइ ।**

**णिक्खेवो जहा पढमस्स ।**

**ભાવાર્થ :** ત્યાર પછી શકટકુમાર બાલ્યાવસ્થાનો ત્યાગ કરીને વિશિષ્ટ જ્ઞાન અને બુદ્ધિ આદિની પરિપક્વતાને પ્રાપ્ત કરતી યુવાવસ્થા પામશે. સુદર્શનાકુમારી પણ બાલ્યાવસ્થા છોડી વિશિષ્ટ જ્ઞાન અને બુદ્ધિ આદિની પરિપક્વતાને પ્રાપ્ત કરતી યુવાવસ્થામાં આવશે અને રૂપમાં, યૌવનમાં તથા લાવણ્યમાં ઉત્તમ તેમજ ઉત્કૃષ્ટ શરીરવાળી થશે.

ત્યાર પછી સુદર્શનાનાં રૂપ, યૌવન અને લાવણ્યમાં મૂર્ચ્છિત થઈને શકટકુમાર પોતાની બહેન સુદર્શના સાથે મનુષ્ય સંબંધી પ્રધાન કામભોગોનું સેવન કરતાં જીવન વ્યતીત કરશે.

ત્યાર પછી કોઈ વખતે તે શકટકુમાર પોતાની મેળે જ કૂટગ્રાહિત્વ–કોટવાળ જેવા કોઈ પ્રકારના

પ્રમુખસ્થાનને પામીને સમય વ્યતીત કરશે. તે શકટ મહાઅધર્મી અને દુષ્પ્રત્યાનંદ થશે. આવાં અધર્મ પ્રધાન કર્મોથી ઘણાં પાપકર્મો ઉપાર્જિત કરીને મૃત્યુ સમયે મૃત્યુ પામીને રત્નપ્રભા નામની પ્રથમ નરકમાં નારકી રૂપે ઉત્પન્ન થશે. તેનું સંસાર ભ્રમણ પણ પ્રથમ અધ્યયનની જેમ જાણવું ***યાવત્*** પૃથ્વીકાય આદિમાં લાખો લાખો વાર ઉત્પન્ન થશે.

ત્યાર પછી ત્યાંથી નીકળીને તે વારાણસી નગરીમાં મત્સ્ય રૂપે જન્મ લેશે. ત્યાં માછીમાર દ્વારા વધને પામીને ફરી તે જ વારાણસી નગરીમાં એક શ્રેષ્ઠીકુળમાં પુત્ર રૂપે તે ઉત્પન્ન થશે. ત્યાં તે સમ્યક્ત્વને તથા સાધુધર્મને પ્રાપ્ત કરીને સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં દેવ થશે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે. ત્યાં સાધુ વૃત્તિનું સમ્યક્ રૂપે પાલન કરીને સિદ્ધ થશે.

નિક્ષેપ :– ઉપસંહાર વાક્ય પ્રથમ અધ્યયનની જેમ જ જાણવો.

## વિવેચન :–

આ અધ્યયનમાં માંસાહાર, પંચેન્દ્રિય વધ, વેશ્યાગમન અને મદ્યપાન આદિ દુર્વ્યસનોનું કડવું પરિણામ બતાવ્યું છે. અત્યંત ભાગ્યશાળી આત્મા જ વ્યસનથી મુક્ત રહી શકે છે, માટે સુખ ઈચ્છનાર સજ્જનોએ સદા કુસંગત અને કુવ્યસનનો ત્યાગ કરવો જોઈએ.

**॥ અધ્યયન–૪ સંપૂર્ણ ॥**

# પાંચમું અધ્યયન

**પરિચય :**

આ અધ્યયનમાં 'બૃહસ્પતિદત્ત' નામના રાજપુરોહિતનું જીવન વૃત્તાંત છે. રાજપુરોહિતના નામ પરથી આ અધ્યયનનું નામ 'બૃહસ્પતિદત્ત' રાખવામાં આવ્યું છે.

કૌશાંબી નગરીમાં શતાનીક રાજાનો ઉદાયન નામનો રાજકુમાર હતો. સોમદત્ત રાજપુરોહિત હતો. તેને બૃહસ્પતિદત્ત નામનો સર્વાંગ સુંદર પુત્ર હતો. રાજાનું મૃત્યુ થતાં રાજકુમાર ઉદાયન રાજા થયો અને બૃહસ્પતિદત્ત પુરોહિત થયો. પુરોહિત રાજાનો બાલ મિત્ર હતો, વળી પુરોહિત કર્મ કરતાં રાજાના કોઈ પણ સ્થાનમાં નિઃસંકોચપણે રોકટોક વિના ગમનાગમન કરતો. અંતઃપુરમાં પણ તે ગમે તે સમયે જવા લાગ્યો.

આ પ્રમાણે વારંવાર અંતઃપુરમાં જતાં તે પુરોહિત આપતું નથી. મહારાણી પદ્માવતી દેવીમાં આસક્ત થયો અને તેની સાથે યથેચ્છ ભોગ ભોગવવા લાગ્યો. એકવાર ઉદાયનની નજરમાં ઝડપાઈ ગયો. ક્રોધિત બની રાજાએ તેને શૂળીની સજા ફરમાવી. "બૃહસ્પતિદત્ત પોતાના અપરાધથી દુઃખી થઈ રહ્યો છે. તેને અન્ય કોઈ દુઃખ આપતું નથી", તેવી ઘોષણા કરતાં રાજકર્મચારીઓએ તેને બંધનથી બાંધી, મારતાં, પીટતાં તેનું જ માંસ તેને ખવડાવતાં નગરમાં ફેરવ્યો.

ભિક્ષાર્થે ભ્રમણ કરતાં પ્રભુ મહાવીર સ્વામીના પ્રથમ ગણધરે આ દારૂણ દશ્ય જોયું. તેઓએ તે પુરોહિતના દુઃખનું કારણ જાણવાની જિજ્ઞાસા ભગવાન પાસે વ્યક્ત કરી. ભગવાને ફરમાવ્યું કે– પ્રાચીન કાળમાં સર્વતોભદ્ર નામનું નગર હતું. જિતશત્રુ રાજાનો મહેશ્વરદત્ત નામનો પુરોહિત હતો. તે રાજાની રાજ્ય વૃદ્ધિ માટે હંમેશાં એક બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ક્ષુદ્રના બાળકનું હૃદય કાઢી તેનાથી શાંતિ હોમ કરતો હતો. અષ્ટમી–ચતુર્દશીના બે–બે બાળકો, ચાર મહીને ચાર–ચાર બાળકો, છ મહીને આઠ–આઠ બાળકો, સંવત્સરીએ સોળ–સોળ બાળકોના હૃદયનો શાંતિહોમ કરતો. રાજાના યુદ્ધના પ્રયાણ સમયે ૧૦૮–૧૦૮ બ્રાહ્મણાદિ બાળકોનો હવન કરતો. સંયોગવશ રાજા સદા વિજયી બનતો. તેથી રાજાને તે યજ્ઞાદિમાં વિશ્વાસ બેસી ગયો હતો.

આ પ્રકારે અતિ રુદ્ર, બીભત્સ, ક્રૂર પાપકર્મ કરતાં તેનાં ૩૦૦૦ વર્ષ નીકળી ગયાં. અંતે મૃત્યુ પામી તે પાંચમી નરકમાં ગયો. ત્યાંનું સત્તર સાગરોપમનું આયુષ્ય ભોગવીને બૃહસ્પતિદત્ત બન્યો છે અને અહીં પૂર્વકૃત અવશેષ કર્મ ભોગવી રહ્યો છે. આજે સાંજે ૬૪ વર્ષનું આયુષ્ય ભોગવી શૂળી દ્વારા મૃત્યુ પામી પ્રથમ નરકમાં ઉત્પન્ન થશે. ક્રમશઃ બધી જ નરકમાં તેમજ એકેન્દ્રિય, વિકલેન્દ્રિયમાં ભવભ્રમણ કરશે. અંતે હસ્તિનાપુરમાં મૃગ થશે અને જાળમાં ફસાઈ મૃત્યુ પામશે. તતપશ્ચાત્ શ્રેષ્ઠીપુત્ર થઈ સંયમ લઈ દેવલોકમાં ઉત્પન્ન થશે, પછી મહાવિદેહ ક્ષેત્રમાં જઈ મોક્ષે જશે.

❖❖❖❖❖

# પાંચમું અધ્યયન

## બૃહસ્પતિદત્ત

**અધ્યયન પ્રારંભ :–**

**१** पंचमस्स उक्खेवो ।

**ભાવાર્થ :** પાંચમા અધ્યયનનો ઉત્ક્ષેપ–પ્રારંભ પ્રથમ અધ્યયનની જેમ જાણવો.

**२ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं कोसंबी णामं णयरी होत्था । रिद्धत्थिमियसमिद्धा, वण्णओ । बाहिं चंदोतरणे उज्जाणे । सेयभद्दे जक्खे ।**

**तत्थ णं कोसंबीए णयरीए सयाणीए णामं राया होत्था । वण्णओ । मियावई देवी, वण्णओ । तस्स णं सयाणीयस्स पुत्ते मियादेवीए अत्तए उदायणे णामं कुमारे होत्था, अहीणपडिपुण्णपंचिंदियसरीरे** *जाव* **जुवराया । तस्स णं उदायणस्स कुमारस्स पउमावई णामं देवी होत्था ।**

**ભાવાર્થ :** હે જંબૂ ! તે કાલે અને તે સમયે કૌશાંબી નામની એક નગરી હતી. તે ઘણાં ભવનાદિથી યુક્ત, સ્વચક્ર–પરચક્રના ભયથી મુક્ત તથા સમૃદ્ધિથી સમૃદ્ધ હતી વગેરે વર્ણન જાણવું. તેની બહાર ચંદ્રાવતરણ નામનું ઉદ્યાન હતું. તેમાં શ્વેતભદ્ર નામના યક્ષનું યક્ષાયતન હતું.

તે કૌશાંબી નગરીમાં શતાનીક નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને મૃગાવતી નામની રાણી હતી. રાજા અને રાણીનું વર્ણન ઔપપાતિક સૂત્ર પ્રમાણે જાણવું. તે શતાનીક રાજાનો પુત્ર અને રાણી મૃગાદેવીનો આત્મજ ઉદાયન નામનો એક કુમાર હતો. તે સર્વેન્દ્રિય સંપન્ન ***યાવત્*** યુવરાજ પદથી અલંકૃત હતો. તે ઉદાયનકુમારની પદ્માવતી નામની રાણી હતી.

**પુરોહિત બૃહસ્પતિદત્ત :–**

**३ तस्स णं सयाणीयस्स सोमदत्ते णामं पुरोहिए होत्था, रिउव्वेय यजुव्वेय सामवेय अथव्ववेयकुसले । तस्स णं सोमदत्तस्स पुरोहियस्स वसुदत्ता णामं भारिया होत्था । तस्स णं सोमदत्तस्स पुत्ते वसुदत्ताए अत्तए बहस्सइदत्ते**

**णामं दारए होत्था । अहीणपडिपुण्णपंचिंदियसरीरे *जाव* सुरूवे ।**

**ભાવાર્થ :** તે શતાનીક રાજાને સોમદત્ત નામનો એક પુરોહિત હતો. તે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ આદિનો સંપૂર્ણ જ્ઞાતા હતો. સોમદત્ત પુરોહિતને વસુદત્તા નામની પત્ની હતી, તથા સોમદત્તનો પુત્ર અને વસુદત્તાનો આત્મજ બૃહસ્પતિદત્ત નામનો એક સર્વાંગસંપન્ન ***યાવત્*** રૂપવાન પુત્ર હતો.

**૪ तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे समोसरिए । तेणं कालेणं तेणं समएणं भगवं गोयमे तहेव *जाव* रायमग्गमोगाढे । तहेव पासइ हत्थी, आसे, पुरिसमज्झे पुरिसं । चिंता । तहेव पुच्छइ पुव्वभवं । भगवं वागरेइ ।**

**ભાવાર્થ :** તે કાલે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી કૌશાંબી નગરીની બહાર ચંદ્રાવતરણ ઉદ્યાનમાં પધાર્યા. તે સમયે ભગવાન ગૌતમ સ્વામી ***યાવત્*** કૌશાંબી નગરીમાં ભિક્ષાર્થે ફરતાં રાજમાર્ગ ઉપર પધાર્યા. ત્યાં હાથીઓ, ઘોડાઓ અને પુરુષોને તથા તે પુરુષોની વચ્ચે એક વધ્ય(જેનો વધ કરવાનો છે તે) પુરુષને જોયો. તેને જોઈને મનમાં વિચાર કર્યો અને ભગવાનને તેના સંબંધમાં પૂછ્યું. ભગવાને તેના પૂર્વભવનું આ પ્રમાણે વર્ણન કર્યું–

### પૂર્વભવ–પુરોહિત મહેશ્વરદત્ત :–

**૫ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहे वासे सव्वओभद्दे णामं णयरे होत्था । रिद्धत्थिमियसमिद्धे, वण्णओ । तत्थ णं सव्वओभद्दे णयरे जियसत्तू राया । तस्स णं जियसत्तुस्स रण्णो महेसरदत्ते णामं पुरोहिए होत्था, रिउव्वेय-यजुव्वेय-सामवेय-अथव्ववेयकुसले यावि होत्था ।**

**ભાવાર્થ :** હે જંબૂ ! તે કાલે અને તે સમયે આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરતક્ષેત્રમાં સર્વતોભદ્ર નામનું નગર હતું. તે નગર ઋદ્ધિ સમૃદ્ધિથી યુક્ત અને ભયથી રહિત હતું વગેરે વર્ણન જાણવું. તે નગરમાં જિતશત્રુ નામના રાજા રાજ્ય કરતા હતા. તે જિતશત્રુ રાજાને મહેશ્વરદત્ત નામનો એક પુરોહિત હતો. તે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદમાં કુશળ હતો.

### મહેશ્વરદત્ત દ્વારા ઘોર પંચેન્દ્રિય હિંસા :–

**૬ तए णं से महेसरदत्ते पुरोहिए जितसत्तुस्स रण्णो रज्जबलविवद्धणट्ठयाए कल्लाकल्लिं एगमेगं माहणदारयं, एगमेगं खत्तियदारयं एगमेगं वइस्सदारयं, एगमेगं सुद्दारयं गिण्हावेइ, गिण्हावेत्ता तेसिं जीवंतगाणं चेव हिययउंडए गिण्हावेए गिण्हावेत्ता जियसत्तुस्स रण्णो संतिहोमं करेइ ।**

**तए णं से महेसरदत्ते पुरोहिए अट्ठमी–चउद्दसीसु दुवे–दुवे माहणखत्तिय–वइस्स–सुद्दारगे, चउण्हं मासाणं चत्तारि–चत्तारि, छण्हं मासाणं अट्ठ–अट्ठ, संवच्छरस्स सोलस–सोलस ।**

**जाहे जाहे वि य णं जियसत्तू राया परबलेण अभिजुंजइ, ताहे ताहे वि य णं से महेसरदत्ते पुरोहिए अट्ठसयं माहणदारगाणं, अट्ठसयं खत्तियदारगाणं, अट्ठसयं वइस्सदारगाणं, अट्ठसयं सुद्दारगाणं पुरिसेहिं गिण्हावेइ, गिण्हावेत्ता जियसत्तुस्स रण्णो संतिहोमं करेइ । तए णं से परबले खिप्पामेव विद्धंसिज्जइ वा पडिसेहिज्जइ वा।**

**ભાવાર્થ :** મહેશ્વરદત્ત પુરોહિત જિતશત્રુ રાજાના રાજ્ય અને બળ(સૈન્ય)ની વૃદ્ધિ માટે પ્રતિદિન એક એક બ્રાહ્મણ બાળક, એક એક ક્ષત્રિય બાળક, એક એક વૈશ્ય બાળક અને એક એક શૂદ્ર બાળકને પકડાવીને, જીવતાં જ તેમનાં હૃદયોના માંસપિંડાને કાઢીને જિતશત્રુ રાજાના નિમિત્તે શાંતિહોમ કરતો હતો.

આ સિવાય તે પુરોહિત આઠમ અને ચૌદશના દિવસે બબ્બે બાળકોને, ચાર મહીને(ચાર માસ થતાં) ચાર બાળકોને, છ મહીને આઠ–આઠ બાળકોને અને વર્ષે સોળ–સોળ બાળકોનાં હૃદયના માંસપિંડોથી શાંતિ હોમ કરતો હતો. જ્યારે જ્યારે જિતશત્રુ રાજાનું કોઈ બીજા શત્રુ રાજા સાથે યુદ્ધ થતું, ત્યારે તે મહેશ્વરદત્ત પુરોહિત ૧૦૮ બ્રાહ્મણ બાળકો, ૧૦૮ ક્ષત્રિય બાળકો, ૧૦૮ વૈશ્ય બાળકો અને ૧૦૮ શૂદ્ર બાળકોને પોતાના માણસો દ્વારા પકડાવીને તેમની જીવિતાવસ્થામાં જ હૃદયના માંસપિંડોને કઢાવીને જિતશત્રુ રાજાના વિજય નિમિત્તે શાંતિ હોમ કરતો હતો. તેના પ્રભાવથી જિતશત્રુ રાજા તરત જ શત્રુનો નાશ કરી દેતા કાં ભગાડી દેતા.

### પાપિષ્ઠ મહેશ્વરદત્ત પાંચમી નરકમાં :–

**૭ तए णं से महेसरदत्ते पुरोहिए एयकम्मे एयप्पहाणे एयविज्जे एयसमायारे सुबहूं पावकम्मं समज्जिणित्ता तीसं वाससयं परमाउयं पालइत्ता कालमासे कालं किच्चा पंचमीए पुढवीए उक्कोसेणं सत्तरस सागरोवम ट्ठिइए णरगे उववण्णे ।**

**ભાવાર્થ :** આવાં પ્રકારનાં ક્રૂર કર્મોનું અનુષ્ઠાન કરનાર, ક્રૂર કર્મોમાં પ્રધાન, અનેક પ્રકારનાં પાપકર્મોનો સંગ્રહ કરીને ત્રણસો વર્ષનું આયુષ્ય ભોગવીને પાંચમી નરકભૂમિમાં ૧૭ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિએ નારકી રૂપે તે પુરોહિત ઉત્પન્ન થયો.

### બૃહસ્પતિદત્તનો વર્તમાન ભવ :–

**૮ से णं तओ अणंतरं उवट्टित्ता इहेव कोसंबीए णयरीए सोमदत्तस्स पुरोहियस्स**

**वसुदत्ताए भारियाए पुत्तत्ताए उववण्णे । तए णं तस्स दारगस्स अम्मापियरो णिव्वत्तबारसाहस्स इमं एयारूवं णामधेज्जं करेंति– जम्हा णं अम्हं इमे दारए सोमदत्तस्स पुरोहियस्स पुत्ते, वसुदत्ताए अत्तए, तम्हा णं होउ अम्हं दारए बहस्सइदत्ते णामेणं । तए णं से बहस्सइदत्ते दारए पंचधाइपरिग्गहिए** *जाव* **परिवड्ढइ । तए णं से बहस्सइदत्ते उम्मुक्कबालभावे जोव्वणगमणुप्पत्ते विण्णायपरिणयमेत्ते होत्था । से णं उदायणस्स कुमारस्स पियबालवयस्सए यावि होत्था । सहजायए, सहवड्ढियए, सहपंसुकीलियए ।**

**ભાવાર્થ :** ત્યાર પછી મહેશ્વરદત્તનો પાપિષ્ઠ જીવ તે પાંચમી નરકભૂમિમાંથી નીકળીને સીધો આ કૌશાંબી નગરીમાં સોમદત્ત પુરોહિત અને વસુદત્તા નામની પત્નીને ત્યાં પુત્ર રૂપે ઉત્પન્ન થયો. જન્મેલા માતાપિતાએ બારમા દિવસે નામકરણ કરતાં સોમદત્તનો પુત્ર અને વસુદત્તાનો આત્મજ હોવાથી તેનું નામ બૃહસ્પતિદત્ત રાખ્યું.

પછી તે બૃહસ્પતિદત્ત બાળક પાંચ ધાવમાતાઓથી પરિગૃહીત ***યાવત્*** વૃદ્ધિને પ્રાપ્ત થતો બાલ્યભાવનો ત્યાગ કરીને યુવાવસ્થાને પ્રાપ્ત થયો. પરિપક્વ બુદ્ધિવાળો થયો. તે ઉદાયન રાજકુમારનો બાળપણથી જ મિત્ર હતો. તે બંને એક સાથે જન્મ્યા હતા, એક સાથે મોટા થયા હતા અને એક સાથે જ રમ્યા હતા.

**९ तए णं से सयाणीए राया अण्णया कयाइ कालधम्मुणा संजुत्ते । तए णं से उदायणे कुमारे बहूहिं राईसर–तलवर–माडंबिय–कोडुंबिय– इब्भ–सेट्ठी–सेणावइ सत्थवाहप्पभिइहिं सद्धिं संपरिवुडे रोयमाणे, कंदमाणे, विलवमाणे सयाणीयस्स रण्णो महया इड्ढि–सक्कारसमुदएणं णीहरणं करेइ, करेत्ता बहूहिं लोइयाइं मयकिच्चाइं करेइ । तए णं ते बहवे राईसर** *जाव* **सत्थवाहा उदायणं कुमारं महया– महया रायाभिसेएणं अभिसिंचंति ।**

**तए णं से उदायणकुमारे राया जाए महया हिमवंत** *जाव* **रज्जं पसासेमाणे विहरइ ।**

**ભાવાર્થ :** ત્યાર પછી કોઈ વખતે મહારાજા શતાનીકનું મૃત્યું થયું ત્યારે ઉદાયનકુમારે ઘણા રાજા, મહારાજા, તલવર, માંડલિક, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ અને સાર્થવાહ આદિની સાથે રુદન કરતાં, આક્રંદ કરતાં તથા વિલાપ કરતાં શતાનીક રાજાનું ઘણી ઋદ્ધિપૂર્વક નિસ્સરણ તથા અન્ય મૃતક સંબંધી સંપૂર્ણ લૌકિક કૃત્યો કર્યા.

ત્યાર બાદ અન્ય રાજા, મહારાજા ***યાવત્*** સાર્થવાહ આદિ લોકોએ મળીને મોટા સમારોહ સાથે

ઉદાયનકુમારનો રાજ્યાભિષેક કર્યો. ઉદાયનકુમાર હિમાલય પર્વતની જેમ મહાન રાજા બની ગયા ***યાવત્*** રાજ્યનું સંચાલન કરવા લાગ્યા.

**१० तए णं से बहस्सइदत्ते दारए उदायणस्स रण्णो पुरोहियकम्मं करेमाणे सव्वट्ठाणेसु, सव्वभूमियासु, अंतेउरे य दिण्णवियारे जाए यावि होत्था । तए णं से बहस्सइदत्ते पुरोहिए उदायणस्स रण्णो अंतेउरंसि वेलासु य अवेलासु य, काले य अकाले य, राओ य वियाले य पविसमाणे अण्णया कयाइ पउमावईए देवीए सद्धिं संपलग्गे यावि होत्था । पउमावईए देवीए सद्धिं उरालाइं भोगभोगाइं भुंजमाणे विहरइ ।**

**ભાવાર્થ :** ત્યાર બાદ બૃહસ્પતિદત્ત કુમાર ઉદાયન રાજાનો પુરોહિત બન્યો અને પુરોહિત સંબંધી કામકાજ કરતો તે સર્વ સ્થાનો, સર્વ ભૂમિઓ તથા અંતઃપુરમાં ઈચ્છાનુસાર કોઈ પણ જાતની રોકટોક વિના આવ–જા કરવા લાગ્યો. ત્યાર બાદ ઉદાયન રાજાના અંતઃપુરમાં કાળે–અકાળે, રાત્રિ અને સંધ્યાકાળ માં સ્વેચ્છાપૂર્વક પ્રવેશ કરતાં કોઈ વખતે બૃહસ્પતિદત્ત પુરોહિતનો, પદ્માવતી રાણી સાથે અનુચિત સંબંધ થઈ ગયો. તદ્નુસાર પદ્માવતી રાણી સાથે તે ઉદાર(ઈચ્છા મુજબ) મનુષ્ય સંબંધી કામભોગોનું સેવન કરવા લાગ્યો.

**११ इमं च णं उदायणे राया ण्हाए** *जाव* **विभूसिए जेणेव पउमावई देवी तेणेव उवागच्छइ, उवागच्छित्ता बहस्सइदत्तं पुरोहियं पउमावईए देवीए सद्धिं उरालाइं भोगभोगाइं भुंजमाणं पासइ, पासित्ता आसुरुत्ते** *जाव* **तिवलियं भिउडिं णिडाले साहट्टू बहस्सइदत्तं पुरोहियं पुरिसेहिं गिण्हावेइ गिण्हावेत्ता अट्ठि–मुट्ठि–जाणु–कोप्परपहार–संभग्ग–महियगत्तं करेइ, करेत्ता अवओडय–बंधणं करेइ, करेत्ता एएणं विहाणेणं वज्झं आणवेइ । एवं खलु गोयमा ! बहस्सइदत्ते पुरोहिए पुरा पुराणाणं** *जाव* **विहरइ ।**

**ભાવાર્થ :** એકવાર ઉદાયન રાજા સ્નાનાદિથી નિવૃત્ત થઈને ***યાવત્*** સમસ્ત આભૂષણોથી અલંકૃત થઈને પદ્માવતી રાણી આવ્યા, ત્યાં તેણે પદ્માવતી રાણી સાથે કામભોગોનું સેવન કરતાં બૃહસ્પતિદત્ત પુરોહિતને જોયો, જોતાં જ તે ક્રોધથી તમતમી ઊઠ્યો અને કપાળ પર ત્રણ રેખાવાળી ભ્રૂકુટિ ચઢાવીને બૃહસ્પતિદત્ત પુરોહિતને માણસો દ્વારા પકડાવીને લાકડી, મુટ્ઠી, પગ, કોણી આદિના પ્રહારોથી તેના હાડકાં ખોખરાં કરી નાખ્યાં, અધમૂઓ કરી નાંખ્યો અને પછી આ પ્રમાણે (રાજમાર્ગમાં તમે જે પ્રમાણે જોયું) આવો કઠોર દંડ દેવાની રાજપુરુષોને આજ્ઞા આપી. હે ગૌતમ ! આ પ્રમાણે બૃહસ્પતિદત્ત પુરોહિત પૂર્વકૃત પાપકર્મોનાં ફળનો પ્રત્યક્ષ રૂપે અનુભવ કરી રહ્યો છે.

## બૃહસ્પતિદત્તનું ભવિષ્ય અને ભવપ્રમાણ :–

**१२** **बहस्सइदत्ते णं भंते ! दारए इओ कालगए समाणे कहिं गच्छिहिइ ? कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! बहस्सइदत्ते णं दारए पुरोहिए चउसट्ठिं वासाइं परमाउयं पालइत्ता अज्जेव तिभागावसेसे दिवसे सूलिय-भिण्णे कए समाणे कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए उक्कोसं सागरोवमट्ठिइएसु णेरइएसु णेरइयत्ताए उववज्जिहिइ । संसारो जहा पढमे *जाव* वाउ तेउ आउ पुढवीसु । तओ हत्थिणाउरे णयरे मिगत्ताए पच्चायाइस्सइ । से णं तत्थ वाउरिएहिं वहिए समाणे तत्थेव हत्थिणाउरे णयरे सेट्ठिकुलंसि पुत्तत्ताए पच्चायाहिइ, बोहिं, सोहम्मे कप्पे, महाविदेहे वासे सिज्झिहिइ । णिक्खेवो जहा पढमस्स ।**

**ભાવાર્થ :** ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો– હે ભદંત ! બૃહસ્પતિદત્ત પુરોહિત અહીંથી મૃત્યુ પામીને ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે ?

ભગવાને કહ્યું– હે ગૌતમ ! બૃહસ્પતિદત્ત પુરોહિત ૬૪ વર્ષના આયુષ્યને ભોગવીને આજે જ દિવસનો ત્રીજો ભાગ બાકી રહેશે ત્યારે શૂળી પર ચઢાવવાથી મૃત્યુના સમયે મૃત્યુ પામીને રત્નપ્રભા નામની પ્રથમ નરકભૂમિમાં ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને પ્રથમ અધ્યયનમાં કહેલા મૃગાપુત્રની જેમ સંસાર પરિભ્રમણ કરતો ***યાવત્*** બધી નરકોમાં ઉત્પન્ન થશે. બધા તિર્યંચોમાં તથા એકેન્દ્રિયોમાં લાખો લાખોવાર જન્મ–મરણ કરશે. ત્યાર પછી હસ્તિનાપુર નગરમાં મૃગ રૂપે જન્મ લેશે. શિકારીઓ દ્વારા વધ પામીને તે આ હસ્તિનાપુર નગરમાં શ્રેષ્ઠીકુળમાં પુત્રરૂપે જન્મ ધારણ કરશે. ત્યાં ધર્મને પ્રાપ્ત કરશે અને કાળ કરીને સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થશે, ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે. ત્યાં અણગાર વૃત્તિ ધારણ કરીને સંયમ આરાધના દ્વારા કર્મોનો ક્ષય કરીને સર્વ કર્મનો અંત કરશે, પરમસિદ્ધિ–મોક્ષને મેળવશે.

નિક્ષેપ :– ઉપસંહાર પ્રથમ અધ્યયનની જેમ જાણવો જોઈએ.

## વિવેચન :–

આ અધ્યયનમાં હિંસાનાં ક્રૂર પરિણામોનું અને પરસ્ત્રીગમનનું દુષ્પરિણામ બતાવવામાં આવ્યું છે. વ્યક્તિ ગમે તેટલી ચતુરાઈ કરે પણ પાપ ક્યારેક તો પ્રગટ થઈ જ જાય. ભોગવિલાસને કારણે બૃહસ્પતિદત્ત રાજપુરોહિત તે જ ભવમાં દારુણ દુઃખે મૃત્યુને પામી, ભવોભવ સુધી નરકનો મહેમાન થયો, માટે મન અને ઈચ્છાઓ પર અંકુશ રાખવો એ જ સુખી થવાનો માર્ગ છે.

**॥ અધ્યયન–પ સંપૂર્ણ ॥**

# છઠ્ઠું અધ્યયન

## પરિચય :

આ અધ્યયનમાં 'નંદિવર્ધન' નામના રાજકુમારનું જીવન વૃત્તાંત છે. તે રાજકુમારના નામના આધારે જ આ અધ્યયનનું નામ 'નંદિવર્ધન' પ્રસિદ્ધિ પામ્યું છે.

મથુરા નગરીમાં 'શ્રીદામ' નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને નંદિવર્ધન નામનો પુત્ર હતો. તે સર્વાંગ સુંદર એવં લક્ષણયુક્ત હતો. યથા સમયે તેને યુવરાજ બનાવવામાં આવ્યો પણ શ્રીદામની ઉંમર લાંબી હતી તેથી યુવરાજની ૬૦ વર્ષની ઉંમર થવા છતાં રાજ્ય ન મળ્યું.

લાંબા સમય સુધી રાજ્ય ન મળતા નંદિવર્ધનની રાજ્યલિપ્સા બળવત્તર બની. તે રાજાના મૃત્યુને ઈચ્છતો તેને મારવાનો ઉપાય વિચારવા લાગ્યો. કોઈ ઉપાય ન સૂઝતાં તેણે રાજાની હજામત કરનાર હજામને અડધા રાજ્યની લાલચ આપી રાજાના ગળામાં છૂરીનો ઘા કરવા કહ્યું.

તે સમયે હજામે રાજ્યના લોભમાં તે વાત સ્વીકારી લીધી પણ પછી તે ભયભીત બની ગયો. ભયના કારણે તેણે સર્વ વૃત્તાંત રાજાને જણાવી દીધું. રાજા રાજકુમાર ઉપર અત્યંત કોપિત થયા અને મૃત્યુદંડ જાહેર કર્યો.

રાજપુરુષોએ તેને બંધનમાં બાંધી, અનેક પ્રકારે પીડાઓ દેતાં નગરમાં ફેરવ્યો. ચૌટા ઉપર અતિ ઉષ્ણ સિંહાસન ઉપર તેને બેસાડી, લોખંડ, ત્રાંબુ તથા શીશુ આદિના અત્યુષ્ણ રસથી અભિષેક કરવા લાગ્યા. તે વખતે ગૌતમ સ્વામી ભિક્ષાર્થે નગરમાં પધાર્યા. આ દશ્ય નિહાળ્યું અને ઉદ્યાનમાં પાછા જઈ ભગવાન પાસે તે દારુણ દશ્યનું વર્ણન કરી, તે રાજકુમારનો પૂર્ભભવ જાણવાની જિજ્ઞાસા વ્યક્ત કરી. ભગવાને તેના પૂર્વભવનું વર્ણન કરતાં કહ્યું–

સિંહપુર નગરમાં સિંહરથ રાજાનો દુર્યોધન નામનો જેલર હતો. તે અધર્મી અને સંક્લિષ્ટ પરિણામી હતો. તેની પાસે દંડ દેવાના અનેક સાધનો હતા. રાજના અપરાધી ચોર, લૂંટારા, ઘાતક, લંપટ આદિ કોઈ પણ વ્યક્તિ જેલમાં આવે તેને નિર્દયતાપૂર્વક અનેક પ્રકારની યાતનાઓ આપતો હતો.

કેટલાકને હાથી, ઘોડા, ઊંટ, ભેંસ, બકરાદિ પશુઓનું મૂત્રપાન કરાવતો, કેટલાકને તપ્ત તાંબું, લોઢું, સીસું પીવડાવતો, કેટલાકને વિભિન્ન પ્રકારના બંધનોથી મજબૂત બાંધતો, શરીરને વાળતો, સંકોચતો અથવા શસ્ત્રોથી ચીરતો, કેટલાકને ચાબુક આદિથી માર મારી અધમૂઓ કરી દેતો, હાડકાંના ચૂરેચૂરા કરી નાખતો, ઊંધા લટકાવી છેદન કરતો, ક્ષાર મિશ્રિત તેલથી મર્દન કરાવતો, અનેક મર્મસ્થાનોમાં ખીલીઓ ઠોકતો, હાથ–પગની આંગળીઓમાં સોઈઓ ભોંકતો અને તેનાથી જમીન ખોદાવતો, ભીના ચામડાથી

શરીરને બાંધી તડકામાં બેસાડતો, ચામડું જ્યારે સૂકાઈ જતું અને સંકોચાઈ જતું ત્યારે તેને ખોલી નાખતો.

આ પ્રકારે બહુ પાપકર્મ કરતાં–કરતાં ૩૧૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી દુર્યોધન છટ્ઠી નરકમાં ઉત્પન્ન થયો. ત્યાં ૨૨ સાગરોપમ સુધી દારૂણ વેદના ભોગવી 'નંદિવર્ધન' રૂપે જન્મ પામ્યો છે. આજે ૬૦ વર્ષનું આયુષ્ય પૂરું કરી પ્રથમ નરકમાં જશે. ઘોર દુઃખો ભોગવતાં ભવભ્રમણ કરશે. અંતે મચ્છ બની મરણ પામશે પછી શ્રેષ્ઠીપુત્ર થઈને સંયમ લેશે. ત્યાંથી પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થઈ, મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યરૂપે ઉત્પન્ન થઈ સંયમનું પાલન કરી મોક્ષે જશે.

❖❖❖❖❖

# છટ્ઠું અધ્યયન

## નંદિવર્ધન

**અધ્યયન પ્રારંભ :–**

**૧** छट्ठस्स उक्खेवो ।

**ભાવાર્થ :** ઉત્ક્ષેપ :– છટ્ઠા અધ્યયનનો પ્રારંભ પહેલા અધ્યયનની જેમ જાણવો.

**२** **एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं महुरा णामं णयरी होत्था । भंडीरे उज्जाणे । सुदंसणे जक्खे । सिरिदामे राया । बंधुसिरी भारिया । पुत्ते णंदिवद्धणे कुमारे, अहीण पडिपुण्ण पंचिंदियसरीरे** *जाव* **जुवराया ।**

**ભાવાર્થ :** હે જંબૂ ! તે કાલે અને તે સમયે મથુરા નામની નગરી હતી. ત્યાં ભંડીર નામનું એક ઉદ્યાન હતું. તેમાં સુદર્શન નામના યક્ષનું યક્ષાયતન હતું. ત્યાં શ્રીદામ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની બંધુશ્રી નામની રાણી હતી. તેનો નંદિવર્ધન નામનો સર્વાંગસંપન્ન, પ્રતિપૂર્ણ ઈન્દ્રિયવાળો અને સુંદર યુવરાજ પદથી અલંકૃત પુત્ર હતો.

**३** **तस्स सिरिदामस्स सुबंधु णामं अमच्चे होत्था । साम–दंड–भेय उवप्पयाण णीइकुसले, सुपउत्त णयविहण्णू । तस्स णं सुबंधुस्स अमच्चस्स बहुमित्तापुत्ते णामं दारए होत्था, अहीणपडिपुण्णपंचिंदियसरीरे, वण्णओ । तस्स णं सिरिदामस्स रण्णो चित्ते णामं अलंकारिए होत्था । सिरिदामस्स रण्णो चित्ते बहुविहं अलंकारियकम्मं करेमाणे सव्वट्ठाणेसु य सव्वभूमियासु य, अंतेउरे य, दिण्णवियारे यावि होत्था ।**

**ભાવાર્થ :** શ્રીદામ રાજાને સામ, દંડ, ભેદ અને દાનનીતિમાં નિપુણ અને અનેક પ્રયોગ વિધિ તથા નયોનો જાણકાર સુબંધુ નામનો મંત્રી હતો. તે મંત્રીનો બહુમિત્રાપુત્ર નામનો એક બાળક હતો. તે સર્વાંગસંપન્ન અને રૂપવાન હતો વગેરે વર્ણન જાણવું. શ્રીદામ રાજાને ચિત્ર નામનો હજામ હતો. તે રાજાનું અનેક પ્રકારે અલંકારિક કર્મ કરતો હતો. તે રાજાજ્ઞાથી સર્વ સ્થાનોમાં, સર્વ ભૂમિઓમાં તથા અંતઃપુરમાં પણ રોક–ટોક વિના ગમનાગમન કરતો હતો.

**૪ तेणं कालेणं तेणं समएणं सामी समोसढे । परिसा णिग्गया, राया णिग्गओ** *जाव* **परिसा पडिगया ।**

**ભાવાર્થ :** તે કાલે અને તે સમયે મથુરા નગરીમાં ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. પરિષદ દર્શન કરવા નીકળી અને રાજા પણ ભગવાનના દર્શનાર્થે નગરમાંથી નીકળ્યા ***યાવત્*** પરિષદ પાછી ચાલી ગઈ.

**નંદિવર્ધનનો પરિચય :–**

**૫ तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी** *जाव* **रायमग्गमोगाढे तहेव हत्थी, आसे, पुरिसे पासइ । तेसिं च पुरिसाणं मज्झगयं एगं पुरिसं पासइ** *जाव* **णरणारिसंपरिवुडं । तए णं तं पुरिसं रायपुरिसा चच्चरंसि तत्तंसि अयोमयंसि समजोइभूयंसि सिंहासणंसि णिवेसावेंति । तयाणंतरं च णं पुरिसाणं मज्झगयं पुरिसं बहुविह अयकलसेहिं तत्तेहिं समजोएभूएहिं, अप्पेगइया तंबभरिएहिं, अप्पेगइया तउयभरिएहिं, अप्पेगइया सीसगभरिएहिं, अप्पेगइया कलकलभरिएहिं, अप्पेगइया खारतेल्लभरिएहिं, महया महया रायाभिसेए णं अभिसिंचंति । तयाणंतरं च णं तत्तं अयोमयं समजोइभूयं अयोमयसंडासएणं गहाय हारं पिणद्धंति । तयाणंतरं च णं अद्धहारं पिणद्धंति, तिसरियं पिणद्धंति, पालंबं पिणद्धंति, कडिसुत्तयं पिणद्धंति, पट्टं पिणद्धंति, मउडं पिणद्धंति ।**

**चिंता तहेव** *जाव* **वागरेइ ।**

**ભાવાર્થ :** તે સમયે ભગવાન મહાવીર સ્વામીના પ્રધાન શિષ્ય ગૌતમ સ્વામી ભિક્ષાર્થે ગમન કરતાં ***યાવત્*** રાજમાર્ગમાં પધાર્યા. ત્યાં તેમણે હાથીઓ, ઘોડાઓ અને પુરુષોને જોયા તથા તે પુરુષોની વચ્ચે રહેલા ***યાવત્*** ઘણાં નરનારીઓથી ઘેરાયેલા એક પુરુષને જોયો. રાજપુરુષોએ તે પુરુષને ઘણા રસ્તા મળતાં હોય તેવા સ્થાનમાં અગ્નિની સમાન તપેલા લોહમય સિંહાસન પર બેસાડયો હતો, ત્યાર પછી કોઈ રાજપુરુષ તેને અગ્નિ સમાન ગરમ લોઢાના રસથી, તાંબાના રસથી, જસતના રસથી, સીસાના રસથી છમ્ છમ્ શબ્દ કરતાં ગરમ પાણીથી અને ક્ષારયુક્ત તેલથી ભરેલા લોખંડના ઘડાઓથી તેનો મહાન રાજ્યાભિષેક જેવો અભિષેક કરતા હતા.

ત્યાર પછી તેને કોઈ લોખંડની સાણસીથી પકડીને અગ્નિની સમાન તપેલા લોખંડનો અઢારસરો હાર, નવસરો હાર, ત્રણસરો હાર, લાંબી લટકતી માળા, કંદોરો, મસ્તકના પટ્ટવસ્ત્ર–ભૂષણ વિશેષ અને કોઈ મુકુટ પહેરાવતા હતા.

આ ભયાનક દૃશ્ય જોઈને શ્રી ગૌતમ સ્વામીને પૂર્વવત્ વિચાર આવ્યો– આ પુરુષ નારકીય વેદના ભોગવી રહ્યો છે ***યાવત્*** ગૌતમ સ્વામી તે પુરુષનો પૂર્વજન્મ સંબંધી વૃત્તાંત ભગવાનને પૂછ્યું. તેના ઉત્તરમાં ભગવાન આ પ્રમાણે કહ્યું–

## નંદિવર્ધનનો પૂર્વભવ :–

**६ एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहे वासे सीहपुरे णामं णयरे होत्था । रिद्धत्थिमियसमिद्धे, वण्णओ । तत्थ णं सीहपुरे णयरे सीहरहे णामं राया होत्था । तस्स णं सीहरहस्स रण्णो दुज्जोहणे णामं चारगपालए होत्था, अहम्मिए *जाव* दुप्पडियाणंदे ।**

**ભાવાર્થ :** હે ગૌતમ ! તે કાલે અને તે સમયે આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં, ભારતવર્ષ નામના ક્ષેત્રમાં સિંહપુર નામનું એક ઋદ્ધ, સ્તિમિત અને સમૃદ્ધનગર હતું, વગેરે વર્ણન જાણવું. ત્યાં સિંહરથ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને દુર્યોધન નામનો એક કારાગૃહરક્ષક(જેલર) હતો. તે અધર્મી ***યાવત્*** મુશ્કેલીથી પ્રસન્ન થનાર હતો.

## કારાગૃહ અધિપતિનો ઘોર અત્યાચાર :–

**७ तस्स णं दुज्जोहणस्स चारगपालगस्स इमेयारूवे चारगभंडे होत्था– बहवे अयकुंडीओ अप्पेगइयाओ तंबभरियाओ, अप्पेगइयाओ तउयभरियाओ, अप्पेगइयाओ सीसगभरियाओ, अप्पेगइयाओ कलकलभरियाओ, अप्पेगइयाओ खारतेल्लभरियाओ– अगणिकायंसि अद्दहियाओ चिट्ठंति ।**

**तस्स णं दुज्जोहणस्स चारपालगस्स बहवे उट्टियाओ–अप्पेगइयाओ आसमुत्तभरियाओ, अप्पेगइयाओ हत्थिमुत्तभरियाओ, अप्पेगइयाओ गोमुत्तभरियाओ, अप्पेगइयाओ महिसमुत्तभरियाओ, अप्पेगइयाओ उट्टमुत्तभरियाओ, अप्पेगइयाओ अयमुत्तभरियाओ, अप्पेगइयाओ एलमुत्तभरियाओ बहुपडिपुण्णाओ चिट्ठंति ।**

**तस्स णं दुज्जोहणस्स चारगपालस्स बहवे हत्थंडुयाण य पायंडुयाण य हडीण य णियलाण य संकलाण य पुंजा य णिगरा य सण्णिक्खित्ता चिट्ठंति ।**

**तस्स णं दुज्जोहणस्स चारगपालस्स बहवे वेणुलयाण य वेत्तलयाण य चिंचालयाण य छियाण य कसाण य वायरासीण य पुंजा णिगरा य सण्णिक्खित्ता चिट्ठंति ।**

**तस्स णं दुज्जोहणस्स–चारगपालस्स बहवे सिलाण य लउडाण य मोग्गराण य कणंगराण य पुंजा य णिगरा य सण्णिक्खित्ता चिट्ठंति ।**

**तस्स णं दुज्जोहणस्स चारगपालस्स बहवे तंतीण य वरत्ताण य वागरज्जूण य वालयसुत्तरज्जूण य पुंजा य णिगरा य सण्णिक्खित्ता चिट्ठंति ।**

**तस्स णं दुज्जोहणस्स चारगपालस्स बहवे असिपत्ताण य करपत्ताण य खुरपत्ताण य कलंबचीरपत्ताण य पुंजा य णिगरा य सण्णिक्खित्ता चिट्ठंति ।**

**तस्स णं दुज्जोहणस्स चारगपालस्स बहवे लोहखीलाण य कडगसक्कराण य चम्मपट्टाण य अल्लपट्टाण य पुंजा य णिगरा य सण्णिक्खित्ता चिट्ठंति ।**

**तत्स णं दुज्जोहणस्स चारगपालस्स बहवे सूईण य डंभणाण य कोट्टिल्लाण य पुंजा य णिगरा य सण्णिक्खित्ता चिट्ठंति ।**

**तस्स णं दुज्जोहणस्स चारगपालस्स बहवे सत्थाण य पिप्पलाण य कुहाडाण य णहच्छेयणाण य दब्भइयाण य पुंजा य णिगरा य सण्णिक्खित्ता चिट्ठंति ।**

**ભાવાર્થ :** દુર્યોધન નામના તે કારાગૃહ અધિપતિ(જેલર) પાસે નીચે પ્રમાણે કારાગારનાં ઉપકરણો હતાં. તેને ત્યાં અનેક પ્રકારની લોહમય કુંડીઓ હતી. જેમાંથી કેટલીક પીગાળેલા ગરમ તામ્રથી પૂર્ણ હતી, કેટલીક જસતના ગરમ રસથી પરિપૂર્ણ હતી. કેટલીક સીસાના રસથી પરિપૂર્ણ હતી, કેટલીક ચૂર્ણ મિશ્રિત જળ(જે જળનો સ્પર્શ થતાં જ બળતરા થાય)થી ભરેલી હતી અને કેટલીક ક્ષારયુક્ત તેલથી ભરેલી હતી અને તે અગ્નિ પર જ મૂકી રાખવામાં આવતી હતી.

દુર્યોધન નામના જેલર પાસે ઊંટોના પૃષ્ઠભાગ સમાન મોટાં મોટાં અનેક માટલાં હતાં. તેમાંથી કેટલાંક ઘોડાનાં મૂત્રથી ભરેલાં હતાં, કેટલાંક હાથીનાં મૂત્રથી ભરેલાં હતાં, કેટલાંક ઊંટનાં મૂત્રથી હતાં, કેટલાંક ગાયોના મૂત્રથી, કેટલાક ભેંસોનાં મૂત્રથી, કેટલાંક બકરાઓનાં મૂત્રથી અને કેટલાંક ઘેટાનાં મૂત્રથી ભરેલાં હતાં.

તે દુર્યોધન નામના જેલર પાસે અનેક હસ્તાંદુક હાથની કાષ્ટમય બેડીઓ, પાદાંદુક–પગની બેડીઓ, લાકડાની બેડી, લોખંડની બેડી અને લોખંડની સાંકળોના શિખરયુક્ત અને શિખર રહિત ઢગલાઓ હતા.

તે દુર્યોધન જેલર પાસે અનેક વાંસની ચાબુકો, વેંત–નેતરની ચાબુકો, આંબલીની ચાબુકો, કોમળ ચામડાની ચાબુકો, સામાન્ય ચામડાની ચાબુકો અને વૃક્ષની છાલથી બનાવેલ ચાબુકોના પુંજ(શિખર સહિતના ઢગલાઓ) અને નિકર(શિખર રહિતના ઢગલાઓ) હતા.

તે દુર્યોધન જેલરની પાસે અનેક શિલાઓ, લાકડીઓ, મુદ્ગરો અને લંગરો(જળમાં ચાલનાર જહાજ આદિને સ્થિર કરનાર યંત્ર વિશેષ)ના પુંજ અને નિકરો હતા.

તે દુર્યોધન જેલરની પાસે અનેક પ્રકારના ચામડાના રાંઢવાઓ(રસ્સીઓ), સામાન્ય દોરડાઓ(રસ્સીઓ), ઝાડની છાલમાંથી બનાવેલ દોરડાઓ, વાળની રસ્સીઓ(ઊનની રસ્સીઓ) અને સૂત્તરની રસ્સીઓના પુંજ અને નિકરો હતાં.

તે દુર્યોધન જેલર પાસે તલવાર, આરા–કરવતો, અસ્ત્રાઓ અને કદંબચીરપત્ર નામના શસ્ત્ર વિશેષના પુંજ અને નિકરો હતા.

તે દુર્યોધન જેલરની પાસે અનેક પ્રકારની લોખંડની ખીલીઓ, વાંસની સળીઓ, ચામડાના પટ્ટાઓ અને અલ્લપટ્ટ(વીંછીની પૂંછના આકારનું શસ્ત્ર)ના પુંજ અને નિકરો હતા.

તે દુર્યોધન જેલર પાસે અનેક પ્રકારની સોયો, ડૂંભાણાઓ–અગ્નિમાં તપાવીને જેનાથી શરીરમાં ડામ આપવામાં આવે તેવી લોખંડની સળીઓ અને નાના મુદ્ગરોના પુંજ અને નિકરો હતા.

તે દુર્યોધન જેલરની પાસે અનેક પ્રકારના શસ્ત્રો, નાના છરાઓ, કુહાડાઓ, નખ છેદકો–નખ કાપવાની નેરણીઓ અને ડાભો(દર્ભના અગ્રભાગની સમાન તીક્ષ્ણ હથિયારો)ના પુંજ અને નિકરો હતા.

**૮ तए णं से दुज्जोहणे चारगपाले सीहरहस्स रण्णो बहवे चोरे य पारदारिए य गंठिभेए य रायावकारी य अणहारए य बालघायए य विस्संभघायए य जूयगरे य खंडपट्टे य पुरिसेहिं गिण्हावेइ, गिण्हावित्ता उत्ताणए पाडेइ, पाडेत्ता लोहदंडेणं मुहं विहाडेइ, विहाडित्ता अप्पेगइए तत्ततंबं पज्जेइ, अप्पेगइए तउयं पज्जेइ, अप्पेगइए सीसगं पज्जेइ, अप्पेगइए कलकलं पज्जेइ, अप्पेगइए खारतेल्लं पज्जेइ, अप्पेगइयाणं तेणं चेव अभिसेयगं करेइ ।**

**अप्पेगइए उत्ताणए पाडेइ, पाडित्ता, आसमुत्तं पज्जेइ, अप्पेगइए हत्थिमुत्तं पज्जेइ *जाव* अप्पेगइए एलमुत्तं पज्जेइ ।**

**अप्पेगइए हेट्ठामुहे पाडेइ, छडछडस्स वम्मावेइ, वम्मावित्ता अप्पेगइए तेणं चेव ओवीलं दलयइ ।**

**अप्पेगइए हत्थंदुयाइं बंधावेइ, अप्पेगइए पायंदुए बंधावेइ, अप्पेगइए हडिबंधणं करेइ, अप्पेगइए णियडबंधणं करेइ, अप्पेगइए संकोडियमोडिययं करेइ, अप्पेगइए संकलबंधणं करेइ ।**

**अप्पेगइए हत्थछिण्णए करेइ *जाव* सत्थोवाडियं करेइ, अप्पेगइए वेणुलयाहि**

**य** *जाव* **वायरासीहि य हणावेइ ।**

**अप्पेगइए उत्ताणए कारवेइ, कारेत्ता उरे सिलं दलावेइ, तओ लउडं छुहावेइ, छुहावित्ता पुरिसेहिं उक्कंपावेइ । अप्पेगइए तंतीहि य** *जाव* **सुत्तरज्जुहि य हत्थेसु पाएसु य बंधावेइ, अगडंसि ओचूलयालगं पज्जेइ, अप्पेगइए असिपत्तेहि य** *जाव* **कलंबचीरपत्तेहि य पच्छावेइ, पच्छावेत्ता खारतेल्लेणं अब्भिंगावेइ ।**

**अप्पेगइए णिडालेसु य अवदूसु य कोप्परेसु य जाणुसु य खलुएसु य लोहकीलए य कडसक्कराओ य दवावेइ, अलिए भंजावेइ ।**

**अप्पेगइए सूईओ डुंभणाणि य हत्थंगुलियासु य पायंगुलियासु य कोट्टिल्लएहि य आउडावेइ, आउडावेत्ता भूमिं कंडूयावेइ ।**

**अप्पेगइए सत्थेहि य** *जाव* **णहच्छेयणेहि य अंगं पच्छावेइ, दब्भेहि य कुसेहि य ओल्लवद्धेहि य वेढावेइ, वेढावेत्ता आयवंसि दलयइ, दलइत्ता सुक्के समाणे चडचडस्स उप्पावेइ ।**

**ભાવાર્થ :** ત્યાર પછી તે દુર્યોધન નામનો જેલર સિંહરથ રાજાના અનેક ચોરોને, પરસ્ત્રીલંપટોને, ખિસ્સા– કાતરુઓને, રાજાના દુશ્મનોને, ઋણધારક–દેણું પાછું નહીં આપનારાઓને, બાળઘાતકોને, વિશ્વાસઘાતીઓને, જુગારીઓને, ધૂર્ત પુરુષોને, રાજપુરુષો દ્વારા પકડાવીને, ઊંધે માથે પાડીને લોખંડના દંડથી મુખ ખોલાવીને કેટલાકને તપાવેલું તાંબુ પીવડાવે, કેટલાકને જસત, સીસુ, ચૂર્ણાદિ મિશ્રિત જળ અથવા છમ્ છમ્ શબ્દ કરતું(ઊકળતું) અતિ ઉષ્ણ જળ અને ક્ષારયુક્ત તેલ પીવડાવતો હતો અને કેટલાકને તેનાથી નવડાવતો હતો.

કેટલાકને ઊંધે માથે પાડીને ઘોડાનું, હાથીનું ***યાવત્*** ઘેટાનું મૂત્ર પીવડાવતો હતો. કેટલાકને ઊંધે માથે પાડીને ખૂબ ઊલટી કરાવીને પીડા આપતો હતો.

કેટલાકને હાથકડીઓથી, પગના ગાઢ બંધનોથી–પગની બેડીઓથી અને કેટલાકને ખીલા સાથે બાંધતો હતો. કેટલાકના શરીરને સંકોચતો હતો, કેટલાકના શરીરને મરડતો હતો, કેટલાકને સાંકળોથી બાંધતો હતો, કેટલાકના હાથ કાપતો હતો ***યાવત્*** શસ્ત્રોથી શરીરનાં અવયવોને કાપતો હતો, કેટલાકને વાંસની સોટીઓથી ***યાવત્*** વૃક્ષની છાલની ચાબુકોથી મરાવતો હતો.

કેટલાકને ઊંધે માથે પાડીને તેની છાતી પર શિલા અને લાકડાં રાખીને રાજપુરુષો દ્વારા તે શિલા તથા લાકડાનું હલાવતો હતો તેથી હાડકાં તૂટી જતા હતા.

કેટલાકના હાથો અને પગો ચામડાના દોરડાઓ ***યાવત્*** સૂત્તરની રસ્સીઓથી બંધાવતો હતો, બંધાવીને કૂવામાં ઊંધા લટકાવતો હતો, લટકાવીને ગોથાં ખવડાવતો હતો, કેટલાકનું અસિપત્ર ***યાવત્*** કદંબરચીર પત્રોથી છેદન કરાવતો હતો અને તેના પર ક્ષારયુક્ત તેલનું માલિશ કરાવતો હતો, કેટલાકના મસ્તકમાં, ગળામાં, કોણીઓમાં, ગોઠણોમાં, સંધિસ્થાનોમાં લોઢાના ખીલાઓ તથા વાંસની સળીઓ ઠોકાવતો હતો તથા વીંછીના કાંટાને શરીરમાં પ્રવેશ કરાવતો હતો.

કેટલાકની હાથની આંગળીઓ અને પગની આંગળીઓમાં મુદ્ગરો દ્વારા સોયો અને ડૂંભાણાઓ(ડામ દેવાનું શસ્ત્ર વિશેષ)નો પ્રવેશ કરાવતો હતો અને ભૂમિ ખોદાવતો હતો.

કેટલાકના શરીરને શસ્ત્રો ***યાવત્*** નેહરણો(નખ કાપવાના શસ્ત્ર)થી છોલાવતો હતો અને તેઓના શરીર ઉપર મૂળસહિત કુશાઓ, મૂળ રહિત કુશાઓ(દર્ભ) તથા ભીના ચામડા વીંટીને તડકામાં ઊભા રાખીને તે સુકાઈ જાય ત્યારે ઉત્પાટન કરાવતો હતો અર્થાત્ ચામડી સહિત તેને કઢાવતો હતો.

## દુષ્ટ આચરણનું દુષ્પરિણામ :–

**૯ तए णं से दुज्जोहणे चारगपालए एयकम्मे एयप्पहाणे एयविज्जे एयसमायारे सुबहुं पावकम्मं समज्जिणित्ता एगतीसं वाससयाइं परमाउयं पालइत्ता कालमासे कालं किच्चा छट्ठीए पुढवीए उक्कोसेणं बावीससागरोवमट्ठिइएसु णेरइएसु णेरइयत्ताए उववण्णे ।**

**ભાવાર્થ :** આ રીતે તે દુર્યોધન નામનો જેલર આવી નિર્દયતાપૂર્ણ પ્રવૃત્તિઓને જ પોતાનું કતર્વ્ય સમજીને તેને જ પ્રાધાન્ય આપતો હતો. એ પ્રવૃત્તિઓને પોતાનું જ્ઞાન અને સર્વોત્તમ આચરણ બનાવતો અત્યંત પાપકર્મોનું ઉપાર્જન કરીને ૩૧૦૦ વર્ષના પરમ આયુષ્યને ભોગવીને મૃત્યુના સમયે મૃત્યુ પામી છટ્ઠી નરકભૂમિમાં ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમની સ્થિતિએ નારકીરૂપે ઉત્પન્ન થયો.

## નંદિવર્ધનનો વર્તમાન ભવ :–

**૧૦ से णं तओ अणंतरं उव्वट्टित्ता इहेव महुराए णगरीए सिरिदामस्स रण्णो बंधुसिरीए देवीए कुंच्छिसि पुत्तत्ताए उववण्णे । तए णं बंधुसिरी णवण्हं मासाणं बहुपडिपुण्णाणं** *जाव* **दारगं पयाया । तए णं तस्स दारगस्स अम्मापियरो णिव्वत्ते बारसाहे इमं एयारूवं णामधेज्जं करेंति–होउ णं अम्हं दारगे णंदिवद्धणे णामेणं ।**

**तए णं से णंदिवद्धणे कुमारे पंचधाईपरिवुडे** *जाव* **परिवड्ढइ । तए णं से णंदिवद्धणे कुमारे उम्मुक्कबालभावे विण्णायपरिणयमेत्ते जोव्वणगमणुप्पत्ते विहरइ** *जाव* **जुवराया जाए यावि होत्था ।**

**तए णं से णंदिवद्धणे कुमारे रज्जे य *जाव* अंतेउरे य मुच्छिए इच्छइ सिरिदामं रायं जीवियाओ ववरोवेत्ता, सयमेव रज्जसिरिं कारेमाणे पालेमाणे विहरित्तए । तए णं से णंदिवद्धणे कुमारे सिरिदामस्स रण्णो बहूणि अंतराणि य छिद्दाणि य विरहाणि य (विवराणि) य पडिजागरमाणे विहरइ ।**

**ભાવાર્થ :** ત્યાર પછી દુર્યોધન જેલરનો જીવ નરકભૂમિમાંથી નીકળીને એ જ મથુરાનગરીમાં શ્રીદામ રાજાની બંધુશ્રી રાણીની કુક્ષિમાં પુત્ર રૂપે ઉત્પન્ન થયો. ત્યાર પછી લગભગ નવ માસ પરિપૂર્ણ થવા પર બંધુશ્રીએ બાળકને જન્મ આપ્યો. બારમે દિવસે માતાપિતાએ તે બાળકનું નામ "નંદિવર્ધન" રાખ્યું.

ત્યાર પછી પાંચ ધાવમાતાઓ દ્વારા સંરક્ષિત તે નંદિવર્ધનકુમાર મોટો થવા લાગ્યો. જ્યારે તે બાલ્યાવસ્થાને છોડી વિજ્ઞાનપ્રાપ્ત યુવાવસ્થાને પ્રાપ્ત થયો ત્યારે તે યુવરાજ બન્યો.

ત્યાર પછી રાજ્ય અને અંતઃપુરમાં અત્યંત આસક્ત એવો તે નંદિવર્ધનકુમાર શ્રીદામ રાજાને મારી તેના સ્થાને પોતે આવીને રાજ્ય લક્ષ્મીને ભોગવવાની અને પ્રજાનું પાલન કરવાની ઈચ્છા કરવા લાગ્યો. તે માટે નંદિવર્ધન શ્રીદામ રાજાના અનેક અંતર–અવસર, છિદ્ર–જે સમયે પારિવારિક વ્યક્તિ ન હોય અને વિરહ–કોઈ પણ પાસે ન હોય, રાજા એકલા જ હોય, એવા અવસરની પ્રતીક્ષા કરવા લાગ્યો.

### પિતૃવધનો દુઃસંકલ્પ :–

**११ तए णं से णंदिवद्धणे कुमारे सिरिदामस्स रण्णो अंतरं अलभमाणे अण्णया कयाइ चित्तं अलंकारियं सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी– तुम्हे णं देवाणुप्पिया ! सिरिदामस्स रण्णो सव्वट्ठाणेसु य सव्वभूमिया य अंतेउरे य दिण्णवियारे सिरिदामस्स रण्णो अभिक्खणं अभिक्खणं अलंकारियं कम्मं करेमाणे विहरसि । तं णं तुमं देवाणुप्पिया ! सिरिदामस्स रण्णो अलंकारियं कम्मं करेमाणे गीवाए खुरं णिवेसेहि ।**

**तो णं अहं तुम्हं अद्धरज्जयं करिस्सामि । तुमं अम्हेहिं सद्धिं उरालाइं भोगभोगाइं भुंजमाणे विहरिस्ससि ।**

**तए णं से चित्ते अलंकारिए णंदिवद्धणस्स कुमारस्स एयमट्ठं पडिसुणेइ ।**

**ભાવાર્થ :** ત્યાર પછી તે શ્રીદામ રાજાના વધનો પ્રસંગ પ્રાપ્ત ન થવાથી કુમાર નંદિવર્ધને એક વાર ચિત્ર નામના હજામને બોલાવીને કહ્યું– હે દેવાનુપ્રિય ! તું શ્રીદામ રાજાના સર્વ સ્થાનો, સર્વ ભૂમિકાઓ જાણે છે તથા અંતઃપુરમાં સર્વત્ર સ્વેચ્છાપૂર્વક આવ–જા કરી શકે છે અને શ્રીદામ રાજાનું વારંવાર અલંકારકર્મ(વાળ

કાપવા આદિ કાર્ય) કરે છે, તેથી હે દેવાનુપ્રિય ! જ્યારે તું રાજાના અલંકાર કર્મ કરતો હો તે સમયે રાજાની ગરદનમાં અસ્તરો ખૂંચાડી દેજે. આ રીતે જો રાજાનો વધ થઈ જાય તો હું તને અર્ધું રાજ્ય આપી દઈશ. ત્યાર પછી તું અમારી સાથે ઉત્તમ કામભોગોને ભોગવતાં આનંદપૂર્વક સમય વ્યતીત કરજે. ત્યારે ચિત્ર નામના હજામે કુમાર નંદિવર્ધનની ઉક્ત વાતનો સ્વીકાર કરી લીધો.

## ષડ્યંત્રની નિષ્ફળતા :–

**१२ तए णं तस्स चित्तस्स अलंकारियस्स इमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था जइ णं मम सिरिदामे राया एयमट्ठं आगमेइ, तए णं मम ण णज्जइ केणइ असुभेणं कुमारेणं मारिस्सइ त्ति कट्टु भीए** *जाव* **जेणेव सिरिदामे राया तेणेव उवागच्छइ, उवागच्छित्ता सिरिदामं रायं रहस्सियगं करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी–**

**एवं खलु सामी ! णंदिवद्धणे कुमारे रज्जे य** *जाव* **अंतेउरे य मुच्छिए** *जाव* **अज्झोववण्णे इच्छइ तुब्भे जीवियाओ ववरोवित्ता सयमेव रज्जसिरिं कारमाणे पालेमाणे विहरित्तए ।**

**तए णं से सिरिदामे राया चित्तस्स अलंकारियस्स एयमट्ठं सोच्चा णिसम्म आसुरुत्ते** *जाव* **णंदिसेणं कुमारं पुरिसेहिं गिण्हावेइ, गिण्हावित्ता एएणं विहाणेणं वज्झं आणवेइ ।**

**तं एवं खलु गोयमा ! णंदिवद्धणे कुमारे पुरापोराणाणं** *जाव* **कम्माणं पावगं फलवित्तिविसेसं पच्चणुभवमाणे विहरइ ।**

**ભાવાર્થ :** પરંતુ થોડા સમય પછી તેના મનમાં એ વિચાર આવ્યો કે જો કોઈ પણ રીતે આ વાતની જાણ શ્રીદામ રાજાને મળી જાય તો ન જાણે તે મને કેવા કમોતથી મારે ? આ વિચાર આવતાં જ તે ભયભીત થઈ ગયો અને એકાંતમાં ગુપ્ત રીતે જ્યાં શ્રીદામ રાજા હતા ત્યાં આવ્યો. એકાંતમાં બંને હાથ જોડીને મસ્તક પર અંજલિ કરીને વિનયપૂર્વક આ પ્રમાણે બોલ્યો–

હે સ્વામી ! ખરેખર, નંદિવર્ધનકુમાર રાજ્યમાં અને અંતઃપુરમાં મૂર્ચ્છિત ***યાવત્*** તલ્લીન થઈને આપનો વધ કરીને પોતે જ રાજ્યલક્ષ્મી ભોગવવા ઈચ્છે છે.

શ્રીદામ રાજાએ ચિત્ર નામના હજામ પાસેથી આ વાતને સાંભળીને તેના પર વિચાર કર્યો અને અત્યંત ક્રોધમાં આવીને નંદિવર્ધનને પોતાના અનુચરો દ્વારા પકડાવીને આ પ્રમાણે(પૂર્વોક્ત વિધિથી) મારવાનો આદેશ આપ્યો.

હે ગૌતમ ! નંદિવર્ધન પુત્ર આ રીતે પોતે કરેલાં અશુભ પાપમય કર્મોનું ફળ ભોગવી રહ્યો છે.

**નંદિવર્ધનનું ભવિષ્ય અને ભવભ્રમણ :–**

**१३ णंदिवद्धणे णं भंते ! कुमारे इओ चुए कालमासे कालं किच्चा कहिं गच्छिहिइ ? कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! णंदिवद्धणे कुमारे सट्ठिवासाइं परमाउयं पालइत्ता कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए** *जाव* **संसारो तहेव ।**

**तओ हत्थिणाउरे णयरे मच्छत्ताए उववज्जिहिइ । से णं तत्थ मच्छिए हिं वहिए समाणे तत्थेव सेट्ठिकुले पुत्तत्ताए पच्चायाहिइ । बोहिं, सोहम्मे कप्पे, महा विदेहेवासे सिज्झिहिइ** *जाव* **सव्वदुक्खाणमंतं करेहिइ ।**

**णिक्खेवो जहा पढमस्स ।**

**ભાવાર્થ :** ગૌતમ સ્વામીએ ભગવાનને પૂછ્યું– હે ભગવન્ ! નંદિવર્ધનકુમાર અહીંથી મૃત્યુ સમયે મૃત્યુ પામીને ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે ?

ભગવંતે કહ્યું– હે ગૌતમ ! તે નંદિવર્ધનકુમાર ૬૦ વર્ષનું પરમ આયુષ્ય ભોગવીને મૃત્યુ સમયે મૃત્યુ પામીને રત્નપ્રભા નામની નરકભૂમિમાં ઉત્પન્ન થશે. તેનું શેષ સંસાર ભ્રમણ મૃગાપુત્રના અધ્યયનની જેમ જાણી લેવું ***યાવત્*** તે પૃથ્વીકાય આદિ બધી કાયોમાં લાખોવાર ઉત્પન્ન થશે.

ત્યાર પછી પૃથ્વીકાયમાંથી નીકળીને હસ્તિનાપુર નગરમાં મત્સ્યરૂપે ઉત્પન્ન થશે ત્યાં માછીમારો દ્વારા વધને પામીને ફરી ત્યાં જ હસ્તિનાપુર નગરમાં એક શ્રેષ્ઠીકુળમાં પુત્રરૂપે જન્મ લેશે. ત્યાં ધર્મ પ્રાપ્ત કરી સૌધર્મ કલ્પમાં ઉત્પન્ન થશે. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે. ત્યાં ચારિત્ર ગ્રહણ કરશે ને તેનું યથાવિધિ પાલન કરીને સિદ્ધ થશે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરશે.

અધ્યયનનો ઉપસંહાર પ્રથમ અધ્યયનની જેમ જાણવો.

**વિવેચન :–**

પિતા અને પુત્રનો સંબંધ અતિનિકટનો સ્નેહ સંબંધ કહેવાય છે. તેમ છતાં પૂર્વભવના અશુભ કર્મના ઉદયે પિતા–પુત્ર વચ્ચે વેરભાવ થઈ શકે છે. પ્રસ્તુત અધ્યયનમાં રાજકુમાર રાજાને મારવા ઈચ્છે છે અને તે વાતની જાણ થતાં રાજા રાજકુમારને જ દારુણ દંડ આપી મરાવી નાખે છે. એમ સાંસારિક સંબંધોની અસારતા જાણી કર્મક્ષયનો પુરુષાર્થ જ કરવો જોઈએ.

વિપાક સૂત્રની કેટલીક પ્રતોમાં આ અધ્યયનના મૂળ પાઠમાં જ 'નંદીસેણ' અને 'નંદિવર્ધન' એવા

બે નામ જોવા મળે છે. ટીકાના આધારે પ્રસ્તુત સંસ્કરણમાં 'નંદિવર્ધન' આ એક જ નામ સ્વીકાર્યું છે.

ઠાણાંગ સૂત્રમાં આ અધ્યયનનું નામ **णंदीसेण** લખાયેલ છે. શ્રી ઠાંણાગ સૂત્રની ટીકામાં આચાર્ય શ્રી અભયદેવ સૂરિએ તે **णंदीसेण** શબ્દની વ્યાખ્યા કરતાં નંદિવર્ધન નામનો પણ સંકેત, નિર્દેશ કરેલ છે.

**॥ અધ્યયન–૬ સંપૂર્ણ ॥**

# સાતમું અધ્યયન

## પરિચય :

આ અધ્યયનનું નામ "ઉંબરદત્ત" છે. આમાં પ્રબળ અશાતા વેદનીય કર્મના ઉદયવાળા દુઃખી સાર્થવાહ પુત્રનું જીવન વૃત્તાંત છે.

પાટલીખંડ નામના નગરમાં સિદ્ધાર્થ નામના રાજા રહેતા હતા. તે નગરમાં સાગરદત્ત સાર્થવાહ પણ રહેતો હતો. તેમની ગંગદત્તા નામની પત્ની હતી. તે મૃતવંધ્યા હતી. એક રાત્રે તેને વિચાર આવ્યો અને તદનુસાર પતિની આજ્ઞા લઈ નગર બહાર ઉંબરદત્ત યક્ષના યક્ષાયતનમાં જઈ, યક્ષનું પૂજન કરી, પુત્રની યાચના કરી અને દાન ભંડાર ભરવાનો સંકલ્પ કરી યક્ષની માનતા કરી.

યથાસમયે ગંગદત્તાએ એક પુત્રને જન્મ આપ્યો. યક્ષપ્રદત્ત તે બાળકનું નામ ઉંબરદત્ત રાખ્યું. નાની ઉંમરમાં જ તેના મા–બાપનું મૃત્યુ થયું. તેનું ધન લોકોએ તેમજ રાજપુરુષોએ હરી લીધું અને તેને ઘરમાંથી બહાર કાઢી મૂક્યો. ઉંબરદત્ત દુર્વ્યસની બની ગયો. તીવ્ર પાપોદયે તેને સોળ મહારોગ થયા. તેના હાથ, પગની આંગળીઓ સડવા લાગી. નાક, કાન ગળી ગયા. શરીરના ઘા માંથી પરુ વહેવા લાગ્યું. વિવિધ વેદનાથી તે કષ્ટોત્પાદક, કરુણાજનક એવં દીનતાપૂર્ણ શબ્દ પોકારી રહ્યો હતો. અસહાય બની જ્યાં ત્યાં ભટકતો રહેતો. તેની પાસે માટીનું ઠીબડું હતું, તેમાં ભોજન કરતો. હજારો માખીઓનું ઝુંડ તેની આસપાસ ફરતું. ઘરઘરમાં ભીખ માંગી જીવન પસાર કરતો.

ગૌતમ સ્વામીએ છઠના પારણે ગોચરી અર્થે નગરના પૂર્વના દરવાજે પ્રવેશ કર્યો. ત્યાં તેઓએ આ દુઃખી માણસને જોયો. બીજા છઠના પારણે દક્ષિણના દરવાજેથી પ્રવેશ કર્યો, ત્રીજા છઠના પારણે પશ્ચિમના દરવાજેથી પ્રવેશ કર્યો, ચોથા છઠના પારણે ઉત્તર દિશાના દરવાજેથી નગરમાં પ્રવેશ કર્યો. સંયોગવશ ચારે દિશાના રસ્તામાં દુઃખી ઉંબરદત્તને જોયો. તે દુઃખી માણસ વિષયક જિજ્ઞાસા થતાં ગૌતમ સ્વામીએ ભગવાનને પૂછ્યું. ભગવાને તેનો પૂર્વભવ કહ્યો.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં વિજયપુર નગરમાં ધનવંતરી નામનો રાજવૈદ્ય હતો. તે કનકરથ રાજાના અંતઃપુરમાં અને નગરના શ્રીમંત તેમજ ગરીબ, સર્વ દર્દીઓનાં દર્દનો ઉપચાર કરતો હતો.

ઉપચાર અને પથ્યમાં ધનવંતરી વૈદ્ય લોકોને મચ્છ, કચ્છ, ગ્રાહ, મગર, સુંસુમાર આદિ જલચરોનું તથા બકરાં, સૂવર, મૃગ, સસલા, ગાય, ભેંસ, ઘેટાં આદિ પશુઓનાં માંસના આહારની પ્રેરણા કરતો. કેટલાકને તેતર, બતક, કબૂતર, કૂતરાં, મોર આદિનું માંસ ખાવાની સલાહ આપતો. પોતે પણ ઉક્ત પ્રકારનાં માંસ પકાવીને ખાતો. આ પ્રકારની પાપકર્મની વૃત્તિથી તેણે ૩૨૦૦ વર્ષની ઉંમર વ્યતીત કરી,

મૃત્યુ પામી, છઠ્ઠી નરકમાં ઉત્પન્ન થયો. ત્યાં ૨૨ સાગરોપમનું આયુષ્ય ભોગવી, અહીં 'ઉંબરદત્ત' રૂપે જન્મ પામ્યો છે અને અવશેષ કર્મોને ભોગવી રહ્યો છે.

અહીં દુઃખમય જીવન પસાર કરતાં ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી પ્રથમ નરકમાં ઉત્પન્ન થશે. સંસાર ભ્રમણ કરતાં–કરતાં અંતે કૂકડાના ભવમાં અન્ય દ્વારા મૃત્યુ પામી શ્રેષ્ઠીપુત્ર રૂપે જન્મશે. તે ભવમાં સંયમ આરાધના કરી પ્રથમ દેવલોકમાં દેવ રૂપે ઉત્પન્ન થઈ, ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરશે. તે અંતિમ ભવમાં જ્ઞાન–દર્શન ચારિત્રની આરાધના કરી, મોક્ષને પ્રાપ્ત કરશે.

❖❖❖❖❖

# સાતમું અધ્યયન

## ઉંબરદત્ત

**અધ્યયન પ્રારંભ :–**

**१ उक्खेवो सत्तमस्स ।**

**ભાવાર્થ :** સાતમા અધ્યયનો પ્રારંભ પહેલા અધ્યયનની જેમ જાણવો.

**२ एवं खलु, जंबू ! तेणं कालेणं तेणं समएणं पाडलिसंडे णयरे । वणखंडे णामं उज्जाणे । उंबरदत्ते जक्खे । तत्थ णं पाडलिसंडे णयरे सिद्धत्थे राया । तत्थ णं पाडलिसंडे णयरे सागरदत्ते सत्थवाहे होत्था । अड्ढे** *जाव* **अपरिभूए । गंगदत्ता भारिया । तस्स सागरदत्तस्स पुत्ते गंगदत्ताए भारियाए अत्तए उंबरदत्ते णामं दारए होत्था । अहीणपडिपुण्णपंचिंदियसरीरे, वण्णओ ।**

**ભાવાર્થ :** હે જંબૂ ! તે કાલે અને તે સમયે "પાટલિખંડ" નામનું એક નગર હતું. ત્યાં 'વનખંડ' નામનું એક ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં ઉંબરદત્ત નામના યક્ષનું યક્ષાયતન હતું. તે નગરમાં સિદ્ધાર્થ નામના રાજા રાજ્ય કરતા હતા. પાટલિખંડ નગરમાં સાગરદત્ત નામનો એક સાર્થવાહ રહેતો હતો. તે ધનાઢ્ય ***યાવત્*** પ્રતિષ્ઠિત હતો. તેની ગંગદત્તા નામની પત્ની હતી. તે સાગરદત્તનો પુત્ર અને ગંગદત્તાનો આત્મજ ઉંબરદત્ત નામનો પુત્ર હતો. તે સંપૂર્ણ અને પરિપૂર્ણ પાંચ ઈન્દ્રિયોથી યુક્ત સુંદર શરીરવાળો હતો, વગેરે વર્ણન જાણવું.

**३ तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स समोसरणं** *जाव* **परिसा पडिगया ।**

**ભાવાર્થ :** તે કાલે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ત્યાં પધાર્યા ***યાવત્*** ધર્મોપદેશ સાંભળી પરિષદ પાછી ચાલી ગઈ.

**ઉંબરદત્ત પરિચય :–**

**४ तेणं कालेणं तेणं समएणं समणेणं भगवं गोयमे, तहेव** *जाव* **जेणेव पाडलिसंडे णयरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता पाडलिसंडं णयरं**

**पुरत्थिमिल्लेणं दुवारेणं अणुप्पविसइ, अणुप्पविसित्ता तत्थ णं पासइ एगं पुरिसं कच्छुल्लं कोढियं दओयरियं भगंदरियं अरिसिल्लं कासिल्लं सासिल्लं सोयिलं सुयमूहं सूयहत्थं सुयपायं, सडियहत्थंगुलियं सडियपायंगुलियं सडियकण्णणासियं रसियाए य पूइएण य थिविथिविय वणमुहकिमिउत्तयंत पगलंतपूयरुहिरं लालापगलंतकण्णणासं अभिक्खणं अभिक्खणं पूयकवले य रुहिरकवले य किमियकवले य वममाणं कट्ठाइं कलुणाइं विसराइं कूयमाणं मच्छियाचडगरपहकरेणं अण्णिज्जमाणमग्गं फुट्टहडाहडसीसं दंडिखंडवसणं खंडमल्ल- खंडघड–हत्थगयं, गेहे गेहे देहंबलियाए वित्तिं कप्पेमाणं पासइ ।**

**तया भगवं गोयमे उच्च–णीय–मज्झिम–कुलाइं** *जाव* **अडमाणे अहापज्जत्तं समुदाणं गिण्हइ, गिण्हित्ता पाडलिसंडाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ उवागच्छित्ता भत्तपाणं आलोएइ, भत्तपाणं पडिदंसेइ, पडिदंसित्ता समणेणं भगवया महावीरेणं अब्भणुण्णाए समाणे** *जाव* **बिलमिव पण्णगभूएणं अप्पाणेणं आहारमाहारेइ, संजमेण तवसा अप्पाणं भावेमाणे विहरइ ।**

**ભાવાર્થ :** તે કાલે અને તે સમયે ભગવાન ગૌતમ સ્વામી છઠના પારણાના નિમિત્તે ભિક્ષા માટે પાટલિખંડ નગરમાં ગયા. તેઓએ પાટલિખંડ નગરમાં પૂર્વદિશાના દરવાજેથી પ્રવેશ કર્યો, ત્યાં એક પુરુષને જોયો.

તે પુરુષ ખૂજલીના રોગવાળો, કોઢ, જલોદર, ભગંદર તથા હરસના રોગથી ગ્રસ્ત હતો. તેને ઉધરસ, શ્વાસ અને સોજાના રોગ પણ હતા. તેનું મોઢું, હાથ–પગ સૂજેલાં હતા, હાથ અને પગની આંગળીઓ સડી ગઈ હતી, નાક અને કાન પણ સડી ગયા હતા, વ્રણ–ઘામાંથી નીકળતાં રસી અને પરૂથી તેનું શરીર કચકચતું હતું. તે કૃમિઓથી અત્યંત વેદના પામી રહ્યો હતો. લોહી અને પરૂ વહેતા હોય તેવા ગૂમડાથી તે યુક્ત હતો. તેનાં કાન અને નાક પર થયેલા ફોડાઓમાંથી લોહી વગેરે વહેવાથી કાન, નાક સડી ગયાં હતાં. તેને વારંવાર પરૂના, લોહીના અને કૃમિઓનું વમન થતું હતું. તે કષ્ટપૂર્ણ, દયાજનક તેમજ દીનતામય શબ્દો બોલી રહ્યો હતો. તેની આગળ અને પાછળ માખીઓના ટોળેટોળાં બણબણી રહ્યાં હતાં, ભયંકર વેદનાથી તેનું માથું ફાટી જતું હતું, તેના માથાના વાળ વેરવિખેર હતા. તેણે થીંગડાવાળાં વસ્ત્ર પહેર્યા હતા. ફૂટેલા ઘડાના ટુકડાનું તેનું ભિક્ષાપાત્ર હતું. શકોરાનો ટુકડો તેનું જળ–પાત્ર હતું. તેને હાથમાં લઈને ઘરે ઘરે ભીખ માગી આજીવિકા ચલાવતો હતો.

ત્યારે ભગવાન ગૌતમ સ્વામી ઊંચ, નિમ્ન અને મધ્યમ ઘરોમાં ભિક્ષા માટે ભ્રમણ કરતાં કરતાં

આવશ્યકતા પ્રમાણે(યથેષ્ટ) ભિક્ષા લઈને પાટલિખંડ નગરમાંથી નીકળીને, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી વિરાજમાન હતા, ત્યાં આવ્યા, આવીને ભોજન–પાણી સંબંધી આલોચના કરી અને લાવેલાં આહાર–પાણી ભગવાનને બતાવીને બિલમાં પ્રવેશ કરતાં સર્પની જેમ રસાસ્વાદ લીધા વિના જ આહાર કર્યો અને સંયમ તથા તપથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

**૫ तए णं से भगवं गोयमे दोच्चं पि छट्ठक्खमणपारणगंसि पढमाए पोरिसीए सज्झायं करेइ** *जाव* **पाडलिसंडं णयरं दाहिणिल्लेणं दुवारेणं अणुप्पविसइ, तं चेव पुरिसं पासइ– कच्छुल्लं तहेव** *जाव* **संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ ।**

**ભાવાર્થ :** ત્યાર પછી ભગવાન ગૌતમ સ્વામીએ બીજીવાર છઠના પારણાના નિમિત્તે પહેલા પ્રહરમાં સ્વાધ્યાય કરી ***યાવત્*** ભિક્ષા માટે ગમન કરતાં પાટલિખંડ નગરમાં દક્ષિણ દિશાના દરવાજેથી પ્રવેશ કર્યો; ત્યાં પણ તેમણે ખૂજલી આદિ રોગોથી યુક્ત તે જ પુરુષને જોયો અને તેઓ ભિક્ષા લઈને પાછા આવ્યા. બાકીનું વર્ણન પૂર્વવત્ સમજવું ***યાવત્*** તપ સંયમથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

**૬ तए णं से गोयमे तच्चं पि छट्ठक्खमणपारणगंसि तहेव** *जाव* **पच्चत्थिमिल्लेणं दुवारेणं अणुपविसमाणे तं चेव पुरिसं पासइ कच्छुल्लं** *जाव* **संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ ।**

**ભાવાર્થ :** ત્યાર પછી ભગવાન ગૌતમ સ્વામીએ ત્રીજી વાર છઠના પારણાના નિમિત્તે તે જ નગરના પશ્ચિમ દિશાના દરવાજેથી નગરમાં પ્રવેશ કર્યો, ત્યાં પણ તેણે પૂર્વવર્ણિત પુરુષને જોયો ***યાવત્*** આહાર કરીને તપ સંયમથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

## પૂર્વભવ સંબંધી પૃચ્છા :–

**૭ तएणं भगवं गोयमे चउत्थं पि छट्ठक्खमणपारणगंसि उत्तरेण दुवारेणं** *जाव* **तं पुरिसं पासित्ता इमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पण्णे– अहो णं इमे पुरिसे पुरापोराणाणं** *जाव* **वंदित्ता णमसित्ता एवं वयासी– एवं खलु अहं भंते ! छट्ठक्खमण पारणगंसि तुब्भेहिं अब्भणुण्णाए** *जाव* **पाडलिसंडे पुरत्थिमिल्लेणं दुवारेणं अणुपविट्ठे । तत्थ णं एगं पुरिसं पासामि कच्छुल्लं** *जाव* **वित्तिं कप्पेमाणं । तए णं अहं दोच्चछट्ठखमण पारणगंसि दाहिणिल्लेणं दुवारेणं, तहेव । तए णं अहं तच्चछट्ठक्खमणपारणगंसि पच्चत्थिमेणं दुवारेणं, तहेव । तए णं अहं चउत्थछट्ठक्खमणपारणगंसि उत्तरदुवारेणं अणुप्पविसामि, तं चेव पुरिसं पासामि कच्छुल्लं** *जाव* **वित्तिं कप्पेमाणे विहरइ । चिंता ममं ।**

**से णं भंते ! पुरिसे पुव्व भवे के आसी ?** *जाव* **पच्चणुभवमाणे विहरइ ? गोयमा ! इति समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी–**

**ભાવાર્થ :** એ જ રીતે ચોથીવાર છઠના પારણા માટે પાટલિખંડના ઉત્તરદિશાના દરવાજેથી તેમણે પ્રવેશ કર્યો, ત્યારે પણ તેઓએ તે જ પુરુષને જોયો. તેને જોઈને તેના મનમાં વિચાર આવ્યો કે, અહો ! આ પુરુષ પૂર્વકૃત અશુભ કર્મોનાં અશુભ ફળને ભોગવતો કેવું દુઃખપૂર્ણ જીવન વ્યતીત કરી રહ્યો છે ? ***યાવત્*** પાછા આવીને તેમણે ભગવાનને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું–

હે ભગવન્ ! છઠના પારણાના નિમિત્તે આપની આજ્ઞા લઈને ***યાવત્*** મેં પાટલિખંડ નગરના પૂર્વદિશાના દરવાજેથી પ્રવેશ કર્યો. ત્યાં મેં એક એવા પુરુષને જોયો જે પુરુષ ખૂજલી આદિ રોગોથી પીડિત ***યાવત્*** ભિક્ષાવૃત્તિથી આજીવિકા ચલાવી રહ્યો છે. પછી બીજા છઠના પારણા નિમિત્તે ભિક્ષા માટે તે નગરના દક્ષિણ દિશાના દરવાજેથી પ્રવેશ કર્યો, ત્યાં પણ તે જ પુરુષને જોયો, તેમજ ત્રીજીવાર જ્યારે છઠના પારણા નિમિત્તે તે નગરના પશ્ચિમ દિશાના દરવાજેથી પ્રવેશ કર્યો તો ત્યાં પણ તે જ પુરુષને જોયો અને ચોથી વાર જ્યારે હું છઠના પારણા નિમિત્તે ભિક્ષા લેવા માટે તે નગરના ઉત્તર દિશાના દરવાજેથી પ્રવેશ્યો ત્યાં પણ મેં તે જ પુરુષને જોયો જે ખૂજલી આદિ રોગોથી પીડિત ***યાવત્*** ભિક્ષાવૃત્તિથી આજીવિકા ચલાવી રહ્યો છે. તેને જોઈને મારા મનમાં વિચાર આવ્યો કે અહો ! આ પુરુષ પૂર્વે કરેલાં અશુભ કર્મોનું ફળ ભોગવી રહ્યો છે, ઈત્યાદિ.

પ્રભો ! તે પુરુષ પૂર્વભવમાં કોણ હતો ? ***યાવત્*** જે આવા પ્રકારના ભીષણ રોગોથી પીડિત થઈ કષ્ટપૂર્ણ જીવન વિતાવી રહ્યો છે ? ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું–

## પૂર્વભવ વર્ણન :–

**૮ एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहेवासे विजयपुरे णामं णयरे होत्था । रिद्धत्थिमियसमिद्धे, वण्णओ । तत्थ णं विजयपुरे णयरे कणगरहे णामं राया होत्था । तस्स णं कणगरहस्स रण्णो धण्णंतरी णामं वेज्जे होत्था । अट्ठंगाउव्वेयपाढए, तंजहा– कुमारभिच्चं सालागे सल्लहत्ते कायति– गिच्छा जंगोले भूयविज्जा रसायणे वाजीकरणे । सिवहत्थे सुहहत्थे लहुहत्थे ।**

**ભાવાર્થ :** હે ગૌતમ ! તે કાલે અને તે સમયે આ જંબૂદ્વીપના ભારતવર્ષ નામના ક્ષેત્રમાં "વિજયપુર" નામનું એક ધન, જન, ભવનાદિથી સમૃદ્ધ નગર હતું, વગેરે વર્ણન જાણવું. તેમાં "કનકરથ" નામનો રાજા રાજ્ય કરતો હતો. તે કનકરથ રાજાને આયુર્વેદનાં આઠે અંગોનો જ્ઞાતા, ધનવંતરી નામનો એક વૈદ્ય હતો. આયુર્વેદ સંબંધી આઠ અંગોનાં નામ આ પ્રમાણે છે–

(૧) કૌમારભૃત્ય–આમાં કુમારોના દુગ્ધજનિત દોષોનાં ઉપશમનનું મુખ્ય વર્ણન હોય (૨)

શાલાક્ય– જેમાં આંખ, નાક આદિ ઉપરના ભાગોના રોગોના ઉપચાર બતાવ્યા હોય (૩) શાલ્યહત્ય– જેમાં કાંટો, ગોળી વાગી હોય તે કાઢવાની વિધિ વગેરેનું વર્ણન હોય (૪) કાયચિકિત્સા–જેમાં શરીર સંબંધી રોગોની સારવાર બતાવી હોય (૫) જાંગુલ–જેમાં વિષની ચિકિત્સાનું વિધાન હોય (૬) ભૂતવિદ્યા–જેમાં ભૂત–નિગ્રહના પ્રયોગ બતાવ્યા હોય (૭) રસાયણ–આયુષ્યને દઢ કરનાર અને રોગ–વિનાશક ઔષધિઓના પ્રયોગ જેમાં હોય (૮) વાજીકરણ–બલ–વીર્યવર્દ્ધક ઔષધિઓનો પ્રયોગ જેમાં હોય.

તે ધનવંતરી વૈદ્ય શિવહસ્ત હતા અર્થાત્ રોગ દૂર કરી રોગીઓનું કલ્યાણ કરતા હતા, તેઓ શુભહસ્ત હતા અર્થાત દર્દજન્ય દુઃખ દૂર કરી સુખ આપી દર્દીઓનું શુભ કરનાર હતા તથા જેનો હાથ શુભ અથવા લઘુહસ્ત હતો અર્થાત રોગનું નિદાન અને તેનો ઉપચાર કુશળતાપૂર્વક કરતા હતા.

**૯ तए णं से धण्णंतरी वेज्जे विजयपुरे णयरे कणगरहस्स रण्णो अंतेउरे य, [अण्णेसिं च] बहूणं राईसर *जाव* सत्थवाहाणं, अण्णेसिं च बहूणं दुब्बलाण य गिलाणाण य वाहियाण य रोगियाण य अणाहाण य सणाहाण य समणाण य माहणाण य भिक्खगाण य करोडियाण य कप्पडियाण य आउराण य अप्पेगइयाणं मच्छमंसाइं उवदंसेइ, अप्पेगइयाणं कच्छपमंसाइं, अत्थेगइयाणं गोहामंसाइं, अप्पेगइयाणं मगरमंसाइं, अप्पेगइयाणं सुंसमारमंसाइं, अप्पेगइयाणं अयमंसाइं एवं एलय–रोज्झ–सूयर–मिग–ससय–गोमंस–महिसमंसाइं, अप्पेगइयाणं तित्तिरमंसाइं, अप्पेगइयाणं वट्टय लावय कवोय–कुक्कड–मयूर–मंसाइं, अण्णेसिं च बहूणं जलयर–थलयर–खहयर–माईणं मंसाइं उवदंसेइ । अप्पणा वि य णं से धण्णंतरी वेज्जे तेहिं बहूहिं मच्छमंसेहि य *जाव* मयूरमंसेहि य अण्णेहिं बहूहिं जलयर थलयर–खहयर–मंसेहि य सोल्लेहि य तलिएहि य भज्जिए हि य सुरं च महुं च मेरगं च जाइं च सीधुं च पसण्णं आसाएमाणे विसाएमाणे परिभाएमाणे परिभुंजेमाणे विहरइ ।**

**ભાવાર્થ :** તે ધનવંતરી વૈદ્ય વિજયપુર નગરમાં મહારાજ કનકરથના અંતઃપુરમાં નિવાસ કરતી રાણીઓ તથા બીજા ઘણાં રાજા, ઈશ્વર(ઐશ્વર્યવાન્ યા રાજકુમાર) ***યાવત્*** સાર્થવાહોને અને એ જ પ્રમાણે બીજા ઘણા દુર્બળ, ગ્લાન–માનસિક ચિંતાથી ઉદાસ રહેનારા, વ્યાધિત, બાધિત, રોગીજનો તેમજ સનાથો, અનાથો તથા શ્રમણો, બ્રાહ્મણો, ભિક્ષુકો, કાપાલિકો(ભિક્ષુવિશેષ), કાર્પટિકો–કંથાધારી ભિક્ષુકો અથવા માંગણો તેમજ આતુરોની ચિકિત્સા કરતો હતો. તેમાંથી કેટલાકને તે મત્સ્ય માંસ ખાવાનો ઉપદેશ દેતો, કેટલાકને કાચબાનાં માંસનો, કેટલાકને ગ્રાહ(જલચર વિશેષ)નાં માંસનો, કેટલાકને મગરનાં માંસનો, કેટલાકને સુંસુમાર(જળચર વિશેષ)નાં માંસનો અને કેટલાકને બકરાંનું માંસ ખાવાનો ઉપદેશ આપતો અર્થાત્ આ બધા જીવોનાં માંસને ખાવાનું કહેતો. તેમજ બકરાં, નીલગાય, ડુક્કર, મૃગ, સસલા, ગાય અને

ભેંસનું માંસ ખાવાનું કહેતો.

કેટલાકને તેતર, બટેરો(કાબરો), લાવરી, કબૂતર, કૂકડા અને મોરનું માંસ ખાવાનું કહેતો હતો. તે ધનવંતરી વૈદ્ય પોતે પણ મત્સ્ય માંસ ***યાવત્*** મયૂરમાંસ તથા બીજા પણ ઘણાં જલચર, સ્થળચર અને ખેચર પ્રાણીઓનાં પકાવેલાં, તળેલાં અને શેકેલાં માંસ સાથે છ પ્રકારની સુરા આદિ આસ્વાદન, વિસ્વાદન, પરિભાજન અને વારંવાર ઉપભોગ કરતો હતો.

**१० तए णं से धण्णंतरी वेज्जे एयकम्मे एयप्पहाणे एयविज्जे एयसमायारे सुबहुं पावं कम्मं समज्जिणित्ता बत्तीसं वाससयाइं परमाउयं पालइत्ता कालमासे कालं किच्चा छट्ठीए पुढवीए उक्कोसेणं बावीससागरोपम ट्ठिइए सु णेरइएसु णेरइयत्ताए उववण्णे ।**

**ભાવાર્થ** : ત્યાર પછી પાપકર્મોમાં નિપુણ તે ધનવંતરી વૈદ્ય આ ક્રિયાઓને જ પોતાનું જ્ઞાન, વિજ્ઞાન તેમજ સર્વોત્તમ આચરણ માનતો, અત્યંત પાપકર્મોનું ઉપાર્જન કરીને બત્રીસ સો(૩૨૦૦) વર્ષના પરમ આયુષ્યને ભોગવીને મૃત્યુના અવસરે મૃત્યુ પામીને છટ્ઠીનરકભૂમિમાં ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમની સ્થિતિ નારકી રૂપે ઉત્પન્ન થયો.

### ઉંબરદત્તનો વર્તમાન ભવ :–

**११ तए णं सा गंगदत्ता भारिया जायणिंदुया यावि होत्था, जाया जाया दारगा विणिहायमावज्जंति । तए णं तीसे गंगदत्ताए सत्थवाहीए अण्णया कयाइ पुव्व-रत्तावरत्तकालसमयंसि कुडुंबजागरियं जागरमाणीए अयं अज्झत्थिए *जाव* समुप्पण्णे– एवं खलु अहं सागरदत्तेणं सत्थवाहेणं सद्धिं बहूइं वासाइं उरालाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणी विहरामि, णो चेव णं अहं दारगं वा दारियं वा पयामि । तं धण्णाओ णं ताओ अम्मयाओ, सपुण्णाओ, कयत्थाओ, कयपुण्णाओ, कयलक्खणाओ णं ताओ अम्मयाओ, सुलद्धे णं तासिं अम्मयाणं माणुस्सए जम्मजीवियफले, जासिं मण्णे णियगकुच्छिसंभूयगाइं थणदुद्धलुद्धयाइं महुरसमुल्लावगाइं मम्मणपजंपियाइं थणमूलकक्खदेसभागं अभिसरमाणयाइं, मुद्धयाइं पुणो य कोमलकमलोवमेहिं हत्थेहिं गिण्हिऊण उच्छंगे णिवेसियाइं देंति, समुल्लावए सुमहुरे पुणो पुणो मंजुलप्प भणिए ।**

**अहं णं अधण्णा अपुण्णा अकयपुण्णा एत्तो एगमवि ण पत्ता । तं सेयं खलु मम कल्लं *जाव* जलंते सागरदत्तं सत्थवाहं आपुच्छित्ता सुबहुं पुप्फवत्थगंध**

**मल्ला– लंकारं गहाय बहु मित्तणाइ णियग–सयणसंबंधिपरियण महिलाहिं सद्धिं पाडलि– संडाओ णयराओ पडिणिक्खमित्ता बहिया जेणेव उंबरदत्तस्स जक्खस्स जक्खाययणे तेणेव उवागच्छित्तए । तत्थ णं उंबरदत्तस्स जक्खस्स महरिहं पुप्फच्चणं करित्ता जाणुपायवडियाए ओयाइत्तए– जइ णं अहं देवाणुप्पिया ! दारगं वा दारियं वा पयामि, तो णं अहं तुब्भं जायं च दायं च भायं च अक्खयणिहिं च अणुवड्ढ– इस्सामि त्ति कट्टु ओवाइयं ओवाइणित्तए । एवं संपेहेइ, संपेहित्ता कल्लं** *जाव* **जलंते जेणेव सागरदत्ते सत्थवाहे तेणेव उवागच्छइ, सागरदत्तं सत्थवाहं एवं वयासी– एवं खलु अहं देवाणुप्पिया ! तुब्भेहिं सद्धिं** *जाव* **ण पत्ता । तं इच्छामि णं देवाणुप्पिया ! तुब्भेहिं अब्भणुण्णाया** *जाव* **ओवाइणित्तए ।'**

**तए णं से सागरदत्ते गंगदत्तं भारियं एवं वयासी– मम पि णं देवाणुप्पिया ! एस चेव मणोरहे, कहं तुमं दारगं दारियं वा पयाइज्जसि । गंगदत्ताए भारियाए एयमट्ठं अणुजाणइ ।**

**ભાવાર્થ :** તે સમયે સાગરદત્તની ગંગદત્તા નામની પત્ની જાતનિન્દુકા હતી. જન્મ થતાં જ તેનાં બાળકો મરણ પામતાં હતાં. એકવાર મધ્યરાત્રિએ કુટુંબ સંબંધી ચિંતાથી જાગતી તે ગંગદત્તા સાર્થવાહીના મનમાં આ પ્રમાણે વિચાર આવ્યો.

હું ઘણાં લાંબા સમયથી સાગરદત્ત સાર્થવાહની સાથે ઉદાર–પ્રધાન કામભોગોનો ઉપભોગ કરી રહી છું, પરંતુ મને આજ સુધીમાં એક પણ જીવતા રહેનાર પુત્રને અથવા પુત્રીને જન્મ આપવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું નથી. તે માતાઓ ધન્ય છે, જે માતા કૃતાર્થ છે, કૃત પુણ્ય છે, તેઓએ જ મનુષ્ય સંબંધી જન્મ અને જીવનને સફળ બનાવ્યું છે. પોતાનાં સ્તનોનાં દૂધમાં લુબ્ધ, મધુર આલાપ કરનાર, સ્ખલિત તોતડું બોલનારા–કાલુ કાલુ બોલનારા, સ્તનમૂળથી કટિપ્રદેશ–કમ્મર સુધી સરકનારા તથા એવા પુત્રોના મસ્તકને કમળ સમાન કોમળ હાથોથી પોતાના ખોળામાં રાખે છે, બેસાડે છે અને જે પુત્રો વારંવાર સુમધુર, કોમળ વચનો પોતાની માતાને સંભળાવે છે, તે માતાઓને હું ધન્ય માનું છું. તેના જન્મ અને જીવન સફળ છે.

હું અધન્યા છું, પુણ્યહીન છું, મેં પુણ્ય ઉપાર્જન કર્યું નથી, કારણ કે હું આવી બાળસુલભ ચેષ્ટાઓ–વાળા એક પણ સંતાનને પામી શકી નથી. હવે મારે માટે એ જ હિતકારક છે કે કાલે સવારે સૂર્યોદય થતાં જ સાગરદત્ત સાર્થવાહને પૂછીને વિવિધ પ્રકારનાં પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા અને અલંકાર લઈને મિત્રો, જ્ઞાતિજનો, નિજકો, સ્વજનો, સંબંધીજનો અને પરિજનોની ઘણી સ્ત્રીઓ સાથે પાટલિખંડ નગરમાંથી નીકળીને બહાર ઉદ્યાનમાં જ્યાં ઉંબરદત્ત યક્ષનું યક્ષાયતન છે, ત્યાં જાઉં અને ઉંબરદત્ત યક્ષની મહાર્હ(બહુમૂલ્ય) પુષ્પોથી પૂજા કરીને તેના ચરણોમાં નતમસ્તક થઈને, આ પ્રમાણે પ્રાર્થનાપૂર્ણ યાચના કરું–

"હે દેવાનુપ્રિય ! જો હું હવે જીવિત રહેનાર પુત્ર કે પુત્રીને જન્મ આપું તો હું આપના યાગ–દેવપૂજા, દાન–દેય અંશ, ભાગ–લાભ અંશ અને અક્ષયનિધિ–દેવભંડારની વૃદ્ધિ કરીશ." આ પ્રમાણે ઈચ્છિત વસ્તુ મેળવવા પ્રાર્થના કરવાનો તેણે નિશ્ચય કર્યો. નિશ્ચય કર્યા પછી પ્રાતઃકાલે સૂર્યોદય થતાં પર સાગરદત્ત સાર્થવાહ પાસે આવીને આ પ્રમાણે કહેવા લાગી– હે સ્વામિન્ ! મેં તમારી સાથે મનુષ્ય સંબંધી સાંસારિક સુખોનો સંપૂર્ણ ઉપભોગ કરતાં આજ સુધીમાં એક પણ જીવતા રહેનાર પુત્ર કે પુત્રીને મેળવ્યા નથી. તેથી હું ઈચ્છું છું કે જો આપ આજ્ઞા આપો તો હું આપણા મિત્રો, જ્ઞાતિજનો, નિજકો, સ્વજનો, સંબંધીજનો અને પરિજનોની સ્ત્રીઓ સાથે પાટલિખંડ નગરની બહાર ઉદ્યાનમાં ઉંબરદત્ત યક્ષની મહામૂલ્યવાન પુષ્પાર્ચના કરી પુત્ર પ્રાપ્તિ માટે તેની માનતા માનું ?

ત્યારે સાગરદત્ત સાર્થવાહે પોતાની ગંગદત્તા નામની પત્નીને કહ્યું– હે દેવાનુપ્રિયે ! હું પણ ઈચ્છું છું કે કોઈ પણ રીતે જીવિત રહેનાર બાળક કે બાલિકા જન્મ આપે. એમ કહીને તેણે ગંગદત્તાના ઉક્ત પ્રસ્તાવનો સમર્થન કરતાં સ્વીકાર કર્યો.

**૧૨** **तए णं सा गंगदत्ता भारिया सागरदत्त सत्थवाहेणं एयमट्ठं अब्भणुण्णाया समाणी सुबहुं पुप्फ वत्थ-गंध-मल्लालंकारं गहाय मित्त *जाव* महिलाहिं सद्धिं सयाओ गिहाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता पाडलिसंडं णयरं मज्झंमज्झेणं णिग्गच्छइ, णिगच्छित्ता जेणेव पुक्खरिणी तेणेव उवागच्छइ, उवागच्छित्ता पुक्खरिणीए तीरे सुबहुं पुप्फवत्थगंधमल्लालंकारं ठवेइ, ठवेत्ता पुक्खरिणिं ओगाहेइ, ओगाहित्ता जलमज्जणं करेइ, करित्ता जलकीडं करेमाणी ण्हाया *जाव* उल्लपडसाडिया पुक्खरणीओ पच्चुत्तरइ, पच्चुत्तरित्ता तं पुप्फ-वत्थ-गंध-मल्लालंकारं गिण्हइ, गिण्हित्ता जेणेव उंबरदत्तस्स जक्खस्स जक्खाययणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता उंबरदत्तस्स जक्खस्स आलोए पणामं करेइ, करित्ता लोमहत्थं परामुसइ, परामुसित्ता उंबरदत्तं जक्खं लोमहत्थेणं पमज्जइ, पमज्जित्ता दगधाराए अब्भुक्खेइ, अब्भुक्खित्ता, पम्हलसुकुमाल गंधकासाइयाए गायलट्ठी ओलूहेइ, ओलूहित्ता सेयाइं वत्थाइं परिहेइ, परिहित्ता महरिहं पुप्फारुहणं, मल्लारुहणं, गंधारुहणं, चुण्णारुहणं करेइ, करित्ता धूवं डहइ, डहित्ता जाणुपायवडिया एवं वयइ- जइ णं अहं देवाणुप्पिया ! दारगं वा दारियं वा पयामि तो णं अहं तुब्भं जायं च दायं च भायं च अक्खयणिहिं च अणुवड्ढिस्सामि त्ति कट्टु ओवाइयं ओवाइणइ, ओवाइणित्ता जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया ।**

**ભાવાર્થ** : ત્યારે સાગરદત્ત સાર્થવાહની આજ્ઞા મળી જતાં ગંગદત્તા વિવિધ પ્રકારનાં પુષ્પ, વસ્ત્ર, ગંધ,

માળા અને અલંકાર તથા વિવિધ પ્રકારની પૂજાની સામગ્રી લઈને મિત્ર, જ્ઞાતિ, સ્વજન, સંબંધી અને પરિજનોની સ્ત્રીઓ સાથે પોતાના ઘરેથી નીકળી અને પાટલિખંડ નગરની મધ્યમાં થઈને એક પુષ્કરિણી–તલાવડી પાસે ગઈ. ત્યાં પુષ્કરિણીના કિનારે વિવિધ પ્રકારનાં પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા અને અલંકાર રાખીને તેણે તલાવડીમાં પ્રવેશ કર્યો જલક્રીડા કરીને સ્નાન કર્યું ***યાવત્*** ભીની સાડી પહેરીને તલાવડીમાંથી બહાર આવી, બહાર આવીને પુષ્પાદિ પૂજા સામગ્રીને લઈને ઉંબરદત્ત યક્ષના યક્ષાયતન પાસે પહોંચી અને યક્ષ પ્રતિમા નજરે પડતાં જ યક્ષને નમસ્કાર કર્યા. ત્યાર પછી મયૂરપીંછ લઈને તેનાથી યક્ષ પ્રતિમાનું પ્રમાર્જન કર્યું, ત્યાર પછી જલધારાથી યક્ષ પ્રતિમાને સ્નાન કરાવ્યું. પછી ભગવા રંગથી રંગેલા, સુગંધિત તેમજ મુલાયમ વસ્ત્રથી પ્રતિમાને લૂંછીને, વસ્ત્રો પહેરાવીને મહાર્હ(મોટાને યોગ્ય) પુષ્પારોહણ, વસ્ત્રારોહણ, ગંધારોહણ, માલ્યારોહણ અને ચૂર્ણારોહણ કર્યું. ત્યાર પછી ધૂપ કર્યો, ધૂપ કરીને યક્ષની સામે ગોઠણ ટેકવીને પગમાં પડી, આ પ્રમાણે નિવેદન કરવા લાગી– "હે દેવાનુપ્રિય ! જો હું એક પણ જીવિત રહેનાર પુત્ર યા પુત્રીને જન્મ આપું તો હું આપના યાગ, દાન, ભાગ અને ભંડારની વૃદ્ધિ કરીશ." આ પ્રમાણે ***યાવત્*** યાચના કરે છે અર્થાત્ માનતા સ્વસ્થાને પાછી ફરી.

**૧૩ तए णं से धण्णंतरी वेज्जे ताओ णरगाओ अणंतरं उवट्टित्ता इहेव जंबुद्दीवे दीवे पाडलिसंडे णयरे गंगदत्ताए भारियाए कुच्छिंसि पुत्तत्ताए उववण्णे ।**

**तए णं तीसे गंगदत्ताए भारियाए तिण्हं मासाणं बहुपडिपुण्णाणं अयमेयारूवे दोहले पाउब्भूए– धण्णाओ णं ताओ अम्मयाओ** *जाव* **सुलद्धे णं अम्मयाणं माणुस्सए जम्म जीविय फले, जाओ णं विउलं असणं पाणं खाइमं साइमं उवक्खडावेंति, उवक्खडावेत्ता बहूहिं मित्त णाइ** *जाव* **परिवुडाओ तं विउलं असणं पाणं खाइमं साइमं, सुरं च महुं च मेरगं च जाइं च सीधुं च पसण्णं च पुप्फ वत्थ-गंध-मल्लालंकारं गहाय पाडलिसंडं णयरं मज्झंमज्झेणं पडिणिक्खमंति, पडिणिक्खमित्ता जेणेव पुक्खरिणी तेणेव उवागच्छंति, उवागच्छित्ता पुक्खरिणिं ओगाहेंति, ओगाहेत्ता ण्हायाओ** *जाव* **सव्वालंकार विभूसियाओ तं विउलं असणं पाणं खाइमं साइमं बहूहिं मित्तणाइ णियग** *जाव* **सद्धिं आसाएंति, विसायंति परिभाएंति परिभुंजंति दोहलं विणेंति, एवं संपेहेइ, संपेहित्ता कल्लं** *जाव* **जलंते जेणेव सागरदत्ते सत्थवाहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता सागरदत्तं सत्थवाहं एवं वयासी– धण्णाओ णं ताओ** *जाव* **विणेंति, तं इच्छामि णं** *जाव* **विणित्तए । तए णं से सागरदत्ते सत्थवाहे गंगदत्ताए भारियाए एयमट्ठं अणुजाणइ ।**

**भावार्थ :** ત્યાર પછી તે ધનવંતરી વૈદ્યનો જીવ નરકભૂમિમાંથી નીકળીને આ પાટલિખંડ નગરમાં

ગંગદત્તાની કુક્ષિમાં પુત્ર રૂપે ઉત્પન્ન થયો. લગભગ ત્રણ મહિના પૂર્ણ થતાં ગંગદત્તાને આ પ્રમાણે દોહદ ઉત્પન્ન થયો–

ધન્ય છે, તે માતાઓ ***યાવત્*** તેમણે જ પોતાના જન્મ અને જીવન સફળ કર્યા છે, જે વિપુલ પ્રમાણમાં અશન, પાન, ખાદિમ, સ્વાદિમ અને સુરા આદિ મદિરાઓને તૈયાર કરાવે છે અને અનેક મિત્ર, જ્ઞાતિ આદિની સ્ત્રીઓને લઈને પાટલિખંડ નગરની મધ્યમાંથી નીકળીને વાવડી(તલાવડી) પર જાય છે. ત્યાં વાવડીમાં પ્રવેશ કરીને સ્નાન કરે છે ***યાવત્*** તે વિપુલ ખાદ્ય સામગ્રીનું મિત્ર, જ્ઞાતિજન આદિની સ્ત્રીઓ સાથે આસ્વાદનાદિ કરતી દોહદ પૂર્ણ કરે છે.

આ રીતે વિચાર કરીને પ્રાતઃકાળે તેજથી દેદીપ્યમાન સૂર્યનો ઉદય થતાં તે સાગરદત્ત સાર્થવાહ પાસે આવી, આવીને સાગરદત્તને આ પ્રમાણે કહેવા લાગી– હે દેવાનુપ્રિય ! તે માતાઓ ધન્ય છે ***યાવત્*** જે પોતાના દોહદને પૂર્વોક્ત રીતે પૂર્ણ કરે છે. હું પણ મારા દોહદને પૂર્ણ કરવા ઈચ્છું છું.

સાગરદત્ત સાર્થવાહે દોહદપૂર્તિ માટે ગંગદત્તા પત્નીને આજ્ઞા આપી.

**૧૪** **तए णं सा गंगदत्ता सागरदत्तेणं सत्थवाहेणं अब्भणुण्णाया समाणी विउलं असणं पाणं खाइमं साइमं उवक्खडावेइ, उवक्खडावेत्ता तं विउलं असणं ४ सुरं च ६ सुबहुं पुप्फवत्थगंधमल्लालंकारं परिगिण्हावेइ परिगिण्हावेत्ता बहूहिं मित्त णाइ णियग सयण संबंधि परियण महिलाहिं सद्धिं एवं पुव्व विहीए उंबरदत्तस्स जक्खाययणे उवागच्छइ** *जाव* **धूवं डहेइ, डहेत्ता जेणेव पुक्खरिणी तेणेव उवा–गच्छइ ।**

**तए णं ताओ मित्त णाइ णियग सयण संबंधि परियण महिलाओ गंगदत्तं सत्थवाहिं सव्वालंकारविभूसियं करेंति । तए णं सा गंगदत्ता भारिया ताहिं मित्तणाइहिं अण्णाहिं बहूहिं णगरमहिलाहिं सद्धिं तं विउलं असणं पाणं खाइमं साइमं, सुरं च महुं च मेरगं च जाइं च सीधुं च पसण्णं च आसाएमाणे दोहलं विणेइ, विणेत्ता, जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया । सा गंगदत्ता सत्थवाही संपुण्णदोहला** *जाव* **तं गब्भं सुहंसुहेण परिवहइ ।**

**ભાવાર્થ** : સાગરદત્ત સાર્થવાહની આજ્ઞા મેળવીને ગંગદત્તા પર્યાપ્ત માત્રામાં ચાર પ્રકારના અશનાદિક આહાર તૈયાર કરાવ્યો. તૈયાર કરાવેલ આહાર અને છ પ્રકારની સુરા આદિ પદાર્થ તથા પુષ્પાદિ પૂજાની ઘણી સામગ્રી લઈને મિત્ર, જ્ઞાતિજન આદિની સ્ત્રીઓને તથા બીજી સ્ત્રીઓને સાથે લઈને પૂર્વવિધિથી અર્થાત્ પહેલાંની જેમ અનુષ્ઠાન કરીને ઉંબરદત્ત યક્ષના યક્ષાયતનમાં આવી ***યાવત્*** ત્યાં પહેલાંની જ જેમ પૂજા તથા ધૂપાદિ કર્યા. ત્યાર પછી તે વાવડી પર ગઈ ત્યાં સાથે આવેલી મિત્ર, જ્ઞાતિ આદિની

સ્ત્રીઓએ ગંગદત્તાને સર્વ અલંકારોથી વિભૂષિત કરી. ત્યાર પછી મિત્રાદિની સ્ત્રીઓ અને બીજી નગરની સ્ત્રીઓ સાથે તે વિપુલ અશનાદિ તથા છ પ્રકારની સુરા આદિનું આસ્વાદન કરતી ગંગદત્તાએ પોતાના દોહદને પૂર્ણ કર્યો. આ રીતે દોહદને પૂર્ણ કરીને તે પછી પોતાના ઘરે પાછી આવી.

ત્યાર પછી સંપૂર્ણ(સંપન્ન) દોહદવાળી તે ગંગદત્તા ***યાવત્*** તે ગર્ભને સુખપૂર્વક ધારણ કરે છે.

**૧૫ तए णं सा गंगदत्ता भारिया णवण्हं मासाणं बहुपडिपुण्णाणं दारगं पयाया । ठिइवडिया** *जाव* **णामधेज्जं करेंति– जम्हा णं अम्हं इमे दारए उंबरदत्तस्स जक्खस्स ओवाइयलद्धए, तं होउ णं दारए उंबरदत्ते णामेणं । तए णं से उंबरदत्ते दारए पंचधाईपरिग्गहिए परिवड्ढइ ।**

**ભાવાર્થ :** ત્યાર પછી લગભગ નવ માસ પૂર્ણ થતાં ગંગદત્તાએ એક પુત્રને જન્મ આપ્યો. માતાપિતાએ કુળ પરંપરાનુસાર પુત્ર જન્મ મહોત્સવ મનાવ્યો ***યાવત્*** નામકરણ કર્યું કે અમારો આ પુત્ર ઉંબરદત્ત યક્ષની માનતા માનવાથી ઉત્પન્ન થયો છે, તેથી તેનું "ઉંબરદત્ત" એવું નામ રાખીએ છીએ. ત્યાર પછી ઉંબરદત્ત બાળક પાંચ ધાવમાતાઓથી સુરક્ષિત રીતે મોટો થવા લાગ્યો.

**૧૬ तए णं से सागरदत्ते सत्थवाहे जहा विजयमित्ते कालधम्मुणा संजुत्ते, गंगदत्ता वि । उंबरदत्ते णिच्छूढे जहा उज्झियए । तए णं तस्स उंबरदत्तस्स दारगस्स अण्णया कयाइ सरीरगंसि जमगसमगमेव सोलस रोगायंका पाउब्भूया । तंजहा– सासे, कासे** *जाव* **कोढे । तए णं से उंबरदत्ते दारए सोलसहिं रोगायंकेहिं अभिभूए समाणे कच्छुल्ले** *जाव* **देहं बलियाए वित्तिं कप्पेमाणे विहरइ । एवं खलु गोयमा ! उंबरदत्ते दारए पुरापोराणाणं** *जाव* **पच्चणुभवमाणे विहरइ ।**

**ભાવાર્થ :** ત્યાર પછી ઉંબરદત્ત જ્યારે યુવાન થયો ત્યારે વિજયમિત્રની જેમ સાગરદત્ત સાર્થવાહ સમુદ્રમાં વહાણ ડૂબી જવાથી મૃત્યુ પામ્યો. તેમજ ગંગદત્તા પણ પતિના વિયોગજન્ય અસહ્ય દુઃખથી દુઃખી થઈને મૃત્યુ પામી અને ઉજ્ઝિતક કુમારની જેમ ઉંબરદત્તકુમારને પણ રાજપુરુષોએ ઘરમાંથી બહાર કાઢી મૂક્યો અને તેનું ઘર બીજાને આપી દીધું.

ત્યાર પછી કોઈ સમયે ઉંબરદત્તના શરીરમાં એકી સાથે સોળ પ્રકારના રોગો ઉત્પન્ન થયા. જેમ કે– શ્વાસ, ખાંસી ***યાવત્*** કોઢ. આ સોળ પ્રકારના રોગાતંકો(ભયંકર રોગો)થી પીડિત થયેલો ઉંબરદત્ત ખૂજલી ***યાવત્*** માંગણ વૃત્તિથી આજીવિકા કરતો દુઃખપૂર્ણ જીવન વિતાવી રહ્યો છે.

ભગવાને કહ્યું – હે ગૌતમ ! આ પ્રમાણે ઉંબરદત્ત પૂર્વકૃત અશુભ કર્મોનું આ ભયંકર ફળ ભોગવતો સમય વ્યતીત કરી રહ્યો છે.

## ઉંબરદત્તનું ભવિષ્ય અને ભવભ્રમણ :–

**૧૭** **से णं उंबरदत्ते दारए कालमासे कालं किच्चा कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! उंबरदत्ते दारए बावत्तरिं वासाइं परमाउयं पालइत्ता कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए णेरइयत्ताए उववज्जिहिइ । संसारो तहेव** *जाव* **पुढवी । तओ हत्थिणाउरे णयरे कुक्कुडत्ताए पच्चायाहिइ । जायमेत्ते चेव गोट्ठिल्लवहिए तत्थेव हत्थिणाउरे णयरे सेट्ठिकुलंसि उववज्जिहिइ । बोहिं, सोहम्मे कप्पे, महाविदेहे वासे सिज्झिहिइ । णिक्खेवो जहा पढमस्स ।**

**ભાવાર્થ :** ત્યાર પછી શ્રી ગૌતમસ્વામીએ ભગવાન મહાવીર સ્વામીને પૂછ્યું– ભગવન્ ! આ ઉંબરદત્ત અહીંથી મૃત્યુના સમયે મૃત્યુ પામીને ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે ?

ભગવાને કહ્યું– હે ગૌતમ ! ઉંબરદત્ત ૭૨ વર્ષના પરમ આયુષ્યને ભોગવીને મૃત્યુના સમયે મૃત્યુ પામીને રત્નપ્રભા નામની પ્રથમ નરકભૂમિમાં નારકી રૂપે ઉત્પન્ન થશે. તે પૂર્વવત્ સંસાર ભ્રમણ કરતો પૃથ્વી આદિ બધી કાયોમાં લાખોવાર ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને હસ્તિનાપુર નગરમાં કૂકડા રૂપે ઉત્પન્ન થશે. ત્યાં જન્મતાં જ ગોષ્ઠિકો–દુરાચારી લોકો વડે વધને પ્રાપ્ત થઈ તે જ હસ્તિનાપુરમાં એક શ્રેષ્ઠીકુળમાં ઉત્પન્ન થશે. ત્યાં ધર્મને પ્રાપ્ત કરશે. ત્યાંથી મરીને સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે. ત્યાં અણગારધર્મને પ્રાપ્ત કરીને વિધિપૂર્વક સંયમની આરાધનાથી કર્મોનો ક્ષય કરીને મોક્ષને પ્રાપ્ત કરશે, સર્વ કર્મો અને દુઃખોનો અંત કરશે.

અધ્યયનનો ઉપસંહાર પહેલા અધ્યયનની જેમ જાણવો.

## વિવેચન :–

**શિક્ષાબોધ :–** આચારાંગ સૂત્રનાં ચોથા અધ્યયનમાં કહ્યું છે કે– **जे आसवा ते परिस्सवा, जे परिस्सवा ते आसवा**–તદનુસાર ધન્વંતરિ નામનો વૈદ્ય સદ્બુદ્ધિ અને વિવેકથી ઉપચારનું કાર્ય કરતો હોત તો કેટલા ય પુણ્યનો સંગ્રહ થાત. પરંતુ તેણે બુદ્ધિનો દુરુપયોગ કર્યો, ઔષધ ઉપચારમાં લોકોને માંસાહારની જ પ્રેરણા કરી અને તીવ્ર અશાતા વેદનીયને ઉપાર્જન કર્યું. તે અશાતાના ઉદયે નરકભવ પામ્યો, મનુષ્ય જન્મમાં માતાપિતાનો વિયોગ થયો, સોળ મહારોગથી ૭૨ વર્ષ સુધી કારમી વેદના ભોગવી અને અનંત ભવભ્રમણ વધાર્યું. માટે કોઈએ બુદ્ધિનો દુરુપયોગ કરવો ન જોઈએ.

પ્રાણી અજ્ઞાન દશામાં કેટલા ય ભયંકર પાપો કરે છે અને તેનાં કટુ ફળ ભોગવે છે. મહાન

પુણ્યના સંયોગે જ આર્યકુળ અને આર્ય ધર્મ પ્રાપ્ત થાય છે. શુદ્ધ ધર્મની એટલે શ્રાવક ધર્મની અથવા સાધુ ધર્મની સાચી આરાધનામાં આ માનવ જીવન વ્યતીત થાય, તો દુર્ગતિના દુઃખદ ભવ કે જન્મ મરણ કરવા ન પડે; તેથી આ અધ્યયનનું ઊંડાણથી ચિંતન કરી આપણા મનુષ્ય ભવને સાર્થક કરી લેવો જોઈએ.

**॥ અધ્યયન–૭ સંપૂર્ણ ॥**

# આઠમું અધ્યયન

## પરિચય :

આ અધ્યયનનું નામ 'શૌરિકદત્ત' છે. તેમાં એક માછીમારના જીવનની કરુણ કથા છે.

શૌર્યપુર નામના નગરમાં શૌર્યદત્ત નામનો રાજા રાજ્ય કરતો હતો. શૌર્યાવતંસક ઉદ્યાનમાં શૌર્ય નામના યક્ષનું યક્ષાયતન હતું. તે નગરીમાં સમુદ્રદત્ત નામનો માછીમાર રહેતો હતો. તેની પત્ની સમુદ્રદત્તા મૃત બાળકોને જન્મ આપતી હતી. શૌર્યયક્ષની માનતા કરવાથી એક જીવિત બાળક જન્મ્યું. તેનું નામ 'શૌરિકદત્ત' રાખ્યું.

સમુદ્રદત્ત માછીમાર મહાઅધર્મી અને નિર્દયી હતો. તે મૃત્યુ પામી દુર્ગતિમાં ગયો. તેનો પુત્ર પણ તેના જેવો જ અધર્મી બન્યો. તેના નોકરો યમુના નદીમાંથી માછલા પકડી લાવતા, તે માછલાને સૂકવીને, બાફીને વેચતા હતા. શૌરિકદત્ત પોતે પણ માછલીઓ ખાતો અને મદિરાઓનું સેવન કરતો હતો. એક વખત માછલીનો આહાર કરતાં શૌરિકદત્તના ગળામાં માછલીનો કાંટો ફસાઈ ગયો. અનેકાનેક ઉપાયો કરવા છતાં કાંટો નીકળ્યો નહીં અને તે કાંટાના કારણે શૌરિકદત્ત તીવ્ર વેદના ભોગવતો દુઃખપૂર્વક સમય વ્યતીત કરવા લાગ્યો. પીડાના કારણે તેનું શરીર હાડપીંજર જેવું થઈ ગયું, તેના વમનમાંથી લોહી, પરૂ તથા કીડાઓ નીકળવા લાગ્યા.

ભિક્ષાર્થે નીકળેલા ગૌતમ સ્વામીની દૃષ્ટિ શૌરિકદત્ત ઉપર પડી. કંટકની વેદનાથી તે આક્રંદ કરી રહ્યો હતો. તેને જોતાં જ લોકો કહેતા– 'અહો ! આ નરકતુલ્ય વેદના અનુભવી રહ્યો છે.'

ગૌતમ સ્વામીએ જિજ્ઞાસાપૂર્વક શૌરિકદત્તનો પૂર્વભવ પૂછ્યો ત્યારે ભગવાને આ પ્રકારે વર્ણન કર્યું– નંદીપુરમાં મિત્ર નામના રાજાનો શ્રિયક નામનો રસોઈયો હતો. તેની પાસે માછીમાર, શિકારી તથા પક્ષીઘાતક નોકરો હતા; તેઓ અનેક પ્રકારનું માંસ લાવી આપતા અને તે રસોઈયો તે જલચર, સ્થલચર અને ખેચર જીવોના માંસના નાના, મોટા, લાંબા–ગોળ ટુકડા કરી વિવિધ પ્રકારે પકાવતો અર્થાત્ અગ્નિથી, બરફથી, તાપથી, હવાથી પકાવતો. ક્યારેક કાળા, લીલા, લાલ બનાવતો. તેને દ્રાક્ષ, આંબળા, કવીઠ આદિના રસોથી સંસ્કારિત કરતો. આ પ્રકારની તલ્લીનતાપૂર્વક ભોજન વિધિથી શાક આદિ બનાવતો અને રાજાને પ્રસન્ન રાખતો. પોતે પણ આવી વસ્તુઓ વાપરી અનેક પ્રકારની મદિરાઓ ભોગવતો. આ પ્રકારનું પાપમય જીવન ૩૩૦૦ વર્ષ સુધી પસાર કર્યું. ત્યાંથી મૃત્યુ પામી છઠ્ઠી નરકમાં ઉત્પન્ન થયો. ત્યાંનું ૨૨ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી, અહીં શૌરિકદત્ત રૂપે જન્મ પામ્યો છે. અહીં નરકતુલ્ય દુઃખો ભોગવી, મૃત્યુ પામી પહેલી નરકમાં ઉત્પન્ન થશે. પછી અનંત સંસારમાં પરિભ્રમણ કરતાં અંતે મચ્છના

જન્મમાં અન્યના હાથે મૃત્યુ પામી શ્રેષ્ઠીપુત્ર રૂપે જન્મ લઈ, સંયમ ગ્રહણ કરશે. તત્પશ્ચાત દેવપર્યાય ભોગવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરી, સંયમ આરાધના કરી મોક્ષને પ્રાપ્ત કરશે.

❖❖❖❖❖

# આઠમું અધ્યયન

## શૌરિકદત્ત

**અધ્યયન પ્રારંભ :–**

**૧** **अट्ठमस्स उक्खेवो ।**

**ભાવાર્થ :** આઠમાં અધ્યયનનો પ્રારંભ પ્રથમ અધ્યયનની જેમ જાણવો.

**२** **एवं खलु जंबू! तेणं कालेणं तेणं समएणं सोरियपुरं णयरं होत्था । सोरियवडिंसगं उज्जाणं । सोरियो जक्खो । सोरियदत्ते राया ।**

**ભાવાર્થ :** હે જંબૂ ! તે કાલે અને તે સમયે શૌરિકપુર નામનું એક નગર હતું. ત્યાં શૌરિકાવતંસક નામનું ઉદ્યાન હતું. તેમાં શૌરિક નામના યક્ષનું યક્ષાયતન હતું. ત્યાંના રાજાનું નામ શૌરિકદત્ત હતું.

**શૌરિકદત્ત :–**

**३** **तस्स णं सोरियपुरस्स बहिया उत्तरपुरत्थिमे दिसीभाए तत्थ णं एगे मच्छंधपाडए होत्था । तत्थ णं समुद्ददत्ते णामं मच्छंधे परिवसइ । अहम्मिए *जाव* दुप्पडिया- णंदे । तस्स णं समुद्ददत्तस्स समुद्ददत्ता णामं भारिया होत्था । अहीणपडिपुण्णपंचिंदिय सरीरा, वण्णओ । तस्स णं समुद्ददत्तस्स पुत्ते समुद्ददत्ताए भारियाए अत्तए सोरियदत्ते णामं दारए होत्था । अहीणपडिपुण्णपंचिंदियसरीरे, वण्णओ ।**

**ભાવાર્થ :** તે શૌરિકપુર નગરની બહાર ઈશાન ખૂણામાં એક માછીમારોનો વાસ(લત્તો) હતો. ત્યાં સમુદ્રદત્ત નામનો એક માછીમાર નિવાસ કરતો હતો. તે મહાઅધર્મી ***યાવત્*** દુષ્પ્રત્યાનંદ – દુષ્કાર્યમાં જ આનંદ માનનારો હતો. તેની સમુદ્રદત્તા નામની સ્ત્રી હતી. તે પરિપૂર્ણ તેમજ નિર્દોષ પાંચે ઈન્દ્રિયોથી યુક્ત શરીરવાળી હતી, વગેરે વર્ણન જાણવું. તે સમુદ્રદત્તનો પુત્ર અને સમુદ્રદત્તાનો આત્મજ શૌરિકદત્ત નામનો બાળક હતો. તે સર્વાંગ સંપૂર્ણ તેમજ સુંદર હતો, વગેરે વર્ણન જાણવું.

**४** **तेणं कालेणं तेणं समएणं सामी समोसढे, *जाव* परिसा पडिगया ।**

તે કાલે અને તે સમયે શૌરિકાવતંસક ઉદ્યાનમાં ભગવાન મહાવીર સ્વામી પધાર્યા ***યાવત્*** પરિષદ અને રાજા ધર્મદેશના સાંભળી પાછા ચાલ્યાં ગયાં.

**૫** **तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे सीसे** *जाव* **सोरियपुरे णयरे उच्चणीयमज्झिमकुले अडमाणे अहापज्जत्तं समुदाणं गहाय सोरियपुराओ णयराओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता तस्स मच्छंधवाडगस्स अदूरसामंतेणं वीइवयमाणे महइमहालियाए मणुस्सपरिसाए मज्झगयं एगं पुरिसं सुक्कं भुक्खं णिम्मंसं अट्ठिचम्मावणद्धं किडिकिडियाभूयं णीलसाडगणियत्थं मच्छकंटएणं गलए अणुलग्गेणं कट्ठाइं कलुणाइं विस्सराइं उक्कूवमाणं अभिक्खणं अभिक्खणं पूयकवले य रुहिरकवले य किमिकवले य वममाणं पासइ, पासित्ता इमेयारूवे अज्झत्थिए चिंतिए, कप्पिए पत्थिए मणोगए संकप्पे समुप्पण्णे– अहो णं इमे पुरिसे पुरापोराणाणं** *जाव* **विहरइ, एवं संपेहेइ, संपेहित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ । पुव्वभवपुच्छा** *जाव* **एवं वयासी–**

તે કાલે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જ્યેષ્ઠ શિષ્ય ગૌતમ સ્વામી ***યાવત્*** છઠના પારણા નિમિત્તે શૌરિકપુર નગરમાં ઉચ્ચ, નિમ્ન અને મધ્યમ ઘરોમાં ભિક્ષાર્થ ભ્રમણ કરતાં યથેષ્ટ આહાર લઈને નગરની બહાર નીકળ્યા. નીકળીને તે માછીમારોના વાસ પાસેથી નીકળતાં તેમણે વિશાળ જનસમુદાયની વચ્ચે એક સૂકાઈ ગયેલા શરીરવાળો, ભૂખ્યો, માંસરહિત અને અતિકૃશ હોવાના કારણે જેની ચામડી હાડકાંને ચોંટેલી હતી, ઊઠતાં અને બેસતાં જેના હાડકાંઓ ખખડતાં હતાં, જેણે લીલા રંગનું વસ્ત્ર પહેરેલ હતું તેમજ ગળામાં મત્સ્યકંટક લાગવાથી જે દુઃખમય, કરુણાજનક અને દીનતાપૂર્ણ વચનથી આક્રંદન કરતાં એક પુરુષને જોયો. તે પરૂ અને લોહીના કોગળાઓ અને કૃમિના કોગળાઓનું વમન કરી રહ્યો હતો. તેને જોઈને ગૌતમ સ્વામીના મનમાં આ પ્રમાણે વિચાર આવ્યો–

અહો ! આ પુરુષ પૂર્વકૃત ***યાવત્*** અશુભકર્મોનાં ફળ સ્વરૂપ નરક તુલ્ય વેદનાનો અનુભવ કરતો સમય વિતાવી રહ્યો છે. આ પ્રમાણે વિચાર કરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પાસે પહોંચ્યા ***યાવત્*** ભગવાનને તેના પૂર્વભવ વિષે પૂછવા લાગ્યા. ભગવાને તેના ઉત્તરમાં આ પ્રમાણે કહ્યું–

### પૂર્વભવ :–

**૬** **एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहे वासे णंदिपुरे णामं णयरे होत्था । मित्ते राया । तस्स णं मित्तस्स रण्णो सिरीए णामं महाणसिए होत्था, अहम्मिए** *जाव* **दुप्पडियाणंदे ।**

**ભાવાર્થ :** હે ગૌતમ ! તે કાલે અને તે સમયે આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભારત વર્ષમાં નંદિપુર નામનું એક પ્રસિદ્ધ નગર હતું. ત્યાંના રાજાનું નામ મિત્ર હતું. તે મિત્ર રાજાનો શ્રીદ અથવા શ્રિયક નામનો એક મહાઅધર્મી ***યાવત્*** દુષ્કાર્યથી આનંદ માનનારો રસોઈયો હતો.

**૭ तस्स णं सिरीयस्स महाणसियस्स बहवे मच्छिया य वागुरिया य साउणिया य दिण्णभइभत्तवेयणा कल्लाकल्लिं बहवे सण्हमच्छा य** *जाव* **पडागाइपडागे य, अए य** *जाव* **महिसे य, तित्तिरे य** *जाव* **मयूरे य जीवियाओ ववरोवेंति, ववरोवेत्ता सिरीयस्स महाणसियस्स उवणेंति । अण्णे य से बहवे तित्तिरा य** *जाव* **मयूरा य पंजरंसि संनिरुद्धा चिट्ठंति ।अण्णे य बहवे पुरिसा दिण्णभइभत्तवेयणा ते बहवे तित्तिरे य** *जाव* **मऊरे य जीवंतए चेव णिप्पक्खेंति, णिप्पक्खेत्ता सिरीयस्स महाणसियस्स उवणेंति ।**

**ભાવાર્થ :** તેને રૂપિયા અને ભોજન લઈને કામ કરનારા અનેક માછીમારો, જાળમાં પશુઓને ફસાવનારા તેમજ પક્ષીઓનો વધ કરનારા અનેક નોકરો હતા. તેઓ હમેશા કોમળ ચામડીવાળાં મત્સ્યો પતાકાતિપતાકા નામના મત્સ્ય વગેરે જલચર પ્રાણીઓ, બકરા, ભેંસો વગેરે પશુઓ તેમજ તેતર મયૂરાદિઓને મારીને શ્રીદ રસોઈયાને આપતાં હતાં. તેને ત્યાં પાંજરાઓમાં અનેક તેતર, મયૂરાદિ પક્ષીઓ પૂરેલાં રહેતાં હતાં. શ્રીદ રસોઈયાના બીજા અનેક રૂપિયા, પૈસા અને ભોજનરૂપે પગાર લઈને કામ કરનારા પુરુષો હતા. તેઓ અનેક જીવતાં તેતર, મયૂરાદિ પક્ષીઓને પાંખ રહિત કરીને લાવી આપતાં હતાં.

**૮ तए णं से सिरीए महाणसिए बहूणं जलयर–थलयर–खहयराणं मंसाइं कप्पणिकप्पियाइं करेइ, तं जहा–सण्हखंडियाणि य वट्टखंडियाणि य दीहखंडियाणि य रहस्सखंडियाणि य हिमपक्काणिय जम्मपक्काणि य घम्मपक्काणि य मारुयपक्काणि य कालाणि य हेरंगाणि य महिट्ठाणि य आमलरसियाणि य मुद्दियारसियाणि य कविट्ठरसियाणि य दालिमरसियाणि य मच्छरसियाणि य तलियाणि य भज्जियाणि य सोल्लियाणि य उवक्खडावेइ, उवक्खडावेत्ता अण्णे य बहवे मच्छरसए य एणेज्जरसए य तित्तिरसए य** *जाव* **मयूररसए य, अण्णं च विउलं हरियसागं उवक्खडावेइ, उवक्खडावेत्ता मित्तस्स रण्णो भोयणमंडवंसि भोयणवेलाए उवणेइ । अप्पणा वि य णं से सिरीए महाणसिए तेसिं बहूहिं** *जाव* **जलयर थलयर खहयरमंसेहिं रसएहि य हरियसागेहि य सोल्लेहि य तलिएहि य भज्जिएहि य सुरं च महुं च मेरगं च जाइं च सीधुं च पसण्णं च आसाएमाणे वीसाएमाणे परिभाएमाणे परिभुंजेमाणे**

**विहरइ । तए णं सिरीए महाणसिए एयकम्मे एयप्पहाणे एयविज्जे एयसमायारे सुबहुं पावक्कमं कलिकलुसं समज्जिणित्ता तेत्तीसं वाससयाइं परमाउयं पालइत्ता काल मासे कालं किच्चा छट्ठीए पुढवीए उववण्णे ।**

**ભાવાર્થ :** ત્યાર પછી તે શ્રીદ નામનો રસોયો અનેક જલચર, સ્થળચર, ખેચર જીવોનાં માંસના છરીથી સૂક્ષ્મ, ગોળાકાર, મોટા, નાના અનેક પ્રકારના ટુકડા કરતો હતો. તે ટુકડાઓમાંથી કેટલાકને બરફમાં પકાવતો હતો, કેટલાકને ઢગલો કરી રાખી દેતો જેથી તે ટુકડાઓ પોતાની મેળે જ પાકી જતાં હતાં. કેટલાકને તડકાથી અને કેટલાકને હવા દ્વારા પકાવતો હતો. કેટલાકને કાળા અને કેટલાકને લાલ રંગના કરતો હતો અને તે ટુકડાઓને છાશથી, આંબળાના રસથી સંસ્કારિત કરતો, દ્રાક્ષના રસથી, કોઠાના રસથી, દાડમના રસથી તેમજ અન્ય મત્સ્યોથી ભાવિત(યુક્ત) કરતો હતો. પછી તે માંસના ટુકડાઓમાંથી કેટલાકને તેલથી તળતો, કેટલાકને અગ્નિ પર શેકતો અને કેટલાકને શૂળમાં પરોવીને પકાવતો હતો.

આ રીતે મત્સ્ય માંસના રસો, મૃગ માંસના રસો, તેતર માંસના રસો, મયૂરના માંસના રસો વગેરે રસથી મિશ્રિત ઘણાં લીલાં શાક તે તૈયાર કરતો હતો, તૈયાર કરીને મિત્ર રાજાના ભોજન સમયે તેને પીરસતો હતો તથા તે શ્રીદ રસોયો પોતે પણ શૂળથી પકાવેલાં, તળેલાં, ભૂંજેલાં પૂર્વોક્ત જળચર, સ્થળ ચર અને ખેચરના માંસ અને રસથી મિશ્રિત લીલાં શાકની સાથે છ પ્રકારની સુરા આદિ મદિરાઓનું આસ્વાદનાદિ કરતો સમય વ્યતીત કરતો હતો.

ત્યાર પછી આ પાપકાર્યોને કરતો આ પાપકાર્યોને જ પ્રધાન માનતો, આ પાપકાર્યોનું જ્ઞાન ધરાવતો તથા આ જ પાપોને સર્વોત્તમ આચરણ માનતો તે શ્રીદ રસોયો ઘણાં પાપકર્મોનું ઉપાર્જન કરીને તેત્રીસ સો વર્ષના પરમ આયુષ્યને ભોગવીને મૃત્યુ સમયે મૃત્યુ પામીને છઠ્ઠી નરકમાં ઉત્પન્ન થયો.

## શૌરિકદત્તનો વર્તમાન ભવ :–

**९ तए णं सा समुद्ददत्ता भारिया जायणिंदू यावि होत्था । जाया जाया दारगा विणिहायमावज्जंति । जहा गंगदत्ताए चिंता, आपुच्छणा, ओवाइयं, दोहला** *जाव* **दारगं पयाया** *जाव* **जम्हा णं अम्हे इमे दारए सोरियस्स जक्खस्स ओवाइय–लद्धे, तम्हा णं होउ अम्हं दारए सोरियदत्ते णामेणं । तए णं से सोरियदत्ते दारए पंचधाई** *जाव* **उम्मुक्कबालभावे विण्णायपरिणयमेत्ते जोव्वणगमुणप्पत्ते यावि होत्था ।**

**ભાવાર્થ :** તે સમયે સમુદ્રદત્તા જાતનિંદુકા હતી, એટલે જન્મતાં જ તેનાં બાળકો મરી જતાં હતાં. તેણે ગંગદત્તાની જેમ વિચાર કર્યો. પતિની આજ્ઞા લઈને, માનતાઓ માની અને ગર્ભવતી થઈ. દોહદની પૂર્તિ કરી અને પુત્રને જન્મ આપ્યો. શૌરિકદત્ત યક્ષની માનતા માનવાથી બાળક પ્રાપ્ત થયો હોવાથી માતાપિતાએ તેનું નામ "શૌરિકદત્ત" રાખ્યું. ત્યાર પછી પાંચ ધાવમાતાઓથી પાલન–પોષણ પામતો તે બાલ્યાવસ્થાને છોડીને વિજ્ઞાનની પરિપક્વ અવસ્થાથી યુક્ત થઈ યુવાવસ્થાને પામ્યો.

**१० तए णं से समुद्ददत्ते अण्णया कयाइ कालधम्मुणा संजुत्ते । तए णं से सोरियदत्ते बहूहिं मित्त-णाइ** *जाव* **रोयमाणे समुद्ददत्तस्स णीहरणं करेइ, लोइयाइं मयकिच्चाइं करेइ । अण्णया कयाइ सयमेव मच्छंधमहत्तरगत्तं उवसंपिज्जत्ताणं विहरइ । तए णं से सोरियदारए मच्छंधे जाए, अहम्मिए** *जाव* **दुप्पडियाणंदे ।**

ત્યાર પછી કોઈ વખતે સમુદ્રદત્ત મૃત્યુ પામ્યો. રુદન, આક્રંદન અને વિલાપ કરતાં શૌરિકદત્ત પુત્રે અનેક મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, પરિજનોની સાથે સમુદ્રદત્તની સ્મશાનયાત્રા કાઢી, અગ્નિસંસ્કાર કરીને બીજી લૌકિક મૃતક્રિયાઓ કરી. ત્યાર પછી કોઈ સમયે તે પોતે જ માછીમારોનો નેતા બની ગયો. હવે તે માછીમાર મહાઅધર્મી ***યાવત્*** દુષ્પ્રત્યાનંદ દુષ્કાર્યમાં જ પ્રસન્ન રહેનારો થઈ ગયો.

**११ तए णं तस्स सोरियदत्तस्स मच्छंधस्स बहवे पुरिसा दिण्णभइभत्तवेयणा कल्लाकल्लिं एगट्ठियाहिं जउणं महाणइं ओगाहेंति, ओगाहित्ता बहूहिं दगगालणेहि य दगमलणेहिय दगमद्दणेहि य दगमहणेहि य दगवहणेहि य दगपवहणेहि य पवंचुलेहि य पंचपुलेहि य मच्छंधलेहि य मच्छपुच्छेहि य जंभाहि य तिसिराहि य भिसिराहि य घिसराहि य विसराहि य हिल्लिरीहि य झिल्लिरीहि य लल्लिरीहि य जालेहि य गलेहि य कूडपासेहि य वक्कबंधेहि य सुत्तबंधेहि य वालबंधेहि य बहवे सण्हमच्छे** *जाव* **पडागाइपडागे य गिण्हंति गेण्हित्ता एगट्ठियाओ भरेंति, भरित्ता कूलं गाहेंति, गाहित्ता मच्छखलए करेंति, करित्ता आयवंसि दलयंति । अण्णे य से बहवे पुरिसा दिण्णभइभत्तवेयणा आयवतत्तएहिं मच्छेहि सोल्लेहि य तलिएहि य भज्जिएहि य रायमग्गंसि वित्तिं कप्पेमाणा विहरंति । अप्पणा वि य णं से सोरियदत्ते बहूहिं सण्हमच्छेहि** *जाव* **पडागाइपडागेहि य सोल्लेहि य भज्जिएहि य तलिएहि य सुरं च महुं च मेरगं च जाइं च सीधुं च पसण्णं च आसाएमाणे वीसाएमाणे परिभाएमाणे परिभुंजेमाणे विहरइ ।**

**ભાવાર્થ :** ત્યાર પછી શૌરિકદત્ત માછીમારે રૂપિયા, પૈસા અને ભોજનાદિ રૂપ વેતન લઈને કામ કરનારા અનેક પગારદાર માણસો રાખ્યા હતા, જેઓ નાની નૌકાઓ દ્વારા યમુના નદીમાં પ્રવેશ કરીને જળ ગળનાર, જળ મલનાર, જળમર્દન કરનાર, જળ મંથન કરનાર, જળ બહાર કાઢનાર, વિશેષ જળ બહાર કાઢનાર એવા સાધનોથી પ્રપંચુલ, પંચપુલ, મત્સ્યંધલ, મત્સ્યપુચ્છ, જંભા, તિસરા, ભિસરા, ધિસરા, દ્વિસરા, હિલ્લિરી, ઝિલ્લિરી, લિલ્લિરી, જાળ, ગલ, કૂટપાશ, વલ્કબંધ, સૂત્રબંધ અને બાલબંધ વગેરે માછલાં પકડવાનાં સાધનોથી કોમળ મત્સ્યો, પતાકાતિપતાકા નામના મત્સ્યો વગેરેને, પકડીને નૌકાઓમાં ભરીને, કિનારે લાવીને, કિનારા પર ઢગલા કરીને તેને તડકામાં સૂકવતા હતા. રૂપિયા, પૈસા

અને ધાન્યાદિ લઈને કામ કરનારા તેના બીજા પગારદાર પુરુષો તડકામાં સુકાયેલાં તે મત્સ્યોનાં માંસને શૂળમાં પરોવીને પકાવતાં, તળતાં અને ભૂંજતાં અને તેને રાજમાર્ગ ઉપર વેંચતા હતા. તેનાથી જ આજીવિકા ચલાવતા હતા. શૌરિકદત્ત પોતે પણ શૂળથી પકાવેલ, ભૂંજેલ અને તળેલ તે બધા પ્રકારના મત્સ્યોનાં માંસ તથા વિવિધ પ્રકારની સુરા, સીધુ આદિ મદિરાઓનું સેવન કરતો અને વેંચતો હતો.

**१२ तए णं तस्स सोरियदत्तस्स मच्छंधस्स अण्णया कयाइ ते मच्छसोल्ले य तलिए य भज्जिए य आहारेमाणस्स मच्छकंटए गलए लग्गे यावि होत्था । तए णं से सोरियदत्ते मच्छंधे महयाए वेयणाए अभिभूए समाणे कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी– गच्छह णं तुब्भे देवाणुप्पिया ! सोरियपुरे णयरे सिंघाडग** *जाव* **पहेसु य महया महया सद्देणं उग्घोसेमाणा एवं वयह– एवं खलु देवाणुप्पिया सोरियदत्तस्स मच्छकंटए गले लग्गे । तं जो णं इच्छइ वेज्जो वा वेज्जपुत्तो वा जाणुओ वा जाणुयपुत्तो वा तेगिच्छिओ वा तेगिच्छियपुत्तो वा सोरियदत्तस्स मच्छकंटयं गलाओ णीहरित्तए, तस्स णं सोरियदत्ते विउलं अत्थसंपयाणं दलयइ । तए णं ते कोडुंबियपुरिसा** *जाव* **उग्घोसेंति ।**

ત્યાર પછી કોઈ વખતે શૂળ દ્વારા પકાવેલાં, તળેલાં અને ભૂંજેલા મત્સ્ય માંસનો આહાર કરતાં તે શૌરિકદત્ત માછીમારના ગળામાં માછલીનો કાંટો ખૂંચી ગયો, તેથી તે તીવ્ર વેદનાનો અનુભવ કરવા લાગ્યો. અત્યંત દુઃખી થયેલા શૌરિકદત્તે પોતાના અનુચરો–નોકરોને બોલાવીને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિય ! શૌરિકપુર નગરના ત્રિકોણમાર્ગો ***યાવત્*** સામાન્ય માર્ગો પર જઈને મોટા અવાજથી આ પ્રમાણે ઉદ્‌ઘોષણા કરો– હે દેવાનુપ્રિયો ! શૌરિકદત્તના ગળામાં મત્સ્યનો કાંટો(ખૂંચી) લાગી ગયો છે. જો કોઈ વૈદ્ય કે વૈદ્યપુત્ર, જાણકાર કે જાણકારના પુત્ર, ચિકિત્સક કે ચિકિત્સકપુત્ર શૌરિકદત્તના ગળામાંથી તે મત્સ્યકંટકને કાઢી દેશે, તેને શૌરિકદત્ત ઘણું ધન આપશે. ત્યારે અનુચરોએ તેની આજ્ઞાનુસાર આખા નગરમાં ઉદ્‌ઘોષણા કરી.

**१३ तए णं बहवे वेज्जा य** *जाव* **तेगिच्छियपुत्ता य इमेयारूवं उग्घोसणं उग्घोसिज्जमाणं णिसामेंति, णिसामित्ता जेणेव सोरियदत्तस्स मच्छंधस्स गेहे, जेणेव सोरियदत्ते मच्छंधे तेणेव उवागच्छंति, उवागच्छित्ता बहूहिं उप्पत्तियाहि य वेणइयाहि य कम्मियाहि य पारिणामियाहि य बुद्धीहिं परिणामेमाणा परिणामेमाणा वमणेहि य छड्डणेहि य ओवीलणेहि य कवलग्गाहेहि य सल्लुद्धरणेहि य विसल्लकरणेहि य इच्छंति सोरियदत्तस्स मच्छंधस्स मच्छकंटयं**

**गलाओ णीहरित्तए । णो चेव णं संचाएंति णीहरित्तए वा विसोहित्तए वा । तए णं ते बहवे वेज्जा य *जाव* तेगिच्छियपुत्ता य जाहे णो संचाएंति सोरियदत्तस्स मच्छंधस्स मच्छकंटगं गलाओ णीहरित्तए, ताहे संता तंता परितंता जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया ।**

**तए णं से सोरियदत्ते मच्छंधे वेज्जपडियारणिव्विण्णे तेणं महया दुक्खेणं अभिभूए समाणे सुक्के *जाव* विहरइ । एवं खलु गोयमा ! सोरिए पुरापोराणाणं *जाव* विहरइ ।**

**ભાવાર્થ** : ત્યારે ઘણા વૈદ્ય, ચિકિત્સક પુત્રા વગેરે ઉદ્‌ઘોષણા સાંભળીને શૌરિકદત્તના ઘરમાં શૌરિકદત્ત માછીમાર પાસે આવીને ઔત્પાત્તિકી વૈનયિકી, કાર્મિકી તથા પરિણામિકી બુદ્ધિ દ્વારા નિદાન કરીને વમન, છર્દન(વમન વિશેષ), અવપીડન–દબાવવું, કવલગ્રાહ–મોટા કોળિયા ખવડાવવા, શલ્યોદ્ધારો–યંત્ર પ્રયોગથી કાંટો કાઢવો, વિશલ્યકરણ ઔષધના બળથી કાંટો કાઢવો આદિ ઉપચારોથી શૌરિકદત્તના ગળાના કાંટાને કાઢવાનો અથાગ પ્રયત્ન કર્યો. પરંતુ તેઓ સફળ ન થયા અર્થાત્ તેના ગળાના કાંટાને કાઢી શક્યા નહીં ત્યારે શ્રાંત, તાંત, પરિતાંત થઈ અર્થાત્ નિરાશ અને ઉદાસ થઈને પાછા સ્વસ્થાને ચાલ્યા ગયા.

આ પ્રમાણે વૈદ્યોના ઈલાજ સફળ નહીં થવાથી નિરાશ બનેલો તે શૌરિકદત્ત તીવ્ર વેદનાને ભોગવતો સુકાઈ ગયો અને દુઃખી થઈ ગયો.

ભગવાન કહ્યું કે હે ગૌતમ ! આ પ્રમાણે તે શૌરિકદત્ત પૂર્વકૃત અતિ અશુભ કર્મફળને ભોગવી રહ્યો છે.

### શૌરિકદત્તનું ભવિષ્ય અને ભવભ્રમણ :–

**१४ सोरियदत्ते णं भंते ! मच्छंधे इओ कालमासे कालं किच्चा कहिं गच्छिहिइ ? कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! सत्तरिवासाइं परमाउयं पालइत्ता कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए णेरइएसु णेरइयत्ताए उववज्जिहिइ । संसारो तहेव *जाव* पुढवीए । तओ हत्थिणाउरे णयरे मच्छत्ताए उववज्जिहिइ । से णं तओ मच्छिएहिं जीवियाओ ववरोविए तत्थेव सेट्ठिकुलंसि उववज्जिहिइ । बोहिं, सोहम्मे कप्पे, महाविदेहे वासे सिज्झिहिइ । णिक्खेवो जहा पढमस्स ।**

**ભાવાર્થ :** ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો– ભંતે ! શૌરિકદત્ત માછીમાર અહીંથી મૃત્યુના સમયે મૃત્યુ પામીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

ભગવાને કહ્યું– હે ગૌતમ ! ૭૦ વર્ષનું પરમ આયુષ્ય ભોગવીને મૃત્યુના સમયે મૃત્યુ પામીને રત્નપ્રભા નામની પ્રથમ નરકમાં ઉત્પન્ન થશે. તેનું શેષ સંસાર ભ્રમણ પૂર્વવત્ સમજી લેવું જોઈએ. પૃથ્વીકાય આદિમાં લાખોવાર ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને હસ્તિનાપુરમાં મત્સ્ય થશે અને માછીમારો દ્વારા વધને પ્રાપ્ત થઈ, ત્યાં હસ્તિનાપુરમાં એક શ્રેષ્ઠીકુળમાં જન્મ લેશે તેને ધર્મની પ્રાપ્તિ થશે. ત્યાંથી મરણ પામીને સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મશે અને ત્યાં ચારિત્ર ગ્રહણ કરીને, તેની સમ્યક્ આરાધનાથી સિદ્ધપદને પ્રાપ્ત કરશે.

ઉપસંહાર પ્રથમ અધ્યયનની જેમ જાણવો.

## વિવેચન :–

સંસારમાં નોકરી, વ્યાપાર આદિ આવશ્યક કાર્ય કરવા પડે તો તેમાં તલ્લીન થવું ન જોઈએ કારણ કે તેવા પરિણામોથી અત્યંત દુઃખદાયી કર્મોનો બંધ થાય છે.

વર્તમાનમાં મસ્ત રહેનાર અને ભવિષ્યનો વિચાર ન કરનાર પ્રાણી યથેચ્છ પાપ પ્રવૃત્તિથી પોતાનું ભવિષ્ય અત્યંત સંકટમય બનાવે છે.

શૌરિકદત્તની વેદનામાં માછલીનો કાંટો ગળામાં ખૂંચી જવો તે નિમિત્ત માત્ર હતું પરંતુ તેની ઘોર વેદનાનું મુખ્ય કારણ તેના પૂર્વભવનાં સંચિત કર્મ હતા. એક રસોયાના રૂપમાં તેણે માંસાહાર કરવા અને કરાવવામાંનો ચીકણા કર્મોનો બંધ કર્યો. તે અશુભ કર્મોના ઉદયે તેને દારુણ દુઃખોને ભોગવ્યા. બાંધેલા કર્મોનો ઉદય ભવ–ભવાંતરમાં ગમે ત્યારે થાય છે, તેથી જીવે કર્મ બાંધતા વિચાર કરવો જોઈએ, માટે જ કહ્યું છે કે બંધ સમયે જીવ ચેતજે, ઉદયે શો સંતાપ.

**॥ અધ્યયન–૮ સંપૂર્ણ ॥**

# નવમું અધ્યયન

## પરિચય :

આ અધ્યયનનું નામ 'દેવદત્તા' છે. તેમાં દેવદત્તા નામની શેઠકન્યાની ભોગાસક્તિ અને તેનું પરિણામ વર્ણવેલ છે.

રોહિતક નામના નગરમાં વૈશ્રમણદત્ત નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને શ્રીદેવી નામની રાણી અને પુષ્પનંદી નામનો રાજકુમાર હતો. તે નગરમાં દત્ત નામનો એક શેઠ રહેતો હતો. તેને દેવદત્તા નામની દીકરી હતી. તરૂણાવસ્થામાં પ્રવેશેલી તે કન્યા સખીઓ સાથે મકાન ઉપર અગાસીમાં રમતી હતી ત્યારે વૈશ્રમણદત્ત રાજાએ તે કન્યાને જોઈ અને તુરત જ તેની આંખમાં વસી ગઈ. રાજાએ પોતાના રાજકુમાર પુષ્પનંદી માટે તે કન્યાની માંગણી કરી. દત્ત શેઠે તેનો સ્વીકાર કર્યો અને રાજસી ઠાઠમાઠથી પુષ્પનંદી અને દેવદત્તાના લગ્ન થઈ ગયા. તેઓ સુખપૂર્વક રહેવા લાગ્યા.

કાલાંતરે વૈશ્રમણદત્ત રાજા મૃત્યુ પામ્યો અને પુષ્પનંદી રાજા બન્યો. પિતાની ગેરહાજરીમાં રાજાએ માતા શ્રીદેવીની અત્યંત ભક્તિ કરી. શ્રીદેવી સો વર્ષનાં થયાં; તેથી પુષ્પનંદી રાજા માતાની સેવામાં વધુને વધુ સમય ગાળવા લાગ્યો. દેવદત્તા વિલાસપ્રિય હતી. તેને પતિ તરફથી અસંતોષ રહ્યા કરતો હતો. દેવદત્તાને સાસુ આંખના કણાની જેમ ખટકવા લાગી.

એક દિવસ શ્રીદેવી સુખપૂર્વક સૂતી હતી. દેવદત્તાએ લોહ દંડ ગરમ કર્યો. દંડને સાણસીથી પકડી સૂતેલી સાસુના ગુદાદ્વારમાં ખૂંચાડી દીધો. શ્રીદેવી તીવ્ર વેદના સાથે તત્કાળ મૃત્યુ પામી.

વેદનાપૂર્ણ ચીસ સંભળાતા શ્રીદેવીની દાસીઓ ત્યાં હાજર થઈ. દાસીઓએ દેવદત્તાને ખંડમાંથી બહાર નીકળતાં જોઈ. ખંડમાં મૃત્યુ પામેલી શ્રીદેવીને જોતાં રાજાને સમાચાર પહોંચાડ્યા. પુષ્પનંદી રાજાએ અત્યંત દુઃખિત હૃદયે અંત્યક્રિયા કરી. પછી દેવદત્તાને રાજપુરુષો દ્વારા પકડાવી તીવ્રતમ મૃત્યુદંડ ઘોષિત કર્યો. તેને બાંધીને તેના કાન, નાક કાપીને હાથમાં હાથકડી અને ગળામાં લાલ ફૂલોની માળા પહેરાવી, વધસૂચક વસ્ત્રો પહેરાવ્યાને શરીરને લાલ ગેરુથી લિપ્ત કર્યું. આ સ્ત્રી પોતાનાં દુઃષ્કર્મોથી દુઃખી થઈ રહી છે, તેને કોઈ દુઃખ નથી આપતું. એવી ઘોષણા કરતાં રાજપુરુષો તેને અનેક પ્રકારે પીડા દેતાં, માર મારતાં, વધસ્થાન તરફ લઈ જતા હતા.

ગોચરીએ નીકળેલા ગૌતમ સ્વામીએ માણસના ટોળાંની વચ્ચે નરકતુલ્ય દુઃખ ભોગવી રહેલી તે સ્ત્રીને જોઈ. ઉદ્યાનમાં આવી ગૌતમ સ્વામીએ ભગવાનને પૂછ્યું– ભંતે ! આ સ્ત્રીએ એવા કયા કર્મો બાંધ્યા છે કે જેથી આવું દુઃખ ભોગવી રહી છે ? ભગવાને તેનો પૂર્વભવ કહ્યો–

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સુપ્રતિષ્ઠિત નામનું નગર હતું. ત્યાંના રાજા મહાસેનને ૧૦૦૦ રાણીઓ હતી. તેણે પોતાના પુત્ર સિંહસેનને ૫૦૦ રાજકન્યા સાથે પરણાવ્યો અને યથેચ્છ પ્રીતિદાન અને ભોગ–ઉપભોગની સામગ્રીઓ આપી. સિંહસેન સુખપૂર્વક રહેવા લાગ્યો.

કાલાંતરે મહાસેન રાજા મૃત્યુ પામતાં સિંહસેન રાજકુમાર રાજા બન્યો. પોતાની મુખ્ય રાણી શ્યામામાં ખૂબ આસક્ત હતો; અન્ય રાણીઓ પ્રત્યે ઉપેક્ષા કરતો તેથી દરેક રાણીઓએ પોતાની માતાઓને તે વાત કહી. રાણીઓની માતાઓએ મળી શ્યામાને વિષ આદિ શસ્ત્રોથી મારી નાખવાનું વિચાર્યું. આ વાત ગુપ્ત ન રહેતા શ્યામાને કાને આવી. શ્યામાએ સિંહસેન રાજાને જણાવી અને તેઓએ એક યુક્તિ કરી.

બધી જ રાણીઓની માતાઓને બહુમાનપૂર્વક આમંત્રણ મોકલ્યું. એક વિશાળ કૂટાગાર શાળામાં બધાની ઉતરવાની અને ખાવા–પીવાની વ્યવસ્થા કરી. અર્ધરાત્રિએ રાજા ઉઠયા અને પોતાના અનુચરોની સાથે કૂટાગાર શાળા પાસે ગયા. તે શાળાના બધા દરવાજા બંધ કરાવી ચોતરફ આગ લગાડી દીધી. ૪૯૯ માતાઓ આક્રંદ કરતી મૃત્યુ પામી. સિંહસેન આ પ્રમાણે પાપકર્મયુક્ત જીવન જીવતો ૩૪૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી છટ્ઠી નરકમાં ઉત્પન્ન થયો. ત્યાં ૨૨ સાગરોપમ સુધી ભયંકર દુઃખ ભોગવી, દેવદત્તાના રૂપે જન્મ્યો. તે દેવદત્તા આજે મૃત્યુ પામી પ્રથમ નરકમાં ઉત્પન્ન થશે.

અનેક ભવોમાં ભ્રમણ કરતી અંતે ગંગપુર નગરમાં હંસ બનશે. અન્ય દ્વારા મૃત્યુ પામી શ્રેષ્ઠીપુત્ર રૂપે જન્મી, સંયમ લેશે. ત્યાંથી દેવલોકમાં જશે. સ્વર્ગનું આયુ પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરી સંયમ આરાધના કરી મોક્ષે જશે.

❖❖❖❖❖

# નવમું અધ્યયન

## દેવદત્તા

**અધ્યયન પ્રારંભ :–**

**१ उक्खेवो णवमस्स ।**

**ભાવાર્થ :** ઉત્ક્ષેપ– નવમા અધ્યયનનો પ્રારંભ પ્રથમ અધ્યયનની જેમ જાણવો.

**२ एवं खलु जंबू तेणं कालेणं तेणं समएणं रोहीडए णामं णयरे होत्था, रिद्धत्थमियसमिद्धे, वण्णओ । पुढविवडिंसए उज्जाणे । धरणे जक्खे । वेसमणदत्ते राया । सिरीदेवी । पूसणंदी कुमारे जुवराया ।**

**ભાવાર્થ :** હે જંબૂ ! તે કાલે અને તે સમયે રોહીતક(રોહીડા) નામનું નગર હતું. તે ઋદ્ધિ સમૃદ્ધિથી યુક્ત હતું, વગેરે વર્ણન જાણવું. ત્યાં પૃથ્વીઅવતંસક નામનું એક ઉદ્યાન હતું, તેમાં ધરણ નામના યક્ષનું યક્ષાયતન હતું, ત્યાં વૈશ્રમણદત્ત નામના રાજાનું રાજ્ય હતું, તેની શ્રી નામની રાણી હતી, તેને યુવરાજ પદથી અલંકૃત પુષ્પનંદી નામનો કુમાર હતો.

**३ तत्थ णं रोहीडए णयरे दत्ते णामं गाहावई परिवसइ, अड्ढे** *जाव* **अपरिभूए । कण्हसिरीभारिया तस्स णं दत्तस्स धूया कण्हसिरीए अत्तया देवदत्ता णामं दारिया होत्था । अहीणपडिपुण्ण पंचिंदियसरीरा, वण्णओ ।**

**ભાવાર્થ :** તે રોહીતક નગરમાં દત્ત નામનો એક ગાથાપતિ રહેતો હતો, તે ધનાઢ્ય ***યાવત્*** સન્માનનીય હતો. તેને કૃષ્ણશ્રી નામની પત્ની હતી. તે દત્ત ગાથાપતિની પુત્રી અને કૃષ્ણશ્રીની આત્મજા દેવદત્તા નામની એક બાલિકા હતી. તે સંપૂર્ણ તેમજ નિર્દોષ પાંચ ઈન્દ્રિયોથી યુક્ત ઉત્તમ શરીરવાળી હતી, વગેરે વર્ણન જાણવું.

**દેવદત્તા પરિચય :–**

**४ तेणं कालेणं तेणं समएणं सामी समोसढे** *जाव* **परिसा पडिगया ।**

**तेणं कालेणं तेणं समएणं जेट्ठे अंतेवासी छट्ठक्खमणपारणगंसि तहेव** *जाव*

**रायमग्गमोगाढे । हत्थी आसे पुरिसे पासइ । तेसिं पुरिसाणं मज्झगयं पासइ एगं इत्थियं– अवओडयबंधणं उक्खित्तकण्णणासं णेह–तुप्पियगत्तं वज्झकर–कडिजुय णियच्छं कंठे गुणरत्तमल्लदामं चुण्णगुंडियगायं चुण्णयं वज्झपाणपीयं** *जाव* **सूले भिज्जमाणं पासइ, पासित्ता, तहेव चिंता, णिग्गए,** *जाव* **एवं वयासी– एस णं भंते ! इत्थिया पुव्वभवे का आसी ?** *जाव* **पच्चणुभवमाणे विहरइ ।**

**ભાવાર્થ :** તે કાલે અને તે સમયે પૃથ્વીઅવતંસક નામના ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા ***યાવત્*** તેમની ધર્મદેશના સાંભળીને રાજા અને પરિષદ પાછા ચાલ્યાં ગયાં.

તે કાલે, તે સમયે ભગવાનના જ્યેષ્ઠ શિષ્ય ગૌતમસ્વામી છઠના પારણા માટે ભિક્ષાર્થે નગરમાં ગયા ***યાવત્*** ગોચરી કરીને પાછા ફરતાં રાજમાર્ગમાં પધાર્યા, ત્યાં તેમણે હાથીઓ, અશ્વો અને પુરુષોને જોયા. તેમની વચ્ચે અવકોટક બંધનથી બાંધેલી, કાન–નાક કાપેલી, સ્નિગ્ધ પદાર્થથી લિપ્ત શરીરવાળી, વધયોગ્ય વસ્ત્ર યુગલ પહેરાવેલી, હાથમાં હાથકડીઓ અને ગળામાં લાલ ફૂલોની માળા પહેરાવેલી, ગેરુના રંગથી રંગેલા શરીરવાળી, શૂળી વડે ભેદન કરાતી એક સ્ત્રીને જોઈ. જોઈને તેમના મનમાં વિચાર આવ્યો કે આ નરકતુલ્ય વેદના ભોગવી રહી છે. ગૌતમસ્વામી ભિક્ષા લઈને નગરમાંથી નીકળ્યા. ભગવાનની પાસે આવીને આ પ્રમાણે કહ્યું કે– હે ભદન્ત ! આ સ્ત્રી પૂર્વભવમાં કોણ હતી ? શા માટે તે આવા દુઃખ ભોગવી રહી છે ?

## દેવદત્તાનો પૂર્વભવ :–

**५ एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे भारहे वासे सुपइट्ठे णामं णयरे होत्था । रिद्धत्थिमियसमिद्धे, वण्णओ । महासेणे राया । तस्स णं महासेणस्स रण्णो धारिणीपामोक्खाणं देवीसहस्सं ओरोहे यावि होत्था । तस्स णं महासेणस्स रण्णो पुत्तो धारिणीए देवीए अत्तए सीहसेणे णामं कुमारे होत्था । अहीणपडिपुण्ण पंचिंदियसरीरे** *जाव* **जुवराया ।**

**ભાવાર્થ :** હે ગૌતમ ! તે કાલે અને તે સમયે આ જંબૂદ્વીપના ભારતવર્ષમાં સુપ્રતિષ્ઠ નામનું એક નગર હતું. તે ઋદ્ધિ, સમૃદ્ધિથી યુક્ત હતું, વગેરે વર્ણન જાણવું. ત્યાં મહારાજ મહાસેન રાજ્ય કરતા હતા. તેના અંતઃપુરમાં ધારિણી વગેરે એક હજાર રાણીઓ હતી. મહારાજ મહાસેનનો પુત્ર અને મહારાણી ધારિણી દેવીનો આત્મજ સિંહસેન નામનો રાજકુમાર હતો. તે સંપૂર્ણ પાંચ ઈન્દ્રિયોથી યુક્ત શરીર– વાળો ***યાવત્*** યુવરાજપદથી અલંકૃત હતો.

**६ तए णं तस्स सीहसेणस्स कुमारस्स अम्मापियरो अण्णया कयाइ पंच**

**पासायवडिंसयसयाइं कारेंति, अब्भुगयमूसियाइं । तए णं तस्स सीहसेणस्स कुमारस्स अम्मापियरो अण्णया कयाइ सामापामोक्खाणं पंचण्हं रायवरकण्णगसयाणं एगदिवसे पाणिं गिण्हाविंसु । पंचसयओ दाओ । तए णं से सीहसेणे कुमारे सामापामोक्खाहिं पंचसयाहिं देवीहिं सद्धिं उप्पिं पासायवरगए** *जाव* **विहरइ ।**

**भावार्थ :** ત્યાર પછી સિંહસેન રાજકુમારના માતાપિતાએ એક વાર અત્યંત વિશાળ પાંચસો ઉત્તમ મહેલો તૈયાર કરાવ્યા. તેઓએ સિંહસેન રાજકુમારના શ્યામા વગેરે પાંચસો સુંદર રાજકન્યાઓ સાથે એક જ દિવસે લગ્ન કરાવ્યા, પાંચસો પાંચસો વસ્તુઓનું પ્રીતિદાન–દહેજ આપ્યું. ત્યાર પછી રાજકુમાર સિંહસેન શ્યામા વગેરે તે પાંચસો રાજકન્યાઓ સાથે ઊંચા મહેલોમાં રમણ કરતો આનંદપૂર્વક રહેવા લાગ્યો.

**૭ तए णं से महासेणे राया अण्णया कयाइ कालधम्मुणा संजुत्ते । णीहरणं । राया जाए ।**

**भावार्थ :** ત્યાર પછી સમય વ્યતિત થતાં મહારાજા મહાસેન મૃત્યુ પામ્યા. રાજકુમારે અંત્યેષ્ઠી ક્રિયા કરી અને ત્યાર પછી તે રાજા બન્યો.

**૮ तए णं से सीहसेणे राया सामाए देवीए मुच्छिए गिद्धे गढिए अज्झोववण्णे अवसेसाओ देवीओ णो आढाइ णो परिजाणाइ, अणाढायमाणे अपरिजाणमाणे विहरइ ।**

**तए णं तासिं एगूणगाणं पंचण्हं देवीसयाणं एगूणाइं पच्चमाईसयाइं इमीसे कहाए लद्धट्ठाइं समाणाइं– एवं खलु सीहसेणे राया सामाएदेवीए मुच्छिए गिद्धे गढिए अज्झोववण्णे अम्हं धूयाओ णो आढाइ, णो परिजाणाइ, अणाढायमाणे, अपरिजाणमाणे विहरइ । तं सेयं खलु अम्हं सामं देविं अग्गिप्पओगेण वा विसप्पओगेण वा, सत्थप्पओगेण वा जीवियाओ ववरोवित्तए, एवं संपेहेंति, संपेहित्ता सामाए देवीए अंतराणि य छिद्दाणि य विवराणि य पडिजागरमाणीओ विहरंति ।**

**भावार्थ :** મહારાજ સિંહસેન શ્યામા રાણીમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ–તેની જ આકાંક્ષાવાળો, ગ્રથિત–તેની સ્નેહજાળમાં બંધાયેલ અને અધ્યુપપન્ન–તેમાં જ આસક્ત થઈ ગયો. તે બીજી રાણીઓનો ન તો આદર કરતો, ન તેમનું ધ્યાન પણ રાખતો, પરંતુ રાણીઓનો અનાદર અને વિસ્મરણ કરતો આનંદપૂર્વક રહેવા લાગ્યો.

તે ૪૯૯ રાણીઓની ૪૯૯ માતાઓએ જ્યારે જાણ્યું કે મહારાજ સિંહસેન શ્યામા રાણીમાં

મૂર્ચ્છિત, ગૃદ્ધ, ગ્રથિત અને અધ્યુપપન્ન થઈને આપણી કન્યાઓનો અનાદર કરે છે અને તેઓનું ધ્યાન પણ રાખતો નથી, ત્યારે તે સર્વેએ મળીને નિશ્ચય કર્યો કે આપણે માટે એ જ ઊચિત છે કે આપણે શ્યામા રાણીને અગ્નિપ્રયોગ, વિષપ્રયોગ અથવા શસ્ત્રપ્રયોગથી મારી નાખીએ, આ પ્રમાણે વિચાર કર્યા પછી તેઓ શ્યામા રાણીના અંતર(જ્યારે રાજા આવતાં ન હોય) છિદ્ર(રાજાના પરિવારની કોઈ પણ વ્યક્તિ ન હોય)ને પૂર્ણ વિરહ જેવા અવસરની રાહ જોવા લાગી.

**૯ तए णं सा सामादेवी इमीसे कहाए लद्धट्ठा समाणी– एवं खलु ए गूणगाणं पंचण्हं सवत्तीसयाणं एगूणगाइं पंचमाइसयाइं इमीसे कहाए लद्धट्ठाइं समाणाइं अण्णमण्णं एवं वयासी– एवं खलु सीहसेणे राया** *जाव* **अपरिजाणमाणे विहरइ । तं सेयं खलु अम्हं सामं देविं जाव वीवियाओ ववरोवित्तए । एवं संपेहेइ** *जाव* **विवराणि य पडिजागरमाणीओ विहरंति । तं ण णज्जइ णं मम केणइ कुमारेण मारिस्संति त्ति कट्टु भीया तत्था तसिया उविग्गा संजायभया जेणेव कोवघरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता ओहयमणसंकप्पा** *जाव* **झियाइ ।**

**ભાવાર્થ :** શ્યામા રાણીને આ ષડ્યંત્રની ખબર પડી ગઈ કે મારી ૪૯૯ સપત્નીઓની(શોક્યોની) ૪૯૯ માતાઓને આ સમાચાર મળ્યાં છે કે મહારાજ સિંહસેન શ્યામામાં અત્યંત આસક્ત થઈ, આપણી પુત્રીઓનો અનાદર કરે છે. તેઓએ એકત્રિત થઈને નિશ્ચય કર્યો છે કે 'શ્યામાના જીવનનો અંત કરી દેવો, એ જ આપણા માટે શ્રેષ્ઠ છે', એવો વિચાર કરીને તેઓ તે સમયની રાહ જોઈ રહ્યા છે. જો એમ જ છે તો ન જાણે તેઓ મને કેવા કમોતે મારશે ? એવો વિચાર કરીને તે શ્યામા ભયભીત, ત્રસ્ત, ઉદ્વિગ્ન અને ભયવિહ્વળ થઈ ગઈ તથા કોપભવનમાં આવીને નિરાશ વદને બેસીને આર્તધ્યાન કરવા લાગી.

**૧૦ तए णं से सीहसेणे राया इमीसे कहाए लद्धट्ठे समाणे जेणेव कोवघरए, जेणेव सामा देवी तेणेव उवागच्छइ, उवागच्छित्ता सामं देविं ओहयमणसंकप्पं** *जाव* **पासइ, पासित्ता एवं वयासी– किं णं तुमं देवाणुप्पिए ! ओहयमणसंकप्पा** *जाव* **झियासि ?**

**तए णं सा सामा देवी सीहसेणेण रण्णा एवं वुत्ता समाणी उप्फेणउप्फेणियं सीहसेणं रायं एवं वयासी– एवं खलु सामी ! मम एगूणपंचसवत्तिसयाणं एगूणपंचमाइसयाणं इमीसे कहाए लद्धट्ठाणं समाणाणं अण्णमण्णं सद्दावेंति, सद्दावित्ता एवं वयासी– एवं खलु सीहसेणे राया सामाए देवीए मुच्छिए गिद्धे गढिए अज्झोववण्णे अम्हं धूयाओ णो आढाइ, णो परिजाणइ, अणाढायमाणे**

**अपरिजाणमाणे विहरइ, तं सेयं खलु अम्हं सामं देविं अग्गिप्पओगेण वा विसप्पओगेण वा सत्थप्पओगेण वा जीवियाओ ववरोवित्तए, एवं संपेहेंति, संपेहित्ता मम अंतराणि य छिद्दाणि य विवराणि य पडिजागरमाणीओ विहरंति । तं ण णज्जइ णं सामी ! ममं केणइ कुमारेण मारिस्संति त्ति कट्टु भीया** *जाव* **झियामि ।**

**ભાવાર્થ** : સિંહસેન રાજા આ વૃત્તાંત જાણી કોપભવનમાં શ્યામારાણી પાસે આવ્યા. ત્યાં શ્યામાને ઉદાસીન, નિરાશ, ચિંતિત, નિસ્તેજ જોઈને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયે ! તું આ પ્રમાણે ઉદાસીન ***યાવત્*** ચિંતિત કેમ છે ?

સિંહસેનરાજાનું આ કથન સાંભળી દૂધના ઉફાળાની જેમ દુઃખ અને ભયથી છાતીમાં ડૂમો ભરેલા વચનોથી રાણી સિંહરાજાને આ પ્રમાણે કહેવા લાગી–

હે સ્વામી ! મારી ૪૯૯ શોક્યોની ૪૯૯ માતાઓએ આ વૃત્તાંત(મારા પર તમારો સ્નેહ) જાણીને પરસ્પર મળીને નિશ્ચય કર્યો છે કે– મહારાજ સિંહસેન શ્યામાદેવીમાં અત્યંત આસક્ત થઈને આપણી કન્યાઓનો આદર સત્કાર કરતો નથી, તેમનું ધ્યાન પણ નથી રાખતો, તેમનો અનાદર કરે છે તેથી આપણે માટે એ જ ઊચિત છે કે અગ્નિ, વિષ અથવા કોઈ શસ્ત્રના પ્રયોગથી શ્યામાનો અંત કરી નાખીએ. આ પ્રમાણે તેમણે નિશ્ચય કરી લીધો છે અને તે પ્રમાણે તેઓ અંતર, છિદ્ર અને વિવરની પ્રતીક્ષા કરી રહ્યા છે. ન જાણે તેઓ મને કેવા કમોતે મારશે ? તેથી ભયભીત થયેલી હું અહીં આવીને આર્તધ્યાન કરું છું.

**૧૧ तए णं से सीहसेणे राया सामं देविं एवं वयासी– मा णं तुमं देवाणुप्पिए ! ओहयमणसंकप्पा** *जाव* **झियाहि । अहं णं तहा जत्तिहामि जहा णं तव णत्थि कत्तो वि सरीरस्स आवाहे वा पवाहे वा भविस्सइ त्ति कट्टु ताहिं इट्ठाहिं कंताहिं पियाहिं मणुण्णाहिं मणामाहिं वग्गूहिं समासासेइ, समासासित्ता तओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी– गच्छह णं तुब्भे, देवाणुप्पिया ! सुपइट्ठस्स णयरस्स बहिया पच्चत्थिमे दिसिभाए एगं महं कूडागारसालं करेह, अणेगखंभसय संणिविट्ठं पासादीयं दरिसाणिज्जं अभिरूवं पडिरूवं करेह, ममं एयमाणत्तियं पच्चप्पिणह ।**

**तए णं ते कोडुंबियपुरिसा करयल** *जाव* **पडिसुणेंति, पडिसुणित्ता सुपइट्ठणयरस्स बहिया पच्चत्थिमे दिसीभाए एगं महं कूडागारसालं** *जाव* **करेंति करित्ता जेणेव सीहसेणे राया तेणेव उवागच्छंति, उवागच्छित्ता तमाणत्तियं पच्चप्पिणंति ।**

**ભાવાર્થ** : આ સાંભળી મહારાજ સિંહસેને શ્યામાદેવીને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયે ! તું આ પ્રમાણે હતોત્સાહ થઈને આર્તધ્યાન ન કર, હું એવો ઉપાય કરીશ કે જેથી તારા શરીરને કોઈથી કોઈ પણ પ્રકારની આબાધા–થોડી પણ પીડા તથા પ્રબાધા–વિશેષ બાધા થઈ શકશે નહીં. આ રીતે શ્યામાદેવીને ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મનોહર વચનોથી આશ્વાસન આપ્યું અને ત્યાંથી ચાલ્યા ગયા. ત્યારપછી તેઓએ અનુચર પુરુષોને બોલાવ્યા અને કહ્યું કે તમે જાઓ અને સુપ્રતિષ્ઠિત નગરની બહાર પશ્ચિમદિશામાં એક મોટી, સેંકડો સ્તંભોથી યુક્ત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, અને પ્રતિરૂપ હોય અર્થાત્ જોવામાં અત્યંત સુંદર, કૂટાકારશાળા બનાવો.

તે કૌટુંબિક પુરુષો–અનુચરો બંને હાથ જોડી, મસ્તક પર અંજલિ રાખી, રાજાની આજ્ઞાને માથે ચડાવી ત્યાંથી રવાના થયા. તેઓએ સુપ્રતિષ્ઠિત નગરની બહાર પશ્ચિમ દિશામાં એક વિશાળ અને અનેક સ્તંભોવાળી તથા પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ અર્થાત્ અત્યંત મનોહર કૂટાકાર શાળા તૈયાર કરાવી અને તેની સૂચના મહારાજ સિંહસેનને આપી.

**૧૨** **तए णं से सीहसेणे राया अण्णया कयाइ एगूणगाणं पंचण्हं देवीसयाणं एगूणाइं पंचमाइसयाइं आमंतेइ । तए णं तासिं एगूणगाणं पंचण्हं देवीसयाणं एगूणाइं पंचमाइसयाइं सीहसेणेणं रण्णा आमंतियाइं समाणाइं सव्वालंकारविभूसियाइं जहाविभवेणं जेणेव सुपइट्ठे णयरे, जेणेव सीसेणे राया, तेणेव उवागच्छंति । तए णं से सीहसेणे राया एगूणगाणं पंचदेवीसयाणं एगूणगाणं पंचमाइसयाणं कूडागारसालं आवासं दलयइ ।**

**ભાવાર્થ** : ત્યાર પછી સિંહસેન રાજાએ પોતાની ૪૯૯ રાણીઓની ૪૯૯ માતાઓને આમંત્રણ આપ્યું. સિંહસેન રાજાનું આમંત્રણ મળતાં ૪૯૯ માતાઓ વસ્ત્રો અને આભૂષણો વગેરેથી સર્વ પ્રકારે સુસજ્જિત થઈ પોતપોતાના વૈભવ પ્રમાણે સુપ્રતિષ્ઠિત નગરમાં મહારાજ સિંહસેનની પાસે આવી. મહારાજ સિંહસેને તે રાણીઓની ૪૯૯ માતાઓને રહેવા માટે કૂટાકાર શાળામાં ઉતારો આપ્યો.

**૧૩** **तए णं से सीहसेणे राया कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– गच्छह णं तुब्भे देवाणुप्पिया ! विउलं असणं पाणं खाइमं साइमं उवणेह, सुबहुं पुप्फ–वत्थ–गंध–मल्लालंकारं च कूडागारसालं साहरह ।**

**तए णं ते कोडुंबियपुरिसा तहेव *जाव* साहरंति ।**

**तए णं तासिं एगूणगाणं पंचण्हं देवीसयाणं एगूणगाइं पंचमाइसयाइं सव्वालंकारविभूसियाइं तं विउलं असणं पाणं खाइमं साइमं, सुरं च महुं च मेरगं च जाइं च सीधुं च पसण्णं च आसाएमाणाइं–४, गंधव्वेहि य णाडए**

**हि य उवगीयमाणाइं उवगीयमाणाइं विहरंति ।**

**ભાવાર્થ** : ત્યાર પછી સિંહસેન રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું– હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને વિપુલ અશનાદિ તથા અનેક પ્રકારનાં પુષ્પો, વસ્ત્રો, સુગંધિત પદાર્થો, માળાઓ તથા અલંકારોને કૂટાકારશાળામાં પહોંચાડો. કૌટુંબિક પુરુષોએ મહારાજની આજ્ઞાનુસાર બધી સામગ્રી ત્યાં પહોંચાડી ત્યાર પછી સર્વ પ્રકારના અલંકારોથી વિભૂષિત તે ૪૯૯ રાણીઓની માતાઓએ તે વિપુલ અશનાદિક તથા સુરા આદિ સામગ્રીનું આસ્વાદનાદિ કર્યું. યથારૂચિ ઉપભોગ કર્યો અને ગંધર્વોએ(ગાયકોએ) તેની પ્રશંસાનાં ગીતો ગાયાં, ગાયકો તથા નર્તકોએ સંગીત અને નૃત્ય દ્વારા સ્વાગત કર્યું અને પ્રશંસા કરી. આ પ્રમાણે આનંદપૂર્વક તે રહેવા લાગી અર્થાત્ ભોજન તથા મદ્યપાન કરીને નાચ–ગાનમાં મસ્ત થઈ ગઈ.

**१४ तए णं से सीहसेणे राया अद्धरत्तकालसमयंसि बहूहिं पुरिसेहिं सद्धिं संपरिवुडे जेणेव कूडागारसाला तेणेव उवागच्छइ उवागच्छित्ता, कूडागारसालाए दुवाराइं पिहेइ, पिहित्ता कूडागारसालाए सव्वओ समंता अगणिकायं दलयइ ।**

**तए णं तासिं एगुणगाणं पच्चण्हं देवीसयाणं एगूणागाइं पंचमाइसयाइं सीहसेणेण रण्णा आलिवियाइं समाणाइं रोयमाणाइं कंदमाणाइं विलवमाणाइं अत्ताणाइं असरणाइं कालधम्मुणा संजुत्ताइं ।**

**ભાવાર્થ** : ત્યાર પછી સિંહસેન રાજા અર્દ્ધરાત્રિના સમયે અનેક પુરુષોની સાથે કૂટાગારશાળા પાસે આવીને કૂટાગારશાળાના બધા દરવાજાઓ બંધ કરાવી દીધા અને તેની ચારે બાજુ આગ લગાવી દીધી.

ત્યાર પછી મહારાજા સિંહસેન દ્વારા લગાવેલી આગથી ત્રાણ અને શરણથી રહિત એવી તે ૪૯૯ રાણીઓની માતાઓ રુદન, આક્રંદન અને વિલાપ કરતી મૃત્યુ પામી.

**१५ तए णं से सीहसेणे राया एयकम्मे एयप्पहाणे एयविज्जे एयसमायारे सुबहुं पावकम्मं समज्जिणित्ता चोत्तीसं वाससयाइं परमाउयं पालइत्ता कालमासे कालं किच्चा छट्ठीए पुढवीए उक्कोसेणं बावीससागरोवम ट्ठिइएसु णेरइयेसु णेरइयत्ताए उववण्णे । से णं तओ अणंतरं उवट्टित्ता इहेव रोहीडए णयरे दत्तस्स सत्थवाहस्स कण्हसिरीए भारियाए कुच्छिसि दारियत्ताए उववण्णे ।**

**ભાવાર્થ** : ત્યાર પછી મહારાજ સિંહસેન આવા પ્રકારનાં કર્મ–કાર્યોથી, આવી વિદ્યા બુદ્ધિથી, આવા પ્રકારનાં આચરણથી અત્યધિક પાપકર્મોનું ઉપાર્જન કરીને ૩૪૦૦ વર્ષનું પરમ આયુષ્ય ભોગવીને

મૃત્યુ પામી ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમની સ્થિતિવાળી છઠ્ઠી નરકભૂમિમાં નારકી રૂપે ઉત્પન્ન થયો. ત્યાર પછી તે સિંહસેન રાજાનો જીવ છઠ્ઠી નરકની સ્થિતિ પૂર્ણ થતાં ત્યાંથી નીકળીને આ જ રોહીતક નગરમાં દત્ત સાર્થવાહની "કૃષ્ણશ્રી" નામની પત્નીના ઉદરમાં પુત્રી રૂપે ઉત્પન્ન થયો.

**દેવદત્તાનો વર્તમાન ભવ :–**

**१६ तए णं सा कण्हसिरी णवण्हं मासाणं बहुपडिपुण्णाणं** *जाव* **दारियं पयाया सुउमालपाणिपाया** *जाव* **सुरूवा । तए णं तीसे दारियाए अम्मापियरो णिव्वत्त बारसाहियाए विउलं असणं पाणं खाइमं साइमं उवक्खडावेंति, उवक्खडावेत्ता** *जाव* **मित्त-णाइ-णियग-सयण-संबंधि परियणस्स पुरओ णामधेज्जं करेंति- होउ णं दारिया देवदत्ता णामेणं, तए णं सा देवदत्ता दारिया पंचधाईपरिग्गहिया** *जाव* **परिवड्ढइ ।**

**ભાવાર્થ :** ત્યાર પછી તે કૃષ્ણશ્રીએ લગભગ નવ માસ પરિપૂર્ણ થતાં એક કન્યાને જન્મ આપ્યો. જે અત્યંત કોમળ હાથપગવાળી અને અત્યંત રૂપવતી હતી. ત્યાર પછી તે કન્યાનાં માતાપિતાએ બારમે દિવસે ઘણું અશનાદિ તૈયાર કરાવ્યું ***યાવત્*** મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધીજન તથા પરિજનોની સામે કન્યાનું નામકરણ સંસ્કાર કરતાં કહ્યું કે અમારી આ કન્યાનું નામ "દેવદત્તા" રાખવામાં આવે છે. ત્યાર પછી તે દેવદત્તા પાંચ ધાવમાતાઓના સંરક્ષણપૂર્વક મોટી થવા લાગી.

**१७ तए णं सा देवदत्ता दारिया उम्मुक्कबालभावा** *जाव* **जोव्वणेण य रूवेण लावण्णेण य अईव-अईव उक्किट्ठा उक्किट्ठसरीरा यावि होत्था ।**

**तए णं सा देवदत्ता दारिया अण्णया कयाइ ण्हाया** *जाव* **विभूसिया बहूहिं खुज्जाहिं** *जाव* **परिक्खित्ता उप्पिं आगासतलगंसि कणगतिंदूसएणं कीलमाणी विहरइ ।**

**ભાવાર્થ :** પછી તે દેવદત્તા બાલ્યાવસ્થાને છોડીને યૌવન, રૂપ અને લાવણ્યથી અત્યંત ઉત્તમ અને ઉત્કૃષ્ટ શરીરવાળી થઈ.

એક વાર તે દેવદત્તા સ્નાન કરીને, સમસ્ત આભૂષણોથી વિભૂષિત થઈને કુબ્જા આદિ ઘણી દાસીઓ સાથે પોતાના મકાન ઉપર અગાસીમાં સોનાના દડાથી રમતી હતી.

**१८ इमं च णं वेसमणदत्ते राया ण्हाए** *जाव* **विभूसिए आसं दुरुहइ, दुरुहित्ता बहूहिं पुरिसेहिं सद्धिं संपरिवुडे आसवाहिणियाए णिज्जायमाणे दत्तस्स सत्थवाहस्स गिहस्स अदूरसामंतेणं वीइवयइ । तए णं से वेसमणे राया** *जाव*

**वीइवयमाणे देवदत्तं दारियं उप्पिं आगासतलगंसि कणगतिंदूसेणं कीलमाणिं पासइ, पासित्ता देवदत्ताए दारियाए रूवेण य जोव्वणेण य लावण्णेण य जायविम्हए, कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– कस्स णं देवाणुप्पिया ! एसा दारिया ? किं वा णामधेज्जेणं ?**

**तए णं ते कोडुंबियपुरिसा वेसमणं रायं करयल** *जाव* **एवं वयासी– एस णं सामी ! दत्तस्स सत्थवाहस्स धूया, कण्हसिरीए भारियाए अत्तया देवदत्ता णामं दारिया रूवेण य जोव्वणेण य लावण्णेण य उक्किट्ठसरीरा ।**

**ભાવાર્થ :** તે સમયે સ્નાનાદિથી નિવૃત્ત, સર્વાલંકારથી વિભૂષિત, અનેક પુરુષોથી ઘેરાયેલા મહારાજ વૈશ્રમણદત્ત ઘોડા ઉપર સવાર થઈને અશ્વક્રીડા માટે નીકળ્યા અને દત્ત સાર્થવાહના ઘર પાસેથી પસાર થયા ત્યારે તે વૈશ્રમણદત્ત રાજાએ દેવદત્તા કન્યાને સોનાના દડાથી રમતી જોઈ, જોઈને કન્યાનાં રૂપ, યૌવન અને લાવણ્યથી વિસ્મય પામી અનુચરોને બોલાવીને આ પ્રમાણે કહ્યું કે હે દેવાનુપ્રિયો ! આ કન્યા કોની છે ? એનું નામ શું છે ?

ત્યારે તે સેવકો હાથ જોડીને આ પ્રમાણે કહ્યું, હે સ્વામિન્ ! આ કન્યા દત્ત સાર્થવાહની પુત્રી અને કૃષ્ણશ્રીની આત્મજા છે, તેનું નામ દેવદત્તા છે અને એ રૂપ, યૌવન અને લાવણ્યથી ઉત્તમ પરિપૂર્ણ શરીરવાળી છે.

**१९ तए णं से वेसमणे राया आसवाहिणियाओ पडिणियत्ते समाणे अब्भिंतर ठाणिज्जे पुरिसे सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी– गच्छह णं तुब्भे, देवाणुप्पिया ! दत्तस्स धूयं कण्हसिरीए भारियाए अत्तयं देवदत्तं दारियं पुस्सणंदिस्स जुवरण्णो भारियत्ताए वरेह, जइ वि सा सयरज्जसुंक्का ।**

**ભાવાર્થ :** ત્યાર પછી મહારાજ વૈશ્રમણદત્ત અશ્વક્રીડા કરીને પાછા આવ્યા અને પોતાના અંતરંગ પુરુષોને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું–

દેવાનુપ્રિયો ! તમે જાઓ અને જઈને દત્ત સાર્થવાહની પુત્રી અને કૃષ્ણશ્રીની આત્મજા દેવદત્તા નામની કન્યાને યુવરાજ પુષ્પનંદીને માટે પત્ની રૂપે માંગો. જો તે રાજ્ય દઈને પણ મેળવી શકાય તો પણ લેવા યોગ્ય છે.

**२० तए णं से अब्भिंतरठाणिज्जा पुरिसा वेसमणेणं रण्णा एवं वुत्ता समाणा हट्ठतुट्ठा करयल परिग्गहियं** *जाव* **एयमट्ठं पडिसुणेंति, पडिसुणित्ता ण्हाया** *जाव* **सुद्धप्पावेसाइं मंगलाइं वत्थाइं पवरपरिहिया जेणेव दत्तस्स गिहे तेणेव**

उवागच्छित्था । तए णं से दत्ते सत्थवाहे ते पुरिसे एज्जमाणे पासइ, पासित्ता हट्ठतुट्ठे आसणाओ अब्भुट्ठेइ, अब्भुट्ठित्ता सत्तट्ठपयाइं पच्चुग्गए आसणेणं उवणिमंतेइ, उवणिमंतित्ता ते पुरिसे आसत्थे विसत्थे सुहासणवरगए एवं वयासी– संदिसंतु णं देवाणुप्पिया! किं आगमणप्पओयणं ?

तए णं ते रायपुरिसा दत्तं सत्थवाहं एवं वयासी– अम्हे णं देवाणुप्पिया ! तव धूयं कण्हसिरीए अत्तयं देवदत्तं दारियं पूसणंदिस्स जुवरण्णो भारियत्ताए वरेमो । तं जइ णं जाणासि देवाणुप्पिया ! जुत्तं वा पत्तं वा सलाहणिज्जं वा सरिसो वा संजोगो, दिज्जउ णं देवदत्ता भारिया पूसणंदिस्स जुवरण्णो । भण, देवाणुप्पिया ! किं दलयामो सुंक्कं ?

तए णं से दत्ते गाहावई ते अब्भिंतरठाणिज्जे पुरिसे एवं वयासी– एवं चेव देवाणुप्पिया मम सुक्कं जं णं वेसमणे राया मम दारियाणिमित्तेणं अणुगिण्हइ ।

ते अब्भिंतरठाणिज्जे पुरिसे विउलेणं पुप्फ–वत्थ–गंध–मल्लालंकारेणं सक्कारेइ, सम्माणेइ सक्कारित्ता सम्माणित्ता पडिविसज्जेइ ।

तए णं ते अब्भिंतरठाणिज्जपुरिसा जेणेव वेसमणे राया तेणेव उवागच्छंति, उवागच्छित्ता वेसमणस्स रण्णो एयमट्ठं णिवेदेंति ।

**भावार्थ :** ત્યાર પછી તે અંતરંગ પુરુષો વૈશ્રમણ રાજાની આ આજ્ઞાને હર્ષિત હૃદયે હાથ જોડી, સન્માનપૂર્વક સ્વીકારીને, પોતાના ઘેર જઈ સ્નાન કરીને, રાજસભામાં પ્રવેશ કરવા યોગ્ય ઉત્તમ વસ્ત્રો પહેરીને દત્ત સાર્થવાહના ઘેર ગયા. તેમને આવતાં જોઈને દત્ત સાર્થવાહ અત્યંત પ્રસન્નતા પ્રગટ કરતાં આસન ઉપરથી ઊઠીને તેમના સત્કાર માટે સાત–આઠ પગલાં આગળ ગયા. તેમનું સ્વાગત કરીને આસન પર બેસવાની પ્રાર્થના કરી. ત્યાર પછી ગતિજન્ય થાક દૂર થવાથી સ્વસ્થ થયેલા અને વિશેષરૂપે સ્વસ્થતા પ્રાપ્ત કરેલ તેમજ સુખપૂર્વક ઉત્તમ આસનો પર બેઠેલા તે રાજપુરુષોને દત્તે આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયો ! આજ્ઞા આપો. આપના શુભ આગમનનું શું પ્રયોજન છે ? અર્થાત્ હું આપના આગમનનું કારણ જાણવા ઈચ્છું છું.

દત્ત સાર્થવાહે આ પ્રમાણે પૂછ્યું ત્યારે આવેલા તે રાજપુરુષોએ કહ્યું– હે દેવાનુપ્રિય ! અમે આપની પુત્રી અને કૃષ્ણશ્રીની આત્મજા દેવદત્તા નામની કન્યાને યુવરાજ પુષ્પનંદી માટે પત્ની રૂપે માગવા માટે આવ્યા છીએ. જો અમારી આ માગણી આપને યોગ્ય, અવસર પ્રાપ્ત, શ્લાઘનીય તથા વરવધૂનો આ સંયોગ અનુરૂપ લાગતો હોય તો દેવદત્તાને યુવરાજ પુષ્પનંદી માટે આપો અને એને માટે હે દેવાનુપ્રિય ! આપને શી ભેટ આપવામાં આવે તે કહો.

તે અંતરંગ પુરુષોનું આ કથન સાંભળી દત્ત સાર્થવાહ બોલ્યા– દેવાનુપ્રિયો ! મારા માટે આ જ મોટી ભેટ છે કે મહારાજ વૈશ્રમણદત્ત મારી આ કન્યાને ગ્રહણ કરીને મારા પર અનુગ્રહ કરી રહ્યા છે.

પછી દત્ત સાર્થવાહે તે બધાનો પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા તથા અલંકારાદિથી યથોચિત સત્કાર–સન્માન કર્યું ને તેમને વિદાય આપી. અંતરંગ પુરુષો મહારાજ વૈશ્રમણ પાસે આવ્યા અને તેમને સંપૂર્ણ વૃત્તાંત કહી સંભળાવ્યો.

**૨૧ तए णं से दत्ते गाहावई अण्णया कयाइ सोहणंसि तिहि–करण–दिवस णक्खत्त मुहुत्तंसि विउलं असणं पाणं खाइमं साइमं उवक्खडावेइ, उवक्खडावेत्ता मित्त–णाइ–णियग–सयण–संबंधि–परियणं आमंतेइ । ण्हाए** *जाव* **विभूसिए सुहासणवरगए तेण मित्त णाइ** *जाव* **सद्धिं संपरिवुडे तं विउलं असणं पाणं खाइमं साइमं आसाएमाणे विहरइ । जिमियभुत्तुत्तरागए वि य णं आयंते चोक्खे परमसुइभूए तं मित्तणाइणियगसयण–संबंधिपरियणं विउलेणं पुप्फ–वत्थ–गंध–मल्लालंकारेणं सक्कारेइ सम्माणेइ, सक्कारित्ता सम्माणेत्ता देवदत्तं दारियं ण्हायं** *जाव* **विभूसियसरीरं पुरिससहस्सवाहिणिं सीयं दुरुहेइ, दुरुहेत्ता सुबहु मित्त** *जाव* **सद्धिं संपरिवुडे सव्विड्ढीए** *जाव* **दुंदुहिणिग्घोस णाइयरवेणं रोहीडयं णयरं मज्झमज्झेणं जेणेव वेसमणरण्णो गिहे, जेणेव वेसमणे राया, तेणेव उवागच्छइ, उवागच्छित्ता करयल परिग्गहियं** *जाव* **वद्धावेइ, वद्धावेत्ता वेसमणस्स रण्णो देवदत्तं दारियं उवणेइ ।**

**ભાવાર્થ :** ત્યાર પછી કોઈ સમયે દત્ત ગાથાપતિએ શુભતિથિ, કરણ, દિવસ, નક્ષત્ર અને મુહૂર્તમાં વિપુલ અશનાદિ સામગ્રી તૈયાર કરાવી, તૈયાર કરાવીને મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન સંબંધી તથા પરિજનોને આમંત્રણ આપી સ્નાનાદિ કરીને ***યાવત્*** વિભૂષિત થઈને, સુખપ્રદ આસન પર બેસીને, તે વિપુલ અશનાદિ સામગ્રીનું મિત્ર, જ્ઞાતિ, સ્વજન, સંબંધી અને પરિજનોની સાથે આસ્વાદન, વિસ્વાદન કર્યા પછી કોગળા કરી લીધા અને ભોજન કર્યા પછી મુખમાં રહેલા ભોજનના લેપને દૂર કરી એકદમ શુદ્ધ થઈને મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધીઓનો વિપુલ પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા અને અલંકારથી સત્કાર કર્યો, સન્માન કર્યું. ત્યાર પછી સ્નાન કરી ***યાવત્*** શારીરિક આભૂષણોથી વિભૂષિત કુમારી દેવદત્તાને એક હજાર પુરુષો ઉપાડી શકે તેવી શિબિકા–પાલખીમાં બેસાડી, બેસાડીને મિત્રો, જ્ઞાતિજનો આદિથી ઘેરાયેલો સર્વ પ્રકારની ઋદ્ધિ તથા વાજિંત્રાદિના શબ્દો સાથે વાજતે–ગાજતે રોહીતક નગરની મધ્યમાં થઈને જ્યાં મહારાજ વૈશ્રમણનું ઘર હતું અને જ્યાં વૈશ્રમણ રાજા હતા ત્યાં આવ્યો અને તે દત્ત સાર્થવાહે હાથ જોડીને ***યાવત્*** રાજાને વધાવ્યા, વધાવીને વૈશ્રમણરાજાને દેવદત્તા કન્યા અર્પણ કરી દીધી.

**૨૨ तए णं से वेसमणे राया देवदत्तं दारियं उवणीयं पासइ, पासित्ता हट्ठतुट्ठ**

विउलं असणं ४ उवक्खडावेइ, उवक्खडावेत्ता मित्त णाइ णियग सयण संबंधि परियणं आमंतेइ, *जाव* सक्कारेइ सम्माणेइ सक्कारित्ता सम्माणित्ता पूसणंदिकुमारं देवदत्तं च दारियं पट्टयं दुरुहेइ, दुरुहित्ता सेयापीएहिं कलसेहिं मज्जावेइ, मज्जावेत्ता वरणेवत्थाइं करेइ, करेत्ता अग्गिहोमं करेइ, करेत्ता पूसणंदिकुमारं देवदत्ताए दरियाए पाणिं गिण्हावेइ ।

तए णं से वेसमणे राया पूसणंदिस्स कुमारस्स देवदत्तं दारियं सव्विड्ढीए *जाव* रवेणं महया इड्ढीसक्कारसमुदएणं पाणिग्गहणं कारेइ, करेत्ता देवदत्ताए दारियाए अम्मापियरो मित्त *जाव* परियणं च विउलेणं असणपाणखाइमसाइमेणं वत्थगंधमल्लालंकारेण य सक्कारेइ सम्माणेइ सक्कारेत्ता सम्माणेत्ता पडिविसज्जेइ ।

तए णं से पूसणंदी कुमारे देवदत्ताए सद्धिं उप्पिं पासायवरगए फुट्टमाणेहिं मुइंगमत्थएहिं बत्तीसइबद्धणाडएहिं उवगिज्जमाणे उवगिज्जमाणे उवलालिज्जमाणे उवलालिज्जमाणे इट्ठे सद्द-फरिस-रस-रूव-गंधे विउले माणुस्सए कामभोगे पच्चणुभवमाणे विहरइ ।

**ભાવાર્થ :** ત્યારે રાજા વૈશ્રમણ અર્પણ કરાયેલી તે દેવદત્તા કન્યાને જોઈને અત્યંત હર્ષિત અને સંતુષ્ટ થયા. વિપુલ અશનાદિ તૈયાર કરાવ્યા અને મિત્રો, જ્ઞાતિજનો, નિજક, સ્વજન, સંબંધી અને પરિજનોને આમંત્રિત કરીને ***યાવત્*** (તેમને ભોજન કરાવ્યું અને પુષ્પ, વસ્ત્ર, ગંધ, માળા અને અલંકાર આદિથી) તેઓનો સત્કાર કર્યો, સન્માન કર્યું. ત્યાર પછી કુમાર પુષ્પનંદી અને કુમારી દેવદત્તાને બાજોઠ પર બેસાડીને સફેદ અને પીળા અર્થાત્ ચાંદી અને સોનાના કળશોથી સ્નાન કરાવ્યું. ત્યાર પછી તેમને સુંદર વેષભૂષાથી સુસજ્જિત કરાવીને હવન કરાવ્યો. હવન કર્યા બાદ કુમાર પુષ્પનંદી અને કુમારી દેવદત્તાનું પરસ્પર હાથ ગ્રહણ કરાવ્યું.

ત્યાર પછી તે વૈશ્રમણદત્ત રાજા, કુમાર પુષ્પનંદી અને દેવદત્તાના, સંપૂર્ણ ઋદ્ધિ ***યાવત્*** મહાન વાદ્ય–ધ્વનિ કરતાં મોટા સમારોહ સાથે ઠાઠમાઠથી કુમાર પુષ્પનંદી અને કુમારી દેવદત્તાનો વિવાહવિધિ સંસ્કાર સંપન્ન કર્યો. વિવાહવિધિ પૂર્ણ થયા પછી તે દેવદત્તાનાં માતાપિતા તથા તેમની સાથે આવેલાં બીજાં મિત્રજનો ***યાવત્*** પરિજનોનો પણ વિપુલ અશનાદિથી તથા વસ્ત્ર, ગંધ, માળા અને અલંકારોથી સત્કાર કર્યો, સન્માન કર્યું તથા સત્કાર, સન્માન કર્યા પછી તેમને વિદાય કર્યા.

ત્યાર પછી તે રાજકુમાર પુષ્પનંદી શ્રેષ્ઠીપુત્રી દેવદત્તાની સાથે ઉત્તમ મહેલમાં, વિવિધ પ્રકારનાં વાદ્યો અને જેમાં મૃદંગ વાગી રહ્યાં છે તેવાં ૩૨ પ્રકારનાં નાટકો દ્વારા, ગીતો અને ધ્વનિઓની સાથે ઈષ્ટ મનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ રૂપ મનુષ્ય સંબંધી ભોગ ભોગવતાં રહેવા લાગ્યા.

**२३** तए णं से वेसमणे राया अण्णया कयाइ कालधम्मुणा संजुत्ते । णीहरणं

*जाव* राया जाए पूसणंदी ।

**भावार्थ :** ત્યાર પછી કોઈ સમયે મહારાજ વૈશ્રમણદત્ત મૃત્યુ પામ્યા. તેમના મૃત્યુ પર શોકગ્રસ્ત પુષ્પનંદીએ ઘણા મોટા સમારોહ સાથે તેમની અંતિમ ક્રિયા કરી ***યાવત્*** પુષ્પનંદી રાજા થઈ ગયા.

**૨૪ तए णं से पूसणंदी राया सिरीए देवीए माइभत्ते यावि होत्था । कल्लाकल्लिं जेणेव सिरीदेवी तेणेव उवागच्छइ, उवागच्छित्ता सिरीए देवीए पायवडणं करेइ, करित्ता सयपाग–सहस्सपागेहिं तेल्लेहिं अब्भंगावेइ, अट्ठिसुहाए, मंससुहाए, तयासुहाए रोमसुहाए चउव्विहाए संवाहणाए संवाहावेइ, संवाहावेता सुरभिणा गंधवट्टएणं उवट्टावेइ, उवट्टावेत्ता तिहिं उदएहिं मज्जावेइ, तं जहा– उसिणोदएणं, सीओदएणं, गंधोदएणं । विउलं असणं पाणं खाइमं साइमं भोयावेइ भोयावेत्ता सिरीए देवीए ण्हायाए *जाव* जिमियभुत्तुत्तरागयाए तओ पच्छा ण्हाइ वा, भुंजइ वा, उरालाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणे विहरइ ।**

**भावार्थ :** પુષ્પનંદી રાજા પોતાની માતા શ્રીદેવીનો પરમ ભક્ત હતો. તે હંમેશાં માતા શ્રીદેવી જ્યાં પણ હોય ત્યાં જઈને શ્રીદેવીના ચરણોમાં પ્રણામ કરતો હતો, પ્રણામ કરીને શતપાક અને સહસ્રપાક(સો ઔષધીઓ અને હજાર ઔષધીઓથી બનાવેલ) તેલનો માલિશ કરી અસ્થિ, માંસ, ત્વચા અને રૂંવાડાને સુખકારી–શાતાકારી એવી ચાર પ્રકારની સંવાહન ક્રિયાથી શરીરને સુખ શાતા આપતો હતો. પછી સુગંધિત ચૂર્ણથી શરીરનું ઉવટન કરી ગરમ, ઠંડા અને સુગંધિત આવાં ત્રણ પ્રકારનાં પાણીથી સ્નાન કરાવતો, ત્યાર પછી વિપુલ અશનાદિનું ભોજન કરાવતો. આ પ્રમાણે શ્રીદેવીએ સ્નાન કરી લીધા પછી ***યાવત્*** ભોજન કરી, કોગળા કરીને મુખના લેપને દૂર કરીને પરમ શુદ્ધ થઈ ગયા પછી જ પુષ્પનંદી સ્નાન કરતો અને ભોજન કરતો હતો. પછી મનુષ્ય સંબંધી ભોગોનો ઉપભોગ કરતો આ રીતે તે માતાની ભક્તિ સાથે જીવન જીવતો હતો.

**૨૫ तए णं तीसे देवदत्ताए देवीए अण्णया कयाइ पुव्वरत्तावरत्तकालसमयंसि कुडुंबजागरियं जागरमाणीए इमेयारूवे *जाव* मणोगए संकप्पे समुपण्णे– एवं खलु पूसणंदी राया सिरीए देवीए माइभत्ते समाणे *जाव* विहरइ । तं एएणं वक्खेवेणं णो संचाएमि अहं पूसणंदिणा रण्णा सद्धिं उरालाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणी विहरित्तए । तं सेयं खलु ममं सिरिं देविं अग्गिप्पओगेण वा सत्थप्पओगेण वा विसप्पओगेण वा मंतप्पओगेण वा जीवियाओ ववरोवित्तए, ववरोवेत्ता पूसणंदिणा रण्णा सद्धिं उरालाइं माणुस्सगाइं**

**भोगभोगाइं भुंजमाणीए विहरित्तए, एवं संपेहेइ संपेहित्ता सिरीए देवीए अंतराणि य छिद्दाणि य विवराणि य पडिजागरमाणी विहरइ ।**

**ભાવાર્થ :** ત્યાર પછી કોઈ વખત રાત્રિના સમયે કુટુંબ સંબંધી ચિંતાઓથી વ્યગ્ર થયેલી દેવદત્તા જાગતી હતી, તે વખતે તેના હૃદયમાં એવો સંકલ્પ થયો કે– મહારાજ પુષ્પનંદી શ્રીદેવી માતાનો પરમ ભક્ત છે ***યાવત્*** માતાની સેવામાં જ રાજા લીન રહે છે. આ વિઘ્નને કારણે હું મહારાજ પુષ્પનંદી સાથે મનુષ્ય સંબંધી ઉત્તમ વિષય ભોગોનો ઈચ્છિત ઉપભોગ કરી શકતી નથી, તેથી મારા માટે હવે એ જ યોગ્ય છે કે અગ્નિ, શસ્ત્ર, વિષ અથવા મંત્રના પ્રયોગથી શ્રીદેવીને મારી નાંખવી, પછી મહારાજ પુષ્પનંદી સાથે ઉદાર, પ્રધાન મનુષ્ય સંબંધી વિષય ભોગોનો ઈચ્છા મુજબ ઉપભોગ કરું; એવો વિચાર કરીને તે શ્રીદેવીને મારવા માટે અંતર(જ્યારે રાજા ન આવે ત્યારે) છિદ્ર(રાજ પરિવારની કોઈપણ વ્યક્તિ ન હોય) અને વિવર(જે સમયે કોઈ સામાન્ય મનુષ્ય પણ ન હોય એવા સમય)ની પ્રતીક્ષા કરતી સમય પસાર કરતી હતી.

**૨૬ तए णं सा सिरीदेवी अण्णया कयाइ मज्जाइया विरहियसयणिज्जंसि सुहपसुत्ता जाया यावि होत्था । इमं च णं देवदत्ता देवी जेणेव सिरीदेवी तेणेव उवागच्छइ, उवागच्छित्ता, सिरिं देविं मज्जाइयं विरहियसयणिज्जंसि सुहपसुत्तं पासइ, पासेत्ता दिसालोयं करेइ, करेत्ता जेणेव भत्तघरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता लोहदंडं परामुसइ, परामुसित्ता लोहदंडं तावेइ, तत्तं समजोइभूयं फुल्लकिंसुयसमाणं संडासएणं गहाय जेणेव सिरीदेवी तेणेव उवागच्छइ, उवागच्छित्ता सिरीए देवीए अवाणंसि पक्खिवइ ।**

**तए णं सा सिरीदेवी महया-महया सद्दे णं आरसित्ता कालधम्मुणा संजुत्ता ।**

**ભાવાર્થ :** ત્યાર પછી કોઈ વખતે શ્રીદેવી એકાંતમાં પોતાની શય્યા પર સુખપૂર્વક સૂતેલી હતી. આ બાજુ દેવદત્તા પણ જ્યાં શ્રીદેવી હતાં ત્યાં આવી. સ્નાન કરેલ અને એકાંતમાં શય્યા પર સુખપૂર્વક સૂતેલી શ્રીદેવીને તેણે જોઈ. કોઈ મને જોતું નથીને ! એ નિર્ણય કરવા માટે ચારે બાજુ જોયું. ત્યાર પછી જ્યાં રસોડું હતું ત્યાં આવી, આવીને એક લોખંડના સળિયાને લીધો, લોખંડના સળિયાને અગ્નિમાં તપાવ્યો. જ્યારે તે સળિયો અગ્નિ જેવો અને કેસૂડાનાં ફૂલ જેવો લાલ થઈ ગયો ત્યારે તેને સાણસીથી પકડીને જ્યાં શ્રીદેવી હતી ત્યાં આવી, આવીને તે તપાવેલા લોઢાના સળિયાને શ્રીદેવીના મળદ્વારમાં(ગુદામાં) ખૂંચાડી દીધો. તે સળિયો ખૂંચાડવાથી મોટી ચીસ પાડીને આક્રંદન કરતી શ્રીદેવી તે જ સમયે મૃત્યુ પામી.

**૨૭ तए णं तीसे सिरीए देवीए दासचेडीओ आरसियसद्दं सोच्चा णिसम्म जेणेव सिरी देवी तेणेव उवागच्छंति, उवागच्छित्ता देवदत्तं देविं तओ**

**अवक्कममाणिं पासंति, पासित्ता जेणेव सिरीदेवी तेणेव उवागच्छंति, उवागच्छित्ता सिरिं देविं णिप्पाणं णिच्चेट्ठं जीवियविप्पजढं पासंति, पासित्ता हा हा अहो अकज्जं इति कट्टु रोयमाणीओ कंदमाणीओ विलवमाणीओ जेणेव पूसणंदी राया तेणेव उवागच्छंति, उवागच्छित्ता पूसणंदिं रायं एवं वयासी– एवं खलु सामी ! सिरीदेवी देवदत्ताए देवीए अकाले चेव जीवियाओ ववरोविया ।**

**तए णं पूसणंदी राया तासिं दासचेडीणं अंतिए एयमट्ठं सोच्चा णिसम्म महया माइसोएण अप्फुण्णे समाणे परसुणियत्ते विव चंपगवरपायवे धसत्ति धरणियलंसि सव्वंगेहिं सण्णिवडिए ।**

**ભાવાર્થ :** ત્યાર પછી તે ભયાનક ચિત્કારના શબ્દ સાંભળીને શ્રીદેવીનાં દાસદાસીઓ ત્યાં દોડી આવ્યા. આવતાં જ તેમણે ત્યાંથી દેવદત્તાને જતી જોઈ. જોઈને જ્યારે તે દાસીઓ શ્રીદેવી પાસે ગઈ તો તેમણે શ્રીદેવીને પ્રાણરહિત, ચેષ્ટાશૂન્ય અને જીવનરહિત થયેલી જોઈ. જોઈને ! હા ..હા.. ઘણો અનર્થ થઈ ગયો. આ પ્રમાણે કહીને રોતી, આક્રંદ કરતી તથા વિલાપ કરતી દાસીઓ જ્યાં પુષ્પનંદી રાજા હતા ત્યાં આવી, આવીને તેને આ પ્રમાણે કહ્યું કે હે સ્વામિન્ ! દેવદત્તા રાણીએ શ્રીદેવીને અકાળે મારી નાંખ્યા.

ત્યાર પછી રાજા પુષ્પનંદી તે દાસીઓ પાસેથી વૃત્તાંત સાંભળીને અને તેનો વિચાર કરીને મહાન માતૃશોકથી આક્રાંત થઈ ગયો. કુહાડાથી કાપેલા ચંપકવૃક્ષની જેમ ધડામ કરતો સંપૂર્ણ શરીરે નીચે ભૂમિ પર પડી ગયો.

**૨૮ तए णं से पूसणंदी राया मुहुत्तंतरेण आसत्थे वीसत्थे समाणे बहूहिं राईसर** *जाव* **सत्थवाहेहिं, मित्त** *जाव* **परियणेण य सद्धिं रोयमाणे कंदमाणे विलवमाणे सिरीए देवीए महया इड्डीए णीहरणं करेइ, करेत्ता आसुरुत्ते रुट्ठे कुविए चंडिक्किए मिसिमिसेमाणे देवदत्तं देविं पुरिसेहिं गिण्हावेइ, एएणं विहाणेणं वज्झं आणवेइ ।**

**तं एवं खलु गोयमा ! देवदत्ता देवी पुरापोराणाणं** *जाव* **पच्चणुभवमाणी विहरइ ।**

**ભાવાર્થ :** થોડા સમય પછી પુષ્પનંદી રાજા હોંશમાં આવ્યા. ત્યારે રાજા, મહારાજા(યુવરાજ) ***યાવત્*** સાર્થવાહોથી યુક્ત તથા મિત્રો ***યાવત્*** પરિજનોની સાથે રુદન, આક્રંદન અને વિલાપ કરતાં મહાન ઋદ્ધિ સાથે શ્રીદેવીની સ્મશાનયાત્રા કાઢી. ત્યાર પછી અત્યંત ક્રોધથી રુષ્ટ થઈ, કુપિત થઈ, લાલપીળો થઈ તેણે રાજપુરુષો દ્વારા દેવદત્તાદેવીને પકડાવી લીધી અને ઉપરોક્ત વિધિથી(જે તમે જોઈને આવ્યા છો) દેવદત્તાને મારવાની આજ્ઞા રાજપુરુષોને આપી.

આ પ્રમાણે નિશ્ચયથી હે ગૌતમ ! દેવદત્તા દેવી પૂર્વકૃત પાપકર્મોનું ફળ ભોગવી રહી છે.

## દેવદત્તાનું ભવિષ્ય :-

**૨૯** **देवदत्ता णं भंते ! देवी इओ कालमासे कालं किच्चा कहिं गमिहिइ ? कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! असीइं वासाइं परमाउयं पालइत्ता कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए णेरइएसु णेरइयत्ताए उववज्जिहिइ । संसारो तहेव** *जाव* **वणस्सई । तओ अणंतरं उवट्टित्ता गंगपुरे णयरे हंसत्ताए पच्चायाहिइ । से णं तत्थ साउणिएहिं वहिए समाणे तत्थेव गंगपुरे णयरे सेट्ठिकुलंसि उववज्जिहिइ । बोही । सोहम्मे । महाविदेहे वासे सिज्झिहिइ । णिक्खेवो जहा पढमस्स ।**

**ભાવાર્થ :** ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો– હે ભગવન્ ! દેવદત્તા દેવી અહીંથી મૃત્યુ પામીને ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે ?

ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું– હે ગૌતમ ! દેવદત્તા દેવી ૮૦ વર્ષનું પરમ આયુષ્ય ભોગવીને મૃત્યુના સમયે મૃત્યુ પામીને રત્નપ્રભા નામની પ્રથમ નરકભૂમિમાં નારકી રૂપે ઉત્પન્ન થશે. બાકીનું સંસાર પરિભ્રમણ પ્રથમ અધ્યયનવર્તી મૃગાપુત્રની જેમ ***યાવત્*** વનસ્પતિમાં(લીંબડા આદિ કડવાં વૃક્ષોમાં તથા કડવા દૂધવાળા આકડા આદિના છોડોમાં) લાખોવાર ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને સીધી ગંગપુર નગરમાં હંસ રૂપે ઉત્પન્ન થશે. ત્યાં પારધી દ્વારા વધ પામી તે જ ગંગપુર નગરમાં શ્રેષ્ઠીકુળમાં પુત્રરૂપે જન્મ લેશે. ત્યાં ધર્મ પામી સંયમની આરાધના કરી સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થશે, ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે. ત્યાં ચારિત્ર ગ્રહણ કરીને યથાવત્ પાલન કરી સિદ્ધિને પામશે. સર્વ કર્મોથી મુક્ત થશે.

નિક્ષેપ– આ અધ્યયનનું ઉપસંહાર વાક્ય પ્રથમ અધ્યયનની જેમ જાણવું.

## વિવેચન :-

(૧) સ્વાર્થ અને ભોગની લિપ્સા કેટલી ભયંકર હોય છે કે વ્યક્તિ પોતાના સંબંધ ભૂલી જાય છે અને ક્રોધાવેશમાં ભયંકર કૃત્ય કરી બેસે છે. આ જ કારણે લોકમાં ત્રણ પ્રકારના અંધ કહ્યા છે– ક્રોધાંધ, કામાંધ અને સ્વાર્થાંધ. આ ત્રણે ય અંધ દીર્ઘકાળ સુધી સંસારમાં ભવભ્રમણ કરે છે. દેવદત્તા, સિંહસેન વગેરે તેના જ્વલંત ઉદાહરણ છે. ભોગાસક્ત દેવદત્તા સાસુની સેવા ન કરતાં મારી નાખે છે અને અનંત સંસાર વધારે છે.

(૨) દેવદત્તા પૂર્વભવમાં અશુભકર્મોથી વ્યાપ્ત બુદ્ધિવાળી હતી. તેથી જ વિનાશ કાળે વિપરીત બુદ્ધિ સુઝી. અન્યથા તેને ૮૦ વર્ષ તો થઈ ચૂક્યા હતા, છતાં સાસુની હત્યા કરી. ખુદ કમોતે આક્રંદ કરતી મૃત્યુ પામી.

પતિ દ્વારા પત્ની હત્યાનું પાપ કરાવ્યું અને અનેક નગરીના લોકોનાં કર્મબંધનું કારણ બની. એક અધર્મી અનેકને બગાડે છે. તેના આ ભવ, પરભવ નિંદિત થાય છે.

(૩) સંસારના સ્વાર્થપૂર્ણ સંબંધોનું સ્પષ્ટ ચિત્ર આ અધ્યયનમાં અંકિત કર્યું છે. એક વ્યક્તિ ૪૯૯ સાસુઓને જીવતી સળગાવી દે, તો એક ૮૦ વર્ષની વહુ ૧૦૦ વર્ષની સાસુની હત્યા કરી નાખે છે. રાજકુળમાં મળેલું સુખ પણ કેટલું ભયંકર દુઃખદાયી બન્યું ! આ જાણી દુર્લભ માનવભવનું સ્વાગત ધર્માચરણ દ્વારા કરી જીવન સફળ બનાવવું જોઈએ. ચંચળ લક્ષ્મી અને સ્વાર્થી સંબંધોનો ત્યાગ કરી સંયમ–તપમાં પુરૂષાર્થ કરવો જોઈએ.

॥ અધ્યયન–૯ સંપૂર્ણ ॥

# દસમું અધ્યયન

## પરિચય :

આ અધ્યયનનું નામ 'અંજૂશ્રી' છે. તેમાં એક વેશ્યાના જીવનનો અને તેનાં ભાવિ પરિણામનો ઉલ્લેખ છે.

પ્રાચીન કાળમાં ભરતક્ષેત્રમાં ઈન્દ્રપુર નામનું નગર હતું. ત્યાં પૃથ્વીશ્રી નામની એક વેશ્યા રહેતી હતી. તે નગરના શેઠ, સેનાપતિ, રાજકર્મચારી આદિ નાગરિકોને વશીકરણ ચૂર્ણથી વશ કરી, તેઓની સાથે ભોગો ભોગવવામાં અત્યંત આસક્ત રહેતી. તેમાં તે પોતાનું કર્તવ્ય તથા આનંદ માનતી. આ પ્રકારે ૩૫૦૦ વર્ષ પસાર કર્યા. અંતે છઠ્ઠી નરકમાં ઉત્પન્ન થઈ. ત્યાં ૨૨ સાગરોપમ સુધી નરકનાં દુઃખો ભોગવી વર્ધમાન નગરમાં ધનદેવ સાર્થવાહની પુત્રી રૂપે જન્મ ધારણ કર્યો. તેનું નામ 'અંજૂશ્રી' રાખવામાં આવ્યું. યૌવનવય પ્રાપ્ત થતાં વિજયમિત્ર રાજા તેની ઉપર મોહિત થયો અને ધનદેવ સાર્થવાહ પાસે અંજૂશ્રીની માંગણી કરી. ધનદેવે બંનેના લગ્ન કરી દીધા. તેઓ બંને માનુષિક ભોગો ભોગવતાં રહેવા લાગ્યા.

કેટલાક સમય પછી ભોગાસક્ત અંજૂશ્રીની યોનિમાં શૂળવેદના ઉત્પન્ન થઈ. અંજૂશ્રી અસહ્ય વેદનાથી દીનતાપૂર્વક કરૂણ આક્રંદ કરવા લાગી. રાજાએ અનેક ઉપચાર કરાવ્યા. સર્વત્ર ઘોષણા કરાવી કુશળ વૈદ્યોને આમંત્રિત કરી ઈનામ જાહેર કર્યું. અનેક અનુભવી, કુશળ વૈદ્યો આવ્યા. ઘણા ઉપચાર કરવા છતાં બધા નિષ્ફળ ગયા.

અંજૂશ્રી અસહાય થઈ આર્તધ્યાન કરવા લાગી. દુસ્સહ મહાવેદનાથી તેનું ઔદારિક શરીર ક્ષીણ થવા લાગ્યું. એક વખત ગૌતમસ્વામી રાજાની અશોકવાટિકા પાસેથી પસાર થતા હતા. તેમના કાને કરુણ શબ્દો પડ્યા. તેમણે જોયું કે રાજરાણી હાડપિંજર જેવી બની કરુણ વિલાપ કરી રહી હતી. ગૌતમ સ્વામીએ ભગવાન પાસે જઈને જોયેલા દશ્યનું વર્ણન કરી પૂર્વભવ પૂછ્યો. તેના પૂર્વભવની વ્યથા સાંભળ્યા પછી ભવિષ્ય પૂછ્યું. ભગવાને ફરમાવ્યું કે–

અંજૂશ્રી આ અસહ્ય વેદના ભોગવતી ૯૦ વર્ષની ઉંમરે મૃત્યુ પામશે અને પ્રથમ નરકમાં જશે. ત્યાર પછી નરક, તિર્યંચ આદિ યોનિમાં મૃગાપુત્રની સમાન ભવભ્રમણ કરશે. અંતે મોર બની શિકારી દ્વારા મૃત્યુ પામશે. પછી શ્રેષ્ઠીપુત્ર બની સંયમ સ્વીકારશે. સંયમ, તપની આરાધના કરી પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ તે જ ભવે મોક્ષે જશે.

❖❖❖❖❖

# દસમું અધ્યયન

## અંજૂશ્રી

**અધ્યયન પ્રારંભ :–**

**१** दसमस्स उक्खेवो ।

**ભાવાર્થ :** દસમા અધ્યયનનો પ્રારંભ પ્રથમ અધ્યયનની જેમ જાણવો.

**२ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं वद्धमाणपुरे णामं णयरे होत्था । विजयवद्धमाणे उज्जाणे । मणिभद्दे जक्खे । विजयमित्ते राया । तत्थ णं धणदेवे णामं सत्थवाहे होत्था, अड्ढे** *जाव* **अपरिभूए । पियंगू णामं भारिया । अंजू दारिया** *जाव* **उक्किट्ठ सरीरा । समोसरणं,** *जाव* **परिसा पडिगया ।**

**ભાવાર્થ :** હે જંબૂ ! તે કાલે અને તે સમયે વર્ધમાનપુર નામનું એક નગર હતું. ત્યાં વિજયવર્ધમાન નામનું ઉદ્યાન હતું. તેમાં મણિભદ્ર યક્ષનું યક્ષાયતન હતું. ત્યાં વિજયમિત્ર નામના રાજા રાજ્ય કરતા હતા. ધનદેવ નામના સાર્થવાહ ત્યાં રહેતા હતા. તે ઘણા જ ધનવાન અને પ્રતિષ્ઠિત હતા. તેની પ્રિયંગુ નામની પત્ની હતી. તેની ઉત્કૃષ્ટ શરીરવાળી, સુંદર અંજૂ નામની એક બાલિકા હતી. એકવાર વિજયવર્ધમાન નામના ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા ***યાવત્*** પરિષદ ધર્મદેશના સાંભળી પાછી ફરી.

**અંજૂશ્રીનો પરિચય :–**

**३ तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी** *जाव* **अडमाणे विजयमित्तस्स रण्णो गिहस्स असोगवणियाए अदूरसामंतेणं वीईवयमाणे पासइ एगं इत्थियं– सुक्कं, भुक्खं णिम्मंसं, किडिकिडियाभूयं, अट्ठिचम्मावणद्धं णीलसाडगणियत्थं कट्ठाइं कलुणाइं विस्सराइं कूवमाणिं पासइ, पासित्ता चिंता तहेव** *जाव* **एवं वयासी– सा णं भंते ! इत्थिया पुव्वभवे का आसी ? वागरणं ।**

**ભાવાર્થ :** તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના જ્યેષ્ઠ શિષ્ય ***યાવત્*** ભિક્ષાર્થ ભ્રમણ કરતાં, વિજયમિત્ર

રાજાના ઘરની અશોકવાટિકાની નજીકથી પસાર થતાં તેઓએ એક દુબળા શરીરવાળી, ભૂખી, માંસરહિત શરીરવાળી, જેના હાડકાં ખખડી રહ્યાં હતાં, જેની ચામડી હાડકાં સાથે ચોંટી ગઈ હતી, જેનાં હાડ ચામ જ બાકી રહ્યાં હતા, જે નીલા રંગની સાડી પહેરેલી તેમજ કષ્ટમય, કરુણાજનક અને દીનતાપૂર્ણ વચન બોલતી હતી, તેવી એક સ્ત્રીને જોઈ. તેને જોઈને વિચાર કરવા લાગ્યા, વગેરે સર્વ વૃત્તાંત પૂર્વવત્ જાણવો ***યાવત્*** ગૌતમ સ્વામી ભગવાન પાસે આવીને આ પ્રમાણે બોલ્યા– હે ભગવન્ ! એ સ્ત્રી પૂર્વભવમાં કોણ હતી ? તેના ઉત્તરમાં ભગવાન મહાવીર સ્વામીએ આ પ્રમાણે કહ્યું–

## અંજૂશ્રીનો પૂર્વભવ :–

**૪ एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहेवासे इंदपुरे णामं णयरे होत्था । तत्थ णं इंददत्ते राया । पुढविसिरी णामं गणिया होत्था । वण्णओ । तए णं सा पुढविसिरी गणिया इंदपुरे णयरे बहवे राईसर** *जाव* **पभिइओ बहूहिं विज्जापओगेहि य मंतपओगेहि य चुण्णप्पओगेहि य हियउड्डावणेहि य णिण्हवणेहि य पण्हवणेहि य वसीकरणेहि य आभिओगिएहि य अभिओगेत्ता उरालाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणी विहरइ ।**

**ભાવાર્થ :** હે ગૌતમ ! તે કાલે અને તે સમયે આ જંબૂદ્વીપ નામના દ્વીપના ભારત વર્ષમાં ઈન્દ્રપુર નામનું એક નગર હતું. ત્યાં ઈન્દ્રદત્ત નામના રાજા રાજ્ય કરતા હતા. તે નગરમાં 'પૃથ્વીશ્રી' નામની એક વેશ્યા રહેતી હતી. તેનું વર્ણન પૂર્વવર્ણિત કામધ્વજાની જેમ જાણવું. ઈન્દ્રપુર નગરમાં તે ગણિકા અનેક રાજા સમાન ઐશ્વર્યવાન ***યાવત્*** સાર્થવાહ આદિ લોકોને ચૂર્ણાદિ(વશીકરણ સંબંધી)ના પ્રયોગોથી વશમાં કરીને મનુષ્ય સંબંધી ઉદાર–મનોજ્ઞ કામભોગોનો ઈચ્છા પ્રમાણે ઉપભોગ કરતી રહેતી હતી.

**૫ तए णं सा पुढविसिरी गणिया एयकम्मा एयप्पहाणा एयविज्जा एयसमायारा सुबहुं पावं कम्मं समिज्जिणित्ता पणतीसं वाससयाइं परमाउयं पालइत्ता कालमासे कालं किच्चा छट्ठीए पुढवीए उक्कोसेणं वावीसं सागरोवम ट्ठिइएसु णेरइएसु णेरइयत्ताए उववण्णा ।**

**ભાવાર્થ :** ત્યાર પછી તે તત્કર્મા, તત્પ્રધાના, તદ્વિદ્યા અને તત્સમાચારા તે પૃથ્વીશ્રી વેશ્યા ઘણાં પાપકર્મોનું ઉપાર્જન કરીને ૩૫૦૦ વર્ષનાં આયુષ્યને ભોગવીને મૃત્યુના અવસરે મૃત્યુ પામીને છઠ્ઠી નરકભૂમિની ૨૨ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નારકોમાં નારક રૂપે ઉત્પન્ન થઈ.

## અંજૂશ્રીનો વર્તમાન ભવ :–

**૬ सा णं तओ अणंतरं उवट्टित्ता इहेव वद्धमाणपुरे णयरे धणदेवस्स सत्थवाहस्स पियंगु भारियाए कुच्छिंसि दारियत्ताए उववण्णा । तए णं सा**

**पियंगु भारिया णवण्हं मासाणं बहुपडिपुण्णाणं दारियं पयाया । णामं अंजूसिरी । सेसं जहा देवदत्ताए ।**

**ભાવાર્થ** : ત્યાંથી નીકળીને તે આ જ વર્ધમાનપુર નગરમાં ધનદેવ નામના સાર્થવાહની પ્રિયંગુ નામની પત્નીના ઉદરમાં કન્યા રૂપે ઉત્પન્ન થઈ. ત્યાર પછી તે પ્રિયંગુએ નવમાસ પૂર્ણ થવા પર કન્યાને જન્મ આપ્યો અને તેનું નામ "અંજૂશ્રી" રાખ્યું. તેનું શેષ વર્ણન(નવમાં અધ્યયનમાં વર્ણિત) દેવદત્તાની જેમ જ જાણવું.

**૭ तए णं से विजये राया आसवाहणियाए जहा वेसमणदत्ते तहा अंजुं पासइ । णवरं अप्पणो अट्ठाए वरेइ, जहा तेयली *जाव* अंजूए भारियाए सद्धिं उप्पिं *जाव* विहरइ ।**

**ભાવાર્થ** : ત્યાર પછી વિજયમિત્રે અશ્વક્રીડા કરવા માટે જતાં વૈશ્રમણદત્તની જેમ જ અંજૂશ્રીને જોઈ અને તેતલીપુત્ર અમાત્યની જેમ તે કન્યાની પોતાને માટે માંગણી કરી ***યાવત્*** ઉન્નત પ્રાસાદોમાં(ઊંચા મહેલોમાં) અંજૂશ્રી સાથે આનંદપૂર્વક રહેવા લાગ્યા.

**૮ तए णं तीसे अंजूए देवीए अण्णया कयाइ जोणिसूले पाउब्भूए यावि होत्था । तए णं से विजये राया कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– गच्छह णं तुमं देवाणुप्पिया ! वद्धमाणपुरे णयरे सिंघाडग *जाव* एवं वयह– एवं खलु देवाणुप्पिया ! विजयस्स रण्णो अंजूए देवीए जोणिसूले पाउब्भूए ! जो णं इच्छइ वेज्जो वा वेज्जपुत्तो वा जाणुओ वा जाणुयपुत्तो वा तेगिच्छिओ वा तेगिच्छियपुत्तो वा अंजूए देवीए जोणीसूले उवसामित्तए, तस्स णं विजए राया विउलं अत्थसंपयाणं दलयइ । तए णं ते कोडुंबियपुरिसा *जाव* उग्घोसेंति ।**

**ભાવાર્થ** : કોઈ અન્ય સમયે અંજૂશ્રીના શરીરમાં યોનિશૂળ નામનો રોગ થયો. તેથી વિજય નરેશે કૌટુંબિક પુરુષોને કહ્યું– તમે લોકો વર્ધમાનપુર નગરના ત્રિપથ, ચતુષ્પથ ***યાવત્*** સામાન્ય રસ્તાઓમાં જઈને આ પ્રમાણે ઉદ્‌ઘોષણા કરો કે– દેવી અંજૂશ્રીને યોનિશૂળ રોગ થયો છે તેથી જો કોઈ વૈદ્ય યા વૈદ્યપુત્ર, જાણકાર અથવા જાણકારનો પુત્ર, ચિકિત્સક અથવા તેનો પુત્ર તેના રોગને શાંત કરી દેશે, મટાડી દેશે તો તેને મહારાજ વિજયમિત્ર પુષ્કળ ધન આપશે. સેવકોએ રાજાની આજ્ઞાથી પૂર્વોક્ત ઉદ્‌ઘોષણા કરી.

**९ तए णं ते बहवे वेज्जा वा–६, इमं एयारूवं उग्घोसणं सोच्चा णिसम्म जेणेव विजये राया तेणेव उवागच्छंति, उवागच्छित्ता अंजूए देवीए बहूहिं उप्पत्तियाहिं वेणइयाहिं कम्मियाहिं पारिणामियाहिं बुद्धीहिं परिणामेमाणा**

**इच्छंति अंजूए देवीए  जोणिसूलं उवसामित्तए णो संचाएंति उवसामित्तए । तए णं ते बहवे वेज्जा य-६, जाहे णो संचाएंति अंजूए देवीए जोणीसूलं उवसामित्तए ताहे संता, तंता परितंता जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया ।**

**तए णं सा अंजू देवी ताए वेयणाए अभिभूया समाणी सुक्का भुक्खा णिम्मंसा कट्ठाइं कलुणाइं विस्सराइं विलवइ ।**

**एवं खलु गोयमा ! अंजू देवी पुरा पोराणाणं** *जाव* **विहरइ ।**

**ભાવાર્થ :** ત્યાર પછી (રાજાની આજ્ઞાથી અનુચરો દ્વારા કરાયેલી) આ પ્રકારની ઉદ્‌ઘોષણાને સાંભળીને નગરના ઘણા અનુભવી વૈદ્ય, વૈદ્યપુત્રો, ચિકિત્સાકાદિ વિજયમિત્ર રાજા પાસે આવ્યા. પોતાની ઔત્પાત્તિકી, વૈનયિકી, કાર્મિકી અને પરિણામિકી બુદ્ધિઓ દ્વારા નિદાનાદિથી રોગનો નિર્ણય કરતાં વિવિધ પ્રયોગો દ્વારા દેવી અંજૂશ્રીના યોનિશૂળને ઉપશાંત કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેમના પ્રયોગોથી દેવી અંજૂશ્રીનો યોનિશૂળ રોગ શાંત ન થયો, ત્યારે તે અનુભવી વૈદ્ય આદિ અંજૂશ્રીના યોનિશૂળને શાંત ન કરી શક્યા અને ખિન્ન, શ્રાન્ત તથા હતોત્સાહી થઈને જ્યાંથી આવ્યા હતા ત્યાં ચાલ્યા ગયા.

ત્યાર પછી દેવી અંજૂશ્રી તે યોનિશૂળ વેદનાથી દુઃખી થતી, સુકાવા લાગી, ભૂખી રહેવા લાગી અને માંસરહિત શરીરવાળી થઈને કષ્ટપૂર્ણ, કરુણાજનક અને દીનતાપૂર્ણ શબ્દોમાં વિલાપ કરતી જીવન વ્યતીત કરવા લાગી.

ભગવાને કહ્યું– હે ગૌતમ ! આ પ્રમાણે રાણી અંજૂશ્રી પોતાનાં પૂર્વોપાર્જિત પાપકર્મોનાં ફળનો ઉપભોગ કરતી જીવન વ્યતીત કરી રહી છે.

### અંજુશ્રીનું ભવિષ્ય અને ભવભ્રમણ :–

**१० अंजू णं भंते ! देवी इओ कालमासे कालं किच्चा कहिं गच्छिहिइ ? कहिं उववज्जिहिइ ।**

**गोयमा ! अंजू णं देवी णउइं वासाइं परमाउयं पालइत्ता कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए णेरइएसु णेरइयत्ताए उववज्जिहिइ । एवं संसारो जहा पढमे तहा णेयव्वं** *जाव* **वणस्सई । सा णं तओ अणंतरं उवट्टित्ता सव्वओभद्दे णयरे मयूरत्ताए पच्चायाहिइ । से णं तत्थ साउणिएहिं वहिए समाणे तत्थेव सव्वओभद्दे णयरे सेट्ठिकुलंसि पुत्तत्ताए पच्चायाहिइ ।**

**से णं तत्थ उम्मुक्क बालभावे तहारूवाणं थेराणं अंतिए केवलं बोहिं बुज्झिहिइ । पवज्जा । सोहम्मे ।**

**से णं ताओ देवलोगाओ आउक्खएणं भवक्खएणं ठिइक्खएणं कहिं गच्छिहिइ ? कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! महाविदेहे वासे जहा पढमे** *जाव* **सव्व दुक्खाणमंतं काहिइ ।**

**एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं दुहविवागाणं दसमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते । सेवं भंते । सेवं भंते । त्ति बेमि ।**

**ભાવાર્થ** : ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો– અહો ભગવાન ! અંજૂદેવી અહીંથી મૃત્યુના અવસરે મૃત્યુ પામીને ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે ?

ભગવાને ઉત્તર આપ્યો– હે ગૌતમ ! અંજૂ દેવી ૯૦ વર્ષના પરમ આયુષ્યને ભોગવીને મૃત્યુના સમયે મૃત્યુ પામીને આ રત્નપ્રભા નામની પૃથ્વીમાં નારક રૂપે ઉત્પન્ન થશે. તેનું બાકીનું સંસારભ્રમણ પ્રથમ અધ્યયનની જેમ જાણવું ***યાવત્*** વનસ્પતિમાં લીંબડા આદિ કડવાં વૃક્ષો તથા કડવા દૂધવાળા આકડા વગેરે છોડોમાં લાખોવાર ઉત્પન્ન થશે. પછી સર્વતોભદ્ર નામના નગરમાં મોર રૂપે ઉત્પન્ન થશે. ત્યાં તે મોર, પારધી દ્વારા તેનો વધ થશે અને ત્યાંથી તે જ સર્વતોભદ્ર નગરના પ્રસિદ્ધ શ્રેષ્ઠીકુળમાં પુત્ર રૂપે ઉત્પન્ન થશે. ત્યાં બાળપણને છોડી, યુવાવસ્થાને પામીને, વિજ્ઞાનની પરિપક્વ અવસ્થાને પામતો તે તથારૂપના સ્થવિરો પાસે ધર્મને પ્રાપ્ત કરશે, પછી દીક્ષા ગ્રહણ કરીને, સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થશે.

[ગૌતમ] હે ભગવન્ ! દેવલોકનું આયુષ્ય, ભવ અને સ્થિતિ પૂર્ણ થયા પછી તે ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે ?

[ભગવાન] ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં તે ઉત્તમ કુળમાં જન્મ ધારણ કરશે. જેવી રીતે પહેલા અધ્યયનમાં વર્ણન કર્યું છે તેમ ***યાવત્*** સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે, સર્વ દુઃખોનો અંત કરશે.

[સુધર્મા] હે જંબૂ ! આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ દુઃખવિપાક નામના પ્રથમ વર્ગના દસમા અધ્યયનનો અર્થ પ્રતિપાદન કર્યો છે.

[જંબૂ] હે ભગવન્ ! આપનું આ કથન સત્ય છે, પરમ સત્ય છે. —એમ હું કહું છું.

## વિવેચન :–

(૧) કોઈપણ તીવ્રતમ વેદના લાંબો સમય રહેતી નથી પરંતુ ક્યારેક પ્રગાઢ કર્મોનો નિકાચિત ઉદય હોય તો અંજૂશ્રી જેવું બને છે.

(૨) ઈન્દ્રિય વિષય સુખોનો આનંદ જીવનને માટે મીઠા ઝેર સમાન છે.

**''संसार मोक्खस्स विपक्खभूया, खाणी अणत्थाण हु कामभोगा,''** અર્થાત્ આ કામભોગો મોક્ષના વિરોધી એવં અનર્થોની ખાણ સમાન છે.

(૩) તીવ્ર પાપ–કર્મોદય થતાં કોઈ શરણભૂત હોતા નથી. જીવનમાં ધર્મના સંસ્કાર ન હોય તો જીવ આ પ્રકારના દુ:ખોથી દુ:ખી થાય છે અને આર્તધ્યાન એવં સંકલ્પ વિકલ્પોમાં મરી દુ:ખોની પરંપરા વધારે છે.

(૪) પરંતુ જીવનમાં જો ધર્મ આત્મસાત્ કર્યો હોય તો આવી વિકટ પરિસ્થિતિમાં શાંતિથી કર્મોને ભોગવી ભવિષ્યને કલ્યાણમય બનાવી શકે છે. ધર્મ એવું રસાયણ છે કે જે દુ:ખમાં પણ સુખી બનાવે છે. સંકટ સમયે ચિત્તને પ્રસન્ન રાખવાનું ધર્મ જ શીખવાડે છે.

(૫) ધર્મ દ્વારા અનંત આત્મશક્તિ અને ઉત્સાહ જાગૃત થાય છે. આવી વ્યક્તિ ગજસુકુમાર, અર્જુન માળીની જેમ શાંતિપૂર્વક કર્મોનાં કરજને ચૂકવી મોક્ષ પ્રાપ્ત કરે છે.

(૬) આ દુ:ખવિપાક સૂત્રમાં હિંસક, ક્રૂર, ભોગાસક્ત, સ્વાર્થાંધ, માંસાહારી અને શરાબી જીવોનાં જીવનનું ચિત્રણ કર્યું છે. તેમનાં કૃત્યોના કટુ પરિણામો બતાવ્યા છે. શુદ્ધ, સાત્વિક, વ્યસનમુક્ત અને પાપમુક્ત જીવન જીવવાની પ્રેરણા આપવામાં આવી છે.

**॥ અધ્યયન–૧૦ સંપૂર્ણ ॥**

**॥ પ્રથમ શ્રુતસ્કંધ દુ:ખવિપાકસૂત્ર સંપૂર્ણ ॥**

# દ્વિતીય શ્રુતસ્કંધ

## સુખવિપાક સૂત્ર

### પરિચય :

શ્રી વિપાકસૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધ–સુખવિપાક સૂત્રમાં કર્મોના શુભફળ અને તદ્દવિષયક કથાનકોનો ઉલ્લેખ છે.

કાર્મણજાતિના પુદ્દગલો જીવની સાથે બદ્ધ થાય તે પહેલાં એક સમાન સ્વભાવવાળા હોય પરંતુ જ્યારે તે જીવની સાથે બંધાય ત્યારે જીવના યોગના નિમિત્તથી તેનામાં વિવિધ પ્રકારના સ્વભાવ(પ્રકૃતિ) ઉત્પન્ન થઈ જાય છે. તે સ્વભાવ જ જૈનાગમમાં "કર્મ પ્રકૃતિ"ના નામથી પ્રસિદ્ધ છે. એવી પ્રકૃતિઓ મૂળ આઠ છે, પછી તેના અવાંતર અનેકાનેક ભેદ–પ્રભેદ પડે છે.

કર્મપ્રકૃતિઓ વિપાકની દષ્ટિએ બે ભાગમાં વિભક્ત છે– અશુભ અને શુભ. જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતિકર્મોની બધી અવાંતર પ્રકૃતિઓ અશુભ છે. અઘાતિ કર્મોની પ્રકૃતિઓના બે ભેદ છે. તેમાં કેટલીક અશુભ છે અને કેટલીક શુભ છે. અશુભ પ્રકૃતિઓને પાપપ્રકૃતિ કહેવાય છે. જેનું ફળ–વિપાક જીવને માટે અનિષ્ટ, અકાંત, અપ્રિય અને દુઃખ રૂપ હોય છે. શુભ કર્મપ્રકૃતિઓનું ફળ તેનાથી વિપરીત– ઈષ્ટ, કાંત, પ્રિય અને સાંસારિક સુખને આપનાર છે. બંને પ્રકારનાં ફળ–વિપાકને સરળ, સરસ અને સુગમ રૂપે સમજવા માટે વિપાક સૂત્રની રચના થઈ છે.

જો કે પાપ અને પુણ્ય બંને પ્રકારની કર્મપ્રકૃતિઓનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે જ મોક્ષ મળે. તેમ છતાં પણ બંને પ્રકારની પ્રકૃતિઓમાં કેટલું અને કેવું અંતર છે તે વિપાક સૂત્રમાં વર્ણિત કથાનકોનાં માધ્યમથી સમજી શકાય છે.

દુઃખવિપાક સૂત્રના કથાનાયક મૃગાપુત્ર આદિ અને સુખવિપાક સૂત્રના કથાનાયક સુબાહુકુમાર આદિ બંને પ્રકારના કથાનાયકોની ચરમ સ્થિતિ–અંત એક સમાન છે, તો પણ મોક્ષે જાય તે પહેલાંના તેના સંસાર પરિભ્રમણનું ચિત્ર વિશેષ વિચારણીય છે. પાપાચારી મૃગાપુત્ર આદિને ઘોરતર, ઘોરતમ દુઃખમય દુર્ગતિઓમાંથી દીર્ઘ–દીર્ઘતર કાળ સુધી પસાર થવું પડશે. અનેકાનેકવાર નરકોમાં, એકેન્દ્રિયોમાં તથા બીજી અત્યંત વિષમ એવં ત્રાસજનક યોનિઓમાં દુસ્સહ વેદનાઓ ભોગવવી પડશે. ત્યાર પછી ક્યાંક તે માનવ ભવ પામી તે જીવો સિદ્ધગતિને પ્રાપ્ત થશે.

સુખવિપાક સૂત્રના કથાનાયક સુબાહુકુમાર આદિને પણ અસંખ્યકાળ સુધી સંસારમાં રહેવું પડશે પરંતુ તેના દીર્ઘકાળનો અધિકાંશ ભાગ સ્વર્ગીય સુખોના ઉપભોગમાં અથવા સુખમય માનવ ભવમાં જ વ્યતીત થશે.

પુણ્યકર્મના ફળથી થનાર સુખરૂપ વિપાક અને પાપાચારના ફળ સ્વરૂપ થનાર દુઃખમય વિપાક, આ બંનેની તુલના કરીએ તો ખ્યાલ આવશે કે પાપ અને પુણ્ય બંને બંધન રૂપે હોવા છતાં પણ બંનેનાં ફળમાં અંધકાર અને પ્રકાશ જેટલું અંતર છે.

મુમુક્ષુ સાધક એકાંત રૂપે સંવર અને નિર્જરાના કારણભૂત સંયમ તપમાં જ રમણ કરે છે. પુણ્ય અને પાપ બંને પ્રવૃત્તિઓથી દૂર રહે છે, છતાં કર્મ બંધ તો છટ્ઠા ગુણસ્થાનથી તેરમા ગુણસ્થાન સુધી ચાલુ જ રહે છે. તે બંધમાં પુણ્ય પ્રકૃતિઓનો બંધ વધારે છે, પાપ પ્રકૃતિઓનો બંધ ઓછો છે. એ પુણ્ય પાપ કર્મ પ્રકૃતિઓ જુદી છે. તે જ રીતે પુણ્ય અને પાપની પ્રવૃત્તિઓ પણ જુદી છે. સંયમસાધક આત્માઓ પુણ્ય પ્રવૃત્તિઓ કરતા નથી પરંતુ સંવર, નિર્જરાની પ્રવૃત્તિઓ જ કરે છે. તેનાથી તેઓને શુભ કર્મ એટલે પુણ્યકર્મનો બંધ થયા કરે છે.

વિપાક સૂત્રના બીજા શ્રુતસ્કંધમાં પુણ્યશાળી પુરુષોનું વર્ણન છે. તેમાં પણ પ્રથમ શ્રુતસ્કંધની જેમ દશ અધ્યયન છે.

પ્રથમ અધ્યયનમાં સુબાહુકુમારનું વર્ણન છે. પરમ પુણ્યના ઉદયથી સુબાહુને રાજ પરિવારમાં જન્મ તેમજ શ્રમણ ભગવાન મહાવીરના સમાગમનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. પુણ્યયોગે તેનું શરીર સુંદર, મનોહર, સૌમ્ય અને પ્રિય હતું. તે એટલા બધા પ્રિયદર્શનીય હતા કે ગૌતમ સ્વામી જેવા વિરક્ત મહાપુરુષનું હૃદય પણ તેમના તરફ આકૃષ્ટ થયું. ગૌતમ સ્વામી ભગવાનને તેમની મનોહરતા અને સૌમ્યતાનું કારણ પૂછ્યું, તેના પૂર્વભવના વિષયમાં પૃચ્છા કરી, તેના ઉત્તરરૂપે સુખવિપાક સૂત્રના ભાવો પ્રરૂપિત થયા છે.

ક્યાં મૃગાપુત્ર આદિનું દુઃખોથી પરિપૂર્ણ લાંબુ ભવભ્રમણ અને ક્યાં સુબાહુકુમારાદિનું સુખમય સંસારનું ભ્રમણ ? બંનેની તુલના કરવાથી પાપ અને પુણ્યનું અંતર સરળતાથી સમજી શકાય છે.

પ્રથમ અધ્યયનના સુબાહુકુમારના વર્ણનની જેમ જ શેષ બીજાં અધ્યયનોમાં પુણ્યશાળી નવ આત્માઓનું વર્ણન છે. નામ આદિની ભિન્નતા હોવા છતાં પણ મુખ્ય તત્ત્વ સમાન છે.

❖❖❖❖❖

# પ્રથમ અધ્યયન

## પરિચય :

હસ્તિશીર્ષ નામના નગરમાં અદીનશત્રુ રાજાની ધારિણી પ્રમુખ ૧૦૦૦ રાણીઓ હતી. ધારિણી રાણીને સુબાહુકુમાર નામનો પુત્ર હતો. તેણે પુરુષોની ૭૨ કળાઓનું જ્ઞાન મેળવ્યું હતું. યૌવનવય પ્રાપ્ત થતાં માતાપિતાએ ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે એક જ દિવસમાં વિવાહ કરાવ્યો. પ્રીતિદાનમાં ૫૦૧ ભવ્ય મહેલ આપ્યા. ત્યાં સુબાહુકુમાર સુખપૂર્વક રહેવા લાગ્યા.

કોઈ સમયે ગ્રામાનુગ્રામ વિચરતાં વિચરતાં ભગવાન મહાવીર સ્વામી હસ્તિશીર્ષ નગરમાં પધાર્યા. પરિષદ તેમજ જિતશત્રુ રાજા તથા સુબાહુકુમારાદિ દેશના સાંભળવા ઉપસ્થિત થયાં. ધર્મોપદેશ સાંભળી રાજા અને નગરવાસીઓ પાછા વળ્યા.

સુબાહુકુમારે ભગવાનને વંદન નમસ્કાર કરી કહ્યું– હે ભંતે ! હું નિર્ગ્રંથ પ્રવચન–વીતરાગધર્મની શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ કરું છું. આપના ચરણોમાં જે રાજા, રાજકુમાર, રાજકર્મચારી, શેઠ, સેનાપતિ અણગાર બને છે તેમને ધન્ય છે. હું તેમની જેમ સંયમ ગ્રહણ કરી શકતો નથી પરંતુ ગૃહસ્થ જીવનમાં રહીને શ્રાવકનાં બાર વ્રતનો સ્વીકાર કરવાની ઈચ્છા રાખું છું. ત્યાર પછી ભગવાનની આજ્ઞા અનુસાર તેણે વ્રત ધારણ કર્યાં. મહિનામાં આઠમ, ચૌદસ, પૂનમ અને અમાવસ્યાના દિને પૌષધ કરી આત્મ જાગરણ કરવા લાગ્યા.

સુબાહુકુમારના વૈભવ એવં સૌમ્યતાથી ગૌતમ સ્વામી આકર્ષાયા. તેમણે ભગવાનને પૂછ્યું કે– સુબાહુકુમાર ઈષ્ટ, શાંત, કાંત, પ્રિય, મનોજ્ઞ, સૌમ્ય અને સૌભાગ્યશાળી લાગે છે, સાધુજનોને પણ પ્રિય, આનંદકારી અને મનોહર લાગે છે, તો તેણે પૂર્વભવમાં શું કર્યું હતું ? શું ખાધું ? કયા ગુણ ઉપલબ્ધ કર્યા હતા ? કોની પાસે ધર્મશ્રવણ કરીને તેનું અનુપાલન કર્યું હતું ?

ભગવાને સૂબાહુકુમારનો પૂર્વભવ કહ્યો– હસ્તિનાપુર નગરમાં સુમુખ ગાથાપતિ રહેતા હતા, જે ધનાઢ્ય હતા. ધર્મઘોષ સ્થવિર વિચરણ કરતાં ત્યાં પધાર્યા. સુદત્ત નામના અણગાર માસખમણના પારણાને માટે ગુરુની આજ્ઞા લઈ નગરમાં પધાર્યા. ભિક્ષાર્થે ભ્રમણ કરતાં સુમુખ ગાથાપતિના ઘરે આવ્યા.

સુમુખ ગાથાપતિ મુનિને જોતાં જ હર્ષિત થયા તેમણે આસન ઉપરથી ઉઠી, પગમાંથી પાદુકાઓ કાઢી, મુખે ઉત્તરાસન રાખી, સાત આઠ પગલા સામે જઈ, હાથ જોડી ત્રણ આવર્તન આપી વંદન નમસ્કાર કર્યા. મુનિરાજને ભોજનગૃહમાં લાવ્યા અને 'આજે હું મુનિરાજને પર્યાપ્ત આહારદાન આપીશ' આવો શુભ સંકલ્પ કર્યો. તેઓ આહારદાન સમયે અને ત્યાર પછી પણ અત્યંત ખુશ થયા. પોતાને કૃતકૃત્ય

માનતા હર્ષવિભોર બન્યા. આ પ્રમાણે (૧) ત્રૈકાલિક ભાવ વિશુદ્ધિ (૨) તપસ્વી ભાવિતાત્માનો સંયોગ (૩) ઘરમાં જ સહજ નિષ્પન્ન નિર્દોષ પ્રાસુક આહારનું દાન દેવાથી સુમુખ શેઠે સંસાર ભ્રમણ મર્યાદિત કર્યું અર્થાત્ સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ થઈ.

તેનાં ઘરમાં પાંચ દિવ્ય પ્રગટ થયા (૧) સુવર્ણવૃષ્ટિ (૨) પુષ્પવૃષ્ટિ (૩) ધ્વજા (૪) દેવદુંદુભિ (૫) 'અહો દાનં–મહાદાનં'ની આકાશમાં દિવ્યવાણી. આ વાત આખા નગરમાં ફેલાઈ ગઈ. સર્વત્ર સુમુખ ગાથાપતિના નામનો જયજયકાર થવા લાગ્યો. સુમુખે યથા સમયે મનુષ્યાયુનો બંધ કર્યો અને ત્યાંથી અનેક વર્ષોનું આયુષ્ય પૂર્ણ કરી સુબાહુકુમાર રૂપે જન્મ લીધો છે. તેમણે સુપાત્રદાનના સર્વાંગ સુંદર સંયોગથી આ પ્રકારની ઋદ્ધિ સંપદાને પ્રાપ્ત કરી છે. જેથી જોતાં જ તે બધાને પ્રિયકર લાગે છે.

આ વર્ણન સાંભળી ગૌતમ સ્વામીએ ફરી પ્રશ્ન પૂછ્યો– ભંતે ! સુબાહુકુમાર ગૃહ ત્યાગ કરી આપની પાસે અણગાર બનશે ? ભગવાને કહ્યું– કેટલોક સમય શ્રાવક વ્રતનું પાલન કરશે. ત્યાર બાદ સંયમ ગ્રહણ કરશે. યથા સમયે ભગવાને ત્યાંથી વિહાર કર્યો.

શ્રમણોપાસકના શ્રેષ્ઠ ગુણો યુક્ત સુબાહુકુમાર જે સમયે પૌષધ કરી ધર્મ જાગરણ કરી રહ્યા હતા, તે સમયે એવો મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે તે ક્ષેત્રને ધન્ય છે જ્યાં ભગવાન વિચરી રહ્યા છે, તે ભવ્ય જીવને ધન્ય છે જે ભગવાનની પાસે સંયમ અથવા શ્રાવક વ્રત સ્વીકાર કરી રહ્યા છે. જો ભગવાન વિહાર કરતાં અહીં પધારે તો હું પણ અવશ્ય સંયમ ગ્રહણ કરીશ.

સુબાહુકુમારના મનોગત ભાવોને જાણી ભગવાન વિચરણ કરતાં હસ્તિશીર્ષ નગરમાં પધાર્યા. માતાપિતાની આજ્ઞા લઈ સુબાહુકુમાર દીક્ષિત થયા. તેઓએ અગિયાર અંગ કંઠસ્થ કર્યા. વિવિધ તપશ્ચર્યા કરી અને અંતે એક મહિનાની સંલેખના કરી કાળધર્મ પામ્યા. સુબાહુ અણગાર ક્રમશઃ સાત મનુષ્યના ભવોમાં સંયમની આરાધના કરશે અને વચ્ચે પહેલા, ત્રીજા, પાંચમા, સાતમા, નવમા, અગિયારમા દેવલોક એવં સર્વાર્થસિદ્ધ વિમાન, આમ સાત દેવના ભવ કરશે. ત્યાર પછી ચૌદમા એટલે કે આ ભવ સાથે પંદરમા ભવમાં સંયમ તપની આરાધના કરી મોક્ષે જશે.

❖❖❖❖❖

# પ્રથમ અધ્યયન

## સુબાહુકુમાર

**અધ્યયન પ્રારંભ :–**

**૧ तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे । गुणसिलए चेइए । सुहम्मे समोसढे । जंबू** *जाव* **पज्जुवासमाणे एवं वयासी– जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं दुहविवागाणं अयमट्ठे पण्णत्ते, सुहविवागाणं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**तए णं से सुहम्मे अणगारे जंबुं अणगारं एवं वयासी– एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं सुहविवागाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा–**

**सुबाहू भद्दणंदी य, सुजाए य सुवासवे ।**
**तहेव जिणदासे य, धणवई य महब्बले ।।**
**भद्दणंदी महच्चंदे, वरदत्ते तहेव य ।।**

**ભાવાર્થ :** તે કાલે અને તે સમયે રાજગૃહનગરમાં ગુણશીલ નામના ઉદ્યાનમાં અણગાર શ્રી સુધર્માસ્વામી પધાર્યા. તેની પર્યુપાસના–સેવામાં સંલગ્ન રહેલા શ્રી જંબૂસ્વામીએ પ્રશ્ન કર્યો– પ્રભો ! શ્રમણ ભગવંત મહાવીર સ્વામી ***યાવત્*** મોક્ષને પ્રાપ્ત થયા છે, તેમણે દુ:ખવિપાકસૂત્રનો આ અર્થ પ્રતિપાદિત કર્યો છે તો હે ભગવંત ! મોક્ષને સંપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ સુખવિપાક સૂત્રનો શો અર્થ પ્રતિપાદિત કર્યો છે ?

ત્યારે સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને આ પ્રમાણે કહ્યું– હે જંબૂ ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે સુખવિપાકસૂત્રનાં દસ અધ્યયન કહ્યાં છે. તે આ પ્રમાણે છે–

(૧) સુબાહુ (૨) ભદ્રનંદી (૩) સુજાત (૪) સુવાસવ (૫) જિનદાસ (૬) ધનપતિ (૭) મહાબલ (૮) ભદ્રનંદી (૯) મહચંદ્ર (૧૦) વરદત્ત.

**૨ जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं सुहविवागाणं**

**दस अज्झयणा पण्णत्ता, पढमस्स णं भंते ! अज्झयणस्स सुहविवागाणं समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ? तए णं से सुहम्मे अणगारे जंबुं अणगारं एवं वयासी–**

**ભાવાર્થ :** હે ભગવન્ ! મોક્ષ સંપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ જો સુખવિપાકસૂત્રનાં સુબાહુ આદિ દસ અધ્યયનો પ્રતિપાદિત કર્યાં છે, તો હે ભગવન્ ! મોક્ષ સંપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ સુખવિપાકસૂત્રના પ્રથમ અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

ત્યારે આ પ્રશ્નના ઉત્તરમાં શ્રી સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને આ પ્રમાણે કહ્યું–

**३ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं हत्थिसीसे णामं णयरे होत्था । रिद्धत्थिमियसमिद्धे, वण्णओ । तत्थ णं हत्थिसीसस्स णयरस्स बहिया उत्तर–पुरत्थिमे दिसीभाए एत्थ णं पुप्फकरंडए णामं उज्जाणे होत्था, सव्वोउय–पुप्फ फल समिद्धे, वण्णओ । तत्थ णं कयवणमालपियस्स जक्खस्स जक्खाययणे होत्था । वण्णओ ।**

**तत्थ णं हत्थिसीसे णयरे अदीणसत्तू णामं राया होत्था, महया हिमवंत** *जाव* **रज्जं पसासेमाणे विहरइ । तस्स णं अदीणसत्तुस्स रण्णो धारिणीपामोक्खा देवीसहस्सं ओरोहे यावि होत्था ।**

**ભાવાર્થ :** હે જંબૂ ! તે કાલે અને તે સમયે હસ્તિશીર્ષ નામનું એક મોટું નગર હતું. તે નગર ભવનાદિ વૈભવથી યુક્ત, સ્વચક્ર અને પરચક્રના ભયથી મુક્ત–સુરક્ષિત અને ધન–ધાન્યથી પરિપૂર્ણ અને સમૃદ્ધ હતું. નગરનું વર્ણન ઔપપાતિક સૂત્રથી જાણવું. તે નગરની બહાર ઉત્તર અને પૂર્વદિશાની મધ્યમાં અર્થાત્ ઈશાન ખૂણામાં પુષ્પકરંડક નામનું એક રમણીય ઉદ્યાન હતું. તે સર્વ ઋતુઓમાં ઉત્પન્ન થનારાં ફળફૂલો આદિથી યુક્ત હતું, વગેરે વર્ણન જાણવું. તે ઉદ્યાનમાં કૃતવનમાલપ્રિય નામના યક્ષનું યક્ષાયતન હતું. તે ઘણું જ સુંદર હતું, વગેરે વર્ણન જાણવું.

ત્યાં અદીનશત્રુ નામના રાજા રાજ્ય કરતા હતા. તે હિમાલય આદિ પર્વતની સમાન રાજાઓમાં મહાન હતા ***યાવત્*** તે રાજ્યનું શાસન કરતા હતા. અદીનશત્રુ રાજાના અંતઃપુરમાં ધારિણી પ્રમુખ અર્થાત્ ધારિણી જેમાં મુખ્ય રાણી છે, તે સહિત હજાર રાણીઓ હતી.

## સુબાહુકુમારનો પરિચય :–

**४ तए णं सा धारिणी देवी अण्णया कयाइ तंसि तारिसगंसि वासघरंसि सीहं सुमिणे पासइ जहा मेहस्स जम्मणं तहा भाणियव्वं** *जाव* **सुबाहुकुमारे**

**अलंभोगसमत्थे जाए यावि होत्था ।**

**तए णं तं सुबाहुकुमारं अम्मापियरो बावत्तरिकलापंडियं** *जाव* **अलंभोगसमत्थं वा वि जाणंति, जाणित्ता अम्मापियरो पंच पासायवडिंसगसयाइं कारवेंति अब्भुग्गयमूसियपहसियाइं । एगं च णं महं भवणं कारेंति एवं जहा महाबलस्स रण्णो णवरं पुप्फचूला पामोक्खाणं पंचण्हं रायवरकण्णगसयाणं एगदिवसेणं पाणिं गिण्हावेंति । तहेव पंचसइओ दाओ,** *जाव* **उप्पिं पासायवरगए फुट्टमाणेहिं मुइंग- मत्थएहिं** *जाव* **पच्चणुभवमाणे विहरइ ।**

**ભાવાર્થ :** એક વખત રાજ્ય કુલોચિત શયનગૃહમાં સૂતેલી ધારિણીદેવીએ સ્વપ્નમાં સિંહને જોયો, ત્યાર પછી જન્મ આદિનો સંપૂર્ણ વૃત્તાંત જ્ઞાતાધર્મકથામાં વર્ણિત મેઘકુમારના જન્મ આદિની જેમ જાણી લેવો જોઈએ ***યાવત્*** સુબાહુકુમાર સાંસારિક કામભોગોના ઉપભોગ કરવામાં સમર્થ થઈ ગયા. ત્યારે સુબાહુકુમારના માતાપિતાએ તેને બોત્તેર કળાઓમાં કુશળ તથા ભોગ ભોગવવામાં સમર્થ થયેલ જાણીને જેમ આભૂષણોમાં મુગટ સર્વોત્તમ કહેવાય છે તે પ્રમાણે સર્વોત્તમ પાંચસો ઊંચા, ભવ્ય અને સુંદર મહેલોનું નિર્માણ કરાવ્યું. તે મહેલોની મધ્યમાં એક વિશાળ ભવન તૈયાર કરાવ્યું વગેરે સંપૂર્ણ વર્ણન મહાબળ રાજાની જેમ જાણવું. લગ્ન પણ મહાબળની જેમ જ કરવામાં આવ્યા, પરંતુ તેમાં વિશેષતા એ છે કે– પુષ્પચૂલા આદિ પાંચસો શ્રેષ્ઠ રાજકન્યાઓની સાથે એક જ દિવસમાં લગ્ન કરવામાં આવ્યાં. તે જ પ્રમાણે પાંચસો–પાંચસો વસ્તુઓનું પ્રીતિદાન દેવામાં આવ્યું. ત્યાર પછી સુબાહુકુમાર ઊંચા સુંદર મહેલોમાં રહેતાં, જેમાં મૃદંગ વગાડવામાં આવતાં હતાં ***યાવત્*** મનુષ્ય સંબંધી સુખોનો અનુભવ કરતાં રહેવા લાગ્યા.

### સુબાહુકુમારનું ધર્મશ્રવણ :–

**૫ तेणं कालेणं तेणं समएणं, समणे भगवं महावीरे समोसढे । परिसा णिग्गया । अदीणसत्तू जहा कूणिओ णिग्गओ । सुबाहू वि जहा जमाली तहा रहेणं णिग्गए** *जाव* **धम्मो कहिओ । राया परिसा गया ।**

**ભાવાર્થ :** તે કાલે અને સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી હસ્તિશીર્ષનગરમાં પધાર્યા. પરિષદ નગરમાંથી નીકળી. રાજા કુણિકની જેમ મહારાજા અદીનશત્રુ પણ નગરમાંથી ભગવાનના દર્શન કરવા અને દેશના સાંભળવા માટે નીકળ્યા. જમાલિકુમારની જેમ સુબાહુકુમારે પણ ભગવાનના દર્શન માટે રથ દ્વારા પ્રસ્થાન કર્યું ***યાવત્*** ભગવાને સંપૂર્ણ પરિષદને ધર્મોપદેશ આપ્યો. પરિષદ અને રાજા ધર્મકથા સાંભળીને ચાલ્યાં ગયાં.

### ગૃહસ્થધર્મનો સ્વીકાર :–

**૬ तए णं से सुबाहुकुमारे समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं**

**सोच्चा णिसम्म हट्ठतुट्ठे उट्ठाए उट्ठेइ, उट्ठित्ता समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– सद्दहामि णं भंते ! णिग्गथं पावयणं** *जाव* **जहा णं देवाणुप्पियाणं अंतिए बहवे राईसर** *जाव* **सत्थवाहप्पभिईओ मुंडा भवित्ता अगाराओ अणगारियं पव्वइया, णो खलु अहं तहा संचाएमि मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए । अहं णं देवाणुप्पियाणं अंतिए पंचाणुव्वयाइं सत्तसिक्खावयाइं दुवालसविहं गिहिधम्मं पडिवज्जामि ।**

**अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेह ।**

**तए णं से सुबाहुकुमारे समणस्स भगवओ महावीरस्स अंतिए पंचाणुव्वयाइं सत्तसिक्खावयाइं दुवालसविहं गिहिधम्मं पडिवज्जइ, पडिवज्जित्ता तमेव रहं दुरूहइ, दुरूहित्ता जामेव दिसं पाउब्भूए तामेव दिसं पडिगए ।**

**ભાવાર્થ :** ત્યાર પછી ભગવાન મહાવીર સ્વામી પાસે ધર્મકથાનું શ્રવણ તથા મનન કરીને અત્યંત પ્રસન્ન થયેલા સુબાહુકુમાર ઊઠીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! હું નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા કરું છું ***યાવત્*** જે રીતે આપ દેવાનુપ્રિયની પાસે રાજા, ઈશ્વર આદિ મુંડિત થઈને તથા ગૃહસ્થાવસ્થાથી નીકળીને અણગાર ધર્મમાં દીક્ષિત થયા છે અર્થાત્ પાંચ મહાવ્રતો અંગીકાર કર્યા છે, તેવી રીતે હું પાંચ મહાવ્રતોને અંગીકાર કરવામાં સમર્થ નથી. તેથી હું પાંચ અણુવ્રતો અને સાત શિક્ષાવ્રતોનું જેમાં વિધાન છે, તેવા બાર પ્રકારના ગૃહસ્થધર્મને આપની પાસેથી અંગીકાર કરવા ઈચ્છું છું. ત્યારે ભગવાને કહ્યું– જેમ તમને સુખ ઊપજે તેમ કરો, પરંતુ તેમાં વિલંબ ન કરો.

આ પ્રમાણે કહ્યું ત્યારે સુબાહુકુમારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસેથી પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રતરૂપ બાર પ્રકારના ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કર્યો અર્થાત્ ઉક્ત બાર પ્રકારનાં વ્રતોનું યથાવિધિ પાલન કરવાનો નિયમ ગ્રહણ કર્યો. ત્યાર પછી તે જ રથ પર સવાર થઈને જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં ચાલ્યા ગયા.

## ગૌતમ સ્વામીની સુબાહુકુમાર વિષયક જિજ્ઞાસા :-

**૭** **तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी इंदभूई** *जाव* **एवं वयासी– अहो णं भंते ! सुबाहुकुमारे इट्ठे, इट्ठरूवे, कंते, कंतरूवे, पिये, पियरूवे, मणुण्णे, मणुण्णरूवे, मणामे, मणामरूवे, सोमे, सोमरूवे, सुभगे, सुभगरूवे, पियदंसणे सुरूवे । बहुजणस्स वि य णं भंते ! सुबाहुकुमारे इट्ठे** *जाव* **सुरूवे । साहुजणस्स वि य णं सुबाहुकुमारे इट्ठे इट्ठरूवे** *जाव* **सुरूवे ।**

**सुबाहुणा भंते ! कुमारेणं इमा एयारूवा उराला माणुसिड्डी किण्णा लद्धा ? किण्णा पत्ता ? किण्णा अभिसमण्णागया ? के वा एस आसी पुव्वभवे ? किं णामए वा किं वा गोत्तेणं ? कयरंसि गामंसि वा संणिवेसंसि वा ? किं वा दच्चा, किं वा भोच्चा, किं वा समायरित्ता, कस्स वा तहारूवस्स समणस्स वा माहणस्स वा अंतिए एगमवि आयरियं सुवयणं सोच्चा णिसम्म सुबाहुणा कुमारेण इमा एयारूवा माणुसिड्डी लद्धा पत्ता अभिसमण्णागया ?**

**ભાવાર્થ :** તે કાલે અને સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જ્યેષ્ઠ શિષ્ય ઈન્દ્રભૂતિ ગૌતમ અણગારે ***યાવત્*** આ રીતે કહ્યું– અહો ભગવન્ ! સુબાહુકુમાર બાળક(બહુજન ઈષ્ટ) ઘણો જ ઈષ્ટ, ઈષ્ટરૂપ, કાંત, કાંતરૂપ, પ્રિય, પ્રિયરૂપ, મનોજ્ઞ, મનોજ્ઞરૂપ, મનોમ, મનોમરૂપ, સૌમ્ય, સુભગ, પ્રિયદર્શન અને સુંદર રૂપવાળો છે. અહો ભગવન્ ! આ સુબાહુકુમાર સાધુજનોને પણ ઈષ્ટ, ઈષ્ટરૂપ ***યાવત્*** સુરૂપ લાગે છે.

હે ભદંત ! સુબાહુકુમારે એવી અપૂર્વ માનવીય ૠદ્ધિ કેવી રીતે પ્રાપ્ત કરી, ઉપલબ્ધ કરી ? અને કેવી રીતે તેની સન્મુખ ઉપસ્થિત થઈ ? સુબાહુકુમાર પૂર્વભવમાં કોણ હતો ? તેનાં નામ અને ગોત્ર કયા હતાં ? તે કયા ગામ અથવા વસ્તીમાં ઉત્પન્ન થયો હતો ? શું દાન આપીને, શેનો ઉપભોગ કરીને અને કેવા આચારનું પાલન કરીને અને કયા શ્રમણ યા માહણના એક પણ આર્યવચનને સાંભળીને સુબાહુકુમારે આવી ૠદ્ધિ મેળવી છે, પ્રાપ્ત કરી છે. આ સમૃદ્ધિ તેની સન્મુખ ઉપસ્થિત થઈ છે ?

## વિવેચન :–

સુબાહુકુમારની વ્યાવહારિક જીવન જીવવાની કળા એટલી અદ્‌ભુત અને આકર્ષક હતી કે તે આમજનતાને પ્રીતિપાત્ર બની ગયા હતા. તેનાથી સહુ પ્રસન્ન હતા અને હૃદયથી ચાહતા હતા. જન જનના હૃદયમાં તેમનું દેવતા જેવું તેનું સ્થાન હતું. એટલું જ નહીં તે સાધુજનોનો પણ સ્નેહપાત્ર બની ગયા હતા. આધ્યાત્મિક સાધનાની દિશામાં પ્રતિક્ષણ જાગૃત અને પ્રગતિશીલ રહેવાને કારણે નિઃસ્વાર્થ, સ્વભાવથી જ અનાસક્ત અને નિષ્કામ વૃત્તિવાળા સાધુપુરુષોના હૃદયમાં પણ સુબાહુનું પ્રેમપૂર્ણ સ્થાન હતું. અહીં સુબાહુકુમાર માટે જે અનેક વિશેષણો પ્રયોગ કરવામાં આવ્યાં છે તે સામાન્ય દષ્ટિએ સમાનાર્થક લાગે છે પરંતુ તે સર્વમાં કંઈક અંતર છે, જે આ પ્રમાણે છે–

**ઈષ્ટ :–** જે ગમે તેવું હોય, જેની ઈચ્છા કરવામાં આવે.

**ઈષ્ટરૂપ :–** વધારે ઈષ્ટ, આકૃતિને કારણે ઈષ્ટ.

**કાંત :–** રમણીય, સુંદર સ્વભાવવાળો.

**કાંતરૂપ :–** વધારે રમણીય, આકૃતિની અપેક્ષાએ રમણીય.

**પ્રિય :–** સહજ સર્વજનનો પ્રેમ પામી શકે તે.

**પ્રિયરૂપ :–** વધારે પ્રિય, જેનું રૂપ પ્રીતિજનક હોય.

**મનોજ્ઞ :–** આંતરિક વૃત્તિથી જેની શોભનતા અનુભવમાં આવે, સુંદરતા યુક્ત, શુભ લક્ષણ યુક્ત.

**મનોજ્ઞરૂપ :–** વધારે મનોજ્ઞ, આકૃતિથી મનોજ્ઞ.

**મનામ :–** દીર્ઘકાલીન મનોજ્ઞતાને મણામ–મનામ કહે છે.

**મનામરૂપ :–** આકૃતિથી દીર્ઘકાલીન મનોજ્ઞતા, વધારે મણામ તે 'મણામરૂપ' કહેવાય છે.

**સોમ :–** રુદ્રતારહિત સૌમ્ય સ્વભાવવાળા છે.

**સુભગ :–** વલ્લભતાવાળા.

**સુરૂપ :–** સુંદર આકાર, સંસ્થાન અને કાંતિથી સુંદર સુડોળ.

**પ્રિયદર્શન :–** પ્રેમભાવ જાગે તેવો સુંદર આકાર, પુણ્ય પ્રભાવ સાથે સુંદરાકાર.

## સુબાહુકુમારનો પૂર્વભવ–સુમુખ ગાથાપતિ :-

**૮ एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहे वासे हत्थिणाउरे णामं णयरे होत्था । रिद्धत्थिमियसमिद्धे, वण्णओ । तत्थ णं हत्थिणाउरे णयरे सुमुहे णामं गाहावई परिवसइ, अड्ढे** *जाव* **अपरिभूए ।**

**ભાવાર્થ :** હે ગૌતમ ! તે કાલે તથા તે સમયે આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભારતવર્ષમાં હસ્તિનાપુર નામનું નગર હતું. તે વૈભવ સંપન્ન, સુરક્ષિત અને સમૃદ્ધ હતું. ત્યાં સુમુખ નામના ધનાઢ્ય ***યાવત્*** પ્રતિષ્ઠિત ગાથાપતિ રહેતા હતા.

**९ तेणं कालेणं तेणं समएणं धम्मघोसा णामं थेरा जाइसंपण्णा** *जाव* **पंचहिं समणसएहिं सद्धिं संपरिवुडा पुव्वाणुपुव्विं चरमाणा गामाणुगामं दूइज्जमाणा जेणेव हत्थिणाउरे णयरे, जेणेव सहसंबवणे उज्जाणे तेणेव उवागच्छंति, उवागच्छित्ता अहापडिरूवं उग्गहं उग्गिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणा विहरंति ।**

**ભાવાર્થ :** તે કાલે તથા તે સમયે જાતિસંપન્ન અને કુળસંપન્ન અર્થાત્ શ્રેષ્ઠ માતૃપક્ષ અને પિતૃ પક્ષવાળા ***યાવત્*** પાંચસો શ્રમણોથી પરિવૃત્ત ધર્મઘોષ નામના સ્થવિર સાધુ ભગવતં ક્રમપૂર્વક ચાલતાં તથા

ગ્રામાનુગ્રામ વિચરતાં હસ્તિનાપુર નગરના સહસ્રામ્રવન નામના ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં અણગાર ધર્મને અનુકૂળ સ્થાનને ગ્રહણ કરી, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા, રહેવા લાગ્યા.

**વિવેચન :–**

**સ્થવિર** શબ્દનો સામાન્ય અર્થ વૃદ્ધ અથવા મોટા સાધુ હોય છે પરંતુ ઠાણાંગ સૂત્રમાં ત્રણ પ્રકારના સ્થવિર કહ્યા છે– (૧) જાતિ સ્થવિર(વય સ્થવીર) (૨) શ્રુત સ્થવિર (૩) પર્યાય સ્થવિર. સાઠ વર્ષની ઉંમરવાળા મુનિ જાતિ સ્થવિર કહેવાય છે. સ્થાનાંગ સૂત્ર અને સમવાયાંગ સૂત્રના અભ્યાસી શ્રુત સ્થવિર કહેવાય છે. ઓછામાં ઓછી વીસ વર્ષની દીક્ષાપર્યાયવાળા મુનિ પર્યાય સ્થવિર કહેવાય છે. જ્ઞાતાસૂત્ર આદિમાં ગણધરોને પણ સ્થવિર પદથી સંબોધિત કર્યા છે.

ઘણી પ્રતોમાં ધર્મઘોષની જગ્યાએ સુધર્મ થઈ ગયેલ છે. તે સુધારીને અહીં સંપાદિત કરવામાં આવેલ છે. ટીકાકાર સામે પણ એવા અશુદ્ધ પાઠની પ્રતો હતી.

**૧૦ तेणं कालेणं तेणं समएणं धम्मघोसाणं थेराणं अंतेवासी सुदत्ते णामं अणगारे उराले *जाव* संखित्तविउलतेउलेस्से मासंमासेणं खममाणे विहरइ । तए णं ते सुदत्ते अणगारे मासक्खमणपारणगंसि पढमाए पोरिसीए सज्झायं करेइ *जाव* जहा गोयमसामी तहेव णवरं धम्मघोसे थेरे आपुच्छइ, *जाव* अडमाणे सुमुहुस्स गाहावइस्स गेहे अणुप्पविट्ठे ।**

તે કાલે અને તે સમયે ધર્મઘોષ સ્થવિરમુનિના અંતેવાસી શિષ્ય ઉદાર–પ્રધાન ***યાવત્*** વિપુલ તેજોલેશ્યાને સંક્ષિપ્ત કરેલ(અનેક યોજન પ્રમાણવાળા ક્ષેત્રમાં રહેલી વસ્તુઓને ભસ્મીભૂત કરનારી તેજોલેશ્યા–ઘોર તપસ્યાથી પ્રાપ્ત થનારી લબ્ધિ–વિશેષને પોતાનામાં સંક્ષિપ્ત–ગોપવીને રાખેલ) સુદત્ત નામના અણગાર નિરંતર માસખમણ તપ કરતાં થકા વિચરતા હતા. એક વાર સુદત્ત અણગાર માસખમણના પારણાના દિવસે પ્રથમ પહોરમાં સ્વાધ્યાય કરી ***યાવત્*** ગૌતમ સ્વામીની જેમ ગોચરી જવા માટે ધર્મઘોષ સ્થવિરની આજ્ઞા લઈને નીકળ્યા ***યાવત્*** ભિક્ષા માટે ફરતાં સુમુખ ગાથાપતિના ઘરમાં પ્રવેશ કર્યો.

**૧૧ तए णं से सुमुहे गाहावई सुदत्तं अणगारं एज्जमाणं पासइ, पासित्ता हट्ठतुट्ठे आसणाओ अब्भुट्ठेइ, अब्भुट्ठेत्ता पायपीढाओ पच्चोरुहइ, पच्चोरुहित्ता पाउयाओ ओमुयइ, ओमुइत्ता एगसाडियं उत्तरासंगं करेइ, करित्ता सुदत्तं अणगारं सत्तट्ठपयाइं पच्चुग्गच्छइ, पच्चुग्गच्छित्ता तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करित्ता वंदइ, णमंसइ, वंदित्ता णमंसित्ता जेणेव भत्तघरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता सयहत्थेणं विउलेणं असण पाण खाइम साइमेणं पडिलाभिस्सामि त्ति तुट्ठे, पडिलाभेमाणे वि तुट्ठे, पडिलाभिए वि तुट्ठे ।**

**ભાવાર્થ** : ત્યાર પછી સુમુખ ગાથાપતિએ સુદત્ત અણગારને આવતાં જોયા. જોઈને અત્યંત હર્ષિત અને પ્રસન્ન થઈને આસન પરથી ઊઠ્યા. આસન પરથી ઊઠીને પાદપીઠ(બાજોઠ–પગ રાખવાનાં આસન)થી નીચે ઊતર્યા, ઊતરીને પાદુકાઓનો ત્યાગ કર્યો અને એક શાટિક–સીવ્યા વિનાનું વસ્ત્ર અથવા એક ખભા પર રાખેલ વસ્ત્રને મુખની સામે રાખ્યું, પછી સુદત્ત અણગારના સ્વાગત માટે સાત–આઠ પગલાં સામે ગયા, સામે જઈને ત્રણવાર આદક્ષિણા–પ્રદક્ષિણા કરી, વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને મુનિરાજને જ્યાં તેનું રસોઈ ઘર હતું ત્યાં લાવ્યા, લાવીને "આજે હું મારા હાથે વિપુલ અશન, પાનાદિ આહારનું દાન આપીશ અથવા એ દાનનો લાભ પ્રાપ્ત કરીશ" આ વિચારથી અત્યંત પ્રસન્ન થયા. તે આહારદાન દેતા સમયે અને આહારદાન આપ્યા પછી પણ પ્રસન્નતાનો અનુભવ કર્યો.

**१२ तए णं तस्स सुमुहस्स गाहावइस्स तेणं दव्वसुद्धेणं दायगसुद्धेणं पडिगाहग सुद्धेणं तिविहेणं तिकरणसुद्धेणं सुदत्ते अणगारे पडिलाभिए समाणे संसारे परित्तीकए मणुस्साउए णिबद्धे गेहंसि य से इमाइं पंच दिव्वाइं पाउब्भूयाइं, तं जहा– वसुहारा वुट्ठा, दसद्धवण्णे कुसुमे णिवाडिए, चेलुक्खेवे कए, आहयाओ देवदुंदुभीओ, अंतरा वि य णं आगासे 'अहो दाणं अहो दाणं' घुट्ठे य ।**

**हत्थिणाउरे सिंघाडग *जाव* पहेसु बहुजणो अण्णमण्णस्स एवं आइक्खइ ४ धण्णे णं देवाणुप्पिया ! सुमुहे गाहावई, एवं पुण्णे णं, कयत्थे णं, कयलक्खणे णं देवाणुप्पिया ! सुमुहे गाहावइ, सुलद्धे णं सुमुहस्स गाहावइस्स जम्मजीवियफले, जस्स णं इमा एयारूवा उराला माणुसिड्ढी लद्धा पत्ता अभिसमण्णागया, तं धण्णे णं सुमुहे गाहावई ।**

**ભાવાર્થ** : ત્યાર પછી તે સુમુખ ગાથાપતિએ શુદ્ધ દ્રવ્ય(નિર્દોષ આહારદાન)થી અને દાયક શુદ્ધ(ગોચરીના નિયમ યોગ્ય પવિત્ર દાતા), લેનાર શુદ્ધ(મહાતપસ્વી શ્રમણ એવી ત્રિવિધિ શુદ્ધિ) ત્રિકરણ શુદ્ધિથી અર્થાત્ મન, વચન અને કાયાની સ્વાભાવિક ઉદારતા, સરળતા અને નિર્દોષતાથી સુદત્ત અણગારને આહારદાન આપ્યું. સુમુખ ગાથાપતિએ વિશુદ્ધ ભાવનાથી શુદ્ધ આહારદાનના નિમિત્તે જન્મ–મરણની પરંપરાને અતિઅલ્પ કરી મનુષ્યના આયુષ્યનો બંધ કર્યો. તેના ઘરમાં પાંચ દિવ્ય(દેવો દ્વારા કરવામાં આવનારા) પ્રગટ થયા તે આ પ્રમાણે છે– (૧) સુવર્ણવૃષ્ટિ (૨) પાંચ વર્ણનાં ફૂલોની વૃષ્ટિ (૩) ધ્વજા પતાકા (૪) દેવદુંદુભિઓ (૫) આકાશમાં "અહોદાનં, અહોદાનં" આ પ્રકારની ઉદ્‌ઘોષણા.

હસ્તિનાપુરનગરના ત્રિપથ ***યાવત્*** સામાન્ય માર્ગોમાં અનેક મનુષ્યો એકત્રિત થઈને પરસ્પર એકબીજાને કહેતા હતા– હે દેવાનુપ્રિયો ! સુમુખ ગાથાપતિ ધન્ય છે તેઓ પુણ્યવાન છે, કૃતાર્થ છે, સુલક્ષણ છે, તેણે જન્મ અને જીવનના સુફળને સારી રીતે પ્રાપ્ત કર્યું છે, જેથી તેને આ પ્રકારની માનવીય ઋદ્ધિ લબ્ધ થઈ છે, પ્રાપ્ત કરી છે, વિશાળ રૂપમાં દિવ્ય વૃષ્ટિથી સહેજે મળી છે. ખરેખર ધન્ય છે સુમુખ ગાથાપતિ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં સુપાત્રદાનની શુદ્ધિનું કથન છે. **સુપાત્રદાનવિધિ** – ભાવનાશીલ અને સરળ ચિત્ત યુક્ત દાતાને દાન દેતાં ત્રણ વાર હર્ષ થાય છે– (૧) આજ હું દાન આપીશ, આજે મારા સદ્‌ભાગ્યે મને દાન દેવાનો સુવર્ણ અવસર પ્રાપ્ત થયો છે (૨) દાન દેતાં સમયે તેના રોમેરોમમાં હર્ષ ઊભરાતો હોય (૩) દાન આપ્યા પછી અંતરાત્મામાં સંતોષ અને આનંદની અનુભૂતિ થાય.

બીજી વિશેષતા એ છે કે જો દેય, દાતા અને પ્રતિગ્રાહક પાત્ર આ ત્રણે શુદ્ધ હોય તો તે દાન જન્મ મરણનાં બંધનોને તોડનાર અને સંસારને અલ્પ કરનાર થાય છે. મહાન તપસ્વીના પારણાના સુંદર સંયોગે નજીકના ધાર્મિક ભાવનાવાળા દેવ પાંચ પ્રકારની દિવ્ય વૃષ્ટિ કરે છે.

## સુબાહુકુમારનો વર્તમાન ભવ :–

**૧૩** **तए णं सुमुहे गाहावई बहूहिं वाससयाइं आउयं पालेइ, पालइत्ता कालमासे कालं किच्चा इहेव हत्थिसीसे णयरे अदीणसत्तुस्स रण्णो धारिणीए देवीए कुच्छिंसि पुत्तत्ताए उववण्णे । तए णं सा धारिणी देवी सयणिज्जंसि सुत्तजागरा ओहीरमाणी ओहीरमाणी तहेव सीहं पासइ, सेसं तं चेव *जाव* उप्पिं पासाए विहरइ ।**

**तं एवं खलु गोयमा ! सुबाहुणा इमा एयारूवा माणुसिड्ढी लद्धा पत्ता अभिसमण्णागया ।**

**ભાવાર્થ** : ત્યાર પછી તે સુમુખ ગાથાપતિ સેંકડો વર્ષોનું આયુષ્ય ભોગવીને મૃત્યુના સમયે મૃત્યુ પામીને આ હસ્તિશીર્ષનગરમાં મહારાજા અદીનશત્રુની ધારિણી દેવીની કુક્ષિમાં પુત્ર રૂપે ઉત્પન્ન થયા, ગર્ભમાં આવ્યા. ત્યારે તે ધારિણીદેવી કંઈક સૂતેલા અને કંઈક જાગૃત (અર્ધનિદ્રાવસ્થામાં) હતા ત્યારે સ્વપ્નમાં સિંહને જોયો. શેષ વર્ણન પૂર્વવત્ જાણવું ***યાવત્*** સુબાહુકુમાર ઉપર મહેલોમાં મનુષ્ય સંબંધી ઉદાર ભોગોનો ઈચ્છા પ્રમાણે ઉપભોગ કરવા લાગ્યો.

ભગવાને કહ્યું– હે ગૌતમ ! સુબાહુકુમારને ઉપર પ્રમાણે મહાદાનના પ્રભાવથી આ પ્રકારની માનવ સમૃદ્ધિ ઉપલબ્ધ થઈ છે, પ્રાપ્ત થઈ છે અને તેની સમક્ષ ઉપસ્થિત થઈ છે.

**૧૪** **पभू णं भंते ! सुबाहुकुमारे देवाणुप्पियाणं अंतिए मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए ?**

**हंता पभू ।**

**तए णं से भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ । तए णं से समणे भगवं महावीरे अण्णया कयाइ हत्थिसीसाओ णयराओ पुप्फकरंडाओ उज्जाणाओ**

**कयवणमालजक्खाययणाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता बहिया जणवयविहारं विहरइ ।**

**तए णं से सुबाहुकुमारे समणोवासए जाए अभिगयजीवाजीवे** *जाव* **पडिलाभेमाणे विहरइ ।**

**ભાવાર્થ :** [ગૌતમ] હે પ્રભો ! સુબાહુકુમાર આપશ્રીના ચરણોમાં મુંડિત થઈને ગૃહસ્થાવાસનો ત્યાગ કરીને અણગાર ધર્મને અંગીકાર કરવામાં સમર્થ છે ? અર્થાત્ સંયમ ગ્રહણ કરશે ?

[ભગવાન] હા ગૌતમ ! છે અર્થાત્ તે પ્રવ્રજિત થશે. ત્યાર પછી ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન–નમસ્કાર કર્યા. વંદન–નમસ્કાર કરીને સંયમ તથા તપથી આત્માને ભાવિત કરતાં ત્યાં વિચરવા લાગ્યા.

ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી કોઈ અન્ય સમયે હસ્તિશીર્ષનગરના પુષ્પકરંડક ઉદ્યાનમાં રહેલા કૃતવનમાલ નામના યક્ષાયતનથી વિહાર કરીને અન્ય દેશોમાં વિચરવા લાગ્યા.

આ બાજુ સુબાહુકુમાર શ્રમણોપાસક શ્રાવક થઈ ગયા. જીવ અજીવ વગેરે તત્ત્વોના જાણકાર (મર્મજ્ઞ) થયા ***યાવત્*** આહારાદિના દાનથી લાભને પ્રાપ્ત કરતાં સમય વ્યતીત કરવા લાગ્યા.

**૧૫ तए णं से सुबाहुकुमारे अण्णया कयाइ चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु जेणेव पोसहसाला तेणेव उवागच्छइ उवागच्छित्ता पोसहसालं पमज्जइ, पमज्जित्ता उच्चारपासवणभूमिं पडिलेहेइ, पडिलेहित्ता दब्भसंथारगं संथरइ, संथरित्ता दब्भसंथारं दुरूहइ, दुरूहित्ता अट्ठमभत्तं पगिण्हइ, पगिण्हित्ता पोसाहसालाए पोसहिए अट्ठमभत्तिए पोसहं पडिजागरमाणे पडिजागरमाणे विहरइ ।**

**ભાવાર્થ :** કોઈ વખતે સુબાહુકુમાર ચતુર્દશી, અષ્ટમી, અમાવસ્યા અને પૂર્ણિમાની આ તિથિઓના દિવસોમાંથી કોઈ એક દિવસે જ્યાં પૌષધશાળા હતી ત્યાં ગયા, જઈને પૌષધશાળાનું પ્રમાર્જન કર્યું, પ્રમાર્જન કરીને ઉચ્ચાર પ્રસ્રવણભૂમિ અર્થાત્ મળમૂત્ર વિસર્જન કરવાના સ્થાનની પ્રતિલેખના–નિરીક્ષણ કર્યું, દર્ભ–ઘાસનું આસન બિછાવ્યું, બિછાવીને દર્ભના આસન પર આરૂઢ થયા અને અષ્ટમભક્ત(ત્રણ દિવસના એક સાથે ઉપવાસ)ને ગ્રહણ કર્યું. પૌષધશાળામાં પૌષધવ્રત ધારણ કરીને તે અઠ્ઠમ સહિત પૌષધરૂપ ધાર્મિક અનુષ્ઠાનનું યથાવિધિ પાલન કરતાં રહેવા લાગ્યા.

**૧૬ तए णं तस्स सुबाहुस्स कुमारस्स पुव्वरत्तावरत्तकालसमयंसि धम्मजागरियं जागरमाणस्स इमेयारूवे अज्झत्थिए चिंतिए कप्पिए पत्थिए मणोगए संकप्पे समुप्पज्जितथा– धण्णा णं ते गामागर–णगर–णिगम रायहाणि–खेड–कब्बड–**

**दोणमुह–मडंब–पट्टणासम–संबाह–सण्णिवेसा जत्थ णं समणे भगवं महावीरे विहरइ ।**

**धण्णा णं ते राईसर–तलवर–माडंबिय–कोडुंबिय–इब्भ–सेट्ठि–सेणावइ सत्थवाहप्पभिइओ जे णं समणस्स भगवओ महावीरस्स अंतिए मुंडा *जाव* पव्वयंति**

**धण्णा णं ते राईसरतलवर *जाव* जे णं समणस्स भगवओ महावीरस्स अंतिए पंचाणुव्वइयं सत्तसिक्खावइयं दुवालसविहं गिहिधम्मं पडिवज्जंति ।**

**धण्णा णं ते राईसरतलवर *जाव* जे णं समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सुणेंति ।**

**तं जइ णं समणे भगवं महावीरे पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं दूइज्जमाणे इहमागच्छिज्जा *जाव* विहरिज्जा, तए णं अहं समणस्स भगवओ महावीरस्स अंतिए मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वएज्जा ।**

**ભાવાર્થ** : ત્યાર પછી પૂર્વરાત્રિ યા પશ્ચિમ રાત્રિએ અર્થાત્ રાત્રિના સમયે ધર્મજાગરણ માટે જાગતાં સુબાહુકુમારના મનમાં આ પ્રમાણે આંતરિક વિચાર, ચિંતન, કલ્પના, ઈચ્છા અને મનોગત સંકલ્પ ઊઠ્યો કે– તે ગ્રામ, નગર, આકર, નિગમ, રાજધાની, ખેડ, કર્બટ, દ્રોણમુખ, મડંબ, પટ્ટન, આશ્રમ, સંબાધ અને સન્નિવેશ ધન્ય છે જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી વિચરે છે.

તે રાજા, ઈશ્વર, તલવર, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ અને સાર્થવાહ આદિ પણ ધન્ય છે જે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે મુંડિત થઈને દીક્ષિત થાય છે.

તે રાજા, ઈશ્વરાદિ પણ ધન્ય છે જે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષારૂપ ગૃહસ્થ ધર્મને અંગીકાર કરે છે.

તે રાજા, ઈશ્વરાદિ પણ ધન્ય છે. જે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે ધર્મદેશના સાંભળે છે.

જો તે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી અનુક્રમે ગમન કરતાં, ગ્રામાનુગ્રામ વિચરતાં, અહીં પધારે તો હું શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પાસે મુંડિત થઈને ગૃહસ્થવાસનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરી લઉ.

**૧૭ तए णं समणे भगवं महावीरे सुबाहुस्स कुमारस्स इमं एयारूवं अज्झत्थियं *जाव* वियाणित्ता पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं दूइज्जमाणे जेणेव हत्थिसीसे णयरे जेणेव पुप्फकरंडे उज्जाणे जेणेव कयवणमालपियस्स**

**जक्खस्स जक्खाययणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता अहापडिरूवं उग्गहं उग्गिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहइ ।**

**परिसा राया णिग्गया । सुबाहुकुमारे वि जहा जमाली तहा** *जाव* **पज्जुवासइ। धम्मो कहिओ । परिसा राया पडिगया ।**

**ભાવાર્થ :** ત્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સુબાહુકુમારના આ પ્રકારના સંકલ્પને જાણીને ક્રમશઃ ગ્રામાનુગ્રામ વિચરતાં વિચરતાં જ્યાં હસ્તિશીર્ષ નગર હતું અને જ્યાં પુષ્પકરંડક નામનું ઉદ્યાન હતું અને જ્યાં કૃતવનમાલપ્રિય યક્ષનું યક્ષાયતન હતું ત્યાં પધાર્યા અને સાધુવૃત્તિને અનુકૂળ સ્થાનને ગ્રહણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં ત્યાં રહ્યા.

ત્યાર પછી પરિષદ અને રાજા દર્શનાર્થે નીકળ્યાં. સુબાહુકુમાર પણ જમાલીની જેમ મહાન સમારોહ સાથે ભગવાનની સેવામાં જવા માટે નીકળ્યા ***યાવત્*** પર્યુપાસના કરવા લાગ્યા. ભગવાને તે પરિષદ તથા સુબાહુકુમારને ધર્મોપદેશ ફરમાવ્યો. પરિષદ તથા રાજા ધર્મદેશના સાંભળીને પાછા ચાલ્યાં ગયાં.

**१८ तए णं सुबाहुकुमारे समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सोच्चा णिसम्म हट्ठतुट्ठ** *जाव* **जहा मेहो तहा अम्मापियरो आपुच्छइ, णिक्खणाभिसेओ तहेव** *जाव* **अणगारे जाए इरियासमिए** *जाव* **गुत्तबंभयारी ।**

**ભાવાર્થ :** સુબાહુકુમાર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પાસે ધર્મ શ્રવણ કરીને તેનું મનન કરતાં મેઘકુમારની જેમ હર્ષિત–આનંદિત થઈ ***યાવત્*** માતાપિતાની આજ્ઞા પ્રાપ્ત કરી. ત્યાર પછી સુબાહુ કુમારનો નિષ્ક્રમણ–અભિષેક મેઘકુમારની જેમ થયો ***યાવત્*** તે અણગાર થયા. ઈર્યાસમિતિનું પાલન કરતાં ***યાવત્*** ગુપ્તબ્રહ્મચારી બન્યા.

**१९ तए णं सुबाहू अणगारे समणस्स भगवओ महावीरस्स तहारूवाणं थेराणं अंतिए सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जइ, अहिज्जित्ता बहूहिं चउत्थछट्ठट्ठ मतवोवहाणेहिं अप्पाणं भावित्ता, बहूइं वासाइं सामण्णपरियागं पाउणित्ता, मासियाए संलेहणाए अप्पाणं झूसित्ता, सट्ठिं भत्ताइं अणसणाए छेदित्ता, आलोइयपडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा सोहम्मे कप्पे देवत्ताए उववण्णे ।**

**ભાવાર્થ :** ત્યાર પછી તે સુબાહુ અણગારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના તથારૂપ સ્થવિરોની પાસે સામાયિકાદિ અગિયાર અંગોનું અધ્યયન કર્યું. અનેક ઉપવાસ, છઠ, અટ્ઠમ આદિ વિવિધ પ્રકારનાં તપ અનુષ્ઠાનથી આત્માને ભાવિત કરતાં ઘણાં વર્ષો સુધી શ્રામણ્યપર્યાય(સાધુવૃત્તિ)નું પાલન કરીને એક

માસની સંલેખના(સંથારા)થી કષાય અને શરીરને કૃશ કરીને સાઠ ભક્ત(ભોજન)નું અનશન દ્વારા છેદન કરીને અર્થાત્ ૩૦ દિવસના ઉપવાસ કરી આલોચના અને પ્રતિક્રમણપૂર્વક સમાધિને પ્રાપ્ત થઈને મૃત્યુના અવસરે મૃત્યુ પામીને સૌધર્મ નામના દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયા.

## સુબાહુકુમારનું ભવિષ્ય :–

**૨૦ से णं ताओ देवलोगाओ आउक्खएणं, भवक्खएणं, ठिइक्खएणं अणंतरं चयं चइत्ता माणुस्सं विग्गहं लभिहिइ, केवलं बोहिं बुज्झिहिइ, तहारूवाणं थेराणं अंतिए मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइस्सइ । से णं तत्थ बहूइं वासाइं सामण्णं पाउणिहिइ, आलोइयपडिक्कंते समाहिपत्ते कालगए सणंकुमारे कप्पे देवत्ताए उव्वज्जिहिइ ।**

**से णं ताओ देवलोगाओ माणुस्सं, पव्वजा, बंभलोए । माणुस्सं, तओ महासुक्के । तओ माणुस्सं, आणए देवे । तओ माणुस्सं, आरणे । तओ माणुस्सं, सव्वट्ठसिद्धे ।**

**से णं तओ अणंतरं उवट्टित्ता महाविदेहे वासे जाइं कुलाइं भवंति अड्ढाइं, एवं जहा दढपइण्णे *जाव* सिज्झिहिइ ।**

**ભાવાર્થ** : ત્યાર પછી તે સુબાહુકુમારનો જીવ સૌધર્મ દેવલોકના આયુ, ભવ અને સ્થિતિનો ક્ષય થવા પર દેવના શરીરને છોડીને સીધા મનુષ્ય શરીરને પ્રાપ્ત કરશે. ત્યાં કેવળી ભગવાનના ધર્મને પ્રાપ્ત કરશે અને તથારૂપના સ્થવિરોની પાસે મુંડિત થઈને ગૃહવાસનો ત્યાગ કરીને સાધુધર્મમાં દીક્ષિત થશે. ત્યાં તે ઘણાં વર્ષો સુધી સંયમવ્રતનું પાલન કરશે અને આલોચના તથા પ્રતિક્રમણ કરીને સમાધિને પ્રાપ્ત કરશે, આયુષ્ય પૂર્ણ કરી, કાળધર્મ પામીને સનત્કુમાર નામના ત્રીજા દેવલોકમાં દેવ રૂપે ઉત્પન્ન થશે.

ત્યાંથી આયુષ્ય પૂર્ણ થતાં તે ફરી મનુષ્યભવ પ્રાપ્ત કરશે, દીક્ષિત થશે, બ્રહ્મલોક નામના પાંચમા દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી મનુષ્ય થઈને મહાશુક્ર નામના દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને ફરી મનુષ્યભવમાં જન્મ લેશે અને દીક્ષિત થઈને આનત નામના નવમા દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાંની ભવસ્થિતિને પૂર્ણ કરી મનુષ્યભવમાં આવીને દીક્ષિત થઈ આરણ નામના અગિયારમાં દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને મનુષ્યભવ પામીને અણગાર ધર્મની આરાધના કરી શરીરનો અંત(મૃત્યુ) થવા પર સર્વાર્થસિદ્ધ નામના વિમાનમાં ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને સુબાહુકુમારનો જીવ સીધો મહાવિદેહ ક્ષેત્રમાં સંપન્ન કુળમાં ઉત્પન્ન થશે. ત્યાં દઢપ્રતિજ્ઞની જેમ ચારિત્ર ગ્રહણ કરીને ***યાવત્*** સિદ્ધપદને પ્રાપ્ત કરશે.

## વિવેચન :–

**"आउक्खएणं"** આદિ ત્રણ શબ્દોની વ્યાખ્યા વૃત્તિકાર શ્રી અભયદેવસૂરિએ આ પ્રમાણે કરી

છે– "**आउक्खएणं त्ति– आयुष्यकर्मणिर्जरेण, भवक्खएण त्ति देवगतिणिबंधणदेवगत्यादि–कर्मद्रव्य णिर्जरेण, ठिइक्खएणं आयुष्यकर्मादिकर्मस्थितिविगमेण ।**" આયુ શબ્દથી આયુષ્યકર્મના દલિકો અથવા કર્મવર્ગણાઓનો ક્ષય સમજવો. ભવ શબ્દથી દેવગતિમાં કારણભૂત દેવગતિ નામકર્મના કર્મદલિકોનો ક્ષય–નાશ સમજવો અને સ્થિતિ શબ્દથી(આયુષ્યના દલિકો જેટલા સમય સુધી આત્મપ્રદેશો સાથે સંબંધિત રહે છે, તે) કાળસ્થિતિનો નાશ એટલે સ્થિતિક્ષય ઈષ્ટ છે.

**૨૧ एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं सुहविवागाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते । त्ति बेमि ।**

**।। पढमं अज्झयणं समत्तं ।।**

આર્ય સુધર્માસ્વામી કહે છે– હે જંબૂ ! મોક્ષ સંપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ સુખવિપાકના પ્રથમ અધ્યયનનો આ અર્થ(આ ભાવ) પ્રતિપાદિત કર્યો છે. –તેમ હું કહું છું.

**॥ અધ્યયન–૧ સંપૂર્ણ ॥**

# અધ્યયન બે થી દસ

## પરિચય :

બીજાથી દસમા અધ્યયન સુધી નગરી આદિના નામોમાં ભિન્નતા છે. શેષ સર્વ વર્ણન સમાન છે તેથી સંક્ષિપ્ત પાઠથી જ સૂચન કર્યું છે અર્થાત્ જન્મ, બચપણ, કલા–શિક્ષણ, પાણિગ્રહણ, સુખોપભોગ, ધર્મશ્રવણ, શ્રાવક વ્રત, જાગરણ, સંયમ ગ્રહણ, તપ, અધ્યયન, દેવ–મનુષ્યના ૧૫ ભવ અને મોક્ષનું વર્ણન સમાન સમજવું.

પૂર્વભવનું વર્ણન પણ સુબાહુકુમારની સમાન જ સમજવું. ગૌતમ સ્વામીની પૃચ્છા, શેઠનો ભવ, માસ ખમણના પારણામાં મુનિનું આગમન, શુદ્ધ ભાવોથી દાન, દિવ્ય વૃષ્ટિ, મનુષ્ય આયુષ્યનો બંધ ઈત્યાદિ.

પહેલા, બીજા, ત્રીજા અને દસમા અધ્યયનમાં પંદર ભવો પછી મોક્ષે જવાનું વર્ણન છે. શેષ છ અધ્યયનોમાં તે જ ભવમાં મોક્ષે જવાનું વર્ણન છે. સૂત્રના વર્ણનની શૈલીમાં આ અધ્યયનોમાં આ પ્રકારનું અંતર હોવાનું કારણ સમજાતું નથી અર્થાત્ ઉપાસકદશા, અંતગડદશા, અનુત્તરોપપાતિક, દુઃખવિપાક આદિ સૂત્રોની સમાન આ સૂત્રમાં પણ અધ્યયનોની સમાનતા(ભવપરંપરા માટેની) હોવી જોઈએ. તેથી એવી સંભાવના હોઈ શકે કે સંક્ષિપ્ત પાઠ લખવામાં કોઈ લિપિદોષથી આ ભિન્નતા રહી ગઈ હોય અર્થાત્ **'जाव सिज्झिस्सइ'** ના સ્થાન પર **'जाव सिद्धे'** લખવાની ભૂલ થઈ ગઈ હોય. આ ભૂલનો સ્વીકાર કરતાં ઉક્ત બધા સૂત્રોના અધ્યયનોની એકરૂપતા જળવાઈ રહે છે અર્થાત્ બધા પંદર ભવ કરી મોક્ષ પ્રાપ્ત કરશે. તત્ત્વ કેવળી ગમ્ય.

❖❖❖❖❖

# બીજું અધ્યયન

## ભદ્રનંદી

**૧** **बिइयस्स उक्खेवो ।**

**ભાવાર્થ :** બીજા અધ્યયનનો પ્રારંભ પ્રથમ અધ્યયનની જેમ જાણવો.

**२** **एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं उसभपुरे णयरे । थूभकरंडग उज्जाणं । धण्णो जक्खो । धणावहो राया । सरस्सई देवी ।**

**सुमिणदंसणं, कहणं, जम्मं, बालत्तणं, कलाओ य ।**
**जोव्वणं पाणिग्गहणं, दाओ पासाय भोगा य ।**

**जहा सुबाहुस्स णवरं भद्दणंदी कुमारे । सिरिदेवी पामोक्खाणं पंचसयाणं रायवरकण्णगाणं पाणिग्गहणं सामिस्स समोसरणं । सावगधम्मं । पुव्वभवपुच्छा । महाविदेहे वासे पुंडरीकिणी णयरी । विजयकुमारे । जुगबाहू तित्थयरे पडि- लाभिए । मणुस्साउए णिबद्धे । इहं उप्पण्णे । सेसं जहा सुबाहुस्स** *जाव* **महाविदेहे वासे सिज्झिहिइ, बुज्झिहिइ, मुच्चिहिइ, परिणिव्वाहि, सव्वदुक्खाणमंतं काहिइ। णिक्खेवो जहा पढमस्स ।**

**।। बिइयं अज्झयणं समत्तं ।।**

**ભાવાર્થ :** સુધર્માસ્વામીએ કહ્યું– હે જંબૂ ! તે કાલે અને તે સમયે ઋષભપુર નામનું નગર હતું. ત્યાં સ્તૂપ કરંડક નામનું ઉદ્યાન હતું. ત્યાં ધન્ય નામના યક્ષનું યક્ષાયતન હતું. ત્યાં ધનાવહ નામના રાજા રાજ્ય કરતા હતા. તેની સરસ્વતીદેવી નામની રાણી હતી. મહારાણીનું સ્વપ્ન જોવું, પતિને સ્વપ્ન કહેવું, સમય થતાં બાળકનો જન્મ થવો અને બાળકનું બાલ્યાવસ્થામાં કળાઓ શીખીને યૌવન પ્રાપ્ત કરવું, ત્યાર પછી વિવાહ થવો, માતાપિતા દ્વારા પ્રીતિદાન આપવું તથા રાજભવનમાં ઈચ્છાનુસાર ભોગોનો ઉપભોગ કરવો વગેરે બધું જ વર્ણન સુબાહુકુમારની જેમ જાણવું જોઈએ. તેમાં વિશેષતા માત્ર એટલી છે કે બાળકનું નામ સુબાહુકુમારને બદલે ભદ્રનંદી હતું. તેના શ્રીદેવી પ્રમુખ ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે વિવાહ થયા. ત્યાર પછી મહાવીરસ્વામી પધાર્યા. ભદ્રનંદીએ શ્રાવકધર્મ સ્વીકાર્યો. ગૌતમસ્વામીએ તેના પૂર્વભવ સંબંધી

પ્રશ્નો કર્યા ત્યારે ભગવાને આ પ્રમાણે કહ્યું–

મહાવિદેહક્ષેત્રમાં પુંડરિકિણી નામની નગરીમાં વિજય નામનો કુમાર હતો, તેમણે યુગબાહુ તીર્થંકરને સુપાત્ર દાન દીધું, મનુષ્ય આયુષ્યનો બંધ કર્યો અને અહીં ભદ્રનંદીના રૂપમાં ઉત્પન્ન થયો. આ બધું વર્ણન સુબાહુકુમારની જેમ જ જાણવું ***યાવત્*** તે મહાવિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થઈને ચારિત્ર પાળીને સિદ્ધ થશે, જ્ઞાનમય થશે, કર્મોથી મુક્ત થશે, કષાયોથી રહિત પરમ શાંત દશાને પ્રાપ્ત કરશે અને સર્વ પ્રકારના દુઃખોનો અંત કરશે.

નિક્ષેપ– ઉપસંહાર વાક્ય પ્રથમ અધ્યયનની જેમ જાણવું.

## વિવેચન :-

ભદ્રનંદી – સુખવિપાકસૂત્રના બીજા અને આઠમા અધ્યયનનું નામ ભદ્દણંદી–ભદ્રનંદી છે બંને અધ્યયનમાં ભદ્રનંદીના કુમારનું જીવન વૃતાંત છે પરંતુ બંને ભદ્રનંદીકુમારોની નગરી, માતા–પિતાના નામ તથા બંનેના પૂર્વભવમાં તફાવત છે. તેથી એક જ નામની બે વ્યક્તિ હોય તેમ સમજી શકાય છે.

**॥ અધ્યયન–૨ સંપૂર્ણ ॥**

# ત્રીજું અધ્યયન

## સુજાતકુમાર

**१ तच्चस्स उक्खेवो ।**

**ભાવાર્થ :** ત્રીજા અધ્યયનનો પ્રારંભ પ્રથમ અધ્યયનની જેમ જાણવો.

**२ वीरपुरं णयरं । मणोरमं उज्जाणं । वीरकण्हमित्ते राया । सिरीदेवी । सुजाए कुमारे । वलसिरीपामोक्खाणं पंचसयकण्णगाणं पाणिग्गहणं । सामीसमोसरणं पुव्वभवपुच्छा । उसुयारे णयरे । उसभदत्ते गाहावई । पुप्फदत्ते अणगारे पडि-लाभिए । माणुस्साउए णिबद्धे । इह उप्पण्णे** *जाव* **महाविदेहवासे सिज्झिहिइ** *जाव* **सव्वदुक्खाणमंतं काहिइ । णिक्खेवो जहा पढमस्स ।**

**।। तइयं अज्झयणं समत्तं ।।**

**ભાવાર્થ :** શ્રી સુધર્માસ્વામીએ કહ્યું–હે જંબૂ ! વીરપુર નામનું નગર હતું. ત્યાં મનોરમ નામનું ઉદ્યાન હતુ. ત્યાં મહારાજા વીરકૃષ્ણમિત્ર રાજ્ય કરતા હતા. તેમની રાણી શ્રીદેવી હતી અને સુજાત નામનો કુમાર હતો. બલશ્રી પ્રમુખ પાંચસો રાજકન્યાઓ સાથે સુજાતકુમારનું પાણિગ્રહણ થયું. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. સુજાતકુમારે શ્રાવકધર્મ અંગીકાર કર્યો. ભગવાન ગૌતમ સ્વામીએ તેનો પૂર્વભવ પૂછ્યો. ઉત્તરમાં શ્રી ભગવાને ફરમાવ્યું કે– હે ગૌતમ ! ઈષુકાર નામનું નગર હતું. ત્યાં ૠષભદત્ત ગાથાપતિ રહેતા હતા. તેણે પુષ્પદત્ત અણગારને નિર્દોષ આહારદાન આપ્યું. પરિણામે શુભ મનુષ્ય આયુષ્યનો બંધ કર્યો. આયુષ્ય પૂર્ણ થતાં પર અહીં સુજાતકુમારના રૂપમાં વીરપુર નામના નગરમાં જન્મ ધારણ કર્યો ***યાવત્*** મહાવિદેહક્ષેત્રમાં ચારિત્ર ગ્રહણ કરી સિદ્ધ પદ પ્રાપ્ત કરશે ***યાવત્*** સર્વ પ્રકારના દુઃખોનો અંત કરશે.

નિક્ષેપ :– ઉપસંહાર વાક્ય પ્રથમ અધ્યયનની જેમ જાણવું.

### વિવેચન :–

બીજા અધ્યયનની જેમ ત્રીજા અધ્યયનનું પણ સંપૂર્ણ વર્ણન પ્રથમ અધ્યયનની જેમ જ છે. માત્ર નામ અને સ્થાનનો ભેદ છે તેથી બધું વર્ણન સુબાહુકુમારની જેમ જ જાણી લેવું જોઈએ.

**॥ અધ્યયન–3 સંપૂર્ણ ॥**

# ચોથું અધ્યયન

## સુવાસવકુમાર

**१ चउत्थस्स उक्खेवो ।**

ચોથા અધ્યયનનો પ્રારંભ પ્રથમ અધ્યયનની જેમ જાણવો.

**२ विजयपुरं णयरं । णंदणवणं उज्जाणं । असोगो जक्खो । वासवदत्ते राया । कण्हादेवी । सुवासवे कुमारे । भद्दापामोक्खाणं पंचसयाणं रायवरकण्णगाणं पाणिग्गहणं । सामी समोसरणं । पुव्वभव पुच्छा । कोसंबी णयरी । धणपाले राया । वेसमणभद्दे अणगारे पडिलाभिए । इहं उववण्णे ।** *जाव* **सिद्धे । णिक्खेवो जहा पढमस्स ।**

**।। चउत्थं अज्झयणं समत्तं ।।**

**ભાવાર્થ :** [સુધર્માસ્વામીએ કહ્યું– હે જંબૂ !] વિજયપુર નામનું એક નગર હતું, ત્યાં નંદનવન નામનું ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં અશોક નામના યક્ષનું એક યક્ષાયતન હતું. ત્યાંના રાજાનું નામ વાસવદત્ત હતું. તેની કૃષ્ણાદેવી નામની રાણી હતી. સુવાસવકુમાર નામનો રાજકુમાર હતો. તેના ભદ્રાપ્રમુખ ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે વિવાહ થયા. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. સુવાસવકુમારે શ્રાવકધર્મ સ્વીકાર્યો. ગૌતમ સ્વામીએ તેના પૂર્વભવનો વૃત્તાંત પૂછ્યો. ઉત્તરમાં ભગવાને કહ્યું–

હે ગૌતમ ! કૌશાંબી નામની નગરી હતી. ત્યાં ધનપાલ નામના રાજા હતા. તેણે વૈશ્રમણભદ્ર નામના અણગારને આહારદાન આપ્યું. તેના પ્રભાવે તેમણે મનુષ્યના આયુષ્યનો બંધ કર્યો અને અહીં સુવાસવકુમાર રૂપે જન્મ ધારણ કર્યો ***યાવત્*** આ જ ભવમાં ચારિત્ર લઈ સિદ્ધ ગતિ પામ્યા.

નિક્ષેપ :– આ અધ્યયનનો ઉપસંહાર પ્રથમ અધ્યયનની જેમ જાણવો.

### વિવેચન :–

પ્રસ્તુત અધ્યયનમાં પણ ચરિત્ર નાયકનું નામ, જન્મભૂમિ, ઉદ્યાન, માતાપિતા, પરણિત સ્ત્રીઓ

પૂર્વભવ સંબંધી નામ, જન્મભૂમિ તથા પ્રતિલાભિત મુનિરાજનું નામ આ બધાનાં નામ સિવાયનો સંપૂર્ણ કથા વિભાગ સુબાહુકુમારની જેમ જ જાણવો જોઈએ.

॥ અધ્યયન–૪ સંપૂર્ણ ॥

# પાંચમું અધ્યયન

## જિનદાસ

**૧ पंचमस्स उक्खेवो ।**

**ભાવાર્થ :** પાંચમા અધ્યયનનો પ્રારંભ પ્રથમ અધ્યયનની જેમ જાણવો.

**૨ सोगंधिया णगरी । णीलासोये उज्जाणे । सुकालो जक्खो । अप्पडिहयो राया । सुकण्हा देवी । महाचंदे कुमारे । तस्स अरहदत्ता भारिया । जिणदासो पुत्तो । तित्थयरागमणं । जिणदासपुव्वभवो । मज्झमिया णयरी । मेहरहो राया । सुहम्मे अणगारे पडिलाभिए** *जाव* **सिद्धे । णिक्खेवो जहा पढमस्स ।**

**।। पंचमं अज्झयणं समत्तं ।।**

**ભાવાર્થ :** હે જંબૂ ! સૌગન્ધિકા નામની નગરી હતી. ત્યાં નીલાશોક નામનું ઉદ્યાન હતું. તેમાં સુકાલ નામના યક્ષનું યક્ષાયતન હતું. તે નગરીમાં અપ્રતિહત નામના રાજા રાજ્ય કરતા હતા. તેમની સુકૃષ્ણા નામની રાણી હતી. તેના પુત્રનું નામ મહાચંદ્રકુમાર હતું. તેની અર્હદત્તા નામની પત્ની હતી. તેનો જિનદાસ નામનો એક પુત્ર હતો. એકદા શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. જિનદાસે ભગવાન પાસે બાર પ્રકારના ગૃહસ્થધર્મનો સ્વીકાર કર્યો. શ્રી ગૌતમ સ્વામીએ તેના પૂર્વભવ વિષયક જિજ્ઞાસા પ્રગટ કરી અને ભગવાને તેના ઉત્તરમાં આ પ્રમાણે ફરમાવ્યું –

હે ગૌતમ ! માધ્યમિકા નામની નગરી હતી. ત્યાં મેઘરથ નામના રાજા હતા. મહારાજા મેઘરથે સુધર્મા અણગારને ભાવપૂર્વક નિર્દોષ આહારદાન આપ્યું [તેનાથી મનુષ્ય આયુષ્યનો બંધ કર્યો અને અહીં જન્મ લઈને] ***યાવત્*** સિદ્ધ થયા.

નિક્ષેપ :– અધ્યયનનો ઉપસંહાર પ્રથમ અધ્યયનની જેમ જાણવો.

### વિવેચન :–

આ અધ્યયનમાં જિનદાસના જીવન–વૃત્તાંતના સંકલનમાં જો કોઈ વિશેષતા હોય તો માત્ર એટલી જ છે કે તેના પિતામહ(દાદા) શ્રી અપ્રતિહત રાજા અને પિતામહી(દાદીમા) સુકૃષ્ણા દેવીનો પણ આ

અધ્યયનમાં ઉલ્લેખ છે જે પ્રાયઃ બીજાં અધ્યયનોનાં જીવન વૃત્તાંતોમાં ઉપલબ્ધ નથી. શેષ કથાવસ્તુ સુબાહુકુમારની જેમ જ છે. આમાં વિશેષતા એટલી જ છે કે આ ભવમાં જ તે મોક્ષમાં ગયા.

॥ અધ્યયન–૫ સંપૂર્ણ ॥

# છઠ્ઠું અધ્યયન

## ધનપતિ

**१ छट्ठस्स उक्खेवो ।**

**ભાવાર્થ** : છઠ્ઠા અધ્યયનનો પ્રારંભ પ્રથમ અધ્યયનની જેમ જાણવો.

**२ कणगपुरं णयरं । सेयासोयं उज्जाणं । वीरभद्दो जक्खो । पियचंदो राया । सुभद्दा देवी । वेसमणे कुमारे जुवराया । सिरीदेवी पामोक्खाणं पंचसयाणं रायवरकण्णगाणं पाणिग्गहणं । तित्थयरागमणं । धणवई जुवरायपुत्ते । पुव्वभव पुच्छा । मणिव(च)इया णयरी । मित्तो राया । संभूतिविजए अणगारे पडिलाभिए** *जाव* **सिद्धे । णिक्खेवो जहा पढमस्स ।**

**।। छट्ठं अज्झयणं समत्तं ।।**

**ભાવાર્થ** : હે જંબૂ ! કનકપુર નામનું નગર હતું, ત્યાં શ્વેતાશોક નામનું ઉદ્યાન હતું. ત્યાં વીરભદ્ર નામનું યક્ષાયતન હતું. પ્રિયચંદ્ર રાજા ત્યાં રાજ્ય કરતા હતા. તેની રાણીનું નામ સુભદ્રાદેવી હતું. યુવરાજ પદ પર અલંકૃત કુમારનું નામ વૈશ્રમણ હતું. તેમના શ્રીદેવી પ્રમુખ ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે વિવાહ થયા. એક વાર ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. યુવરાજના પુત્ર ધનપતિકુમારે ભગવાન પાસે શ્રાવકનાં વ્રત ગ્રહણ કર્યાં. ગૌતમ સ્વામીએ તેના પૂર્વભવની પૃચ્છા કરી. ભગવાને ઉત્તર આપતાં કહ્યું–

ધનપતિકુમાર પૂર્વભવમાં મણિચયિકા નગરીનો રાજા હતો. તેનું નામ મિત્ર હતું. તેણે સંભૂતિવિજય અણગારને શુદ્ધ આહારનું દાન આપ્યું ***યાવત્*** આ જ ભવમાં તે સિદ્ધગતિને પ્રાપ્ત થયા.

નિક્ષેપ :– આ અધ્યયનનો ઉપસંહાર પ્રથમ અધ્યયનની જેમ જાણવો.

### વિવેચન :–

પ્રસ્તુત અધ્યયનમાં ધનપતિકુમારે પણ સુબાહુકુમારની જેમ જ પૂર્વભવમાં સુપાત્ર દાન આપી મનુષ્ય ભવ પ્રાપ્ત કર્યો. ભગવાન મહાવીર સ્વામીની પાસે શ્રાવકધર્મ સ્વીકાર્યો અને અંતમાં મુનિ ધર્મની દીક્ષા લઈને કર્મબંધનોને તોડીને મોક્ષ પામ્યા.

સુબાહુકુમાર અને ધનપતિકુમારના જીવનમાં આ ભવ અને પૂર્વભવમાં નામાદિની ભિન્નતાની સાથે સાથે બીજું એટલું જ અંતર છે કે સુબાહુકુમાર દેવલોક અને મનુષ્યના ભવ કરતાં કરતાં અંતમાં મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધ થશે. જ્યારે ધનપતિકુમાર તે જ જન્મમાં નિર્વાણ–મોક્ષ પામ્યા.

**॥ અધ્યયન–૯ સંપૂર્ણ ॥**

# સાતમું અધ્યયન

## મહાબળ

**१** **सत्तमस्स उक्खेवो ।**

**ભાવાર્થ :** સાતમા અધ્યયનનો પ્રારંભ પ્રથમ અધ્યયનની જેમ જાણવો જોઈએ.

**२** **महापुरं णयरं । रत्तासोगं उज्जाणं । रत्तपाओ जक्खो । बले राया । सुभद्दा देवी । महब्बले कुमारे । रत्तवईपामोक्खाणं पंचसयाणं रायवरकण्णगाणं पाणिग्गहणं । तित्थयरागमणं । पुव्वभव पुच्छा । मणिपुरं णयरं । णागदत्ते गाहावई । इंददत्ते अणगारे पडिलाभिए** *जाव* **सिद्धे । णिक्खेवो जहा पढमस्स ।**

**।। सत्तमं अज्झयणं समत्तं ।।**

**ભાવાર્થ :** હે જંબૂ ! મહાપુર નામનું નગર હતું, ત્યાં રક્તાશોક નામનું ઉદ્યાન હતું. તેમાં રક્તપાદ યક્ષનું મંદિર હતું. બળ નામના રાજા રાજ્ય કરતા હતા. સુભદ્રાદેવી નામના તેમના રાણી હતા. તેને મહાબળ નામનો રાજકુમાર હતો. તેના રક્તવતી પ્રમુખ ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓની સાથે વિવાહ કરવામાં આવ્યા.

એકદા તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામી પધાર્યા. ત્યારે મહાબળ રાજકુમારે ભગવાન પાસે શ્રાવકધર્મ સ્વીકાર્યો. ગણધર દેવે તેનો પૂર્વભવ પૂછ્યો, ભગવાને તેને ઉત્તર આપતાં કહ્યું– હે ગૌતમ ! મણિપુર નામનું એક નગર હતું, ત્યાં નાગદત્ત નામનો એક ગૃહપતિ રહેતો હતો. તેણે ઈન્દ્રદત્ત નામના અણગારને શુદ્ધભાવથી નિર્દોષ આહારનું દાન આપી પ્રતિલાભિત કર્યા. તેના પ્રભાવથી મનુષ્યના આયુષ્યનો બંધ કરીને અહીં મહાબળ રૂપે ઉત્પન્ન થયા. ત્યાર પછી તેણે સાધુ ધર્મની દીક્ષા સ્વીકારી ***યાવત્*** મોક્ષે ગયા.

નિક્ષેપ :– અધ્યયનનો ઉપસંહાર પ્રથમ અધ્યયનની જેમ જાણવો.

**॥ અધ્યયન–૭ સંપૂર્ણ ॥**

# આઠમું અધ્યયન

## ભદ્રનંદી

**૧** अट्ठमस्स उक्खेवो ।

**ભાવાર્થ :** આઠમા અધ્યયનનો પ્રારંભ પ્રથમ અધ્યયનની જેમ જાણવો જોઈએ.

**२ सुघोसं णयरं । देवरमणं उज्जाणं । वीरसेणो जक्खो । अज्जुणो राया । तत्तवई देवी । भद्दणंदी कुमारे । सिरिदेवी पामोक्खाणं पंचसयाणं रायवरकण्णगाणं पाणिग्गहणं । तित्थयरागमणं । पुव्वभव पुच्छा । महाघोसे णयरे । धम्मघोसे गाहावई । धम्मसीहे अणगारे पडिलाभिए *जाव* सिद्धे । णिक्खेवो जहा पढमस्स ।**

**।। अट्ठमं अज्झयणं समत्तं ।।**

**ભાવાર્થ :** હે જંબૂ ! સુઘોષ નામનું નગર હતું. ત્યાં દેવરમણ નામનું ઉદ્યાન હતું. તેમાં વીરસેન નામના યક્ષનું યક્ષાયતન હતું. સુઘોષનગરમાં અર્જુન નામના રાજા રાજ્ય કરતા હતા. તેને તત્ત્વવતી(તપ્તવતી) નામની રાણી અને ભદ્રનંદી નામનો રાજકુમાર હતો. શ્રીદેવી વગેરે ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે તેના લગ્ન થયા. એકદા શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ત્યાં પધાર્યા. ત્યારે ભદ્રનંદીએ ભગવાનની દેશનાથી પ્રભાવિત થઈને શ્રાવકધર્મ સ્વીકાર્યો. શ્રી ગૌતમસ્વામીએ તેના પૂર્વભવ સંબંધી પ્રશ્ન પૂછ્યો તેના ઉત્તરમાં ભગવાને કહ્યું કે–

હે ગૌતમ ! મહાઘોષ નામનું નગર હતું. ત્યાં ધર્મઘોષ નામના ગાથાપતિ રહેતા હતા. તેણે ધર્મસિંહ નામના અણગારને શુદ્ધ આહારથી પ્રતિલાભિત કર્યા અને મનુષ્ય આયુષ્યનો બંધ કરીને તે અહીં ઉત્પન્ન થયાં ***યાવત્*** તે મોક્ષગતિને પામ્યા.

નિક્ષેપ :– અધ્યયનનો ઉપસંહાર પ્રથમ અધ્યયનની જેમ જાણવો જોઈએ.

**વિવેચન :–**

સુબાહુકુમાર અને ભદ્રનંદીના જીવનમાં એટલું જ અંતર છે કે સુબાહુકુમાર દેવલોક આદિ અનેક ભવ કરીને મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધ થશે. જ્યારે ભદ્રનંદી તે જ ભવમાં મોક્ષે ગયા.

**॥ અધ્યયન–૮ સંપૂર્ણ ॥**

# નવમું અધ્યયન

## મહાચંદ્રકુમાર

**૧** **णवमस्स उक्खेवो ।**

**ભાવાર્થ :** નવમાં અધ્યયનનો પ્રારંભ પ્રથમ અધ્યયનની જેમ જાણવો જોઈએ.

**૨** **चम्पा णयरी । पुण्णभद्दे उज्जाणे । पुण्णभद्दो जक्खो । दत्ते राया । रत्तवई देवी । महचंदे कुमारे जुवराया । सिरीकंतापामोक्खाणं पंचसयाणं रायवरकण्णगाणं पाणिग्गहणं । तित्थयरागमणं । पुव्वभव पुच्छा । तिगिच्छिया णयरी । जियसत्तू राया । धम्मवीरिए अणगारे पडिलाभिए** *जाव* **सिद्धे । णिक्खेवो जहा पढमस्स ।**

**।। णवमं अज्झयणं समत्तं ।।**

**ભાવાર્થ :** હે જંબૂ ! ચંપા નામની નગરી હતી. ત્યાં પૂર્ણભદ્ર નામનું સુંદર ઉદ્યાન હતું. તેમાં પૂર્ણભદ્ર યક્ષનું યક્ષાયતન હતું. ત્યાંના રાજાનું નામ દત્ત હતું અને રાણીનું નામ રક્તવતી હતું. તેમને યુવરાજપદથી અલંકૃત મહાચંદ્ર નામનો કુમાર હતો. તેનાં શ્રીકાંતા પ્રમુખ ૫૦૦ રાજકન્યાઓ સાથે લગ્ન થયાં.

એક દિવસ પૂર્ણભદ્ર ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. મહાચંદ્રે તેમની પાસે શ્રાવકનાં બાર વ્રતો ગ્રહણ કર્યાં. ગણધરદેવ શ્રી ગૌતમસ્વામીએ તેના પૂર્વભવ સંબંધી જિજ્ઞાસા પ્રગટ કરી. ભગવાન મહાવીર સ્વામીએ ઉત્તર આપતાં ફરમાવ્યું કે–

હે ગૌતમ ! ચિકિત્સિકા નામની નગરી હતી. જિતશત્રુ રાજા ત્યાં રાજ્ય કરતા હતા. તેણે ધર્મવીર્ય અણગારને પ્રાસુક–નિર્દોષ આહાર–પાણીનું દાન આપ્યું. પરિણામે મનુષ્યનું આયુષ્ય બાંધીને અહીં ઉત્પન્ન થયા ***યાવત્*** શ્રામણ્યધર્મનું(ચારિત્રનું) યથાવિધ પાલન કરીને, સર્વ કર્મોનો ક્ષય કરી તે પરમપદ મોક્ષને પામ્યા.

નિક્ષેપ :– અધ્યયનનો ઉપસંહાર પ્રથમ અધ્યયનની જેમ જાણવો જોઈએ.

**॥ અધ્યયન–૯ સંપૂર્ણ ॥**

# દશમું અધ્યયન

## વરદત્ત

**१** **दसमस्स उक्खेवो ।**

**ભાવાર્થ** : દસમા અધ્યયનનો પ્રારંભ પ્રથમ અધ્યયનની જેમ જાણવો જોઈએ.

**२** **एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं साएयं णामं णयरं होत्था । उत्तरकुरू उज्जाणे । पासामिओ जक्खो । मित्तणंदी राया । सिरिकंता देवी । वरदत्ते कुमारे, वरसेणापामोक्खाणं पंचदेवीसयाणं रायवरकण्णगाणं पाणिग्गहणं । तित्थयरागमणं । सावगधम्मं । पुव्वभवपुच्छा । सयदुवारे णयरे । विमलवाहणे राया । धम्मरुई णामं अणगारं एज्जमाणं पासइ, पासित्ता पडिलाभिए समाणे मणुस्साउए णिबद्धे । इहं उप्पण्णे । सेसं जहा सुबाहुस्स कुमारस्स । चिंता** *जाव* **पव्वज्जा । कप्पंतरिओ** *जाव* **सव्वट्ठसिद्धे । तओ महाविदेहे जहा दढपइण्णो** *जाव* **सिज्झिहिइ बुज्झिहिइ, मुच्चिहिइ, परिणिव्वाहिइ सव्वदुक्खामंतं काहिइ ।**

**एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेण** *जाव* **संपत्तेणं सुहविवागाणं दसमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते । सेवं भंते ! सेवं भंते !**

**।। दसमं अज्झयणं समत्तं ।।**

**।। सुहविवागं समत्तं ।।**

**ભાવાર્થ** : હે જંબૂ ! તે કાલે અને તે સમયે સાકેત નામનું સુપ્રસિદ્ધ નગર હતું. ત્યાં ઉત્તરકુરુ નામનું ઉદ્યાન હતું. તેમાં પાશમૃગ નામના યક્ષનું યક્ષાયતન હતું. તે નગરના રાજા મિત્રનંદી હતા. તેની શ્રીકાંતા નામની રાણી હતી. વરદત્ત નામનો રાજકુમાર હતો, તેના વીરસેના આદિ ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે લગ્ન થયાં. ત્યાર પછી એકદા ઉત્તરકુરુ ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીરસ્વામી પધાર્યા. વરદત્તે દેશના સાંભળી ભગવાન પાસેથી શ્રાવકધર્મ અંગીકાર કર્યો, ગણધર ગૌતમસ્વામીના પૂછવા પર ભગવાન મહાવીર સ્વામીએ વરદત્તના પૂર્વભવનું વર્ણન કરતાં કહ્યું કે–

હે ગૌતમ ! શતદ્વાર નામનું નગર હતું. તેમાં વિમલવાહન નામના રાજા રાજ્ય કરતા હતા. તેણે એક વાર ધર્મરુચિ નામના અણગારને આવતાં જોઈને ઉત્કૃષ્ટ ભક્તિભાવથી નિર્દોષ આહારનું દાન આપ્યું તેના પુણ્યપ્રભાવથી તેમણે શુભ મનુષ્ય આયુષ્યનો બંધ કર્યો. ત્યાંથી ભવસ્થિતિને પૂર્ણ કરીને અહીં વરદત્ત રૂપે ઉત્પન્ન થયા.

શેષ વૃત્તાંત સુબાહુકુમારની જેમ જ જાણવો અર્થાત્ ભગવાને વિહાર કર્યો ત્યાર પછી પૌષધ શાળામાં પૌષધોપવાસ કરવો, ભગવાનની પાસે દીક્ષિત થનારાને પુણ્યશાળી માનવા અને ભગવાન જ્યારે પાછા પધારે ત્યારે હું દીક્ષા લઈશ તેવો સંકલ્પ કરવો. આ બધું સુબાહુકુમાર અને વરદત્તકુમાર બંનેના જીવનમાં સમાન છે. ત્યાર પછી દીક્ષિત થઈને ચારિત્રધર્મનું પાલન કરતાં મનુષ્યનો ભવ અને દેવનો ભવ, દેવલોકથી ચ્યવી મનુષ્યભવ, દેવલોકમાં પણ વચ્ચે વચ્ચે એક એક દેવલોક છોડીને સુબાહુની જેમ જ ગમનાગમન કરતાં અંતમાં સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થશે, ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થઈને દૃઢપ્રતિજ્ઞની જેમ સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

હે જંબૂ ! આ પ્રમાણે મોક્ષ સંપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ સુખવિપાકના દસમાં અધ્યયનનો આ અર્થ પ્રતિપાદિત કર્યો છે. – એમ હું કહું છું.

જંબૂસ્વામી– હે ભગવન્ ! આપે સુખવિપાક સૂત્રનું જેવું કથન કર્યું છે તે તેમજ છે, તેમજ છે.

**॥ અધ્યયન–૧૦ સંપૂર્ણ ॥**

**॥ દ્વિતીય શ્રુતસ્કંધ સુખવિપાકસૂત્ર સંપૂર્ણ ॥**

# પરિશેષ

## સૂત્ર અધ્યયન વિધિ :–

**१ विवागसुयस्स दो सुयक्खंधा दुहविवागो सुहविवागो य । तत्थ दुहविवागे दस अज्झयणा एक्कसरगा दससु चेव दिवसेसु उद्दिसिज्जंति । एवं सुहविवागे वि दस अज्झयणा दससु चेव दिवसेसु उद्दिसिज्जंति । तओ दो सुयक्खंधा दोसु चेव दिवसेसु समुद्दिसिज्जंति । तओ अणुण्णवणा अणुण्णविज्जइ दोसु चेव दिवसेसु ।**

**।। विवाग सुयं समत्तं ।।**

**ભાવાર્થ :–** વિપાક સૂત્રના બે શ્રુતસ્કંધ છે– દુઃખવિપાક અને સુખવિપાક. તેમાં દુઃખવિપાકના દસ અધ્યયન દસ દિવસોમાં ભણાવવામાં આવે છે. તેમજ સુખવિપાકના દસ અધ્યયન પણ દસ દિવસોમાં ભણાવવામાં આવે છે. ત્યાર પછી બંને શ્રુતસ્કંધનો બે દિવસમાં સમુદ્દેશ(પુનરાવર્તન–સ્થિરીકરણ) કરાય છે. ત્યારપછી પરીક્ષણ સાથે બધી સૂચનાઓ સંશોધન શુદ્ધિ કરાવી બીજાને ભણાવવાની આજ્ઞા બે દિવસમાં અપાય છે. એમ કુલ ૨૪ દિવસમાં ૨૪ આયંબિલના ઉપધાનથી આ સૂત્રનું અધ્યયન સંપૂર્ણ થાય છે.

**॥ વિપાક સૂત્ર સમાપ્ત ॥**

## વિવેચન :–

પરિશેષના મૂળપાઠ સંબંધી સ્પષ્ટીકરણ અને તેનું તાત્પર્ય અનુત્તરોપપાતિક સૂત્રમાં કર્યું છે. જિજ્ઞાસુઓને ત્યાં જોવા વિનંતી.

## ઉપસંહાર :–

(૧) ભાગ્યશાળી આત્માઓ પ્રાપ્ત પુણ્ય સામગ્રીમાં જીવનભર આસક્ત રહેતા નથી, ગમે ત્યારે વિરક્ત થઈને તેનો ત્યાગ કરે છે.

(૨) સંયમ સ્વીકાર ન થાય ત્યાં સુધી શ્રાવકવ્રતોને અવશ્ય ધારણ કરી લેવા જોઈએ. દસે અધ્યયનમાં વર્ણિત રાજકુમારોએ અને રાજાએ વિપુલ ભોગમય જીવન જીવતાં થકા સંપૂર્ણ બાર વ્રત સ્વીકાર કર્યા હતા અને મહિનામાં છ પૌષધ પણ કર્યા હતા.

(૩) સુપાત્ર દાન દેવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ અને સંસાર પરિત થાય છે. મનુષ્ય આયુનો બંધ અન્ય કોઈ ક્ષણે સમકિતના અભાવમાં થાય છે કારણ કે સંસાર પરિત્તિકરણ સમ્યક્ત્વ પ્રાપ્તિ પછી થાય છે અને સમ્યક્ત્વની હાજરીમાં મનુષ્યનું આયુષ્ય બંધાતું નથી, તેથી સુબાહુકુમારનો આયુબંધ અન્ય ક્ષણે એટલે દાન દીધાં પહેલા કે પછી થયો હોય એમ સમજવું જોઈએ. સમકિતની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની પણ હોય છે. તેથી સ્વાભાવિક રીતે પણ અલ્પ સમય માટે સમકિત આવીને ચાલી પણ જાય છે. પરંતુ મનુષ્ય મનુષ્યનું આયુષ્ય સમકિત અવસ્થામાં બાંધતો નથી, એ શાસ્ત્રનો ધ્રુવ નિયમ છે. *[ભગવતી સૂત્ર શ.૩૦]*

(૪) ઘરમાં મુનિરાજ ગોચરીએ પધારે ત્યારે વિધિપૂર્વક શુદ્ધ નિર્દોષ આહાર વહોરાવવો જોઈએ.

(૫) ગોચરી અર્થે પધારતાં, રસ્તામાં કે ગોચરીના સમયે મુનિવરને દૂરથી જ કેવળ વિનય વ્યવહાર કરવાનો હોય છે અર્થાત્ હાથ જોડી મસ્તક નમાવી 'મત્થેણં વંદામિ' કહેવું. પરંતુ તિક્ખુતોના પાઠથી ત્રણવખત ઊઠ બેસ કરી વંદન કરી ચરણ સ્પર્શ કરવા માટે મુનિને અટકાવતાં અવિનય અને આશતનાના દોષ લાગે છે.

(૬) મુનિરાજને જોતાં દૂરથી જ અભિવાદન કરવું, આસન છોડવું, પગરખા કાઢવા, એ વિનય વ્યવહાર છે. નજીક આવતાં ઉત્તરાસન મુખે રાખવું.

(૭) સુપાત્ર દાન દેતાં ત્રૈકાલિક હર્ષ થવો જોઈએ. દાન દેવાનો અવસર પ્રાપ્ત થતાં, દાન દેતાં અને દાન દીધા પછી આમ ત્રણે વખત ઉત્કૃષ્ટ ભાવ રહેવા જોઈએ.

(૮) સુપાત્રદાનની ત્રણ શુદ્ધિ– દાતાનો ભાવ શુદ્ધ હોય, લેનાર મુનિરાજ સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્રયુક્ત હોય અને દાન અચિત તેમજ એષણીય હોય, આ ત્રણ પ્રકારની શુદ્ધિપૂર્વકના આહારદાનનું અલૌકિક ફળ હોય છે.

(૯) આહારદાનમાં ત્રણ પ્રકારે શુદ્ધિ હોય અને દીર્ઘ તપશ્ચર્યાનું પારણું હોય તો દેવો ખુશ થઈ પાંચ દિવ્ય પ્રગટ કરે છે. પાંચ વર્ણના પુષ્પોની વૃષ્ટિમાં દેવકૃત અચિત પુષ્પ સમજવા.

## ।। વિપાકસૂત્ર સંપૂર્ણ ।।

પરિશિષ્ટ-૧

# કેટલાક શબ્દોના અર્થ

| સૂત્રાંક | શબ્દાર્થ |
|---|---|

## પ્રથમ શ્રુતસ્કંધ

### પ્રથમ અધ્યયન

૧ **सत्तुस्सेहे** = સાત હાથ
૪ **एक्कारसमस्स** = અગિયારમા
૭ **चिराईए** = પુરાતન
૮ **वायव्वे** = વાતરોગ
**रहस्सियंसि** = ગુપ્ત
૯ **पगड्डिज्जमाणे** = પકડીને ચલાવતો
**फुट्टहडाहडसीसे** = મસ્તકના વાળ વીખ-રાયેલા હતા.
**मच्छियाचडगरपहकरेणं** = માખીઓનાં ઝુંડના ઝુંડ
**कालुणवडियाए** = દૈન્યવૃત્તિથી
૧૧ **उज्जाण-गिरिजत्ताइं** = ઉદ્યાનની કે પર્વતની યાત્રા
૧૪ **संदिसंतु** = કહો, બતાવો
૧૬ **भत्तवेला** = ભોજનનો સમય, આહારનો સમય
**कट्ठसगडियं** = લાકડાની ગાડી
૧૭ **अणुकड्ढमाणी** = ખેંચતી
૧૮ **परंमुही** = પરાંગમુખ, પાછળ મોઢું કરીને
**किमिजालाउलसंसत्ते** = કીડાઓનો સમૂહ ખદબદતો હતો
૧૯ **पुरापोराणाणं** = પૂર્વજન્મોનાં
૨૦ **आभोए** = વિસ્તારમાં, આધીનમાં
**इक्काई** = ઈકાઈ રાઠોડ
**अहम्मपलोइ** = અધર્મપ્રેક્ષી
**अहम्मपलज्जणे** = અધર્માનુરાગી, અધર્મ ફેલાવનાર
**आहेवच्चं** = શાસન
૨૧ **उक्कोडाहि** = લાંચ લેવાથી
**लंछपोसेहि** = ચોર આદિના પોષણથી
**आलीवणेहि** = બાળવાથી
**तज्जेमाणे** = તિરસ્કૃત કરતાં
**गुज्झेसु** = ગુપ્ત વિષયોમાં
**कलिकलुसं** = કલુષિત પાપકર્મો
૨૨ **जमगसमगमेव** = એક સાથે જ
**कासे** = ઉધરસ
**अरिसे** = હરસ
**कंडू** = ખૂજલી
૨૩ **सएहिंतो** = પોતાના ઘરેથી
**परामुसंति** = સંસ્પર્શ કરે છે, હાથમાં લે છે
**सेयणाहि** = પરસેવો
**अवद्दहणाहि** = ગરમ લોઢાની કોશ આદિથી ચામડી પર ડામ દેવો
**णिरूहेहि** = વિરેચન વિશેષ
**तच्छणेहि** = ચાકૂ આદિ સામાન્ય શસ્ત્રથી કાપવું
**पच्छणेहि** = બારીક શસ્ત્રોથી ચામડી કાપવી
**सिरोवत्थीहि** = માથા પર તેલ પટ્ટી કરવી
**सीलियाहि** = કડીયાતું વગેરેથી
૨૪ **अद्धुहट्ट** = મનોવ્યથાથી વ્યથિત, દુખાર્ત-શારીરિક પીડાથી પીડિત

**वसट्टे** = ઈન્દ્રિયાધીન હોવાથી પરતંત્ર
૨૫ **जप्पभिइं** = જે દિવસથી
**अमणुण्णा** = અસુંદર
**अमणाम** = અપ્રિય
૨૬ **अणुमया** = અનુમત, સન્માનીય
૨૮ **उज्झाहि** = ફેંકી દે
**संदिसह** = બતાવો
૨૯ **रहस्सियगंसि** = ગુપ્ત વાતમાં
૩૨ **पच्चायाहिइ** = ઉત્પન્ન થશે
**गोणत्ताए** = બળદરૂપે
**तडीए पेल्लिए** = કિનારા પર પડવાથી

## બીજું અધ્યયન

૩ **णवंगसुत्तपडिबोहिया** = નવ અંગ(બે કાન, બે નેત્ર, બે નાસિકા, એક જીભ, એક ત્વચા, એક મન)
**उसियज्झया** = ઊંચી ધ્વજાવાળા
૬ **अडितए** = ફરતા હતા
**जुगंतरपलोयणाए** = યુગપ્રમાણ ભૂમિ જોતાં
**उद्दामिय** = લટકી રહ્યા હતા
**आविद्धगुडे** = શરીર રક્ષાના ઉપકરણો પહેરેલા
**ओसारियपक्खरे** = શરીર પર સોનાની ઝૂલ નાખેલા
**उप्पीलियसरासणपट्टिए** = શરાસન ધનુષ્ય ખેંચવા સમયે હાથની રક્ષા માટે બાંધવામાં આવતી ચામડાની પટ્ટી
**अवओडियबंधणं** = જેના હાથ પાછળ ના ભાગમાં વાળીને બાંધ્યા હતા
**णेहतुप्पियगत्तं** = જેનું શરીર ચીકણું કરેલું હતું
**वज्झकरकडिजुयणियत्थं** = કટિપ્રદેશમાં વધ્યપુરુષ યોગ્ય વસ્ત્રયુગ્મ ધારણ કરેલું હતું
**चुण्णगुंडियगत्तं** = ગેરુના ચૂર્ણથી યુક્ત શરીર
**चुण्णय वज्झपाणप्पियं** = વધ યોગ્ય ચૂર્ણ મિશ્રિત પાણી છાંટતા
**खक्खरग सएहिं** = સેંકડો પથ્થરો, ચાબુકોથી
૮ **गोमंडवे** = ગૌશાળા
**णगरवलीवद्दा** = નગરના બળદો
**णगरवसभा** = નગરના સાંઢ
૯ **दुप्पडियाणंदे** = ઘણાં પ્રયત્ને પ્રસન્ન થનાર
**आवण्णसत्ता** = ગર્ભવતી થઈ
૧૦ **छेप्पाहि** = પૂંછડા
**ककुहेहि** = કુકુંદ–સ્કંધનો ઉપરી ભાગ
**ओलुग्गा** = શિથિલ શરીરવાળી
**णित्तेया** = નિસ્તેજ
**ओमंथिय** = કરમાઈ ગયું
**ओहय** = વિવેક રહિત, ચિંતાગ્રસ્ત
**अविणिज्जमाण** = પૂર્ણ ન થવું
૧૨ **वग्गूहिं** = શબ્દો વડે, વાક્યો વડે
**अबीए** = એકલો
૧૩ **विघुट्ठे** = ભયંકર
**आरसिए** = અવાજ કર્યો
૧૫ **कल्लाकल्लिं** = પ્રતિદિન
૧૬ **जायणिंदुया** = મરેલા બાળકને જન્મ દેનારી
૧૭ **संगोवेमाणी** = સંગોપન કરતી
**णिव्वत्ते** = વ્યતીત થવા પર
**गोण्णं** = ગુણસંપન્ન
૧૮ **पोयवहणेणं** = વહાણ
**णिव्वुड्डभंडसारे** = અમૂલ્ય વસ્તુઓ ડૂબી ગઈ
**छूढं** = વિનષ્ટ થવાથી
૧૯ **अप्फुणा** = સંતપ્ત, ગ્રસ્ત
**लोइयाइं** = લૌકિક
૨૦ **णिच्छुभेंति** = કાઢી મૂકે છે
**अणोहट्टिए** = બેરોકટોક

**सइरप्पयारे** = નિરંકુશ
**संपलग्गे** = ફસાઈ ગયો, જોડાઈ ગયો
૨૨ **तदट्ठोवउत्ते** = તેની પ્રાપ્તિ માટે જ ઉત્સુક
**तदप्पियकरणे** = તેને જ સમર્પિત
**अंतराणि** = જે સમયે રાજાનું આગમન ન હોય
**छिद्दाणि** = રાજ પરિવારની કોઈ વ્યક્તિ પણ ન હોય
**विवराणि** = કોઈ પણ સામાન્ય વ્યક્તિ ન હોય
૨૩ **मणुस्सवग्गुरापरिक्खिते** = મનુષ્યના સમૂહથી ઘેરાયેલ
**आसुरत्ते** = ક્રોધથી લાલપીળા થવું
**चंडिक्किए** = પ્રચંડ થયા
**णिडाले** = મસ્તક પર, લલાટ પર
**जाणु** = ઘૂંટણ
**कोप्पर** = કોણી
**महियगत्तं** = શરીરને મથિત કરીને
૨૪ **सूलीभिण्णे** = શૂળીથી ભેદન
**वेयड्ढगिरिपायमूले** = વૈતાઢ્ય પર્વતના મૂળમાં
**वाणरत्ताए** = વાનર રૂપે
**वाणरपेल्लए** = વાનરશિશુઓને
**हियउड्डावणाहि** = હૃદયને શૂન્ય કરનાર
**णिण्हवणेहि** = અદશ્ય કરનાર
**पण्हवणेहि** = પ્રસન્ન કરનાર
**आभियोगिएहि** = પરાધીન કરનાર
૨૫ **इमीसे** = આ
**गोट्ठिल्लएहिं** = મિત્રમંડળી

## ત્રીજું અધ્યયન

૩ **देसप्पंते** = સીમાંત
**संठिया** = સ્થિત
**अब्भिंतरपाणीया** = અંદર પાણીની સુવિધા
**विदियजणदिण्णणिग्गमप्पवेसा** = જાણકાર વ્યક્તિ જ તેમાં આગમન કરી શકે
૫ **पारदारियाण** = પરસ્ત્રીલંપટ
**संधिच्छेयाण** = દિવાલમાં બાકોરું પાડી ચોરી કરનાર, ખાતર પાડી ચોરી કરનાર
**कुडंगे** = વાંસના વનની જેમ ગોપક અથવા સંરક્ષક હતા
**पंथकोट्टेहि** = પથિકોને લૂંટવા
**खत्त–खणणेहि** = ખાતર પાડી ચોરી કરનાર
**ओवीलेमाणे** =પીડિત કરતાં
**तालेमाणे** = ચાબુક આદિથી મારતો
**णित्थाणे** = સ્થાન રહિત
**णिक्कणे** = ધાન્યાદિ રહિત
**कप्पायं** = કરને, ટેક્સને
૬ **अत्तए** = પુત્ર, આત્મજ
**विण्णायपरिणयमेत्ते** = વિશેષજ્ઞાન રાખનાર બુદ્ધિની પરિપક્વતાથી યુક્ત
૮ **समोगाढे** = પધાર્યા, પહોંચ્યા
**आसे** = ઘોડાઓ
**चुल्लपिउए** = કાકા
**कलुणं** = કરુણ, દીનતા યુક્ત
**कागणिमंसाइ** = માંસના નાના નાના ટુકડા
**चुल्लमाउयाओ** = કાકી
**महापिउए** = પિતાના મોટાભાઈ, બાપુ, ભાઈજી
**सुण्हाओ** =પુત્રવધૂઓને
**धूयाओ** = પુત્રીઓ
**णत्तुया** = પૌત્રોને, દોહિત્રોને
**णत्तुयावई** = પૌત્રી જમાઈ, દોહિત્રી જમાઈ
**णत्तुइणीओ** = પૌત્ર અને દોહિત્રોની પત્નીઓ
**पिउस्सियपइया** = ફૂઆ

**पिउस्सियाओ** = ફૂઈ, ફઈબા
**माउस्सियपइया** = માસા, માસીના પતિ
૧૦ **णिण्णए** = નિર્ણય નામનો
**दिण्णभइभत्तवेयणा** = રૂપિયા, પૈસા અને ભોજન રૂપે વેતન લેનારા
**कुद्दालियाओ** = કુદ્દાલની પટારીઓ
**पत्थियपिडए** = વાંસના ટોપલાઓ
**परिपरंतेसु** = ચારે બાજુ
**टिट्टिभिअंडए** = ટીંટોડીના ઈંડાંઓ
**खहयर** = ખેચર
૧૧ **कवल्लीसु** = તવામાં
**कंदुएसु** = કડાઈમાં
૧૩ **समुल्लासियाहिं दामाहिं** = સુંદર ખીલેલા ફૂલોની માળાઓથી
**छिप्पतूरेणं** = શીઘ્ર વાગે તેવું વાજું
**आहिंडमाणीओ** = ચારે બાજુ ફરતી
૧૯ **ताविया समाणा** = સંતપ્ત કરેલા
**बाहुच्छायापरिग्गहिया** = ભુજાઓની છાયાથી સંરક્ષિત
૨૦ **विलुंपाहि** = નષ્ટ કરો, લૂંટી લ્યો
૨૩ **उवक्खडावेइ** = તૈયાર કરાવે છે
**अल्लं चम्मं** = ભીના ચામડાં
**आयंते चोक्खे** = કોગળા કરી મુખ અને હાથ સ્વચ્છ કર્યા
**पडिवालेमाणे** = પ્રતીક્ષા કરવા લાગ્યા
૨૪ **संपलग्गे** = યુદ્ધ કરવા લાગ્યા
૨૫ **अथामे** = અસમર્થ, તેજોહીન
૨૬ **उवप्पयायेण** = દાન નીતિથી, બક્ષિસ આપીને
**सीसगसमा** = શિષ્યતુલ્ય, અધીનસ્થ, અંગરક્ષકો, મસ્તક સમ પ્રમુખ લોકો
**संतसार सावएज्जेणं** = ઉત્તમ સારભૂત દ્રવ્યો દ્વારા તથા રૂપિયાની લાલચ દ્વારા
**महरिहाइं** = મોટા માણસને, રાજાને દેવા યોગ્ય, વિપુલ સામગ્રી
**विसंभमाणेइ** = વિશ્વાસમાં લે છે
**हव्वमाणिज्जउ** = અહીં જ લાવીએ
૨૮ **णाइविकिट्ठेहिं** = નાની નાની યાત્રા દ્વારા
**वसहिपायरासेहिं** = રાત્રિનિવાસ અને, પ્રાતઃકાલીન નાસ્તા કરતાં
૩૧ **दुवाराइं पिहेह** = દરવાજા બંધ કરો
**जीवग्गाहं** = જીવતો પકડી લ્યો

## ચોથું અધ્યયન

૨ **अमच्चे** = મંત્રી
**छागलिए** = કષાઈ, બકરાના માંસથી આજીવિકા ચલાવનાર
૮ **एयप्पहाणे** = એવા જ પ્રમુખ આચારથી
**कलिकलुसं** = ક્લેશજનક અને અશુભ
૧૦ **णिच्छुभावेइ** = કાઢી મૂકે છે
૧૧ **विवराणि** = સામાન્ય કોઈ પણ વ્યક્તિ ન હોય તેવી તક
૧૩ **अवयासाविए** = આલિંગન કરાવવાથી
**मातंगकुलंसि** = ચાંડાળકુળ

## પાંચમું અધ્યયન

૬ **जीवंतगाणं** = જીવતા જ
**हिययउंडए** = હૃદયના માંસપીંડને
**संतिहोमं** = શાંતિહોમ
**पडिसेहिज्जइ** = ભગાડી દેતા
૮ **विण्णयपरिणयमेते** = પરિપક્વ જ્ઞાનયુક્ત થયો
**पंसुकीलियए** = રમતા હતા

## છઠ્ઠું અધ્યયન

૩ **दिण्णवियारे** = બેરોકટોક, રોકટોક વિના,

આવ–જા કરનાર
૫ **तउयभरिएहिं** = જસતના ગરમ રસથી ભરેલી
**कलकलभरिएहिं** = કલકલ શબ્દ કરતાં અતિ ઉષ્ણ પાણીથી પૂર્ણ
**पिणद्धंति** = પહેરાવે છે
૭ **अद्दहियाओ** = અગ્નિ ઉપર, ગરમાગરમ
**हडीण** = લાકડાની બેડી
**णियलाण** = લોખંડની બેડી
**पुंजा** = ટોચ સહિતના ઢગલા
**णिगरा** = ટોચ વગરના ઢગલા
**चिंचालयाण** = આમલીના ચાબુકોના
**छियाण** = કોમળ ચર્મના ચાબુકોના
**कसाण** = સામાન્ય ચામડાના ચાબુકોના
**वायरासीण** = વૃક્ષોની છાલથી બનાવેલા
**लउडाण** = લાકડીના
**कणंगराण** = લંગરોના
**तंतीण** = ચામડાનું દોરડું, રાંઢવાઓના
**वरत्ताण** = સામાન્ય દોરડાના
**वागरज्जूण** = વલ્કલની રસ્સીઓના
**कडगसक्कराण** = વાંસની સળીઓના
**अल्लपट्टाण** = વીંછીના પૂંછડાના આકાર જેવું શસ્ત્ર, ભીનાં વસ્ત્રના પટ્ટાના
**डंभणाणं** = અગ્નિમાં તપાવીને જેનાથી ડામ દેવામાં આવે તેવી સળીઓના
**कोट्टिल्लाण** = નાના મુદગરોના
**पिप्पलाण** = નાના છરાઓના
૮ **विस्संभघायए** = વિશ્વાસઘાતક
**छडछडस्स वम्मावेइ** = છડ છડ શબ્દ સાથે વમન કરાવે છે
**ओवीलं दलयइ** = પીડા દે છે
**अगडंसि ओचूलयालगं** = કૂવામાં ઊંધા લટકાવે
**अवदूसु** = ગળામાં
**खलुएसु** = સંધી સ્થાનોમાં, ગિટ્ટોમાં, ઘૂંટીમાં
**कोट्टिल्लएहि य आउडावेइ** = હથોડા (મુદગર) દ્વારા સોયોનો પ્રવેશ કરાવે છે
**भूमिं कंडूयावेइ** = ભૂમિ ખોદાવે છે
**दब्भेहि** = મૂળ સહિત કુશાઓ
**कुसेहि** = મૂળ રહિત કુશાઓ

## સાતમું અધ્યયન

૪ **कच्छुल्लं** = ખૂજલીના રોગી
**दओयरियं** = જલોદર
**सोगिलं** = સોજા
**लालापगलंतकण्णणासं** = કાન, નાકમાંથી રસી નીકળતા
**मच्छियाचडगरपहकरेणं** = માખીઓના ટોળે ટોળાં બણબણ કરી રહ્યાં હતાં
**अण्णिज्जमाणमग्गं** = ચાલતાની સાથે ચાલતી હતી
**फुट्टहडाहडसीसं** = માથાના વાળ અસ્તવ્યસ્ત હતા
**दंडिखंडवसणं** = થીગડાવાળા વસ્ત્ર
૧૧ **ओवाइणित्तए** = માનતા માનવી
૧૨ **उल्लपडसाडिया** = ભીની સાડી પહેરીને
**पच्चुत्तरइ** = બહાર આવી
**गायलट्ठी ओलूहेइ** = શરીર લૂછ્યું
૧૬ **जमगसमगमेव** = એક સાથે જ
૧૭ **गोट्ठिल्लवहिए** = દુરાચારી મંડળ દ્વારા મારવાથી

## આઠમું અધ્યયન

૫ **अट्ठिचम्मावणद्धं** = જેની ચામડી હાડકા સાથે ચોંટી ગઈ હતી
૬ **महाणसिए** = રસોઈઓ

૭ **णिप्पक्खइलयंति** = તડકામાં સૂકવે છે
૧૨ **णीहरित्तए** = કાઢી શકશે, કાઢી દેશે
**अत्थसंपयाणं** = ધનસંપત્તિ

## નવમું અધ્યયન

૪ **चुण्णगुंडियगायं** = ગેરુથી ભરેલું શરીર
૧૦ **उप्फेणउप्फेणियं** = છાતીમાં ડૂમો ભરતી
૧૧ **अणेगखंभसयसण्णिविट्ठं** = સેંકડો થાંભલાની બનેલી
૧૩ **उवगीयमाणाइं** = ગીતો ગાતી
૧૪ **आलीवियाइं** = સળગાવી દેવાઈ
૧૬ **णिव्वत्तबारसाहियाए** = બારમા દિવસના કાર્યોથી નિવૃત્ત થતા
૧૭ **कणगतिंदूसएणं** = સોનાનો દડો, સોનાની દડી
**कीलमाणी** = ક્રીડા કરતી
૧૯ **सयरज्जसुंक्का** = રાજ્યના બદલે મેળવી શકાય, સેંકડો રાજ્ય શુલ્ક
૨૦ **पवरपरिहिया** = શ્રેષ્ઠ વસ્ત્રાદિ પહેરીને
૨૬ **संडासएणं** = સાણસીથી
**आरसित्ता** = રાડોપાડતી
૨૭ **संण्णिवडिए** = પડી ગયા

## દ્વિતીય શ્રુતસ્કંધ

## પહેલું અધ્યયન

૪ **उप्पिं पासायवरगए** = શ્રેષ્ઠ પ્રાસાદોમાં ઉપર
**फुट्टमाणेहिं** = વાજા વગાડાતાં
૧૧ **पच्चोरुहइ** = ઊતરે છે
૧૨ **चेलुक्खेवेकए** = ધ્વજા ફરકાવે છે
**अंतरा वि य णं आगासे** = આકાશમાં
૧૩ **ओहीरमाणी** = સ્વપ્નમાં, સ્વપ્ન જોતાં
૧૭ **जणसद्दं** = જનસમૂહનો અવાજ, ઘોંઘાટ
**जणसण्णिवायं** = જનસમૂહના આવાગમન

૧૯ **अप्पाणं झूसित्ता** = આત્માને કૃશ કરીને, શરીર અને કષાયને કૃશ કરીને
**पाउणिहिइ** = પાલન કરશે, પ્રાપ્ત કરશે
૨૦ **सिज्झिहिइ** = સિદ્ધ થશે, કૃતકૃત્ય થશે
**बुज्झिहिइ** = જ્ઞાનમય થશે
**मुच्चिहिइ** = કર્મોથી મુક્ત થશે
**परिणिव्वाहिइ** = પરમ નિર્વાણને પામશે

## પરિશિષ્ટ–૨ દુઃખવિપાકસૂત્ર

| પૂર્વભવ | | | | વર્તમાનભવ |
|---|---|---|---|---|
| નામ | દુષ્કૃત્યો | આયુષ્ય | ગતિ | નામ |
| ૧, ઈકાઈ રાઠોડ | અત્યંત ક્રૂર કર્મો, દ્વિગુણા કર લેવા, લાંચ, ચોરનું પોષણ, દમન, ગામ બાળવા, પથિકોની ઘાત, લોકોને નિર્ધનકરવા, પ્રજાને આચાર ભ્રષ્ટ કરવી. | ૨૫૦ વર્ષ | પ્રથમ નરક | મૃગાપુત્ર |
| ૨, ગોત્રાસક | પશુઓના અંગોપાંગ કાપી સંત્રસ્ત કરી આનંદ માનતો, મદ્યમાંસમાં લીન. | ૫૦૦ વર્ષ | બીજી નરક | ઉજ્ઝિતક |
| ૩, નિર્ણય | ઈંડાનો વ્યાપાર, અનેક પ્રકારના ઈંડાને તળીને, બાફીને, ભુંજીને વેંચતો, મદ્ય–માંસમાં આસક્ત. | ૧૦૦૦ વર્ષ | ત્રીજી નરક | અભગ્નસેન |
| ૪, છણિક કસાઈ | બકરા, સિંહ, મોર, સસલા આદિ પશુ–પક્ષીઓના માંસનો વ્યાપાર, અધમાધમ કૃત્ય | ૭૦૦ વર્ષ | ચોથી નરક | શકટકુમાર |
| ૫, મહેશ્વર દત્ત પુરોહિત | રાજ્યવૃદ્ધિ માટે રોજ ચારે જ્ઞાતિના એક–એક = ૪, આઠમ ચૌદસ બે–બે = ૮, ચૌમાસીના ચાર–ચાર= ૧૬, છ માસીના સોળ–સોળ = ૬૪, રાજ્યયુદ્ધ સમયે ૧૦૮–૧૦૮ = ૪૩૨ બાળકોનો વધ કરી હોમ કરતો | ૩૦૦ વર્ષ | પાંચમી નરક | બૃહસ્પતિદત્ત |
| ૬, દર્યોધન જેલર | રાજ્ય અપરાધીઓને ક્ષારયુક્ત પાણી, ઉકળતા પાણી, ઊંટ–ઘેટાના મૂત્ર પીવડાવવા, મર્મ સ્થાનમાં ખીલી ઠોકવી વગેરે અનેક પ્રકારે ત્રાસ આપતો. | ૩૧૦૦ વર્ષ | છટ્ઠી નરક | નંદિવર્ધન |
| ૭, ધનવંતરી વૈદ્ય | ઉપચાર અને પથ્યપાલન માટે પશુ–પક્ષી, માછલા આદિ જીવોના માંસની પ્રેરણા આપતો, પોતે મદ્ય માંસનો ઉપભોગ કરતો. | ૩૨૦૦ વર્ષ | છટ્ઠી નરક | ઉંબરદત્ત |
| ૮, શ્રિયક | રાજાને પ્રસન્ન કરવા મદ્ય–માંસની વિવિધ ભોજ્ય સામગ્રી બનાવી પાપ પ્રવૃત્તિ લીન રહેતો | ૩૩૦૦ વર્ષ | છટ્ઠી નરક | શૌરિકદત્ત |
| ૯, સિંહસેન રાજકુમાર | પોતાની અત્યંતપ્રિય શ્યામા રાણીને મારી નાંખવાનું કાવતરું કરનાર અન્ય ૪૯૯ સાસુઓને સિંહસેન રાજાએ કૂટાગાર શાળામાં બાળી નાંખી. | ૩૪૦૦ વર્ષ | છટ્ઠી નરક | દેવદત્તા કન્યા |
| ૧૦, પૃથ્વીશ્રી ગણિકા | અનેક પુરુષોને વશીકરણ ચૂર્ણથી વશ કરી ભોગ ભોગવતી દીર્ઘકાલ પર્યંત ભોગા સક્તિ. | ૩૫૦૦ વર્ષ | છટ્ઠી નરક | અંજૂશ્રી |

| વર્તમાનભવ | | | | |
|---|---|---|---|---|
| **નગરી** | **માતા–પિતા** | **પૂર્વભવના દુષ્કૃત્યનું દુષ્ફળ** | **આયુષ્ય** | **ભવિષ્ય** |
| મૃગાગ્રામ | મૃગાદેવી– વિજય ક્ષત્રિય | વાત અને ભસ્મક રોગથી ગ્રસ્ત તથા ઈંદ્રિયોના સ્થાને આકાર માત્ર હોય તેવું માંસના લોચા જેવું શરીર. | ૨૬ વર્ષ | નરક અન તિર્યંચ આદિ દુર્ગતિના અસંખ્ય ભવમાં જન્મ–મરણ કરી, અંતે મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યજન્મ પ્રાપ્ત કરી, સિદ્ધગતિને પ્રાપ્ત કરશે. |
| વાણિજય ગ્રામ | સુભદ્રા–વિજય મિત્ર સાર્થવાહ | કામધ્વજા નામની વેશ્યામાં આસક્તિ, દંડમાં પોતાના જ શરીરના તલ જેવડા ટૂકડા ખવડાવી શૂળીની સજા. | ૨૫ વર્ષ | |
| પુરિમતાલ | સ્કંદશ્રી– વિજયચોર | ચોરી કરતાં પકડાયો ૧૮ ચૌટામાં ભાઈ–ભાભી આદિના માંસ ખવડાવી શૂળીની સજા. | ૭૦ વર્ષ | |
| સાહંજણી | ભદ્રા–સુભદ્ર સાર્થવાહ | સુદર્શના નામની વેશ્યામાં આસક્ત અંતે સુષેણ મંત્રીના પ્રકોપથી મૃત્યુદંડ. | ૫૭ વર્ષ | |
| કૌશાંબી | વસુદત્તા– સોમદત્ત પુરોહિત | ઉદાયન રાજાની રાણી પદ્માવતીમાં આસક્ત, ઉદાયનના હાથે પકડાયો, મૃત્યુદંડની સજા. | ૬૪ વર્ષ | |
| મથુરા | બંધુશ્રી– શ્રીદામ રાજા | પિતા રાજાના વધનું કાવતરું પકડાઈ જતાં રાજા દ્વારા તપેલા લોખંડના સિંહાસન પર બેસાડી ધગધગતા ધાતુ રસથી અભિષેક કરી, શૂળીની સજા. | ૬૦ વર્ષ | |
| પાટલીખંડ | ગંગદત્તા– સાગરદત્ત સાર્થવાહ | માતા–પિતાના મૃત્યુ પછી રાજપુરુષોએ ઘરમાંથી કાઢી મૂકયો, સોળ મહા રોગથી ત્રસ્ત ભીખ માંગીને રખડતો, રઝળતો જીવન વ્યતીત કર્યું. | ૭૨ વર્ષ | |
| શૌરિકપુર | સમુદ્રદત્તા– સમુદ્રદત્ત માછીમાર | માછીમારોનો વિશાળ ધંધો, ગળામાં માછલીનો કાંટો ફસાઈ જતા, અનેક ઉપચારથી તે કાંટો ન નીકળતા તીવ્ર વેદના સાથે મૃત્યુ. | ૭૦ વર્ષ | |
| રોહિતક | કૃષ્ણશ્રી– દત્તશેઠ | ભોગપ્રિય દેવદત્તાનો પતિ પુષ્પનંદી માતૃભક્ત, સાસુનું કંટક દૂર કરવા દેવદત્તાએ ધગધગતો લોખંડનો સળીયો સાસુના ગુદાદ્વારમાં ભોંકી મારી નાંખી, અંતે શૂળીની સજા. | ૮૦ વર્ષ | |
| વર્ધમાનપુર | પ્રિયંગુ– ધનદેવ સાર્થવાહ | વિજયમિત્ર રાજાની પત્ની અંજૂશ્રીમાં આસક્ત અંતે અસાધ્ય શૂળવેદનાને પામી મૃત્યુ. | ૯૦ વર્ષ | |

## પરિશિષ્ટ–૩

### સુખ વિપાકસૂત્ર

| નામ | નગરી | માતા–પિતા | વિવાહ | પૂર્વભવ | આહારદાન કોને આપ્યું ? |
|---|---|---|---|---|---|
| ૧. સુબાહુકુમાર | હસ્તિશીર્ષ | ધારિણી દેવી અદીનશત્રુ રાજા | પુષ્પચૂલા પ્રમુખ ૫૦૦ રાજકન્યા | સુમુખ ગાથાપતિ | સુદત્ત અણગારને |
| ૨. ભદ્રનંદીકુમાર | ઋષભપુર | સરસ્વતી દેવી ધનાવહ રાજા | શ્રીદેવી પ્રમુખ ૫૦૦ રાજકન્યા | વિજયકુમાર | યુગબાહુ તીર્થંકરને |
| ૩. સુજાતકુમાર | વીરપુર | શ્રીદેવી રાણી વીરકૃષ્ણમિત્ર રાજા | બાલશ્રી પ્રમુખ ૫૦૦ રાજકન્યા | ઋષભદત્ત ગાથાપતિ | પુષ્પદત્ત અણગારને |
| ૪. સુવાસવકુમાર | વિજયપુર | કૃષ્ણાદેવી વાસવદત્ત રાજા | ભદ્રા પ્રમુખ ૫૦૦ રાજકન્યા | ધનપાલ રાજા | વૈશ્રમણભદ્ર અણગારને |
| ૫. જિનદાસકુમાર | સૌગંધિકા | અર્હદત્તાદેવી મહાચંદ્રરાજકુમાર | – | મેઘરથ રાજા | સુધર્મા અણગારને |
| ૬. ધનપતિ યુવરાજ | કનકપુર | સુભદ્રાદેવી રાણી પ્રિયચંદ્ર રાજા યુવરાજ વૈશ્રમણ કુમાર તેના પુત્ર | શ્રીદેવી પ્રમુખ ૫૦૦ રાજકન્યા | મિત્રનામક રાજા | સંભૂતિવિજય અણગારને |
| ૭. મહાબલકુમાર | મહાપુર | સુભદ્રાદેવી રાણી બલરાજા | રક્તવતી પ્રમુખ ૫૦૦ રાજકન્યા | નાગદત્ત ગૃહપતિ | ઈન્દ્રદત્ત અણગારને |
| ૮. ભદ્રનંદીકુમાર | સુઘોષનગર | તપ્તવતી રાણી અર્જુન રાજા | શ્રીદેવી પ્રમુખ ૫૦૦ રાજકન્યા | ધર્મઘોષ ગાથાપતિ | ધર્મસિંહ અણગારને |
| ૯. મહાચંદ્રકુમાર | ચંપાનગરી | રક્તવતી રાણી દત્તરાજા | શ્રીકાંતા પ્રમુખ ૫૦૦ રાજકન્યા | જિતશત્રુ રાજા | ધર્મવીર્ય અણગારને |
| ૧૦. વરદત્તકુમાર | સાકેત | શ્રીકાંતારાણી મિત્રનંદી રાજા | વીરસેના પ્રમુખ ૫૦૦ રાજકન્યા | વિમલવાહન રાજા | ધર્મરુચિ અણગારને |

★ સુબાહુકમાર વગેરે દશે ચરિત્રનાયકો રૂપસંપન્ન, ગુણસંપન્ન અને પુણ્યવાન હતા. ભગવાન મહાવીરના સમાગમે ધર્મશ્રદ્ધા અને શ્રાવકવ્રતનો સ્વીકાર કર્યો, કેટલાક વર્ષો સુધી શ્રાવકધર્મનું પાલન કર્યા પછી પોતાના નગરમાં પ્રભુ પધારવાનો સંકલ્પ પૂર્ણ થતાં સંયમ સ્વીકાર. ૧૧ અંગ શાસ્ત્રનું અધ્યયન, વિવિધ તપ સાધના, અંતે એક માસની સંલેખના સહિત સમાધિમરણ. વૈમાનિક દેવગતિ. ત્યાર પછી મનુષ્યગતિ અને વૈમાનિક દેવગતિમાં જન્મ–મરણ કરતાં પંદરમા ભવે મોક્ષ પ્રાપ્તિ.

## પરિશિષ્ટ–૪

# વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા


| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| અ | અપવર્તન | ૨૧૮ | ન | નિકાચિત | ૨૧૮ |
| | અબાધાકાલ | ૨૧૯ | | નિધત્ત | ૨૧૮ |
| | अल्लं चम्मं दुरूहइ | ૬૩ | | નિર્જરા | ૨૧૨ |
| આ | आउक्खएणं भवक्खएणं | ૧૬૯ | પ | પ્રમોદ મહોત્સવની વિશેષતા | ૬૬ |
| | આઠ કર્મ | ૨૧૫ | | પ્રિય | ૧૬૨ |
| | આત્મા અને કર્મનો સંબંધ | ૨૦૩ | | પ્રિયરૂપ | ૧૬૨ |
| ઈ | ઈષ્ટ | ૧૬૧ | | પ્રિયદર્શન | ૧૬૨ |
| | ઈષ્ટ રૂપ | ૧૬૧ | બ | બંધ | ૨૧૮ |
| | ઈશ્વર અને કર્મબંધ | ૨૧૪ | | બૌદ્ધદર્શનમાં કર્મ | ૧૯૯ |
| ઉ | ઉદય | ૨૦૮ | મ | મનામ | ૧૬૨ |
| | ઉદીરણા | ૨૧૧ | | મનામ રૂપ | ૧૬૨ |
| | ઉદ્‌વર્તન | ૨૧૮ | | મનોજ્ઞ | ૧૬૨ |
| | ઉપશમન | ૨૧૯ | | મનોજ્ઞ રૂપ | ૧૬૨ |
| ક | કર્મ અને પુનર્જન્મ | ૨૧૯ | વ | વ્યવહારનય–નિશ્ચયનય | ૨૦૫ |
| | કર્મની મર્યાદા | ૨૦૭ | | વેદના | ૨૧૨ |
| | કર્મનું કર્તૃત્વ–ભોકતૃત્વ | ૨૦૫ | સ | સત્તા | ૨૧૮ |
| | કર્મનું સ્વરૂપ | ૨૦૧ | | સંક્રમણ | ૨૧૮ |
| | કર્મનો અર્થ | ૨૦૦ | | सीसगसमा | ૬૬ |
| | કર્મબંધ | ૨૧૬ | | સુપાત્રદાન વિધિ | ૧૬૫ |
| | કર્મબંધનાં કારણો | ૨૦૪ | | સુભગ | ૧૬૨ |
| | કર્મવાદનું મહત્ત્વ | ૧૯૫ | | સુભગરૂપ | ૧૬૨ |
| | કર્મસંબંધી જૈન સાહિત્ય | ૧૯૫ | | સુરૂપ | ૧૬૨ |
| | कालेणं समएणं | ૪ | | સોમ | ૧૬૨ |
| | કાંત | ૧૬૧ | | | |
| | કાંત રૂપ | ૧૬૧ | | | |

પરિશિષ્ટ-૫

# કર્મસિદ્ધાંત એક ચિંતનના વિષયો

૧. કર્મવાદનું મહત્ત્વ
૨. કર્મસંબંધી જૈન સાહિત્ય
૩. જૈનદર્શનનું મંતવ્ય
૪. વૈદિકદર્શનમાં કર્મ
૫. બૌદ્ધદર્શનમાં કર્મ
૬. જૈન સાહિત્યમાં વિલક્ષણ વર્ણન
૭. કર્મ શબ્દના અર્થો
૮. કર્મનાં પર્યાય શબ્દો
૯. જૈનદર્શનમાં કર્મનું સ્વરૂપ
૧૦. આત્મા અને કર્મનો સંબંધ
૧૧. કર્મ કોણ બાંધે છે
૧૨. કર્મબંધના કારણો
૧૩. નિશ્ચયનય અને વ્યવહારનય
૧૪. કર્મનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ
૧૫. કર્મની મર્યાદા
૧૬. ઉદય
૧૭. સ્વતઃ ઉદયમાં આવનારા કર્મના હેતુ
૧૮. બીજા દ્વારા ઉદયમાં આવનારા કર્મના હેતુ
૧૯. પુરુષાર્થથી ભાગ્યમાં પરિવર્તન
૨૦. આત્મા સ્વતંત્ર કે કર્માધીન
૨૧. ઉદીરણા
૨૨. ઉદીરણાનું કારણ
૨૩. વેદના
૨૪. નિર્જરા
૨૫. પહેલાં આત્મા કે કર્મ
૨૬. અનાદિનો અંત કેવી રીતે
૨૭. આત્મા બળવાન કે કર્મ
૨૮. ઈશ્વર અને કર્મવાદ
૨૯. કર્મમાં સંવિભાગ નથી
૩૦. કર્મનું કાર્ય
૩૧. આઠ કર્મ
૩૨. કર્મફળની તીવ્રતા મંદતા
૩૩. કર્મના પ્રદેશનું વિભાજન
૩૪. કર્મબંધ
૩૫. પ્રકૃતિબંધ સ્થિતિબંધ
૩૬. અનુભાગબંધ
૩૭. કર્મની અગિયાર અવસ્થાઓ
૩૮. કર્મ અને પુનર્જન્મ
૩૯. પાશ્ચાત્ય વિચારક અને પુનર્જન્મ

**નોંધ :–** આગમ પ્રકાશન સમિતિ બ્યાવરથી પ્રકાશિત વિપાક સૂત્રની પ્રસ્તાવનાથી ઉદ્ધૃત અને સંપાદિત

# કર્મસિદ્ધાંત એક ચિંતન

*દેવેન્દ્ર મુનિ– શાસ્ત્રી*

## (૧) ભારતીયદર્શનોમાં કર્મવાદનું મહત્ત્વ :–

ભારતીય તત્ત્વચિંતક મહર્ષિઓએ કર્મવાદ ઉપર ખૂબ જ ઊંડું ચિંતન કર્યું છે. ન્યાય, સાંખ્ય, વેદાંત, વૈશેષિક, મીમાંસક, બૌદ્ધ અને જૈન આ બધા દાર્શનિકોએ કર્મવાદ સંબંધી ચિંતન કર્યું છે. માત્ર દર્શન જ નહીં પરંતુ ધર્મ, સાહિત્ય, જ્ઞાન, વિજ્ઞાન અને કલા આદિ પર કર્મવાદની પ્રતિછાયા સ્પષ્ટરૂપે દેખાય છે. વિશ્વના વિશાળ મંચ ઉપર સર્વત્ર વિષમતા, વિવિધતા, વિચિત્રતાનું એક છત્ર–સામ્રાજ્ય જોઈને પ્રબુદ્ધ વિચારકોએ કર્મના અદ્‌ભુત સિદ્ધાંતની વિચારણા કરી છે. ભારતના પ્રત્યેક માનવના મનની એક ધારણા છે કે પ્રાણીમાત્રને સુખ અને દુઃખ મળે છે, તે પોતાનાં જ કરેલાં કર્મનું ફળ છે. કર્મબદ્ધ આત્મા અનાદિકાળથી અનેકવિધ યોનિઓમાં પરિભ્રમણ કરે છે. જન્મ–મરણનું મૂળ કર્મ છે અને દુઃખનું ઉદ્‌ભવસ્થાન કર્મ જ છે."કરે તેવું પામે" તે ઉક્તિ અુસાર જે જીવ કર્મ બાંધે છે, તે જ તેનું ફળ ભોગવે છે અર્થાત્ પ્રત્યેક આત્માના કર્મ સ્વસંબદ્ધ જ છે, પર સંબદ્ધ નથી.

એ સત્ય છે કે બધા જ ભારતીય દાર્શનિકોએ કર્મવાદની સ્થાપનામાં યોગદાન આપ્યું છે પરંતુ જૈન પરંપરામાં કર્મવાદનું જેવું સુવ્યસ્થિત સ્વરૂપ છે તેવું અન્ય દર્શનોમાં નથી. વૈદિક અને બૌદ્ધ સાહિત્યમાં કર્મ સંબંધી મંતવ્ય એટલું અલ્પ છે કે તેમાં કર્મ વિષયક કોઈ મહત્વપૂર્ણ ગ્રંથ જ નથી. જ્યારે જૈન સાહિત્યમાં કર્મસંબંધી અનેક સ્વતંત્ર ગ્રંથ ઉપલબ્ધ છે. જૈન પરંપરામાં કર્મવાદ પર અત્યંત સૂક્ષ્મ, સુવ્યવસ્થિત અને ખૂબ જ વિસ્તૃત વિવેચના છે. એટલું અધિકારપૂર્વક કહી શકાય કે કર્મસંબંધી સાહિત્યનું સ્થાન જૈન સાહિત્યમાં મહત્વપૂર્ણ છે અને તે સાહિત્ય "કર્મશાસ્ત્ર" અથવા "કર્મગ્રંથ"ના નામથી સુપ્રસિદ્ધ છે. સ્વતંત્ર કર્મગ્રંથો સિવાય પણ આગમ અને આગમેત્તર જૈનગ્રંથોમાં ઘણી જગ્યાએ કર્મ સંબંધી ચર્ચા ઉપલબ્ધ છે.

## (૨) કર્મ સંબંધી જૈન સાહિત્ય :–

ભગવાન મહાવીરથી લઈને આજ સુધીમાં કર્મશાસ્ત્રનું જે સંકલન કરવામાં આવ્યું છે, તેના બાહ્યરૂપે ત્રણ પ્રકારો કરી શકાય છે–

(૧) પૂર્વાત્મક કર્મશાસ્ત્ર (૨) પૂર્વોદ્ધૃત કર્મશાસ્ત્ર (૩) પ્રાકરણિક કર્મશાસ્ત્ર.

જૈન ઈતિહાસની દષ્ટિએ ચૌદ પૂર્વોમાં આઠમું પૂર્વ "કર્મપ્રવાદ" છે. તેમાં કર્મ વિષયક વર્ણન હતું. તે સિવાય પૂર્વના એક વિભાગનું નામ "કર્મપ્રાભૃત" હતું અને પાંચમા પૂર્વના એક વિભાગનું નામ "કષાયપ્રાભૃત" હતું. તેમાં પણ કર્મસંબંધી જ ચર્ચાઓ હતી. આજે તે અનુપલબ્ધ છે પરંતુ પૂર્વ સાહિત્યમાંથી ઉદ્ધૃત કર્મશાસ્ત્ર આજે પણ બંને જૈન પરંપરાઓમાં ઉપલબ્ધ છે. સંપ્રદાય અલગ હોવાના કારણે નામમાં ભિન્નતા હોય તે સ્વાભાવિક છે. દિગંબર પરંપરામાં "મહાકર્મપ્રકૃતિ પ્રાભૃત" (ષટ્ખંડાગમ) અને કષાયપ્રાભૃત આ બે ગ્રંથ પૂર્વમાંથી ઉદ્ધૃત માનવામાં આવે છે. શ્વેતાંબર પરંપરામાં કર્મપ્રકૃતિ, શતક, પંચસંગ્રહ અને સપ્તતિકા આ ચાર ગ્રંથ પૂર્વોદ્ધૃત માનવામાં આવે છે.

પ્રાકરણિક કર્મશાસ્ત્રમાં કર્મસંબંધી અનેક ગ્રંથ આવે છે. તેનો મૂળ આધાર પૂર્વોદ્ધૃત કર્મસાહિત્ય છે. પ્રાકરણિક કર્મ ગ્રંથોનું લેખન વિક્રમની આઠમી, નવમી શતાબ્દીથી લઈ સોળમી, સત્તરમી શતાબ્દી સુધી થયું. આધુનિક વિદ્વાનોએ કર્મ વિષયક સાહિત્યનું જે મુજબ સર્જન કરેલ છે તે મુખ્ય રૂપે કર્મગ્રંથોના વિવેચનના રૂપમાં છે.

કર્મસાહિત્ય પ્રાકૃત, સંસ્કૃત અને પ્રાદેશિક ભાષાઓમાં છે. પૂર્વાત્મક અને પૂર્વોદ્ધૃત કર્મગ્રંથ પ્રાકૃત ભાષામાં છે. પ્રાકરણિક કર્મ સાહિત્યનો ઘણો અંશ પ્રાકૃતમાં જ છે. મૂળ ગ્રંથો સિવાય તેના પર લખાયેલી વૃત્તિઓ અને ટિપ્પણીઓ પણ પ્રાકૃતમાં છે. ત્યાર પછી કેટલાક કર્મગ્રંથ સંસ્કૃતમાં પણ લખાયા, પરંતુ મુખ્યરૂપે સંસ્કૃત ભાષામાં તેના પર વૃત્તિઓ જ લખવામાં આવી છે. સંસ્કૃતમાં લખાયેલા મૂળ કર્મગ્રંથ પ્રાકરણિક કર્મશાસ્ત્રમાં આવે છે. પ્રાદેશિક ભાષાઓમાં લખાયેલું કર્મ સાહિત્ય કન્નડ, ગુજરાતી અને હિન્દીમાં છે. તેમાં મૌલિક અંશ ઘણો અલ્પ છે, અનુવાદ અને વિવેચન જ મુખ્ય છે. કન્નડ અને હિન્દીમાં દિગંબર સાહિત્ય અને ગુજરાતીમાં શ્વેતાંબર સાહિત્ય વધારે લખાયેલ છે.

વિસ્તારથી તે બધા ગ્રંથોનો પરિચય અહીં આપી ન શકાય. સંક્ષેપમાં ઉપલબ્ધ દિગંબરીય કર્મ સાહિત્યનું પ્રમાણ લગભગ પાંચ લાખ શ્લોકો છે અને શ્વેતાંબરીય કર્મસાહિત્યનું પ્રમાણ લગભગ બે લાખ શ્લોકો છે.

શ્વેતામ્બરીય કર્મ–સાહિત્યનો પ્રાચીનતમ સ્વતંત્ર ગ્રંથ શિવશર્મસૂરિ કૃત "કર્મપ્રકૃતિ" છે. તેમાં ૪૭૫ ગાથાઓ છે. તેમાં આચાર્યે કર્મસંબંધી બંધનકરણ, સંક્રમણકરણ, ઉદ્વર્તનાકરણ, અપવર્તનાકરણ, ઉદીરણાકરણ, ઉપશમનાકરણ, નિધત્તિકરણ અને નિકાચનાકરણ; આ આઠ કરણો (કરણનો અર્થ છે આત્માના પરિણામ વિશેષ) અને સત્તા, આ બે અવસ્થાઓનું વર્ણન છે. તેના પર એક ચૂર્ણિ પણ લખેલ છે. પ્રસિદ્ધ ટીકાકાર મલયગિરિ અને ઉપાધ્યાય યશોવિજયજીએ સંસ્કૃત ભાષામાં તેના પર ટીકા લખી છે. આચાર્ય શિવશર્માની એક બીજી રચના "શતક" છે. તેના પર પણ શ્રી મલયગિરિએ ટીકા લખી છે. પાર્શ્વઋષિના શિષ્ય ચંદ્રર્ષિ મહત્તરે પંચસંગ્રહની રચના કરી અને તેના પર સ્વોપજ્ઞવૃત્તિ પણ લખી. તેની પૂર્વે પણ દિગંબર પરંપરામાં પ્રાકૃતમાં પંચસંગ્રહ ઉપલબ્ધ હતો પરંતુ તેની કર્મવિષયક કેટલીક માન્યતાઓ આગમ સાહિત્ય સાથે સંમત ન હતી તેથી ચંદ્રર્ષિ મહત્તરે નવા પંચસંગ્રહની રચના કરીને તેમાં આગમ માન્યતાઓનો ઉલ્લેખ કર્યો. આચાર્ય મલયગિરિએ તેના પર પણ ટીકા લખી. જૈન પરંપરાના પ્રાચીન આચાર્યોએ પ્રાચીન કર્મગ્રંથ પણ લખ્યા હતા. તેના પર તેનું પોતાનું સ્વોપજ્ઞ વિવરણ છે. પ્રાચીન કર્મગ્રંથોના

આધારે દેવેન્દ્રસૂરિએ નવા પાંચ કર્મગ્રંથ લખ્યા. તેના નામ આ પ્રમાણે છે– (૧) કર્મવિપાક (૨) સ્તવ (૩) બંધ–સ્વામિત્વ (૪) સપ્તતિકા (૫) શતક. આ પ્રમાણે જૈન પરંપરામાં કર્મ વિષયક સાહિત્ય પર્યાપ્ત–સંપૂર્ણ રૂપે પ્રકાશમાં છે. મધ્યયુગના આચાર્યોએ તેના પર બાલાવબોધ પણ લખેલ છે. તેને પ્રાચીન ભાષામાં "ટબ્બા" કહેવાય છે.

## (૩) જૈનદર્શનનું મંતવ્ય :–

કર્મવાદના સમર્થક દાર્શનિક ચિંતકોએ કાળવાદ, સ્વભાવવાદ, નિયતિવાદ, યદચ્છાવાદ, ભૂતવાદ, પુરુષવાદ આદિ માન્યતાઓનો સુંદર સમન્વય કરીને આ સિદ્ધાંતનું પ્રતિપાદન કરેલ છે. વિશ્વની વિચિત્રતાનું મુખ્ય કારણ કર્મ છે અને કાળ આદિ તેનાં સહકારી કારણ છે. કર્મને મુખ્ય કારણ માનવાના કારણે પ્રત્યેક મનુષ્યના મનમાં આત્મવિશ્વાસ અને આત્મબળ ઉત્પન્ન થાય છે અને સાથે જ તે પુરુષાર્થશીલ પણ બને છે. સુખ–દુઃખનું મુખ્ય કારણ અન્યત્ર ન શોધતાં પોતાની અંદર જ શોધવું તે બુદ્ધિમત્તા છે. આચાર્ય સિદ્ધસેન દિવાકરે લખ્યું છે કે કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મ અને પુરુષાર્થ; આ પાંચમાંથી કોઈ એકને જ કારણ માનવામાં આવે અને બાકીનાં કારણોની ઉપેક્ષા કરે તો તે મિથ્યાત્ત્વ છે. કાર્ય નિષ્પત્તિમાં કાળ આદિ સર્વ કારણોનો સમન્વય કરવો તે સમ્યક્ત્ત્વ છે. આ વાતનું સમર્થન આચાર્ય હરિભદ્રે પણ કરેલ છે.

દૈવ, કર્મ, ભાગ્ય અને પુરુષાર્થના વિષયમાં અનેકાંત દષ્ટિ રાખવી જોઈએ. આચાર્ય સમંતભદ્રે લખ્યું છે કે– બુદ્ધિપૂર્વક કાર્ય ન કરવા પર પણ શુભ–અશુભ થવું, ઈષ્ટ અથવા અનિષ્ટ વસ્તુ મળવી તે દૈવાધીન છે. બુદ્ધિપૂર્વક પ્રયત્નથી ઈષ્ટાનિષ્ટની પ્રાપ્તિ થવી તે પુરુષાર્થને આધીન છે. ક્યારેક દૈવની મુખ્યતા હોય તો ક્યાંક પુરુષાર્થની પ્રધાનતા હોય. દૈવ અને પુરુષાર્થના સમ્યક્ સમન્વયથી જ અર્થસિદ્ધિ થાય છે.

જૈનદર્શનમાં જડ અને ચેતન પદાર્થોના નિયામકના રૂપમાં ઈશ્વર અથવા પુરુષની સત્તા માનવામાં આવેલ નથી. તેનું મંતવ્ય છે કે ઈશ્વર અથવા બ્રહ્મને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારના કારણ માનવા અથવા સંચાલક માનવા નિરર્થક છે. કર્મ આદિ કારણોથી જ પ્રાણીઓનાં જન્મ, જરા અને મરણ આદિની સિદ્ધિ કરવામાં આવેલ છે. તેથી કર્મમૂલક વિશ્વવ્યવસ્થા માનવી તર્કસંગત છે. કર્મ પોતાના નૈસર્ગિક સ્વભાવથી સ્વયં ફળ પ્રદાન કરવામાં સમર્થ છે.

## (૪) વૈદિક દર્શનમાં કર્મ :–

ઐતિહાસિક દષ્ટિએ કર્મવાદ પર ચિંતન કરવા માટે આપણે સર્વ પ્રથમ વેદકાલીન કર્મસંબંધી વિચારોને જોઈએ. ઉપલબ્ધ સાહિત્યમાં વેદ સર્વથી પ્રાચીન છે. વૈદિક યુગના મહર્ષિઓને કર્મ સંબંધી જ્ઞાન હતું કે નહીં એ બાબતમાં વિદ્વાનોનાં બે મત છે. કેટલાક વિદ્વાનોનો મત એવો છે કે વેદોમાં (સંહિતાગ્રંથોમાં) કર્મવાદનું વર્ણન આવ્યું નથી તો કેટલાક વિદ્વાનો કહે છે કે વેદોના રચયિતા ઋષિગણ કર્મવાદના જ્ઞાતા હતા.

જે વિદ્વાનો એમ માને છે કે વેદોમાં કર્મવાદની ચર્ચા નથી. તેમનું કહેવું છે કે વૈદિકકાળના ઋષિઓએ

પ્રાણીઓમાં રહેલી વિવિધતા અને વિચિત્રતાનો અનુભવ ઘણો ઊંડાણપૂર્વક કર્યો પરંતુ તેઓએ તેના મૂળનું સંશોધન અંદર ન કરતાં બાહ્ય જગતમાં કર્યું. કોઈએ કલ્પના ગગનમાં વિહરણ કરતાં કહ્યું કે સૃષ્ટિની ઉત્પત્તિનું કારણ એક ભૌતિક તત્ત્વ છે, તો બીજા ઋષિએ અનેક ભૌતિક તત્ત્વોને સૃષ્ટિની ઉત્પત્તિનું કારણ માન્યું. ત્રીજા ઋષિએ પ્રજાપતિ બ્રહ્માને જ સૃષ્ટિની ઉત્પત્તિનું કારણ માન્યું. આ પ્રમાણે વૈદિકયુગનું સંપૂર્ણ તત્ત્વ ચિંતન દેવ અને યજ્ઞની પરિધિમાં જ વિકાસ પામ્યું. પહેલાં વિવિધ દેવોની કલ્પના કરવામાં આવી અને ત્યાર પછી એક દેવનું મહત્ત્વ સ્થાપિત કર્યું. જીવનમાં સુખ અને વૈભવની પ્રાપ્તિ થાય, શત્રુને પરાજિત કરી શકાય તે માટે દેવોને પ્રાર્થના કરવામાં આવી અને સજીવ અને નિર્જીવ પદાર્થોની આહૂતિઓ આપવામાં આવી. યજ્ઞ ક્રિયાઓનો ધર્મ વિકાસ થયો. આ પ્રમાણે આ વિચારધારા સંહિતાકાળથી લઈને બ્રાહ્મણકાળ સુધી ક્રમશઃ વિકસિત થઈ.

આરણ્યક અને ઉપનિષદ યુગમાં દેવવાદ અને યજ્ઞવાદનું મહત્ત્વ ઘટવા લાગ્યું અને એવો નવો વિચાર સામે આવ્યો જેનો સંહિતાકાળ અને બ્રાહ્મણકાળમાં અભાવ હતો. ઉપનિષદોથી પહેલાંના વૈદિક સાહિત્યમાં કર્મવિષયક ચિંતનનો અભાવ છે પરંતુ આરણ્યક અને ઉપનિષદકાળમાં "અદષ્ટ" રૂપે કર્મનું વર્ણન મળે છે. એ વાત સત્ય છે કે કર્મને વિશ્વની વિચિત્રતાનું કારણ માનવામાં ઉપનિષદોનો પણ એકમત નથી.

શ્વેતાતર ઉપનિષદના પ્રારંભમાં કાળ, સ્વભાવ, નિયતિ, યદચ્છા, ભૂત અને પુરુષને જ વિશ્વની વિચિત્રતાનું કારણ માનેલ છે, કર્મને નહીં.

કોઈ વિદ્વાન એમ માને છે કે વેદોમાં (સંહિતાગ્રંથોમાં) કર્મવાદ અથવા કર્મ ગતિ આદિ શબ્દ ભલે ન હોય પરંતુ તેમાં કર્મવાદનો ઉલ્લેખ અવશ્ય કર્યો છે. ઋગ્વેદસંહિતાના નીચેના મંત્ર આ વાતનું જ્વલંત પ્રમાણ છે– **शुभस्पतिः**(શુભ કર્મોના રક્ષક), **धियस्पतिः**(સત્ય કર્મોના રક્ષક) **विचर्षणि** : અને **विश्वचर्षणिः**(શુભ અને અશુભ કર્મોના દષ્ટા), **विश्वस्य कर्मणो धर्ता** (બધાં કર્મોનો આધાર) આદિ પદ દેવોનાં વિશેષણોના રૂપે યોજેલ છે. કેટલાક મંત્રોથી સ્પષ્ટ રૂપે એમ કહેવામાં આવ્યું છે કે શુભ કાર્ય કરવાથી દેવલોક પ્રાપ્ત થાય છે. કર્મો પ્રમાણે જ જીવ સંસારમાં અનેકવાર જન્મ–મરણ કરે છે. વામદેવે અનેક પૂર્વભવોનું વર્ણન કરેલ છે. પૂર્વજન્મનાં દુષ્કૃત્યોથી જ લોકો પાપપ્રવૃત્તિ કરે છે વગેરે ઉલ્લેખ વેદોના મંત્રોમાં છે. પૂર્વજન્મનાં પાપકર્મોથી મુક્ત થવા માટે જ માનવ દેવોને પ્રાર્થના કરે છે. વેદમંત્રોમાં સંગ્રહિત બીજાં પ્રારબ્ધ કર્મોનું પણ વર્ણન છે; સાથે જ દેવયાન અને પિતૃયાનનું વર્ણન કરતાં કહ્યું છે કે શ્રેષ્ઠ કર્મ કરનારા દેવયાનથી બ્રહ્મલોકમાં જાય છે અને સામાન્ય કર્મ કરનારા પિતૃયાનથી ચંદ્રલોકમાં જાય છે. ઋગ્વેદમાં પૂર્વજન્મમાં કરેલ નિષ્કૃષ્ટ કર્મોને ભોગવવા માટે જીવ કેવી રીતે વૃક્ષ, લતા આદિ સ્થાવર શરીરોમાં પ્રવિષ્ટ થાય છે તેનું વર્ણન છે. **" मा वो भुजेमान्य जातमेनो " "मा वा एनो अन्यकृतं भुजेम "** આદિ મંત્રોથી એ પણ જણાય છે કે એક જીવ બીજા જીવ દ્વારા કરેલાં કર્મોને પણ ભોગવી શકે છે અને તેનાથી બચવા માટે સાધકે આ મંત્રોમાં પ્રાર્થના કરી છે. મુખ્ય રીતે તો જે જીવ કર્મ કરે છે તે જ તેનાં ફળને ભોગવે છે પરંતુ વિશિષ્ટ શક્તિના અભાવે એક જીવના કર્મનું ફળ બીજા પણ ભોગવી શકે છે.

ઉપરોક્ત બન્ને મતોનું ઊંડાણથી ચિંતન કરવાથી એટલું સ્પષ્ટ જણાય છે કે વેદોમાં કર્મસંબંધી માન્યતાઓનો સંપૂર્ણરૂપે અભાવ તો નથી પરંતુ દેવવાદ અને યજ્ઞવાદની પ્રમુખતાના કારણે કર્મવાદનું વિશ્લેષણ એકદમ ગૌણ બની ગયું. એ તો ચોક્કસ વાત છે કે કર્મ શું છે ? તે કેવી રીતે બંધાય છે ? આત્મા તેનાથી કેવી રીતે મુક્ત બને છે ? વગેરે જિજ્ઞાસાઓનું સમાધાન વૈદિક સંહિતાઓમાં નથી. ત્યાં તો મુખ્યતઃ યજ્ઞકર્મને જ કર્મ માનેલ છે અને ડગલે ને પગલે દૈવી સહાયની યાચના કરેલ છે. જ્યારે યજ્ઞ અને દેવની અપેક્ષાએ કર્મવાદનું મહત્ત્વ સવિશેષ વધવા લાગ્યું ત્યારે તેના સમર્થકોએ ઉક્ત બંને વાદોનો કર્મવાદની સાથે સમન્વય કરવાનો પ્રયાસ કર્યો અને યજ્ઞથી જ સમસ્ત ફળની પ્રાપ્તિ થાય છે તેમ સ્વીકાર કર્યો. આ મંતવ્યનું દાર્શનિક રૂપ મીમાંસાદર્શન છે. યજ્ઞ વિષયક વિચારણાની સાથે દેવ વિષયક વિચારણાનો પણ વિકાસ થયો. બ્રાહ્મણકાળમાં અનેક દેવોને સ્થાને એક પ્રજાપતિ દેવની પ્રતિષ્ઠા થઈ. તેણે પણ કર્મની સાથે પ્રજાપતિને જોડીને કહ્યું– પ્રાણી સ્વ કર્માનુસાર અવશ્ય ફળ પ્રાપ્ત કરે છે પરંતુ ફળ પ્રાપ્તિ સ્વયં ન થતાં પ્રજાપતિ દ્વારા થાય છે. પ્રજાપતિ (ઈશ્વર) જીવોને સ્વકર્માનુસાર ફળ પ્રદાન કરે છે. તે ન્યાયાધીશ છે. આ વિચારધારાનું દાર્શનિક રૂપ ન્યાય, વૈશેષિક, સાંખ્ય વગેરે વેદાંત દર્શનમાં થયેલ છે.

યજ્ઞ આદિ અનુષ્ઠાનોને વૈદિક પરંપરામાં કર્મ કહેલ છે. તે અસ્થાયી છે. તે જ સમયે નાશ પામે તો તે ફળ કેવી રીતે આપે ? તેથી ફળ પ્રદાન કરનારા એક અદષ્ટ પદાર્થની કલ્પના કરવામાં આવી. તેને મીમાંસાદર્શનમાં "અપૂર્વ" કહેલ છે. વૈશેષિક– દર્શનમાં "અદષ્ટ" એક ગુણ માનેલ છે, જેના ધર્મ, અધર્મ એમ બે ભેદ છે. ન્યાયદર્શનમાં ધર્મ અને અધર્મને "સંસ્કાર" કહેલ છે. શુભાશુભ કર્મોના આત્મા પર સંસ્કાર પડે છે તે અદષ્ટ છે. 'અદષ્ટ' આત્માનો ગુણ છે કે જ્યાં સુધી તેનું ફળ ન મળે ત્યાં સુધી તે આત્માની સાથે રહે છે. તેનું ફળ ઈશ્વરના માધ્યમથી મળે છે. કદાચ જો ઈશ્વર કર્મ ફળની વ્યવસ્થા ન કરે તો કર્મ નિષ્ફળ થઈ જાય. સાંખ્ય કર્મને પ્રકૃતિનો વિકાર કહે છે. શ્રેષ્ઠ અને હીન પ્રવૃત્તિઓના સંસ્કાર પ્રવૃત્તિ પર પડે છે. તે પ્રવૃત્તિગત સંસ્કારથી જ કર્મોનાં ફળ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે વૈદિક પરંપરામાં કર્મવાદનો વિકાસ થયો છે.

## (૫) બૌદ્ધદર્શનમાં કર્મ :–

બૌદ્ધ અને જૈન આ બંને કર્મપ્રધાન શ્રમણ સંસ્કૃતિની ધારાઓ છે. બૌદ્ધ પરંપરાએ પણ કર્મની અદષ્ટ શક્તિ વિશે ચિંતન કરેલ છે. તેનો અભિપ્રાય છે કે જીવોમાં જે વિચિત્રતા દષ્ટિગોચર થાય છે તે કર્મકૃત છે. લોભ, મોહ, રાગદ્વેષથી કર્મની ઉત્પત્તિ થાય છે. રાગદ્વેષ અને મોહયુક્ત બનીને પ્રાણી મન, વચન અને કાયાની પ્રવૃત્તિઓ કરે છે અને રાગદ્વેષ, મોહને ઉત્પન્ન કરે છે. આ પ્રમાણે સંસારચક્ર નિરંતર ચાલે છે. તે ચક્ર અનાદિ છે, તેનો આદિ કે અંત નથી.

એક વાર રાજા મિલિન્દે આચાર્ય નાગસેનને પ્રશ્ન કર્યો કે કૃતકર્મ ક્યાં રહે છે ? આચાર્યે કહ્યું– કર્મ ક્યાં રહે છે તે દેખાતું નથી.

વિશુદ્ધિમગ્ગમાં કર્મને અરૂપી કહેલ છે. અભિધર્મકોષમાં તે અવિજ્ઞપ્તિ રૂપ કહેલ છે. તે રૂપ સપ્રતિપદ્ય નથી, અપ્રતિપદ્ય છે. સૌત્રાન્તિક મતની દષ્ટિએ કર્મ અરૂપ છે. તે અવિજ્ઞપ્તિને માનતા નથી. બૌદ્ધોએ કર્મને સૂક્ષ્મ માનેલ છે. મન, વચન અને કાયાની પ્રવૃત્તિ કર્મ કહેવાય છે પરંતુ તે વિજ્ઞપ્તિરૂપ

(જ્ઞાનરૂપ) છે, પ્રત્યક્ષ છે. અહીં કર્મનો અર્થ માત્ર પ્રત્યક્ષ પ્રવૃત્તિ નથી પરંતુ પ્રત્યક્ષ કર્મજન્ય સંસ્કાર છે. બૌદ્ધ પરિભાષામાં તેને વાસના અને અવિજ્ઞપ્તિ કહેલ છે. માનસિક ક્રિયાજન્ય સંસ્કાર–કર્મને વાસના કહેલ છે અને વચન તથા કાયજન્ય સંસ્કાર–કર્મને અવિજ્ઞપ્તિ કહેલ છે.

તેઓનો અભિપ્રાય છે કે પ્રત્યેક પ્રવૃત્તિ વાસનાજન્ય છે. ઈશ્વર હોય કે કર્મ(ક્રિયા), મુખ્ય પ્રવૃત્તિ હોય કે ગૌણ પરંતુ તે સર્વ વાસનાજન્ય છે. ઈશ્વરને ન્યાયાધીશ માનીએ તેમ જ વિશ્વની વિચિત્રતાનું કારણ પણ તેને જ સ્વીકારીએ, તો પણ વાસનાને માન્યા વિના કાર્ય થતું નથી. શૂન્યવાદી મત પ્રમાણે અનાદિ અવિદ્યાનું બીજું નામ જ વાસના છે.

## (૬) જૈનસાહિત્યમાં વિલક્ષણ વર્ણન :–

જૈન સાહિત્યમાં કર્મવાદ સંબંધી સંપૂર્ણ વિશ્લેષણ કરેલ છે. જૈન દર્શનમાં પ્રતિપાદિત કર્મ વ્યવસ્થાનું જે વૈજ્ઞાનિક રૂપ છે તે ભારતીય પરંપરામાં અન્યત્ર પ્રાપ્ત થતું નથી. આ દષ્ટિએ જૈન પરંપરા તદ્દન વિલક્ષણ છે. આગમ સાહિત્યથી લઈને વર્તમાન સાહિત્યમાં કર્મવાદનો વિકાસ કેવી રીતે થયો તે વર્ણન પૂર્વે લખાઈ ગયેલ છે.

## (૭) કર્મનો અર્થ :–

કર્મનો શાબ્દિક અર્થ કાર્ય, પ્રવૃત્તિ અથવા ક્રિયા છે. જે કાંઈ કરાય તે કર્મ છે. જીવન વ્યવહારમાં સૂવું, બેસવું, ખાવું, પીવું વગેરે જે કાર્ય કરવામાં આવે છે, તેને કર્મ કહેવાય છે. વ્યાકરણશાસ્ત્રના કર્તા "પાણિનિ"એ કર્મની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે– કર્તાને માટે જે અત્યંત ઈષ્ટ હોય તે કર્મ છે. મીમાંસાદર્શને ક્રિયાકાંડને અથવા યજ્ઞ આદિ અનુષ્ઠાનને કર્મ કહેલ છે. વૈશેષિક દર્શનમાં કર્મની પરિભાષા આ પ્રમાણે છે– જે એક દ્રવ્યમાં સમવાયથી રહે છે, જેમાં કોઈ ગુણ ન હોય અને જે સંયોગ અથવા વિભાગમાં કારણાંતરની અપેક્ષા ન રાખે.

સાંખ્યદર્શનમાં સંસ્કારના અર્થમાં કર્મ શબ્દનો પ્રયોગ મળે છે. ગીતામાં કર્મશીલતાને કર્મ કહેલ છે. ન્યાયશાસ્ત્રમાં ઉત્ક્ષેપણ, અપક્ષેપણ, આકુંચન, પ્રસારણ અને ગમન આ પાંચ ક્રિયા માટે કર્મ શબ્દ પ્રયોજેલ છે. સ્માર્ત–વિદ્વાન ચાર વર્ણો અને ચાર આશ્રમોનાં કર્તવ્યોને કર્મની સંજ્ઞા આપે છે. પૌરાણિકો વ્રત–નિયમ આદિ ધાર્મિક ક્રિયાઓને કર્મ કહે છે. બૌદ્ધદર્શન જીવોની વિચિત્રતાના કારણને કર્મ કહે છે. તે વાસના રૂપે છે. જૈન પરંપરામાં કર્મ બે પ્રકારે છે– ભાવકર્મ અને દ્રવ્યકર્મ. રાગદ્વેષાત્મક પરિણામ અર્થાત્ કષાય ભાવકર્મ કહેવાય છે. કાર્મણ જાતિના પુદ્ગલ જે જડ છે, તે કષાયના કારણે આત્મા સાથે ભળી જાય છે તેને દ્રવ્યકર્મ કહેવાય છે. આચાર્ય અમૃતચંદ્રે લખ્યું છે કે આત્મા દ્વારા કરાયેલી ક્રિયાને કર્મ કહે છે. તે ક્રિયાનાં કારણે પરિણમન પામેલા પુદ્ગલ પણ કર્મ છે. કર્મ પુદ્ગલનું જ એક વિશેષ રૂપ છે, આત્માથી ભિન્ન એક વિજાતીય તત્ત્વ છે. જ્યાં સુધી આત્મા સાથે આ વિજાતીય તત્ત્વ–કર્મનો સંયોગ છે ત્યાં સુધી સંસાર છે અને તે સંયોગોનો નાશ થતાં આત્મા મુક્ત બને છે.

## (૮) વિભિન્ન પરંપરાઓમાં કર્મના પર્યાય શબ્દો :–

જૈન પરંપરામાં જે અર્થમાં કર્મ શબ્દનો પ્રયોગ થયેલ છે તે જ અર્થમાં કે તેના જેવા જ અર્થમાં

ભારતનાં ભિન્ન ભિન્ન દર્શનોમાં માયા, અવિદ્યા, પ્રકૃતિ, અપૂર્વ, વાસના, આશય, ધર્માધર્મ, અદષ્ટ, સંસ્કાર, દૈવ, ભાગ્ય આદિ શબ્દોનો પ્રયોગ થયેલ છે. વેદાંત દર્શનમાં માયા, અવિદ્યા અને પ્રકૃતિ શબ્દોનો પ્રયોગ થયેલ છે. મીમાંસાદર્શનમાં અપૂર્વ શબ્દ પ્રયુક્ત થયો છે. બૌદ્ધદર્શનમાં વાસના અને અવિજ્ઞપ્તિ શબ્દનો પ્રયોગ થયો છે. સાંખ્યદર્શનમાં "આશય" શબ્દનો, ન્યાયવૈશેષિકદર્શનમાં અદષ્ટ, સંસ્કાર અને ધર્માધર્મ શબ્દનો સવિશેષ પ્રયોગ થયો છે. દૈવ, ભાગ્ય, પુણ્ય, પાપ વગેરે અનેક શબ્દો છે જેનો પ્રયોગ સામાન્ય રૂપે સર્વદર્શનોમાં થયેલ છે. ભારતીય દર્શનોમાં એક ચાર્વાકદર્શન જ એવું દર્શન છે કે, તેને કર્મવાદમાં વિશ્વાસ નથી, કારણ કે તે આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ જ નથી માનતા. તેથી તેઓ કર્મ અને તેના દ્વારા થતાં પુનર્ભવ, પરલોક આદિને પણ માનતા નથી.

ન્યાયદર્શનના મત પ્રમાણે રાગ, દ્વેષ અને મોહ; આ ત્રિદોષથી પ્રેરિત થઈ જીવોમાં મન, વચન અને કાયાની પ્રવૃત્તિઓ થાય છે અને તેથી ધર્મ અને અધર્મની ઉત્પત્તિ થાય છે. આ ધર્મ અને અધર્મ સંસ્કાર કહેવાય છે.

વૈશેષિકદર્શનમાં ચોવીસ ગુણ માન્યા છે. તેમાં એક અદષ્ટ પણ છે. આ ગુણ સંસ્કારથી ભિન્ન છે અને ધર્મ–અધર્મ બંને તેના ભેદ છે. આ પ્રમાણે ન્યાયદર્શનમાં ધર્મ, અધર્મનો સમાવેશ સંસ્કારમાં કહેલ છે. તે જ ધર્મ–અધર્મને વૈશેષિકદર્શનમાં અદષ્ટની અંતર્ગત લીધેલ છે. રાગ આદિ દોષો અને તે દોષોથી પુનઃ સંસ્કાર ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે જીવોની સંસાર પરંપરા બીજાંકુરવત્ અનાદિ છે.

સાંખ્ય–યોગદર્શનના મતાનુસાર અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેષ; આ પાંચ ક્લેશોથી ક્લિષ્ટવૃત્તિ ઉત્પન્ન થાય છે. તે ક્લિષ્ટવૃત્તિથી ધર્માધર્મરૂપી સંસ્કાર ઉત્પન્ન થાય છે. સંસ્કારને આ વર્ણનમાં બીજાંકુરવત્ અનાદિ માનેલ છે.

મીમાંસાદર્શનનો અભિપ્રાય છે કે મનુષ્ય યજ્ઞ આદિ અનુષ્ઠાન કરે છે તેનાથી અપૂર્વ નામનો પદાર્થ ઉત્પન્ન થાય છે અને તે અપૂર્વ જ સર્વકર્મોનું ફળ આપે છે. બીજા શબ્દોમાં કહીએ તો વેદ દ્વારા નિરૂપિત કર્મથી ઉત્પન્ન થનારી યોગ્યતા અથવા શક્તિનું નામ અપૂર્વ છે. ત્યાં અન્ય કર્મજન્ય સામર્થ્યને અપૂર્વ કહેલ નથી .

વેદાંતદર્શનનું મંતવ્ય છે કે અનાદિ, અવિદ્યા અથવા માયા જ વિશ્વવૈચિત્ર્યનું કારણ છે. ઈશ્વર સ્વયં માયાજન્ય છે તે કર્મ પ્રમાણે જીવને ફળ પ્રદાન કરે છે, તેથી ફળપ્રાપ્તિ કર્મથી નહીં પરંતુ ઈશ્વરથી થાય છે.

બૌદ્ધદર્શનનો અભિપ્રાય છે કે, મનોજન્ય સંસ્કાર વાસના છે અને વચન તથા કાયજન્ય સંસ્કાર અવિજ્ઞપ્તિ છે. લોભ, દ્વેષ અને મોહથી કર્મની ઉત્પત્તિ થાય છે. લોભ, દ્વેષ અને મોહથી પ્રાણી મન, વચન અને કાયાની પ્રવૃત્તિઓ કરે છે અને તેથી પુનઃ લોભ, દ્વેષ અને મોહને ઉત્પન્ન કરે છે. આ પ્રમાણે અનાદિ–કાળથી આ સંસારચક્ર ચાલે છે.

## (૯) જૈનદર્શનમાં કર્મનું સ્વરૂપ :–

અન્ય દર્શનકારો કર્મને જ્યાં સંસ્કાર અથવા વાસના રૂપે માને છે ત્યાં જૈનદર્શન તેને પૌદ્ગલિક

માને છે. આ એક અનુભવસિદ્ધ સિદ્ધાંત છે કે વસ્તુનો જે ગુણ હોય તે તેનો વિઘાતક ન હોય. આત્માનો ગુણ તેને માટે આવરણનું, પારતંત્ર્યનું કે દુઃખનું કારણ બનતું નથી. કર્મ આત્મા માટે આવરણનું, પરતંત્રતાનું અને દુઃખનું કારણ છે, ગુણોનું વિઘાતક કારણ છે તેથી તે આત્માનો ગુણ હોય શકે નહીં.

બેડીથી માનવ બંધાય છે, મદિરાપાનથી પાગલ બને છે અને ક્લોરોફોર્મથી બેભાન બને છે. આ બધી પૌદ્‌ગલિક વસ્તુઓ છે. બસ, આ જ પ્રમાણે કર્મના સંયોગથી આત્માની પણ આવી અવસ્થા થાય છે, તેથી કર્મ પણ પૌદ્‌ગલિક છે. બેડી આદિનું બંધન બાહ્ય છે, તેની શક્તિ અલ્પ છે પરંતુ કર્મ આત્માની સાથે ચોંટેલા અત્યંત શક્તિમાન સૂક્ષ્મ સ્કંધ છે, તેથી જ બેડી આદિની અપેક્ષાએ કર્મ–પરમાણુઓનો જીવાત્મા પર ઘણો ઊંડો અને આંતરિક પ્રભાવ પડે છે.

જે પુદ્‌ગલ પરમાણુ કર્મ રૂપે પરિણત થાય છે, તેને કર્મવર્ગણા કહેવાય છે અને જે શરીર રૂપે પરિણત થાય છે તેને નોકર્મવર્ગણા કહે છે. આ બંને પ્રકારના પરમાણુઓથી લોક પૂર્ણ છે. શરીર પૌદ્‌ગલિક છે, તેનું કારણ કર્મ છે તેથી તે પણ પૌદ્‌ગલિક છે. પૌદ્‌ગલિક કાર્યનું સમવાયી કારણ પૌદ્‌ગલિક હોય છે. માટી આદિ ભૌતિક છે અને તેનાથી બનતા પદાર્થ પણ ભૌતિક જ હોય છે.

અનુકૂળ આહારાદિથી સુખની અનુભૂતિ થાય છે અને શસ્ત્રાદિના પ્રહારથી દુઃખની અનુભૂતિ થાય છે. આહાર અને શસ્ત્ર પૌદ્‌ગલિક છે. એ જ પ્રમાણે સુખ–દુઃખના પ્રદાતા કર્મ પણ પૌદગલિક છે.

બંધની દૃષ્ટિથી જીવ અને પુદ્‌ગલ બંને એકમેક છે પરંતુ લક્ષણની દૃષ્ટિએ બંને ભિન્ન છે. જીવ અમૂર્ત અને ચેતનાવાન છે અને પુદ્‌ગલ મૂર્ત અને અચેતન છે.

ઈન્દ્રિયોના વિષય, સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ મૂર્ત છે અને તેનો ઉપયોગ કરનારી ઈન્દ્રિયો પણ મૂર્ત છે. તેનાથી થનારાં સુખ–દુઃખ પણ મૂર્ત છે, તેથી તેનાં કારણભૂત કર્મ પણ મૂર્ત છે.

મૂર્ત જ મૂર્ત સાથે બંધાય છે. અમૂર્ત જીવ મૂર્ત કર્મોને અવકાશ આપે છે. તે જીવ કર્મોથી અવકાશરૂપ બની જાય છે.

જૈનદર્શનમાં કર્મ શબ્દ ક્રિયાનો વાચક નથી પરંતુ આત્મા પર લાગેલા સૂક્ષ્મ પૌદ્‌ગલિક પદાર્થનો વાચક છે.

જીવ પોતાની મન, વચન અને કાયાની પ્રવૃત્તિઓથી કર્મવર્ગણાના પુદ્‌ગલોને આકર્ષિત કરે છે. કર્મબદ્ધ આત્મા ત્રિયોગની પ્રવૃત્તિ કરે છે. જીવની સાથે કર્મ ત્યારે જ બંધાય જ્યારે મન, વચન, કાયાની પ્રવૃત્તિ થાય. આ પ્રમાણે કર્મ અને કર્મથી થતી પ્રવૃત્તિની પરંપરા અનાદિકાળથી ચાલે છે. કર્મ અને પ્રવૃત્તિના કાર્ય–કારણ ભાવને લક્ષ્યમાં રાખી પુદ્‌ગલ પરમાણુઓનાં પિંડરૂપ કર્મને દ્રવ્યકર્મ કહેલ છે અને રાગ–દ્વેષાદિ રૂપ પ્રવૃત્તિઓને ભાવકર્મ કહેલ છે. આ પ્રમાણે કર્મના મુખ્ય બે ભેદ– દ્રવ્યકર્મ અને ભાવકર્મ. જેવી રીતે વૃક્ષથી બીજ અને બીજથી વૃક્ષની પરંપરા અનાદિકાળથી ચાલે છે તે જ પ્રમાણે દ્રવ્યકર્મથી ભાવકર્મ અને ભાવકર્મથી દ્રવ્યકર્મની પરંપરા અનાદિ છે.

કર્મના કર્તૃત્વ અને ભોક્તૃત્વનો સંબંધ સંસારી જીવ સાથે છે, મુક્તાત્મા સાથે નથી. સંસારી જીવ કર્મબદ્ધ છે, તેમાં જડ–ચેતનનું મિશ્રસ્વરૂપ છે. મુક્તાત્મા કર્મ રહિત છે. તે શુદ્ધ ચેતનારૂપ છે. બદ્ધ

આત્માની માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિનાં કારણે જે પુદ્‌ગલ–પરમાણુ આકૃષ્ટ થઈ પરસ્પર એકમેક બની જાય છે, ક્ષીર નીરવત્ બની જાય, તેને કર્મ કહેવાય છે. આ પ્રમાણે કર્મ પણ જડ–ચેતનનું મિશ્રણ છે. પ્રશ્ન એ થાય કે સંસારી જીવ પણ જડ–ચેતનનું મિશ્રણ અને કર્મ પણ જડ–ચેતનનું મિશ્રણ છે, તો એ બંનેમાં અંતર શું ? તેનું સમાધાન એ છે કે સંસારી આત્માનો ચેતન અંશ જીવ કહેવાય છે અને જડ અંશ કર્મ કહેવાય છે. સંસારી જીવ જડ અને ચેતન અંશનો ભિન્ન ભિન્ન અનુભવ કરી શકતા નથી. તેનું પૃથક્કરણ મુક્તાત્મા જ કરી શકે છે. સંસારી આત્મા સદૈવ કર્મયુક્ત જ હોય છે. કર્મમુક્ત બને ત્યારે જ તે મુક્તાત્મા કહેવાય છે. કર્મ જ્યારે આત્માથી અલગ થાય છે ત્યારે તે કર્મ નહીં પરંતુ પુદ્‌ગલ કહેવાય છે. આત્મા સાથે બદ્ધ પુદ્‌ગલ દ્રવ્યકર્મ છે અને દ્રવ્યકર્મ યુક્ત આત્માની પ્રવૃત્તિ ભાવકર્મ છે. સૂક્ષ્મ રીતે ચિંતન કરીએ તો આત્મા અને પુદ્‌ગલનાં ત્રણ સ્વરૂપ છે. (૧) શુદ્ધ આત્મા તે મુક્તાત્મા છે (૨) શુદ્ધ પુદ્‌ગલ (૩) આત્મા અને પુદ્‌ગલનું સંમિશ્રણ–તે સંસારી જીવમાં છે. કર્મનો કર્તૃત્વ અને ભોક્તૃત્વનો સંબંધ આત્મા અને પુદ્‌ગલની સંમિશ્રણ અવસ્થામાં છે.

## (૧૦) આત્મા અને કર્મનો સંબંધ :–

સ્વાભાવિક પ્રશ્ન થાય છે કે અમૂર્ત આત્મા મૂર્ત કર્મ સાથે કેવી રીતે બંધાય ? તેનું સમાધાન એ છે કે– પ્રાયઃ બધાં આસ્તિક દર્શનોએ સંસાર અને જીવાત્માને અનાદિ માને છે. અનાદિકાળથી આત્મા કર્મથી બદ્ધ અને વિકારી છે. કર્મબદ્ધ આત્માઓ કથંચિત્ મૂર્ત છે. બીજા શબ્દોમાં કહીએ તો સ્વરૂપથી અમૂર્ત હોવા છતાં પણ તે સંસારદશામાં મૂર્ત છે.

સર્વ કર્મોથી સર્વથા મુક્તાત્મા અર્થાત્ શુદ્ધાત્માને કર્મનો બંધ કદાપિ થતો નથી. કર્મબદ્ધ આત્માને જ કર્મનો બંધ થાય છે. તેથી મૂર્ત કર્મનો કથંચિત્ મૂર્ત જીવ સાથે બંધ થાય છે. આ બંધની પરંપરા અનાદિ કાળથી ચાલે છે.

મૂર્ત માદક દ્રવ્યોની અસર અમૂર્ત જ્ઞાનાદિ પર થાય, તે જ રીતે મૂર્ત કર્મો અમૂર્ત આત્મા પર પોતાનું ફળ પ્રદર્શિત કરે છે.

## (૧૧) કર્મ કોણ બાંધે છે ?

મોહકર્મનો ઉદય થતાં જીવ રાગદ્વેષમાં પરિણત થાય છે અને તે અશુભ કર્મો બાંધે છે. મોહરહિત જે વીતરાગી છે તે યોગના કારણે શુભ કર્મનો બંધ કરે છે.

ગૌતમ– હે ભગવન્ ! દુઃખી જીવ દુઃખથી સ્પૃષ્ટ થાય છે કે અદુઃખી જીવ દુઃખથી સ્પૃષ્ટ થાય છે ?

ભગવાન– હે ગૌતમ ! દુઃખી જીવ દુઃખથી સ્પૃષ્ટ થાય છે, અદુઃખી જીવ દુઃખથી સ્પૃષ્ટ થતા નથી. દુઃખનો સ્પર્શ, ગ્રહણ, ઉદીરણા, વેદના અને નિર્જરા દુઃખી જીવ કરે છે, અદુઃખી જીવ કરતા નથી.

ગૌતમ– હે ભગવન્ ! કર્મ કોણ બાંધે છે ? સંયત, અસંયત અથવા સંયતાસંયત ?

ભગવાન– હે ગૌતમ ! અસંયત, સંયતાસંયત અને સંયત આ પ્રત્યેક જીવ કર્મ બાંધે છે. સારાંશ એ છે કે સકર્મ આત્મા જ કર્મ બાંધે છે, તેના પર જ કર્મનો પ્રભાવ પડે છે. –*[ભગવતી સૂત્ર]*

## (૧૨) કર્મબંધના કારણો :–

જીવનો કર્મ સાથે અનાદિ સંબંધ છે પરંતુ કર્મ કયા કારણોથી બંધાય છે તે જિજ્ઞાસાથી ગૌતમે પૂછ્યું– ભગવન્ ! જીવ કર્મ કેવી રીતે બાંધે છે ? ભગવાન– ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મના તીવ્ર ઉદયથી દર્શનાવરણીય કર્મનો તીવ્ર ઉદય થાય છે. દર્શનાવરણીય કર્મના તીવ્ર ઉદયથી દર્શનમોહનો ઉદય થાય છે. દર્શનમોહના તીવ્ર ઉદયથી મિથ્યાત્વનો ઉદય થાય છે અને મિથ્યાત્વના ઉદયથી જીવ આઠ પ્રકારનાં કર્મો બાંધે છે.

સ્થાનાંગ, સમવાયાંગમાં કર્મબંધના પાંચ કારણ બતાવ્યા છે– (૧) મિથ્યાત્વ (૨) અવિરતિ (૩) પ્રમાદ (૪) કષાય (૫) યોગ.

સંક્ષેપથી કર્મબંધના બે કારણ છે– કષાય અને યોગ. કર્મબંધના ચાર ભેદ છે– પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ. પ્રકૃતિ અને પ્રદેશનો બંધ યોગથી થાય છે, સ્થિતિ અને અનુભાગનો બંધ કષાયથી થાય છે. સંક્ષેપમાં જોઈએ તો કષાય જ કર્મબંધનું મુખ્ય કારણ છે. કષાયના અભાવમાં સાંપરાયિક કર્મનો બંધ થતો નથી. દસમા ગુણસ્થાન સુધી બંને કારણ રહે છે તેથી ત્યાં સુધી સાંપરાયિક બંધ હોય છે. કષાય અને યોગથી સાંપરાયિક બંધ થાય છે અને વીતરાગી જીવ કેવળ યોગના નિમિત્તથી કે ગમનાગમનાદિ ક્રિયાઓથી જે કર્મબંધ કરે છે તેને ઈર્યાપથિક બંધ કહેવાય છે. ઈર્યાપથ–કર્મની સ્થિતિ ઉત્તરાધ્યયન સૂત્ર, પ્રજ્ઞાપના સૂત્રમાં બે સમયની માનેલ છે. યોગ હોવા છતાં પણ જો કષાયનો અભાવ હોય તો ઉપાર્જિત કર્મની સ્થિતિ અથવા રસનો બંધ પડતો નથી.

સ્થિતિબંધ અને રસબંધનું કારણ કષાય જ છે. વિસ્તારથી કષાયના ચાર ભેદ છે– ક્રોધ, માન, માયા, લોભ. સ્થાનાંગ સૂત્ર અને પ્રજ્ઞાપના સૂત્રમાં કર્મબંધના આ ચાર કારણ બતાવ્યાં છે. સંક્ષેપમાં કષાયના બે ભેદ છે– રાગ અને દ્વેષ. આમાં ચારેયનો સમાવેશ થઈ જાય છે. રાગમાં માયા અને લોભ તથા દ્વેષમાં ક્રોધ અને માનનો સમાવેશ થાય છે. રાગ અને દ્વેષથી આઠે ય કર્મોનો બંધ થાય છે તેથી રાગદ્વેષને જ ભાવકર્મ માનેલ છે. રાગ–દ્વેષનું મૂળ મોહ જ છે.

આચાર્ય હરિભદ્રે લખ્યું છે કે તેલ ચોપડેલા મનુષ્યના શરીર પર ઊડતી ધૂળ ચોંટી જાય છે તે જ પ્રમાણે રાગદ્વેષની ચિકાશથી આત્મા પર કર્મરજ ચોંટે છે તેથી કર્મબંધ થાય છે.

મિથ્યાત્ત્વને કર્મબંધનું કારણ કહ્યું છે. તેમાં પણ રાગદ્વેષ જ મુખ્ય છે. રાગદ્વેષની તીવ્રતાથી જ જ્ઞાન વિપરીત બને છે. તે સિવાય જ્યાં મિથ્યાત્વ હોય છે ત્યાં બીજાં કારણો સ્વયં હોય જ છે. તેથી શબ્દભેદ હોવા છતાં પણ બધાનો સાર એક જ છે. માત્ર સંક્ષેપ–વિસ્તારના વિવક્ષાભેદથી ઉક્ત કથન સમજવું જોઈએ.

જૈનદર્શનની જેમ બૌદ્ધદર્શન પણ કર્મબંધનું કારણ મિથ્યાજ્ઞાન અને મોહ માને છે. ન્યાયદર્શનનું મંતવ્ય પણ એ જ છે કે મિથ્યાજ્ઞાન જ મોહ છે. પ્રસ્તુત મોહ માત્ર તત્ત્વનું જ્ઞાન ન થવા દે. એટલું જ નથી

પરંતુ શરીર, ઈન્દ્રિય, મન, વેદના, બુદ્ધિ, આ બધું આત્માથી ભિન્ન હોવા છતાં પણ તે 'હું જ છું' એવું માનવું તે પણ મોહના પ્રભાવે થાય છે અને આ જ કર્મબંધનનું કારણ છે. વૈશેષિકદર્શન પણ આ કથનનું સમર્થન કરે છે. સાંખ્યદર્શન પણ બંધનું કારણ વિપર્યાસ માને છે અને વિપર્યાસ જ મિથ્યાજ્ઞાન છે. યોગદર્શન ક્લેશને બંધનું કારણ માને છે અને ક્લેશનું કારણ અવિદ્યા છે. ઉપનિષદ, ભગવદ્‌ગીતા અને બ્રહ્મસૂત્રમાં પણ અવિદ્યાને જ બંધનું કારણ માનેલ છે. એ પ્રમાણે જૈનદર્શન અને અન્ય દર્શનોમાં કર્મબંધના કારણોમાં શબ્દભેદ અને પ્રક્રિયાભેદ હોવા છતાં પણ મૂળ ભાવનાઓમાં ખાસ ભેદ નથી.

## (૧૩) નિશ્ચયનય અને વ્યવહારનય :–

નિશ્ચય અને વ્યવહાર દષ્ટિએ પણ જૈનદર્શનમાં કર્મ સિદ્ધાંતનું વિવેચન કર્યું છે. જે અન્ય નિમિત્ત વિના વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ બતાવે છે તે નિશ્ચયનય છે અને જે બીજાં નિમિત્તના આધારે વસ્તુનું કથન કરે છે તે વ્યવહારનય છે. પ્રશ્ન એ થાય છે કે નિશ્ચય અને વ્યવહારની ઉપરોક્ત પરિભાષા પ્રમાણે શું કર્મનું કર્તૃત્વ, ભોક્તૃત્વ આદિનું નિરૂપણ થઈ શકે ? સમાધાન આ પ્રમાણે છે– પર નિમિત્તના અભાવમાં વસ્તુના વાસ્તવિક સ્વરૂપના કથનનો અર્થ છે વસ્તુના શુદ્ધ સ્વરૂપનું કથન. આ અર્થની દષ્ટિએ નિશ્ચયનય શુદ્ધ આત્મા અને શુદ્ધ પુદ્‌ગલનું જ કથન કરી શકે, પુદ્‌ગલ–મિશ્રિત આત્માનું અથવા આત્મ–મિશ્રિત પુદ્‌ગલનું નહીં. તેથી કર્મનું કર્તૃત્વ, ભોક્તૃત્વ આદિનું કથન નિશ્ચયનયથી કોઈ પણ પ્રકારે સંભવે નહીં.

વ્યવહારનય પરનિમિત્તની અપેક્ષાએ વસ્તુનું નિરૂપણ કરે છે, તેથી કર્મયુક્ત આત્માનું કથન વ્યવહારનયથી જ થાય છે. નિશ્ચયનય પદાર્થના શુદ્ધ સ્વરૂપને અર્થાત્ જે વસ્તુનું સ્વરૂપ જેવું છે તેવું યથાર્થ રૂપે–વર્ણવે છે અને વ્યવહારનય કર્મ યુક્ત સંસારી આત્માનું કથન કરે છે. આ પ્રમાણે નિશ્ચય અને વ્યવહારનયમાં કોઈ પણ પ્રકારનો વિરોધ નથી. બન્નેનું વિષયવસ્તુ ભિન્ન ભિન્ન છે. બન્નેનું ક્ષેત્ર અલગ અલગ છે. નિશ્ચયનયથી કર્મનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ આદિનું નિરૂપણ થઈ શકતું નથી તે મુક્તાત્માનું અને પુદ્‌ગલ આદિ શુદ્ધ અજીવનું જ કથન કરે છે.

## (૧૪) કર્મનું કર્તૃત્ત્વ અને ભોક્તૃત્ત્વ :–

કેટલાક ચિંતકોએ નિશ્ચયનય અને વ્યવહારનયની મર્યાદાને ભૂલી નિશ્ચયનયથી કર્મનાં કર્તૃત્ત્વ, ભોક્તૃત્ત્વનું નિરૂપણ કર્યું છે તેથી કર્મ સિદ્ધાંતમાં અનેક પ્રકારની સમસ્યાઓ ઉત્પન્ન થઈ. સંસારી જીવ અને મુક્ત જીવના ભેદનું વિસ્મરણ; આ સમસ્યાઓનું કારણ છે અને સાથે જ કર્મ અને પુદ્‌ગલનું અંતર પણ ભૂલાઈ જાય છે. તે ચિંતકોનું મંતવ્ય છે કે જીવ કર્મનો કર્તા કે ભોક્તા નથી. જો કે દ્રવ્યકર્મ પૌદ્‌ગલિક છે. પુદ્‌ગલના વિકાર છે તેથી પર છે. તેનો કર્તા આત્મા કેવી રીતે હોય ? ચેતનનું કર્મ ચેતનરૂપ હોય છે અને અચેતનનું કર્મ અચેતનરૂપ. જો ચેતનનું કર્મ પણ અચેતનરૂપ થશે તો ચેતન અને અચેતનનો ભેદ નષ્ટ થઈને મોટો સંકરદોષ ઉપસ્થિત થશે. તેથી પ્રત્યેક દ્રવ્ય સ્વ–ભાવના કર્તા છે, પર–ભાવના કર્તા નથી.

પ્રસ્તુત કથનમાં સંસારી જીવને દ્રવ્યકર્મોનો કર્તા અને ભોક્તા માનેલ નથી, તેનું કારણ કર્મ પૌદ્‌ગલિક છે. ચેતન જીવ અચેતન કર્મને કેવી રીતે ઉત્પન્ન કરે ? આ કથનમાં સંસારી અશુદ્ધ આત્મા છે

તેને શુદ્ધ ચૈતન્ય માનેલ છે અને કર્મને શુદ્ધ પુદ્ગલ. પરંતુ વાસ્તવિક સત્ય એ છે કે સંસારી જીવ શુદ્ધ ચૈતન્ય નથી અને કર્મ શુદ્ધ પુદ્ગલ નથી. સંસારી જીવ ચેતન અને અચેતન દ્રવ્યોનું એકમેક થયેલ સ્વરૂપ છે. એ જ પ્રમાણે કર્મ પણ પુદ્ગલનું સ્વરૂપ નથી પરંતુ એક વિકૃત અવસ્થા છે. તે અવસ્થા સંસારી જીવની માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિથી નિર્મિત થયેલ છે અને તેનાથી સંબદ્ધ છે. જીવ અને પુદ્ગલ બંને પોતપોતાની સ્વાભાવિક અવસ્થામાં રહે તો કર્મનો બંધ થતો જ નથી. સંસારી જીવ સ્વ–ભાવમાં સ્થિત નથી પરંતુ તેની સ્વ અને પરભાવની મિશ્રિત અવસ્થા છે. તેથી તેને માત્ર સ્વ–ભાવનો કર્તા કેવી રીતે કહી શકાય ? જીવ કર્મોનો કર્તા છે, એમ કહીએ તો તેનો અર્થ એમ નથી કે જીવ પુદ્ગલનું નિર્માણ કરે છે. પુદ્ગલ તો પહેલેથી જ છે, તેનું નિર્માણ જીવ નથી કરતો. જીવ તો પોતાની નજીક રહેલા પુદ્ગલ પરમાણુઓને સ્વકાર્યથી આકૃષ્ટ કરીને પોતાનામાં ભેળવીને ક્ષીરનીરવત્ કરે છે. આ જ દ્રવ્યકર્મનું કર્તૃત્વ કહેવાય છે તેથી એકાંતરૂપે એમ ન કહેવાય કે જીવ દ્રવ્યકર્મોનો કર્તા નથી. જો જીવ દ્રવ્યકર્મોનો કર્તા નથી તો તેનો કર્તા કોણ છે ? પુદ્ગલ સ્વયં કર્મરૂપે પરિણત થતા નથી, જીવ જ તેને કર્મ રૂપે પરિણત કરે છે. બીજી મહત્વપૂર્ણ વાત એ છે કે દ્રવ્યકર્મોના કર્તૃત્વના અભાવમાં ભાવકર્મોનું કર્તૃત્વ કેવી રીતે સંભવી શકે ? દ્રવ્યકર્મ જ ભાવકર્મને ઉત્પન્ન કરે છે. સિદ્ધ દ્રવ્યકર્મોથી મુક્ત છે તેથી ભાવકર્મોથી પણ મુક્ત છે. જ્યારે એ સિદ્ધ થઈ જાય કે કર્મયુક્ત સંસારી જીવ પુદ્ગલ–પરમાણુઓને કર્મ રૂપે પરિણત કરે છે ત્યારે તે કર્મફળનો ભોક્તા પણ સિદ્ધ થઈ જાય. કારણ કે કર્મથી બંધાયેલા હોય છે તે જ તેનું ફળ પણ ભોગવે છે. આ પ્રમાણે સંસારી જીવ કર્મોનો કર્તા અને તેનાં ફળનો ભોક્તા છે પરંતુ મુક્ત જીવ કર્મોનો કર્તા પણ નથી અને ભોક્તા પણ નથી.

જે વિચારક કર્મોના કર્તા અને ભોક્તા જીવને માનતા નથી તે લોકો એક દૃષ્ટાંત આપે છે– જેમ કે એક યુવક છે. તેનું રૂપ અત્યંત સુંદર છે, તે કાર્યવશ ક્યાંક જઈ રહ્યો છે. તેના દિવ્ય અને ભવ્ય રૂપને જોઈને એક યુવતી તેના ઉપર મુગ્ધ બની તેની પાછળ પાછળ ચાલવા લાગી. તો તેમાં તે યુવકનું શું કર્તૃત્વ છે ? કર્તા તો તે યુવતી છે. યુવક તો તેમાં માત્ર નિમિત્ત કારણ છે. આ પ્રમાણે જો પુદ્ગલ જીવ તરફ આકર્ષાઈને કર્મ રૂપે પરિવર્તિત થાય તેમાં જીવનું શું કર્તૃત્ત્વ છે ? કર્તા તો પુદ્ગલ સ્વયં છે. તેમાં જીવ માત્ર નિમિત્ત કારણ છે. આ જ વાત કર્મોના ભોક્તૃત્વના સંબંધમાં પણ કહી શકાય છે. જો આ જ પ્રમાણે હોય તો આત્મા કર્મોનો કર્તા, ભોક્તા, બદ્ધ, મુક્ત કે રાગ–દ્વેષ ભાવો, સિદ્ધ થશે નહીં અને ભગવાન તેનાથી રહિત પણ સિદ્ધ થશે નહીં પરંતુ વાસ્તવિક રૂપે તેમ નથી. જેમ યુવતી યુવકની પાછળ મુગ્ધ બની ચાલી એ પ્રમાણે જડ પુદ્ગલ ચેતન આત્માની પાછળ નથી જતા. પુદ્ગલ સ્વયં આકર્ષિત બનીને આત્માને પકડવા માટે દોડતા નથી. જીવ જ્યારે સક્રિય બને છે ત્યારે પુદ્ગલ–પરમાણુ તેની તરફ આકૃષ્ટ બને છે. આત્માની સાથે તે એકમેક બને છે. યથાસમયે ફળ આપી આત્માથી પૃથક્ થાય છે. આ સંપૂર્ણ પ્રક્રિયામાં જીવ સંપૂર્ણતઃ જવાબદાર છે. જીવની ક્રિયાથી જ પુદ્ગલ પરમાણુ તેની તરફ ખેંચાય છે, બંધાય છે અને યોગ્ય ફળ આપે છે. આ કાર્ય એકલો જીવ જ કરી શકે તેવું નથી અને એકલા પુદ્ગલ જ કરે તેમ પણ નથી. બંનેના સમ્મિલિત(પરસ્પર મળવાથી) અને પારસ્પરિક પ્રભાવથી જ આ કાર્ય થાય છે. કર્મના કર્તૃત્ત્વમાં જીવની આ પ્રકારની નિમિત્તતા નથી કે તે સાંખ્યપુરુષની જેમ નિષ્ક્રિય અવસ્થામાં નિર્લેપ ભાવથી રહે અને પુદ્ગલ સ્વયં કર્મ રૂપે પરિણત થઈ જાય. પરંતુ જીવ અને પુદ્ગલના પરસ્પર મળવાથી જ કર્મની

ઉત્પત્તિ થાય છે. એકાંત રૂપે જીવને ચેતન અને કર્મને જડ ન કહી શકાય. કર્મ–પુદ્ગલના સહયોગથી જીવ કથંચિત્ જડ છે અને કર્મ પણ ચૈતન્યના સંસર્ગથી કથંચિત્ ચેતન છે. જ્યારે જીવ અને કર્મ પરસ્પર સંપૂર્ણ રૂપે પૃથક્ થઈ જાય અને તેમાં કોઈ પણ પ્રકારે સંબંધ રહેતો નથી ત્યારે તે શુદ્ધ અવસ્થામાં આવી જાય છે અર્થાત્ ત્યારે જીવ એકાંત રૂપે ચેતન બની જાય છે અને કર્મ એકાંત રૂપે જડ બની જાય છે.

સંસારી જીવ અને દ્રવ્યકર્મ રૂપ પુદ્ગલના મળવા પર તેના પ્રભાવથી જ જીવમાં રાગ–દ્વેષાદિ ભાવકર્મની ઉત્પત્તિ સંભવે છે. પ્રશ્ન એ છે કે જો જીવ પોતાના શુદ્ધ સ્વભાવનો કર્તા છે અને પુદ્ગલ પણ પોતાના શુદ્ધ સ્વભાવનો કર્તા છે તો રાગદ્વેષ આદિ ભાવોનો કર્તા કોણ ? રાગદ્વેષ આદિ ભાવ ન તો જીવના શુદ્ધ સ્વભાવની અંતર્ગત છે અને ન તો પુદ્ગલના શુદ્ધ સ્વભાવની અંતર્ગત છે, તેથી તેનો કર્તા કોને માનવો ?

તેનો ઉત્તર છે – ચેતન આત્મા અને અચેતન દ્રવ્યકર્મના મિશ્રિત રૂપને જ આ અશુદ્ધ–વૈભાવિક ભાવોના કર્તા માની શકાય. રાગ–દ્વેષાદિ ભાવ ચેતન અને અચેતન દ્રવ્યોનાં સંમિશ્રણથી ઉત્પન્ન થાય છે. તે જ પ્રમાણે મન, વચન અને કાયા આદિ પણ સંમિશ્રણથી જ ઉત્પન્ન થાય છે. કર્મોની વિભિન્નતા અને વિવિધતાથી જ આ બધી વિચિત્રતાઓ થયા કરે છે.

નિશ્ચય દષ્ટિએ કર્મનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ માનનારા ચિંતકો કહે છે કે– આત્મા પોતાનાં સ્વાભાવિક જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિનો અને વૈભાવિક ભાવ, રાગ–દ્વેષ આદિનો કર્તા છે પરંતુ તેના નિમિત્તથી જે પુદ્ગલ પરમાણુઓમાં કર્મરૂપે પરિણમન થાય છે તેનો કર્તા તે નથી. જેમ કે ઘડાનો કર્તા માટી છે, કુંભાર નથી. વ્યવહારથી કુંભારને ઘડાનો કર્તા મનાય છે પરંતુ તેનો સાર એટલો જ છે કે ઘટ–પર્યાયમાં કુંભાર નિમિત્ત છે. વસ્તુતઃ ઘટ મૃતિકાનો એક ભાવ છે તેથી તેનો કર્તા માટી જ છે.

પરંતુ ઉપરોક્ત ઉદાહરણ બરાબર નથી. આત્મા અને કર્મનો સંબંધ ઘડા અને કુંભારની જેમ નથી. ઘટ અને કુંભાર પરસ્પર એકમેક નથી. જ્યારે આત્મા અને કર્મ નીરક્ષીરવત્ એકમેક બની જાય છે તેથી કર્મ અને આત્માનું પરિણમન ઘટ અને કુંભારના પરિણમનથી અલગ છે. કર્મ–પરમાણુઓ અને આત્મપ્રદેશોનું પરિણમન જડ અને ચેતનાનું મિશ્રિત પરિણમન હોય છે તેમાં અનિવાર્ય રૂપે બંને ય પરસ્પર પ્રભાવિત બને છે પરંતુ ઘટ અને કુંભારના સંબંધમાં તેમ નથી. આત્માના વૈભાવિક ભાવોનાં કારણે પુદ્ગલ–પરમાણુ તેની તરફ ખેંચાય છે તેથી તે તેના આકર્ષણમાં નિમિત્ત છે, તે પરમાણુ આત્મપ્રદેશોની સાથે એકમેક થઈને કર્મ રૂપે પરિણત થઈ જાય છે તેથી આત્મા કર્મોનો કર્તા છે. વૈભાવિક ભાવો રૂપે આત્માને તેનું ફળ પણ ભોગવવું જ પડે છે તેથી તે કર્મોનો ભોક્તા પણ છે.

## (૧૫) કર્મની મર્યાદા :–

જૈન કર્મ સિદ્ધાંતનો એ સ્પષ્ટ અભિપ્રાય છે કે ; કર્મનો સંબંધ વ્યક્તિનાં શરીર, મન અને આત્મા સાથે છે. વ્યક્તિના શરીર, મન અને આત્માની એક સુનિશ્ચિત સીમા છે અને તે જ સીમામાં તે સીમિત રહે છે. એ જ પ્રમાણે કર્મ પણ તે જ સીમામાં પોતાનું કાર્ય કરે છે. જો કર્મની સીમા ન માનો તો આકાશની જેમ તે પણ સર્વ વ્યાપક થઈ જશે. વાસ્તવમાં આત્માનું સ્વદેહપરિમાણત્વ પણ કર્મનું જ કારણ છે. કર્મને કારણે આત્મા દેહમાં છે તો પછી કર્મ તેને છોડીને અન્યત્ર ક્યાં જઈ શકે ? સંસારી આત્મા હમેશા કોઈને કોઈ

શરીરમાં બદ્ધ રહે છે અને તેની સાથે સંબદ્ધ કર્મપિંડ પણ તે જ શરીરની સીમાઓમાં સીમિત રહે છે.

અહીં પ્રશ્ન ઉદભવે છે કે શરીરની સીમાઓમાં સીમિત કર્મ પોતાની સીમાઓને છોડી ફળ આપી શકે છે ? અથવા વ્યક્તિનાં તન–મનથી ભિન્ન પદાર્થોની ઉત્પત્તિ, પ્રાપ્તિ, વ્યય આદિમાં તે જવાબદાર બની શકે છે ? જે ક્રિયા અથવા ઘટના–વિશેષમાં કોઈ વ્યક્તિનો પ્રત્યક્ષ અથવા પરોક્ષ કોઈ પણ પ્રકારનો સંબંધ નથી તેને માટે પણ શું તે વ્યક્તિના કર્મને કારણ માની શકાય ખરું ?

**ઉત્તર :–** જૈન કર્મ સાહિત્યમાં કર્મના મુખ્ય આઠ ભેદ છે તેમાં એકે ભેદ એવો નથી કે જેનો સંબંધ આત્મા અને શરીરથી ભિન્ન બીજા પદાર્થ સાથે હોય. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મ આત્માના મૂળગુણ, જ્ઞાન, દર્શન, સુખ અને વીર્યનો ઘાત કરે છે અને વેદનીય, આયુ, નામ અને ગોત્ર કર્મ શરીરની વિભિન્ન અવસ્થાઓનું નિર્માણ કરે છે. આ પ્રમાણે આઠે કર્મોનો સાક્ષાત્ સંબંધ આત્મા અને શરીર સાથે છે, અન્ય પદાર્થો અને ઘટનાઓની સાથે નથી. પરંપરાથી આત્મા, શરીર આદિ સિવાયના પદાર્થો અને ઘટનાઓ સાથે પણ કર્મનો સંબંધ થઈ શકે છે– જો તે પ્રમાણે સિદ્ધ થઈ શકે તો.

કર્મોનો સીધો સંબંધ આત્મા અને શરીર સાથે છે. તો પ્રશ્ન એ થાય કે ધન, સંપત્તિ આદિની પ્રાપ્તિ પુણ્યજન્ય કેમ માનવામાં આવે છે ?

**ઉત્તર :–** ધન, સ્વજન આદિથી સુખ આદિની અનુભૂતિ થતી હોય તો શુભ કર્મોદયના નિમિત્તે બાહ્ય પદાર્થને પણ ઉપચારથી પુણ્યજન્ય માની શકીએ. સુખ દુઃખ આદિની અનુભૂતિમાં નિમિત્ત, સહાયક અથવા ઉત્તેજક થવાના કારણે ઉપચાર અથવા પરંપરાથી બાહ્ય વસ્તુઓને પુણ્ય–પાપનું ફળ માનવામાં આવે છે.

જીવની વિવિધ અવસ્થાઓ કર્મજન્ય છે. શરીર, ઈન્દ્રિયો, શ્વાસોચ્છ્‌વાસ, મન, વચન વગેરે જીવની વિવિધ અવસ્થાઓ કર્મનું કારણ છે પરંતુ પત્ની અથવા પતિની પ્રાપ્તિ, પુત્ર–પુત્રીની પ્રાપ્તિ, સંયોગ–વિયોગ, હાનિ–લાભ, સુકાળ–દુકાળ, પ્રવૃત્તિ–પ્રકોપ, રાજ–પ્રકોપ આદિનું કારણ તેનું પોતાનું હોય. એ ઠીક છે કે કોઈ કાર્યો અથવા ઘટનાઓમાં આપણું યત્કિંચિત્ નિમિત્ત હોઈ શકે પરંતુ તેનો મૂળ સ્રોત તેની અંદર છે, આપણામાં નહીં. તાત્પર્ય એ છે કે પિતાના પુણ્યોદયથી પુત્ર જન્મ થતો નથી અને પિતાના પાપના ઉદયથી પુત્રનું મૃત્યુ નથી થતું. પુત્રના જન્મ અને મૃત્યુમાં તેના પોતાના કર્મોનો ઉદય છે, પરંતુ તેમાં પિતાનો પુણ્યોદય અને પાપોદય સાક્ષાત્ કારણ હોતું નથી. આ પ્રમાણે પિતાના પુણ્યોદય અને પાપોદયથી પુત્રનાં જન્મ અને મૃત્યુ નથી થતાં પરંતુ પુત્રના જન્મ અને મૃત્યુ પિતાના પુણ્યોદય અને પાપોદયના નિમિત્ત થઈ જાય છે. આ પ્રમાણે બીજી ઘટનાઓના સંબંધમાં પણ જાણવું. વ્યક્તિના કર્મોદય, કર્મક્ષય, કર્મોપશમ આદિની પોતાની એક સીમા છે અને તે સીમા છે તેનું શરીર, મન, વચન આદિ. તે સીમાને ઉલ્લંઘીને કર્મોદય થતો નથી. સારાંશ એ છે કે આપણાથી ભિન્ન બધા જ પદાર્થોની ઉત્પત્તિ અને વિનાશ મુખ્યત્વે તેનાં પોતાનાં કારણોથી જ થાય છે.

### (૧૬) ઉદય :–

ઉદયનો અર્થ છે કાલ–મર્યાદાથી કર્મોનું સ્વતઃ ફળ દેવું. બાંધેલા કર્મપુદ્‌ગલ પોતાનું કાર્ય કરવામાં જ્યારે સમર્થ થઈ જાય તેને ઉદય કહે છે. જ્યારે તેના નિષેક(કર્મ પુદ્‌ગલોની એક કાળમાં ઉદય થવા યોગ્ય

રચના વિશેષ) પ્રગટ થવા લાગે છે, તે ઉદય છે. બે પ્રકારે કર્મનો ઉદય થાય છે– (૧) પ્રાપ્ત કાળમાં કર્મનો ઉદય (૨) અપ્રાપ્ત કાળમાં કર્મનો ઉદય.

કર્મ બંધ થાય કે તરત જ તે જ સમયે કર્મ ફળ પ્રાપ્તિ થતી નથી. તે નિશ્ચિત અવધિ પછી જ ફળ આપે છે. તે વચ્ચેની અવધિ (સમય) "અબાધાકાળ" કહેવાય છે. તે સમયે કર્મનું માત્ર અવસ્થાન(સત્તા) હોય છે. અબાધાનો એક અર્થ અંતર છે. બંધ અને ઉદયની વચ્ચેનો જે કાળ છે તે અબાધાકાળ છે.

દીર્ઘકાળ અને તીવ્ર અનુભાગવાળાં કર્મ તપ આદિ સાધના દ્વારા વિફળ બની સ્વલ્પ સમયમાં ભોગવાઈ જાય છે. આત્મા શીઘ્ર નિર્મળ બની જાય છે.

જો એકાંતે સ્વાભાવિક રૂપે જ કર્મ ઉદયમાં આવે તો આકસ્મિક ઘટનાઓની સંભાવના અને તપ આદિ સાધનાની પ્રયોજકતા નષ્ટ થઈ જાય છે. પરંતુ અપવર્તનાથી કર્મની ઉદીરણા અથવા અપ્રાપ્ત કાળમાં ઉદય થાય છે તેથી આકસ્મિક ઘટનાઓથી કર્મસિદ્ધાંતમાં સંદેહ થતો નથી. તપ આદિ સાધનાની સફળતાનું પણ આ જ મુખ્ય કારણ છે.

કર્મનો પરિપાક અને ઉદય, સહેતુક પણ થાય છે અને નિર્હેતુક પણ. સ્વયં પણ થાય છે અને બીજા દ્વારા પણ. કોઈ બાહ્ય કારણના અભાવમાં પણ ક્રોધ, વેદનીય પુદ્‌ગલોના તીવ્ર વિપાકથી કોઈ પણ નિમિત્ત વિના ક્રોધ આવી ગયો, આ તેનો નિર્હેતુક ઉદય છે. તે જ પ્રમાણે હાસ્ય, ભય, વેદ અને કષાયના પુદ્‌ગલોનો પણ ઉદય થાય છે.

## (૧૭) સ્વતઃ ઉદયમાં આવનારા કર્મના હેતુ :–

ગતિહેતુક ઉદય–નરકગતિમાં અશાતાનો તીવ્ર ઉદય હોય છે, તેને ગતિહેતુક વિપાક કહે છે. સ્થિતિહેતુક ઉદય– મોહકર્મની ઉત્કૃષ્ટતમ સ્થિતિમાં મિથ્યાત્વ મોહનો તીવ્ર ઉદય હોય છે. આ સ્થિતિ હેતુક વિપાક–ઉદય છે. ભવહેતુક ઉદય– દર્શનાવરણ (જેના ઉદયથી ઊંઘ આવે) આ બધા સંસારી જીવોમાં હોય છે તો પણ મનુષ્ય અને તિર્યંચ બે ને ઊંઘ આવે, દેવ અને નારકીને નહીં. આ ભવહેતુક વિપાક ઉદય છે. ગતિ, સ્થિતિ અને ભવના કારણે ઘણાં કર્મોનો સ્વતઃ વિપાક–ઉદય થઈ જાય છે.

## (૧૮) બીજા દ્વારા ઉદયમાં આવનારા કર્મના હેતુ :–

પુદ્‌ગલહેતુક ઉદય– કોઈએ પત્થર ફેંક્યો, લોહી નીકળ્યું, અશાતાનો ઉદય થયો. આ બીજા દ્વારા કરેલો અશાતા વેદનીયનો પુદ્‌ગલ હેતુક ઉદય છે. કોઈએ અપશબ્દ કહ્યા, ક્રોધ આવ્યો, આ ક્રોધ વેદનીય પુદ્‌ગલોનો સહેતુક ઉદય છે. પુદ્‌ગલ પરિણામથી થતો ઉદય– રસવંતુ ભોજન જમ્યા, અજીર્ણ થયું, રોગ થયો. આ અશાતા વેદનીયનો ઉદય છે. મદિરા આદિ નશીલી વસ્તુઓનો ઉપભોગ કર્યો, ઉન્માદ આવ્યો, આ જ્ઞાનાવરણનો ઉદય થયો. આ પુદ્‌ગલ–પરિણમન હેતુક ઉદય છે.

આ પ્રમાણે વિવિધ કારણોથી કર્મોનો ઉદય થાય છે. જો આ બધાં કારણો ન મળે તો કર્મોનો વિપાક

રૂપે ઉદય થતો નથી. ઉદયનો બીજો ભેદ છે પ્રદેશોદય. આમાં કર્મના ફળનો સ્પષ્ટ અનુભવ નથી થતો. આ કર્મવેદનની અસ્પષ્ટાનુભૂતિવાળી દશા છે, જે કર્મ–બંધ થાય છે તે અવશ્ય ભોગવાય જ છે.

ગૌતમે પૂછ્યું– ભગવન્ ! શું કરેલાં પાપ કર્મ ભોગવ્યાં વિના છૂટતાં નથી ?

ભગવન્– હા, ગૌતમ ! એ વાત સાચી છે.

ગૌતમ– ભગવન ! કેવી રીતે ?

ભગવન્– ગૌતમ ! કર્મના બે પ્રકાર છે– (૧) પ્રદેશકર્મ (૨) અનુભાગકર્મ. જે પ્રદેશકર્મ છે તે અવશ્ય ભોગવાય છે અને અનુભાગ કર્મ છે તે અનુભાગ(વિપાક) રૂપે કેટલાક ભોગવાય છે અને કેટલાક ભોગવાતા નથી.

## (૧૯) પુરુષાર્થથી ભાગ્યમાં પરિવર્તન આવી શકે છે :–

વર્તમાનમાં આપણે પુરુષાર્થ કરીએ તેનું ફળ ચોક્કસ મળે જ. ભૂતકાળની દષ્ટિએ તેનું મહત્ત્વ હોય અથવા ન હોય, વર્તમાનમાં કરાયેલો પુરુષાર્થ જો ભૂતકાળમાં કરાયેલા પુરુષાર્થથી મંદ હોય તો તે ભૂતકાળમાં કરેલા પુરુષાર્થ પર પ્રભાવ ન પાડી શકે. જો વર્તમાનમાં કરાયેલો પુરુષાર્થ ભૂતકાળના પુરુષાર્થથી પ્રબળ હોય તો તે ભૂતકાળના પુરુષાર્થને નિષ્ફળ બનાવી શકે છે.

કર્મની માત્ર બંધ અને ઉદય આ બે જ અવસ્થા હોત તો બદ્ધ કર્મના પરિવર્તનને અવકાશ ન હોત પરંતુ તેની બીજી અવસ્થા પણ છે– (૧) **અપવર્તના**થી– કર્મસ્થિતિનું અલ્પીકરણ (સ્થિતિઘાત અને રસનું મંદીકરણ–રસઘાત) થાય છે (૨) **ઉદ્‌વર્તના**થી કર્મ–સ્થિતિનું દીર્ઘકરણ અને રસનું તીવ્રીકરણ થાય છે. (૩) **ઉદીરણા**થી લાંબા સમય પછી ઉદયમાં આવનારાં કર્મ શીઘ્ર–તત્કાળ ઉદયમાં આવે છે. (૪) એક કર્મ શુભ હોય છે અને તેનો વિપાક પણ શુભ હોય છે પરંતુ તે અશુભ પણ થઈ જાય છે. એક કર્મ અશુભ છે તેનો વિપાક પણ અશુભ હોય છે પરંતુ શુભ પણ થઈ જાય છે. કર્મના ઉદયમાં આ અંતરનું મૂળ કારણ **સંક્રમણકરણ**(બદ્ધકર્મમાં આત્મા દ્વારા અન્યથાકરણ) છે. આવી કર્મોની બીજી અવસ્થાઓને કારણે અર્થાત્ અપવર્તન, ઉદ્‌વર્તન, સંક્રમણ વગેરે કરણોનાં કારણે પુરુષાર્થથી ભાગ્યમાં કંઈક પરિવર્તનની શક્યતા સ્વીકારવી પડે છે. સામાન્ય રૂપે પૂર્વકૃત કર્મ અનુસાર જ ભાગ્યનું વર્તન થાય છે અને વિશેષ પુરુષાર્થથી જીવ કેટલુંય પરિવર્તન કરી શકે છે. માટે જ કહી શકાય છે કે વ્યવહારમાં પુરુષાર્થ પ્રધાન હોય છે, તેથી જીવ સક્રિય રહીને પોતાનું જીવન ઘડતર કરી શકે છે. એકલા ભાગ્યને ભરોષે નિષ્ક્રિય થઈ રહેવાની જરૂર નથી.

## (૨૦) આત્મા સ્વતંત્ર છે કે કર્મને આધીન :–

સંક્રમણ સિવાય સામાન્ય રૂપે જેવું કર્મ કરે છે તેવું જ તેનું ફળ તેને મળે છે. શુભ કર્મનું ફળ શુભ અને અશુભ કર્મનું ફળ અશુભ હોય છે. કર્મની મુખ્ય બે અવસ્થા છે– બંધ (ગ્રહણ) અને ઉદય (ફળ).

કર્મ બાંધવામાં જીવ સ્વતંત્ર છે પરંતુ તેનું ફળ ભોગવવામાં તે સ્વતંત્ર નથી. જેમ કોઈ વ્યક્તિ ભાંગ પીવામાં સ્વતંત્ર છે પરંતુ તેનું પરિણામ ભોગવવામાં પરતંત્ર છે. તેની ઈચ્છા ન હોય તો પણ ભાંગ તેનું પરિણામ પ્રદર્શિત કરે જ છે, ત્યાં તેની ઈચ્છાનું કોઈ અસ્તિત્વ રહેતું જ નથી.

પૂર્વોક્ત કથનનો ભાવ એવો નથી કે બંધાયેલાં કર્મોના વિપાકમાં આત્મા કાંઈ પણ પરિવર્તન કરી શકતો નથી. જેવી રીતે ભાંગના નશાની વિરોધી વસ્તુનું સેવન કરવામાં આવે તો ભાંગનો નશો ચડતો નથી અથવા તો થોડો જ ચડે છે. એ જ પ્રમાણે પ્રશસ્ત અધ્યવસાયોથી પૂર્વબદ્ધ કર્મના વિપાકને મંદ કરી શકાય છે તથા નષ્ટ પણ કરી શકાય છે. તે અવસ્થામાં કર્મ પ્રદેશોદયથી જ નિર્જીર્ણ થઈ જાય છે. તેની કાલિક મર્યાદા(સ્થિતિકાળ)ને ઘટાડીને શીઘ્ર ઉદયમાં પણ લાવી શકાય છે.

બીજા શબ્દોમાં એમ પણ કહી શકાય કે જીવને કાળ આદિ લબ્ધિઓની અનુકૂળતા જ્યારે હોય છે ત્યારે તે કર્મોને હરાવી શકે છે અને કર્મોની બહુલતા હોય છે ત્યારે જીવ તેનાથી દબાઈ જાય છે. તેથી ક્યારેક જીવ કર્મને આધીન હોય છે અને ક્યારેક કર્મ જીવને આધીન હોય છે. કર્મના બે પ્રકાર છે– (૧) નિકાચિત– જેનો વિપાક નિષ્ફળ ન જાય તે (૨) અનિકાચિત– જેનો વિપાક નિષ્ફળ પણ થઈ શકે છે. બીજા શબ્દોમાં– (૧) નિરુપક્રમ– તેનો કોઈ પ્રતિકાર હોતો નથી, તેનો ઉદય અન્યથા ન થઈ શકે (૨) સોપક્રમ– જે ઉપચાર સાધ્ય હોય છે. તેના ઉદયમાં પરિવર્તન સંભવ છે.

જીવ નિકાચિત કર્મોદયની અપેક્ષાએ કર્માધીન હોય છે. દલિકની અપેક્ષાએ બંને વાતો છે– જ્યાં સુધી જીવ તે કર્મનો ક્ષય કરવાનો પ્રયત્ન ન કરે ત્યાં સુધી જીવ તે કર્મને આધીન જ હોય છે અને જ્યારે જીવ પ્રબળ પુરુષાર્થથી મનોબળ અને શરીરબળ આદિ સામગ્રીના સહયોગથી સત્પુરુષાર્થ કરે છે ત્યારે કર્મ તેને આધીન બને છે. જેમ કે– ઉદયકાળ પહેલાં કર્મને ઉદયમાં લાવી ખપાવી દેવાં, તેની સ્થિતિ અને રસને મંદ કરી દેવાં. તપશ્ચર્યા દ્વારા પૂર્વબદ્ધ કર્મોની સ્થિતિ અને ફળ–શક્તિ નષ્ટ કરી તેને અતિ શીઘ્રતાએ ખપાવવામાં આવે છે.

પાતંજલ યોગભાષ્યમાં પણ અદષ્ટજન્ય વેદનીય કર્મની ત્રણ ગતિઓ બતાવી છે. તેમાં એક ગતિ એ છે કેટલાંક કર્મ ફળ આપ્યા વિના જ પ્રાયશ્ચિત આદિ દ્વારા ક્ષય પામે છે, તેને જૈન પારિભાષિક શબ્દોમાં પ્રદેશોદય કહેલ છે.

## (૨૧) ઉદીરણા :–

ઉદીરણાનો અર્થ છે કાલમર્યાદાનું પરિવર્તન. ગૌતમ સ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો– ભગવન્ ! જીવ ઉદીર્ણ કર્મ પુદ્ગલોની ઉદીરણા કરે છે અથવા અનુદીર્ણ કર્મ– પુદ્ગલોની ઉદીરણા કરે છે ?

**ઉત્તર :–** જીવ અનુદીર્ણ અને ઉદીરણા કરવા યોગ્ય કર્મ–પુદગલોની ઉદીરણા કરે છે– (૧) ઉદીર્ણ કર્મ–પુદ્ગલોની ઉદીરણા પુનઃ કરવામાં આવે તો તે ઉદીરણાની ક્યાંય પણ પરિસમાપ્તિ થતી નથી, તેથી ઉદીર્ણની ઉદીરણા નથી થતી (૨) જે કર્મ પુદ્ગલોની ઉદીરણા વર્તમાનમાં નહીં પરંતુ સુદૂર

ભવિષ્યમાં થવાની છે અથવા જેની ઉદીરણા થવાની નથી તે અનુદીર્ણ કર્મપુદ્ગલોની પણ ઉદીરણા થતી નથી (૩) જે કર્મપુદ્ગલનો ઉદય થઈ ગયો છે (ઉદયાંતર પછી) તે શક્તિહીન થઈ ગયા છે, તેની પણ ઉદીરણા થતી નથી (૪) જે કર્મપુદ્ગલ વર્તમાનમાં ઉદીરણા યોગ્ય (અનુદીર્ણ પરંતુ ઉદીરણા યોગ્ય) છે, તેની જ ઉદીરણા થાય છે.

## (૨૩) ઉદીરણાનું કારણ :–

કર્મ જ્યારે સ્વાભાવિક રૂપે ઉદયમાં આવે છે ત્યારે નવા પુરુષાર્થની આવશ્યકતા નથી રહેતી. અબાધાકાળની સ્થિતિ પૂર્ણ થતાં જ કર્મપુદ્ગલ સ્વતઃ ઉદયમાં આવે છે. સ્થિતિ ક્ષય પહેલાં જ ઉદીરણા દ્વારા કર્મને ઉદયમાં લાવી શકાય છે તેથી આમાં વિશેષ પ્રયત્ન અથવા પુરુષાર્થની આવશ્યકતા રહે છે. આમાં ભાગ્ય અને પુરુષાર્થનો સમન્વય છે. પુરુષાર્થથી કર્મમાં પણ પરિવર્તન થઈ શકે છે. આ વાત પૂર્ણ રૂપે સ્પષ્ટ છે.

કર્મની ઉદીરણા "કરણ"થી થાય છે. કરણનો અર્થ "યોગ" છે. યોગના ત્રણ પ્રકાર મન, વચન અને કાયા. ઉત્થાન, બળ, વીર્ય આદિ તેના જ ભેદ છે. યોગ શુભ અને અશુભ બે પ્રકારે છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય રહિત યોગ શુભ છે અને કષાય સહિત યોગ અશુભ છે. સત્ પ્રવૃત્તિ અને અસત્ પ્રવૃત્તિ બંનેથી ઉદીરણા થાય છે.

## (૨૩) વેદના :–

ગૌતમ સ્વામીએ પૂછ્યું, હે ભગવન્ ! અન્ય દર્શનીઓનો એવો મત છે કે બધા જીવો એવંભૂત વેદના (જેવી રીતે કર્મ બાંધ્યાં છે, તે પ્રમાણે) ભોગવે છે. તો શું આ વાત યથાર્થ છે ?

ભગવાન– હે ગૌતમ ! અન્ય દર્શનીઓનું તે એકાંત કથન મિથ્યા છે. મારો એવો અભિપ્રાય છે કે કેટલાક જીવો એવંભૂત વેદના ભોગવે છે અને કેટલાક અન–એવંભૂત વેદના પણ ભોગવે છે.

ગૌતમ– ભગવન્ ! એ કેવી રીતે ?

ભગવાન– જે જીવ કૃત કર્માનુસાર વેદના ભોગવે છે તે એવંભૂત વેદના ભોગવે છે અને જે જીવ કૃતકર્મથી અન્યથા વેદના ભોગવે છે તે અન–એવંભૂત વેદના ભોગવે છે. કારણ કે કેટલાંક કર્મોમાં ઉદ્વર્તન અપવર્તન અને સંક્રમણ વગેરે થવાથી પરિવર્તિત રૂપે પણ વેદના ભોગવાય છે.

## (૨૪) નિર્જરા :–

આત્મા અને કાર્મણવર્ગણાના પરમાણુ એ બંને પૃથક્ છે.જ્યાં સુધી તે અલગ છે ત્યાં સુધી આત્મા, આત્મા છે અને પરમાણુ–પરમાણુ છે, જ્યારે બંનેનો સંયોગ થાય છે ત્યારે પરમાણુ "કર્મ" કહેવાય છે. કર્મ–પ્રાયોગ્ય પરમાણું જ્યારે આત્મા સાથે ચોંટે છે ત્યારે તે કર્મ કહેવાય છે. તેના પર પોતાનો પ્રભાવ પાડ્યા પછી તે અકર્મ બની જાય છે. અકર્મ થતાં જ તે આત્માથી અલગ પડી જાય છે. જ્યારે અલગ પડે ત્યારે તેને નિર્જરા કહેવાય છે.

કેટલાંક ફળ ડાળ પર પાક્યાં પછી તૂટે છે તો કેટલાંક ફળ પ્રયત્નથી પકાવવામાં આવે છે. બંને

ફળ પાકે તો છે પરંતુ બંનેની પાકવાની પ્રક્રિયા પૃથક્–પૃથક્ છે. જે સ્વાભાવિક પાકે તેમાં ઘણો સમય લાગે અને જે પ્રયત્નથી પકાવવામાં આવે તેને અલ્પ સમય લાગે. કર્મનો પરિપાક પણ આ જ પ્રમાણે થાય છે. નિશ્ચિત કાળ મર્યાદાથી જે કર્મ પરિપાક થાય છે તે નિર્જરા ને વિપાકી નિર્જરા કહે છે. તેને માટે કોઈ પણ પ્રકારનો નવો પ્રયત્ન કરવો પડતો નથી તેથી આ નિર્જરા ધર્મ પણ નથી અને અધર્મ પણ નથી.

નિશ્ચિત કાળ મર્યાદા પહેલાં શુભ યોગથી કર્મનો પરિપાક થઈને નિર્જરા થાય છે, તે અવિપાકી નિર્જરા કહેવાય છે. આ નિર્જરા સહેતુક છે. તેનો હેતુ શુભ–પ્રયાસ છે, તેથી ધર્મ છે.

## (૨૫) પહેલાં આત્મા કે કર્મ ?

**પ્રશ્ન :–** પહેલાં આત્મા કે કર્મ ? બંનેમાં પહેલું કોણ અને પછી કોણ ? આ પ્રશ્ન છે.

**ઉત્તર :–** આત્મા અને કર્મ બંને અનાદિ છે. આત્મા સાથે કર્મ સંતતિનો અનાદિકાળથી સંબંધ છે. પ્રતિપળ –પ્રતિક્ષણ જીવ નવાં કર્મ બાંધે છે. એવી કોઈ પણ ક્ષણ નથી જેમાં સંસારી જીવ કર્મ ન બાંધતો હોય. આ દૃષ્ટિએ આત્માની સાથે કર્મનો સંબંધ સાદિ પણ કહી શકાય પરંતુ કર્મ સંતતિની અપેક્ષાએ આત્માની સાથે કર્મનો સંબંધ અનાદિ છે.

## (૨૬) અનાદિનો અંત કેવી રીતે ?

**પ્રશ્ન :–** આત્માની સાથે કર્મનો સંબંધ અનાદિથી છે તો તેનો અંત કેવી રીતે થઈ શકે ? કારણ કે જે અનાદિ છે તેનો નાશ નથી થતો.

**ઉત્તર :–** અનાદિનો અંત નથી થતો, આ સામુદાયિક નિયમ છે. તે જાતિ સાથે સંબંધ રાખે છે. વ્યક્તિ વિશેષમાં આ નિયમ એકાંતે ઘટી શકતો નથી. સુવર્ણ અને માટીનો સંબંધ અનાદિ છે તો પણ તે પૃથક્–પૃથક્ થાય છે. એ જ પ્રમાણે આત્મા અને કર્મના અનાદિ સંબંધનો અંત આવે છે. એક વ્યક્તિની અપેક્ષાએ કોઈ પણ કર્મ અનાદિ નથી. કોઈ એક કર્મ વિશેષનો અનાદિકાળથી આત્મા સાથે સંબંધ નથી. પૂર્વબદ્ધ કર્મસ્થિતિ પૂરી થતાં જ કર્મ આત્માથી છૂટા પડી જાય છે. નવાં કર્મ બંધાતાં રહે. આ પ્રમાણે પ્રવાહ રૂપે આત્માની સાથે કર્મોનો સંબંધ અનાદિ કાળથી છે, એક કર્મની અપેક્ષાએ નહીં. તેથી અનાદિકાળનાં કર્મોનો અંત થાય છે. સંવરથી નવાં કર્મોનો આવતો પ્રવાહ અટકે છે અને તપથી સંચિત કર્મોનો ક્ષય થાય છે, ત્યારે આત્મા મુક્ત બને છે.

## (૨૭) આત્મા બળવાન કે કર્મ ?

આત્મા અને કર્મમાં વધારે શક્તિશાળી કોણ ? આત્મા કે કર્મ ?

સમાધાન– આત્મા પણ બળવાન છે અને કર્મ પણ બળવાન છે. આત્મામાં અનંત શક્તિ છે, તો કર્મમાં પણ અનંત શક્તિ છે. ક્યારેક જીવ કાળ આદિ લબ્ધિઓની અનુકૂળતા હોય તો કર્મોને હરાવી દે છે અને ક્યારેક કર્મોનું જોર વધી જાય તો જીવ તેનાથી દબાઈ જાય છે.

બાહ્ય દૃષ્ટિએ કર્મ બળવાન હોય પરંતુ અંતર્દૃષ્ટિએ આત્મા જ બળવાન છે કારણ કે કર્મનો કર્તા આત્મા છે. તે કરોળિયાની જેમ પોતે જ જાળ બાંધી તેમાં ફસાય છે. જો તે ઈચ્છે તો કર્મોને કાપી શકે છે. કર્મ

ગમે તેટલાં બળવાન હોય તો પણ આત્મા તેનાથી પણ વધારે શક્તિશાળી છે.

લૌકિક દૃષ્ટિએ પથ્થર કઠોર છે અને પાણી મુલાયમ છે પરંતુ કોમળ પાણી પથ્થરના પણ ટુકડે ટુકડા કરી નાખે છે. કઠોર શિખરોને પણ ભેદી નાંખે છે. એ જ પ્રમાણે આત્માની શક્તિ કર્મથી વધારે છે. આત્માને પોતાની વિરાટ શક્તિનું જ્ઞાન નથી ત્યાં સુધી કર્મોને પોતાનાથી વધારે બળવાન માનીને તેનાથી દબાતો રહે છે અને જ્યારે જ્ઞાન થઈ જાય ત્યારે તેનાથી મુક્ત બની શકે છે.

## (૨૮) ઈશ્વર અને કર્મવાદ :–

જૈનદર્શનનું આ સ્પષ્ટ મંતવ્ય છે કે જીવ જેવાં કર્મ બાંધે છે તેવાં જ તેને ફળ સ્વતઃ મળે છે. ન્યાયદર્શનની જેમ તે કર્મફળના નિયન્તા, દાતા, ઈશ્વરને નથી માનતો. કર્મફળનું નિયમન કરવા માટે ઈશ્વરની આવશ્યકતા નથી. કર્મ પરમાણુઓમાં જીવાત્માના સંબંધથી એક વિશિષ્ટ પરિણામ સમુત્પન્ન થાય છે તેથી તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ગતિ, સ્થિતિ, પ્રભૃતિ, ઉદયને અનુકૂળ સામગ્રીથી વિપાક દેવામાં સમર્થ થઈને આત્માના સંસ્કારોને મલિન બનાવે છે તેથી તેના ફળ ભોગવાય છે. અમૃત અને વિષ, પથ્ય અને અપથ્ય ભોજનનું જ્ઞાન ન હોવા છતાં પણ આત્મા સાથે સંયોગ થવા પર તે પોતપોતાની પ્રકૃતિને અનુકૂળ વિપાક ઉત્પન્ન કરે છે. તે કોઈની પણ પ્રેરણા વિના અને કાંઈ પણ જ્ઞાન વિના પોતાનું કાર્ય કરે જ છે. પોતાનો પ્રભાવ પાડે જ છે.

જેવી રીતે ગણિત કરનાર મશીન જડ હોવા છતાં પણ અંક ગણવામાં ભૂલ ન કરે એ જ પ્રમાણે કર્મ પણ જડ હોવા છતાં ફળ દેવામાં ભૂલ કરતાં નથી. તેને માટે ઈશ્વરને નિયંતા માનવાની જરૂર નથી. ઈશ્વર પણ અંતે તો તે જ ફળ આપે; જીવે જેવાં કર્મ બાંધ્યાં હોય તે કર્મથી વિપરીત તે કાંઈ પણ આપવા સમર્થ નથી. આ પ્રમાણે એક બાજુ ઈશ્વરને સર્વ શક્તિમાન માનવા અને બીજી બાજુ તેને અણુ માત્રના પરિવર્તનનો અધિકાર ન આપવો તે ખરી રીતે તો ઈશ્વરનો ઉપહાસ છે. તેથી એ પણ સિદ્ધ થાય છે કે કર્મની શક્તિ ઈશ્વરથી પણ વધારે છે અને ઈશ્વર પણ તેને આધીન રહીને જ કાર્ય કરે છે. બીજી દૃષ્ટિએ જોઈએ તો કર્મમાં પણ કાંઈ જ કરવાની શક્તિ નથી કારણ કે તે ઈશ્વરના આધારે જ પોતાનું ફળ આપી શકે છે. આ પ્રમાણે બંને પરસ્પર આધીન રહેશે. આના કરતાં તો આ જ તર્ક સંગત છે કે કર્મને જ પોતાનું ફળ આપનાર સ્વીકારી લઈએ તેથી ઈશ્વરનું ઈશ્વરત્વ પણ અક્ષુણ્ણ રહેશે અને કર્મવાદના સિદ્ધાંતમાં પણ કોઈ વિરોધ આવશે નહીં. જૈન સંસ્કૃતિની ચિંતનધારા આ જ કથનનું સમર્થન કરે છે.

## (૨૯) કર્મમાં સંવિભાગ થતો નથી :–

વૈદિકદર્શનનું મંતવ્ય છે કે આત્મા સર્વ શક્તિમાન ઈશ્વરના હાથની કઠ પુતળી છે. તેનામાં સ્વયં કંઈ પણ કાર્ય કરવાની ક્ષમતા નથી. સ્વર્ગ અને નરકમાં મોકલનાર, સુખ અને દુઃખનો દાતા ઈશ્વર છે. ઈશ્વરની પ્રેરણાથી જ જીવ સ્વર્ગ અને નરકમાં જાય છે.

જૈનદર્શનના કર્મસિદ્ધાંતે આ કથનનું ખંડન કરતાં કહ્યું છે કે ઈશ્વર કોઈનું ઉત્થાન કે પતન કરનાર નથી. તે તો વીતરાગ છે. આત્મા જ પોતાનું ઉત્થાન અને પતન કરે છે. જ્યારે આત્મા સ્વભાવદશામાં રમણ કરે છે ત્યારે ઉત્થાન કરે છે અને જ્યારે વિભાવદશામાં રમણ કરે છે ત્યારે તેનું પતન થાય છે.

વિભાગદશામાં રમણ કરનાર આત્મા જ વૈતરણી નદી અને કૂટશાલ્મલી વૃક્ષ છે. સ્વભાવદશામાં રમણ કરનારો આત્મા કામધેનુ અને નંદનવન છે. સુખ–દુઃખનો કર્તા ને ભોક્તા આત્મા સ્વયં જ છે. શુભ માર્ગે ચાલતો આત્મા પોતાનો મિત્ર છે અને અશુભ માર્ગે ચાલનાર આત્મા પોતે જ પોતાનો શત્રુ છે.

જૈનદર્શન સ્પષ્ટ કહે છે કે જીવને સુખ–દુઃખ મળે છે તેનો નિર્માતા આત્મા પોતે જ છે. આત્મા જેવાં કર્મ કરે તેવાં જ તેને ફળ ભોગવવાં પડે. વૈદિકદર્શન અને બૌદ્ધદર્શનની જેમ તે કર્મફળના સંવિભાગમાં વિશ્વાસ કરતા નથી. વિશ્વાસ કરતા તથી એટલું જ નહીં પણ તે વિચારધારાનું ખંડન પણ કરે છે. એક વ્યક્તિનું કર્મ બીજાને આપી શકાય નહીં. જો તે આપી શકાતું હોય તો પુરુષાર્થ અને સાધનાની કિંમત શું ? પુણ્ય–પાપ કરશે કોઈ અને ભોગવશે કોઈ. તેથી તે સિદ્ધાંત યુક્તિસંગત નથી.

## (૩૦) કર્મનું કાર્ય :–

કર્મનું મુખ્ય કાર્ય છે આત્માને સંસારમાં આબદ્ધ રાખવો. જ્યાં સુધી કર્મબંધન પરંપરાનો પ્રવાહ ચાલુ રહેશે ત્યાં સુધી આત્મા મુક્ત બની શકતો નથી. આ કર્મનું સામાન્ય કાર્ય છે. વિશેષ રૂપે જોઈએ તો ભિન્ન ભિન્ન કર્મોનાં ભિન્ન કાર્યો છે. જેટલાં કર્મ છે એટલાં જ કાર્ય છે.

## (૩૧) આઠ કર્મ :–

જૈન કર્મશાસ્ત્રની દૃષ્ટિએ કર્મની મૂળ પ્રકૃતિ આઠ છે. તેનાથી પ્રાણીઓને ભિન્ન ભિન્ન પ્રકારનાં ફળ મળે છે. તેનાં નામ છે– (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્ય (૬) નામ (૭) ગોત્ર (૮) અંતરાય.

આ આઠ કર્મ–પ્રકૃતિઓના બે અવાંતર ભેદ છે. તેમાં ચાર ઘાતી અને ચાર અઘાતી છે. (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) મોહનીય (૪) અંતરાય. આ ચાર ઘાતી છે. (૧) વેદનીય (૨) આયુ (૩) નામ (૪) ગોત્ર. આ ચાર અઘાતી છે.

જે કર્મ આત્મા સાથે બંધાઈને તેના સ્વરૂપનો અથવા તેના સ્વાભાવિક ગુણોનો ઘાત કરે છે તે ઘાતી કર્મ છે. તેની અનુભાગ શક્તિની સીધી અસર આત્માના જ્ઞાન આદિ ગુણો પર થાય છે, તેનાથી ગુણોનો વિકાસ અટકે છે. જેવી રીતે વાદળાંઓ સૂર્યના પ્રકાશને આચ્છાદિત કરે, તેના કિરણોને બહાર ન આવવા દે. એ જ પ્રમાણે ઘાતીકર્મ આત્માના મુખ્ય ગુણ (૧) અનંતજ્ઞાન (૨) અનંતદર્શન (૩) અનંતસુખ (૪) અનંતવીર્ય, જેવા ગુણોને પ્રગટ થવા દેતા નથી. જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય કર્મ આત્મામાં જ્ઞાન–દર્શન શક્તિના પ્રાદુર્ભાવને રોકે છે. મોહનીય કર્મ આત્માના સમ્યક્ શ્રદ્ધા અને સમ્યક્ ચારિત્રગુણને રોકે છે તેથી આત્માને અનંતસુખ પ્રાપ્ત થતું નથી. અંતરાય કર્મ આત્માની અનંતવીર્ય શક્તિ આદિનો પ્રતિઘાત કરે છે તેનાથી આત્મા પોતાની અનંત વિરાટ શક્તિનો વિકાસ કરી શકતા નથી. આ પ્રમાણે ઘાતીકર્મ આત્માના વિભિન્ન ગુણોનો ઘાત કરે છે.

જે કર્મ આત્માના નિજ ગુણનો ઘાત ન કરતાં માત્ર આત્માના પ્રતિજીવી ગુણોનો ઘાત કરે છે તે અઘાતીકર્મ છે. અઘાતી કર્મોનો સીધો સંબંધ પૌદ્‌ગલિક દ્રવ્યો સાથે હોય છે. તેની અનુભાગ શક્તિ જીવના ગુણો પર સીધી અસર કરતી નથી. અઘાતી કર્મોના ઉદયથી આત્માનો પૌદ્‌ગલિક દ્રવ્યો સાથે સંબંધ

જોડાય છે તેથી આત્મા " **अमूर्तोऽपि मूर्त इव** " રહે છે. તેને શરીર રૂપી કારાગૃહમાં કેદ થઈ બંધાવું પડે છે. તે આત્માના ગુણ (૧) અવ્યાબાધ સુખ (૨) અક્ષયસ્થિતિ ગુણ (૩) અમૂર્તિકત્વ (૪) અગુરુલઘુભાવ ને પ્રગટ થવા દેતાં નથી. વેદનીય કર્મ આત્માના આવ્યાબાધ સુખને ઢાંકે છે. આયુષ્ય કર્મ આત્માના અક્ષયસ્થિતિ ગુણને પ્રગટ થવા ન દે. નામકર્મ આત્માના અરૂપીગુણને ઢાંકે છે. ગોત્ર કર્મ આત્માના અગુરુલઘુ ગુણને ઢાંકે છે. અઘાતીકર્મ આ પ્રમાણે પોતાનો પ્રભાવ દેખાડે છે. જ્યારે ઘાતીકર્મનો નાશ થાય છે ત્યારે આત્મા કેવળજ્ઞાન, કેવળદર્શનના ધારક અરિહંત બની જાય છે અને અઘાતીકર્મનો નાશ થાય છે ત્યારે સિદ્ધ, બુદ્ધ, મુક્ત બની જાય છે.

આઠે કર્મોની અવાંતર અનેક ઉત્તર પ્રકૃત્તિ છે. વિસ્તાર ભયથી અહીં તે આપેલ નથી.

## (૩૨) કર્મફળની તીવ્રતા–મંદતા :–

કર્મફળની તીવ્રતા અને મંદતાનો મુખ્ય આધાર તન્નિમિત્તક કષાયોની તીવ્રતા અને મંદતા છે. કષાયોની તીવ્રતા જેનામાં જેટલી વધારે હશે એટલાં જ અશુભકર્મ પ્રબળ બનશે અને કષાયોની મંદતા જેટલી વધારે હશે, તેટલાં તેનાં શુભ કર્મ પ્રબળ બંધાશે.

## (૩૩) કર્મોના પ્રદેશનું વિભાજન :–

આત્મા માનસિક, વાચિક અને કાયિક ક્રિયાઓ દ્વારા જે કર્મપ્રદેશોનો સંગ્રહ કરે છે તે પ્રદેશો અનેક પ્રકારે વિભક્ત થઈને આત્મા સાથે બંધાય છે. આઠ કર્મોમાં આયુકર્મને સૌથી થોડો હિસ્સો મળે છે. નામ અને ગોત્ર બંનેને બરાબર હિસ્સો મળે છે. તેનાથી થોડો વધારે ભાગ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મોને મળે છે. આ ત્રણેનો હિસ્સો બરાબર રહે છે. તેનાથી વધારે ભાગ મોહનીય કર્મને મળે છે. સહુથી વધારે ભાગ વેદનીયકર્મને મળે છે. આ પ્રદેશોનું પુનઃ ઉત્તર પ્રકૃત્તિઓમાં વિભાજન થાય છે. પ્રત્યેક પ્રકારનાં બંધાયેલાં કર્મ પ્રદેશોની ન્યૂનતા કે અધિકતાનો આ જ મુખ્ય આધાર છે.

## (૩૪) કર્મબંધ :–

આખા લોકમાં કોઈ સ્થાન એવું નથી જ્યાં કર્મવર્ગણાના પુદ્ગલ ન હોય. આત્મા માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિ કરે છે અને કષાયાગ્નિથી ઉદીપ્ત થાય છે તેથી તે કર્મયોગ પુદ્ગલોને સર્વ દિશાઓથી ગ્રહણ કરે છે. આગમોમાં સ્પષ્ટ નિર્દેશ છે કે એકેંદ્રિય જીવ વ્યાઘાત ન પડે તો છ દિશામાંથી કર્મ ગ્રહણ કરે છે. જો વ્યાઘાત હોય તો ક્યારેક ત્રણ, ચાર અને ક્યારેક પાંચ દિશામાંથી ગ્રહણ કરે છે પરંતુ શેષ જીવો નિયમથી સર્વ દિશામાંથી કર્મ ગ્રહણ કરે છે પરંતુ ક્ષેત્રમાં મર્યાદા છે કે જે ક્ષેત્રમાં તે સ્થિત હોય તે જ ક્ષેત્રમાં સ્થિત કર્મયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે, અન્યત્ર સ્થિત પુદ્ગલોને નહીં. સાથે એ પણ યાદ રાખવું કે યોગોની ચંચળતામાં જેટલી અધિકાધિકતા હશે તે પ્રમાણે ન્યૂનાધિક રૂપે જીવ કર્મ પુદ્ગલોને ગ્રહણ કરશે. યોગોની પ્રવૃત્તિ મંદ હશે તો પરમાણુઓની સંખ્યા પણ ઓછી હશે. શાસ્ત્રીય ભાષામાં આને જ પ્રદેશબંધ કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો આત્માના અસંખ્યાત પ્રદેશ છે તે પ્રદેશોમાં એક એક પ્રદેશ પર અનંતાનંત કર્મપ્રદેશોનો બંધ થાય તે પ્રદેશબંધ છે અર્થાત્ જીવના પ્રદેશો અને કર્મ પુદ્ગલોના

પ્રદેશોનું પરસ્પર બંધાવું તે પ્રદેશબંધ છે.

ગૌતમ સ્વામીએ મહાવીર સ્વામીને પૂછ્યું, ભગવન ! જીવ અને પુદ્‌ગલ પરસ્પર એક બીજાથી બદ્ધ, એક બીજાથી સ્પૃષ્ટ, એક બીજામાં અવગાઢ, એક બીજામાં સ્નેહ–પ્રતિબદ્ધ હોય છે અને એક બીજામાં એકમેક થઈને રહે છે ?

ઉત્તરમાં મહાવીરે કહ્યું– હે ગૌતમ ! હા, રહે છે.

હે ભગવન્ ! આમ શા માટે કહો છો ?

હે ગૌતમ ! જેવી રીતે એક હ્રદ–સરોવર હોય તે પાણીથી કિનારા સુધી ભરેલું છે, પાણીથી છલોછલ છે, ભરેલા ઘડાની જેવું છે. જો કોઈ પુરુષ તે સરોવરમાં એક મોટી છિદ્રોવાળી નૌકા છોડે તો હે ગૌતમ ! તે નૌકા તે આશ્રવદ્વારો–છિદ્રો દ્વારા ભરાતી પાણીથી પરિપૂર્ણ, છેક સુધી ભરાયેલી, પાણીથી ઢંકાયેલી થઈને ભરેલા ઘડા જેવી થશે કે નહીં ?

હા, ભગવન્ થશે.

હે ગૌતમ ! એ કારણે હું કહું છું કે જીવ અને પુદ્‌ગલ પરસ્પર બદ્ધ, સ્પૃષ્ટ, અવગાઢ અને પ્રતિબદ્ધ છે અને પરસ્પર એકમેક થઈને રહે છે.

આ પ્રમાણે આત્મપ્રદેશો અને કર્મ–પુદ્‌ગલોનો સંબંધ પ્રદેશબંધ છે.

## (૩૫) પ્રકૃતિબંધ અને સ્થિતિબંધ :–

યોગોની પ્રવૃત્તિ દ્વારા ગ્રહણ કરાયેલાં કર્મપરમાણુ જ્ઞાનને આવૃત કરે છે, દર્શનને ઢાંકે છે, સુખદુઃખનો અનુભવ કરાવે છે. કાર્મણવર્ગણાના પુદ્‌ગલો જ્યારે આત્મા સાથે બંધાયા તે પહેલાં એક સરખા હતા. આત્મા સાથે બંધાણા કે તરત જ તેમાં અનેક પ્રકારના સ્વભાવ ઉત્પન્ન થઈ જાય છે. આને શાસ્ત્રીય ભાષામાં પ્રકૃત્તિબંધ કહે છે.

પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગોની પ્રવૃત્તિથી થાય છે. માત્ર યોગોની પ્રવૃત્તિ દ્વારા જે કર્મબંધ થાય છે તે સૂકી દીવાલ પર હવાના ઝોંકાની સાથે આવનારી રેતી સમાન છે. અગિયારમા, બારમા અને તેરમા ગુણસ્થાને કષાયના અભાવના કારણે કર્મબંધ એ પ્રમાણે થાય છે. કષાયરહિત પ્રવૃત્તિથી થનાર કર્મબંધ, નિર્બળ, અસ્થાયી અને નામમાત્રનો હોય છે, તેનાથી સંસારની વૃદ્ધિ થતી નથી.

કષાય સહિત યોગોની જે પ્રવૃત્તિ થાય છે તેનાથી અમુક સમય સુધી આત્માથી કર્મ અલગ નથી પડતા. આવી સમયની મર્યાદા પુદ્‌ગલોમાં નિર્મિત થાય છે. આ કાળ મર્યાદાને જ આગમની ભાષામાં સ્થિતિબંધ કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો આત્મા દ્વારા ગ્રહણ કરાયેલા જ્ઞાનાવરણીય આદિ કર્મપુદ્‌ગલોનો સમૂહ કેટલા સમય સુધી આત્મપ્રદેશો સાથે રહેશે, તેની મર્યાદા તે સ્થિતિબંધ છે.

## (૩૬) અનુભાગ બંધ :–

જીવ દ્વારા ગ્રહણ કરાયેલ શુભાશુભ કર્મોની પ્રકૃતિઓનો તીવ્ર, મંદ આદિ વિપાક તે અનુભાગબંધ છે. ઉદયમાં આવવા પર કર્મનો અનુભવ તીવ્ર યા મંદ થશે, તે પ્રકૃત્તિ આદિની જેમ કર્મબંધના સમયે જ

નક્કી થઈ જાય છે તેને અનુભાગબંધ કહે છે.

કર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે પોતાની મૂળ પ્રકૃત્તિ પ્રમાણે જ ફળ આપે છે. જ્ઞાનાવરણીયકર્મ ફળ દેવાની પોતાની શક્તિ પ્રમાણે જ્ઞાનનું આચ્છાદન કરે છે. દર્શનાવરણીયકર્મ દર્શનને ઢાંકે છે. આ પ્રમાણે બીજાં કર્મ પણ પોતાની પ્રકૃતિ પ્રમાણે તીવ્ર યા મંદ ફળ પ્રદાન કરે છે. તેની મૂળ પ્રકૃતિમાં ફેરફાર નથી થતો. પરંતુ ઉત્તર પ્રકૃતિઓના સંબંધમાં આ નિયમ સંપૂર્ણપણે લાગુ પડતો નથી. એક કર્મની ઉત્તર પ્રકૃતિ તે જ કર્મની અન્ય ઉત્તર પ્રકૃતિરૂપે પરિવર્તન પામી શકે છે. જેવી રીતે મતિજ્ઞાનાવરણીયકર્મ, શ્રુતજ્ઞાનાવરણીયકર્મરૂપે પરિણત થઈ જાય છે અને તેનું ફળ પણ શ્રુતજ્ઞાનાવરણરૂપે જ હોય છે. ઉત્તર પ્રકૃતિઓમાં પણ ઘણી પ્રકૃતિ એવી છે કે જે સજાતીય હોવા છતાં પણ પરસ્પર સંક્રમાતીનથી. જેવી રીતે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય. આયુકર્મની ઉત્તર પ્રકૃત્તિઓમાં પણ સંક્રમણ નથી થતું. જેવી રીતે નારકીનું આયુષ્ય તિર્યંચના આયુષ્ય રૂપે અથવા અન્ય આયુષ્યરૂપે પરિવર્તન પામતું નથી. એ જ પ્રમાણે બીજાં આયુષ્ય પણ સમજવાં.

પ્રકૃતિના સંક્રમણની જેમ બંધકાલીન રસમાં પણ પરિવર્તન થઈ શકે છે. મંદ રસવાળાં કર્મ, તીવ્ર રસવાળાં કર્મ રૂપે બદલાઈ જાય છે અને તીવ્ર રસવાળાં મંદરસ રૂપે બદલી શકાય છે. અતઃ જીવ એવંભૂત તથા અન–એવંભૂત વેદના સહે છે.

## (૩૭) કર્મની અગિયાર અવસ્થાઓ :–

જિજ્ઞાસા થાય કે કર્મોનું વેદન એવંભૂત એ અન–એવંભૂત હોય તો તેમાં મૂળ કારણ શું છે ? જૈન કર્મસાહિત્ય સમાધાન કરે છે કે કર્મની વિભિન્ન અવસ્થાઓ છે. તેના મુખ્ય અગિયાર ભેદ છે. (૧) બંધ (૨) સત્તા (૩) ઉદ્વર્તન–ઉત્કર્ષ (૪) અપવર્તન–અપકર્ષ (૫) સંક્રમણ (૬) ઉદય (૭) ઉદીરણા (૮) ઉપશમન (૯) નિધત્ત (૧૦) નિકાચિત (૧૧) અબાધાકાળ.

**(૧) બંધ :–** આત્મા સાથે કર્મ પરમાણુઓનું જોડાવું, ક્ષીર–નીરવત્ એકમેક થવું, તે બંધ છે. બંધના ચાર પ્રકારનું વર્ણન પૂર્વે થઈ ગયું છે.

**(૨) સત્તા :–** બંધાયેલું કર્મ પોતાનું ફળ આપીને જ્યાં સુધી આત્માથી અલગ નથી પડતું ત્યાં સુધી તે આત્મા સાથે જ જોડાઈને રહે છે. તેને જૈન દાર્શનિકો સત્તા કહે છે.

**(૩) ઉદ્વર્તન–ઉત્કર્ષ :–** આત્માની સાથે બંધાયેલાં કર્મની સ્થિતિ અને અનુભાગબંધ તત્કાલીન પરિણામોમાં પ્રવહમાન કષાયની તીવ્ર અથવા મંદધારાને અનુરૂપ હોય છે. ત્યાર પછીની સ્થિતિ વિશેષ અથવા ભાવવિશેષના કારણે તે સ્થિતિ અને રસમાં વૃદ્ધિ થવી તે ઉદ્વર્તન–ઉત્કર્ષ છે.

**(૪) અપવર્તન–અપકર્ષ :–** પૂર્વબદ્ધ કમબંધની સ્થિતિ અને અનુભાગને કાલાંતરમાં ઘટાડી દેવા તે અપવર્તન અપકર્ષ છે. આ પ્રમાણે ઉદ્વર્તન–ઉત્કર્ષથી વિપરીત અપવર્તન–અપકર્ષ છે.

**(૫) સંક્રમણ :–** એક પ્રકારના કર્મ પરમાણુઓનું બીજા પ્રકારના કર્મ પરમાણુઓના રૂપમાં પરિવર્તિત થવાની પ્રક્રિયાને સંક્રમણ કહે છે. આ પ્રકારના પરિવર્તન માટે કેટલીક નિશ્ચિત મર્યાદાઓ છે, તેનો ઉલ્લેખ પહેલાં કરેલ છે. સંક્રમણના ચાર પ્રકાર છે– (૧) પ્રકૃત્તિ સંક્રમણ (૨) સ્થિતિ સંક્રમણ (૩) અનુભાગ

સંક્રમણ (૪) પ્રદેશ સંક્રમણ.

**(૬) ઉદય :–** કર્મોનાં ફળને ઉદય કહેવાય છે. જો કર્મ પોતાનું ફળ આપીને નિર્જરી જાય તો તે વિપાકોદય છે અને ફળ આપ્યા વિના જ ઉદયમાં આવીને નાશ પામે, તો પ્રદેશોદય છે.

**(૭) ઉદીરણા :–** નિશ્ચિત સમય પહેલાં કર્મનું ઉદયમાં આવવું તે ઉદીરણા છે. જેવી રીતે સમય પહેલાં જ પ્રયત્નપૂર્વક કેરી આદિ ફળ પકાવવામાં આવે છે. તે જ પ્રમાણે સાધના દ્વારા બંધાયેલા કર્મને નિશ્ચિત સમય પહેલાં જ ભોગવીને ક્ષય કરી શકાય છે. સામાન્ય રીતે એ નિયમ છે કે જે કર્મનો ઉદય હોય છે તેના સજાતીયકર્મની ઉદીરણા થાય છે.

**(૮) ઉપશમન :–** કર્મો હોવા છતાં પણ તે ઉદયમાં ન આવી શકે તેવાં નિર્બળ બનાવી દેવાં તે ઉપશમ છે અર્થાત્ કર્મની તે અવસ્થા કે જેમાં ઉદય અથવા ઉદીરણા કોઈનો સંભવ ન હોય પરંતુ ઉદ્‌વર્તન, અપવર્તન અને સંક્રમણની સંભાવના હોય તે ઉપશમન છે. જેવી રીતે અંગારાને રાખથી એવી રીતે ઢાંકી દેવામાં આવે કે જેથી તે પોતાનું કાર્ય ન કરી શકે પરંતુ રાખ જેવી દૂર કરવામાં આવે કે તરત જ અંગારા દઝાડવા, બાળવા લાગે છે. એજ પ્રમાણે ઉપશમભાવ દૂર થતાં જ ઉપશાંત કર્મ ઉદયમાં આવીને પોતાનું ફળ આપે છે.

**(૯) નિધત્ત :–** જેમાં કર્મોની ઉદીરણા અને સંક્રમણ ન થઈ શકે પરંતુ ઉદ્‌વર્તન અને અપવર્તનની સંભાવના હોય તે નિધત્ત છે. તેના પણ ચાર પ્રકાર છે– (૧) પ્રકૃતિ નિધત્ત (૨) સ્થિતિ નિધત્ત (૩) અનુભાગ નિધત્ત (૪) પ્રદેશ નિધત્ત.

**(૧૦) નિકાચિત :–** જેમાં ઉદ્‌વર્તન, અપવર્તન, સંક્રમણ અને ઉદીરણા આ ચારે અવસ્થાઓનો અભાવ હોય તે નિકાચિત છે અર્થાત્ આત્માએ જે રીતે કર્મ બાંધ્યાં હોય એ જ રીતે ભોગવ્યાં વિનાં તેની નિર્જરા થતી નથી. તેના પણ પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ એમ ચાર પ્રકાર છે.

**(૧૧) અબાધાકાળ :–** કર્મ બાંધ્યા પછી અમુક સમય સુધી તે ફળ ન આપે, તે અવસ્થાનું નામ અબાધા અવસ્થા છે. જે કર્મની સ્થિતિ જેટલા સાગરોપમની હોય, એટલા જ સો વર્ષનો તેનો અબાધાકાળ હોય છે. જેવી રીતે જ્ઞાનાવરણીયની સ્થિતિ ત્રીસ કોટાકોટિ સાગરોપમની છે, તો અબાધાકાળ તેનો ત્રણહજાર વર્ષનો થાય. શ્રી ભગવતીસૂત્રમાં મૂળ આઠ કર્મપ્રકૃત્તિઓનો અબાધાકાળ બતાવેલ છે અને પ્રજ્ઞાપનાસૂત્રમાં તેની ઉત્તર–પ્રકૃત્તિઓનો પણ અબાધાકાળ બતાવ્યો છે. જિજ્ઞાસુઓએ મૂળ ગ્રંથ જોવો જોઈએ.

જૈન કર્મ સાહિત્યમાં કર્મોની આ અવસ્થાઓ અને પ્રક્રિયાઓનું જે વિશ્લેષણ છે તે બીજા દાર્શનિકોના સાહિત્યમાં દષ્ટિગોચર થતું નથી. હા, યોગદર્શનમાં નિયત વિપાકી, અનિયતવિપાકી અને આવાયગમનના રૂપમાં કર્મની ત્રિવિધ દશાનો ઉલ્લેખ કર્યો છે. નિયત–વિપાકી કર્મનો અર્થ છે– જે નિશ્ચિત સમયે પોતાનું ફળ આપીને જ નાશ પામે. અનિયતવિપાકી કર્મનો અર્થ છે જે કર્મ ફળ આપ્યા વિના જ આત્માથી પૃથક્ થઈ જાય અને આવાયગમનનો અર્થ એક કર્મ બીજા કર્મમાં ભળી જાય. યોગદર્શનની આ ત્રિવિધ અવસ્થાની તુલના ક્રમશઃ નિકાચિત, પ્રદેશોદય અને સંક્રમણની સાથે થાય છે.

## (૩૭) કર્મ અને પુનર્જન્મ :–

પુનર્જન્મનો અર્થ છે– વર્તમાન જીવનની પછીનું પરલોક જીવન. પરલોક જીવન કયા જીવનું કેવું

હોય તેનો મુખ્ય આધાર તે જીવના પૂર્વકૃત કર્મો છે. જીવ પોતાનાં જ પ્રમાદનાં કારણે ભિન્ન ભિન્ન જન્માંતર કરે છે. પુનર્જન્મ કર્મસંગી જીવોના થાય છે. અતીત કર્મોનું ફળ આપણું વર્તમાન જીવન છે અને વર્તમાન કર્મોનું ફળ આપણું ભાવી જીવન છે. કર્મ અને પુનર્જન્મનો અવિચ્છેદ્ય સંબંધ છે.

આયુષ્ય કર્મના પુદ્‌ગલ પરમાણુ જીવમાં દેવ–નારક આદિ અવસ્થાઓમાં ગતિની શક્તિ ઉત્પન્ન કરે છે તેથી જીવ નવા જન્મ સ્થાનમાં ઉત્પન્ન થાય છે.

ભગવાન મહાવીરે કહ્યું– ક્રોધ, માન, માયા અને લોભ આ પુનર્જન્મના મૂળનું પોષણ કરનારા છે. ગીતામાં કહ્યું છે– જેવી રીતે જીર્ણ વસ્ત્રનો ત્યાગ કરી મનુષ્ય નવાં કપડાં પહેરે છે એ જ પ્રમાણે જીર્ણ યા જૂના શરીરને ત્યજી જીવ મૃત્યુ પછી નવા શરીરને ધારણ કરે છે. આ આવર્તન પ્રવૃત્તિથી થાય છે. તથાગત બુદ્ધે પોતાના પગમાં કાંટો વાગવા પર કહ્યું કે આ વિપાક ફળ મેં પૂર્વજન્મમાં કરેલા પ્રાણી વધનું છે.

નવજાત શિશુને હર્ષ, ભય, શોક આદિ થાય છે તેનું મૂળ કારણ પૂર્વજન્મની સ્મૃતિ છે. જન્મતાં જ બાળક સ્તનપાન કરવા લાગે છે તે પૂર્વજન્મમાં કરેલા આહારના અભ્યાસનું કારણ છે. જેમ એક યુવકનું શરીર બાળક શરીરની ઉત્તરવર્તી અવસ્થા છે તે જ પ્રમાણે બાળકનું શરીર પૂર્વજન્મ પછી થનારી અવસ્થા છે.નવજાત શિશુમાં જે સુખ દુઃખનો અનુભવ થાય છે, તે પણ પૂર્વ અનુભવયુક્ત હોય છે. જીવન પ્રતિ મોહ અને મૃત્યુના પ્રત્યે ભય છે, તે પણ પૂર્વબદ્ધ સંસ્કારોનું પરિણામ છે. જો તે અનુભવ પૂર્વ જન્મોમાં ન હોત તો સદ્યોજાત શિશુમાં એવી વૃત્તિઓ ન હોઈ શકે. આ પ્રમાણે અનેક યુક્તિઓ દ્વારા ચિંતકોએ પુનર્જન્મ સિદ્ધ કરેલ છે.

કર્મની સત્તા સ્વીકારવા પર તેનાં ફળરૂપ પરલોક અથવા પુનર્જન્મની સત્તા પણ સ્વીકારવી જોઈએ. જે કર્મોનું ફળ વર્તમાન ભવમાં નથી મળતું તે કર્મોને ભોગવવા માટે પુનર્જન્મ માનવો આવશ્યક છે. પુનર્જન્મ અને પૂર્વભવ માનવામાં ન આવે તો કૃતકર્મનો નિર્હેતુક વિનાશ અને અકૃત કર્મને ભોગવવાનું માનવું પડશે. આવી સ્થિતિમાં કર્મ વ્યવસ્થા દૂષિત થઈ જશે. આ દોષોના પરિહાર કરવા માટે જ કર્મવાદીઓએ પુનર્જન્મની સત્તા સ્વીકારી છે.

## (૩૯) પાશ્ચાત્ય વિચારક અને પુનર્જન્મ :–

ભારતના બધા દાર્શનિકોએ જ નહીં પરંતુ પાશ્ચાત્ય વિચારકોએ પણ પુનર્જન્મના સંબંધમાં વિચાર અભિવ્યક્ત કરેલ છે. તેનો સંક્ષિપ્ત સારાંશ આ પ્રમાણે છે–

(૧) ગ્રીસ દેશના મહાન તત્ત્વવેત્તા પ્લેટોએ દર્શનની વ્યાખ્યા કરી છે અને તેનું કેન્દ્રબિંદુ પુનર્જન્મને માનેલ છે.

(૨) પ્લેટોના પ્રિય શિષ્ય એરિસ્ટોટલ પુનર્જન્મના સિદ્ધાંતને માનવા માટે એટલા બધા આગ્રહશીલ હતા કે તેઓએ પોતાના સમકાલીન દાર્શનિકોને આહ્‌વાન કરતાં કહ્યું હતું કે આપણે ક્યારે ય એ મતનો આદર ન કરવો જોઈએ કે અમે માનવ છીએ તથા આપણા વિચાર મૃત્યુલોક સુધી જ મર્યાદિત ન રાખતાં આપણા દૈવી અંશને જાગૃત કરી અમરત્વને પ્રાપ્ત કરીએ.

(૩) લૂથરના મત પ્રમાણે ભાવી જીવનનો નિષેધ કરવાનો અર્થ છે– સ્વયંના ઈશ્વરત્વનો તથા ઉચ્ચતર નૈતિક જીવનનો નિષેધ અને સ્વૈરાચારનો સ્વીકાર.

(૪) ફ્રાંસના ધર્મ પ્રચારક મોસિલાં તથા ઈસાઈ સંત પાલના મત પ્રમાણે– દેહની સાથે જ આત્માનો નાશ માનવો એટલે કે વિવેકપૂર્ણ જીવનનો અંત અને વિકારમય જીવનને માટે દ્વાર ખોલવા.

(૫) ફ્રેંચ વિચારક રેનનનો અભિપ્રાય છે કે ભાવી જીવનમાં વિશ્વાસ ન કરવો તે નૈતિક અને આધ્યાત્મિક પતનનું કારણ છે.

(૬) મૈકટેગાર્ટની દષ્ટિએ આત્મામાં અમરત્વની સાધક યુક્તિઓથી આપણા ભાવી જીવનની સાથે જ પૂર્વજન્મની સિદ્ધિ થાય છે.

(૭) સર હેનરી જોન્સ લખે છે કે અમરત્વના નિષેધનો અર્થ છે પૂર્ણ નાસ્તિકતા.

(૮) શ્રી પ્રિંગલ પૈટિસે તેના અમરત્વ વિચાર નામના ગ્રંથમાં લખ્યું છે કે મૃત્યુ વિષયક ચિંતને જ મનુષ્યને સાચા અર્થમાં મનુષ્ય બનાવ્યો છે. આ પ્રમાણે કહીએ તો તે અતિશયોક્તિપૂર્ણ નથી.

ઉપરોક્ત અલ્પ અવતરણોથી પણ એ સ્પષ્ટ થાય છે કે વિશ્વના બધા જ શ્રેષ્ઠ વિદ્વાનોએ આત્માની અમરતા અને પુનર્જન્મના સિદ્ધાંતનો સ્વીકાર કર્યો છે.

## ગુરુ પ્રાણ આગમ બત્રીસીના
## શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા
માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે
સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી
શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી
શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી

**શ્રુતાધાર**

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડો. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડો. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડો. ભારતી – ડો. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

| | |
|---|---|
| • શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ | U.S.A. |
| • શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ | U.S.A. |
| • શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી, શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે | આકોલા |
| • શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી | આકોલા |
| • માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા | કોલ્હાપુર |
| • શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા | મુંબઈ |
| • માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા | મુંબઈ |
| • શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ | કલકત્તા |

## શ્રુત સદસ્ય

| | |
|---|---|
| • શ્રી પારિતોષ આર. શાહ | મુંબઈ |
| • શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ | મુંબઈ |
| • જૈન જાગૃતિ સેન્ટર | વાશી (મુંબઈ) |
| • શ્રી મુકુન્દ આર. શેઠ | મુંબઈ |
| • શ્રી કેતનભાઈ શાહ | મુંબઈ |
| • શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા | મુંબઈ |
| • શ્રી સુધીરભાઈ પી. શાહ | મુંબઈ |
| • શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા | મુંબઈ |
| • શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી | કલકત્તા |


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM
Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.
www.parasdham.org
www.jainaagam.org